# અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો

## સન ૧૯૮૫ થી માર્ચ, ૨૦૦૨ દરમિયાન ગુજરાત વિધાનસભામાં માનનીય અધ્યક્ષશ્રીએ આપેલા અગત્યના નિર્ણયો

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
સેકટર–૧૦, ગાંધીનગર–૩૮૨૦૧૦
૨૦૦૩

# પ્રસ્તાવના

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રીએ સન ૧૯૮૫ થી ૧૯૯૦ અને જૂન,૧૯૯૦ થી ૨૦૦૦ ના સમય દરમિયાન સભાગૃહમાં આપેલા અગત્યના નિર્ણયોના બે પુસ્તકો અનુક્રમે તા.૧૯–૦૧–૧૯૯૪ અને તા. ૨૭–૧૨–૨૦૦૧ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવ્યાં હતાં. પ્રથમ પુસ્તકમાં સન ૧૯૮૫ થી ૧૯૯૦ના સમયગાળાના ૭૧ નિર્ણયો અને બીજી પુસ્તિકામાં જૂન, ૧૯૯૦ થી ૨૦૦૦ના સમયગાળાના ૨૩ નિર્ણયો તથા ૨૦૦૧ થી એપ્રિલ, ૨૦૦૨ના સમયગાળાના ૪ નિર્ણયો કે જે પ્રકાશિત કરેલ ન હતા તે મળીને કુલ ૯૮ નિર્ણયોનું સંકલન કરવામાં આવ્યું છે.

સંદર્ભમાં સરળતા માટે સંગ્રહને અંતે સૂચિપત્ર આપ્યું છે.

આ પુસ્તિક વિધાનસભાના સભ્યો અને બીજા સંબંધકર્તાઓને વિધાનસભાના કામકાજમાં ઉપયોગી થઈ પડશે તેવી આશા છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર.
તારીખ : ૨૧–૧૦–૨૦૦૩.

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાસભા સચિવાલય.

## અનુક્રમણિકા

**અધિકારી દીર્ઘાના પાસ :–**
–પોઈન્ટ ઓફ ઓર્ડર ૧
**અધિસૂચના :–**
–અધિસૂચના મેજ ઉપર મૂકવામાં વિલંબ ૨
**અધ્યક્ષશ્રી :–**
–અધ્યક્ષશ્રીની ચૂંટણી ૩
**અધ્યક્ષ દીર્ઘા :–**
–અધ્યક્ષ દીર્ઘાના પાસ ૪
**અંદાજપત્ર :–**
–અગાઉની સરકારના અંદાજપત્ર પરની કાર્યવાહી ૫
–અંદાજપત્રના સાહિત્ય અંગે ૬
–કાપદરખાસ્ત ૭
–કામગીરી અંદાજપત્ર ૮
–શુદ્ધિપત્રક ૯
–સરકારનો અધિકાર ૧૦
**ઔચિત્યભંગ :–**
–અખબારોમાં પ્રસિધ્ધિ ૧૧
–અગત્યની જાહેરાત ૧૨
–અગાઉથી નોટિસ ૧૩
–નીતિવિષયક જાહેરાત ૧૪–૧૫
–પરવાનગી ૧૬
–પંચના અહેવાલની પ્રસિધ્ધિ ૧૭
–મુખ્યમંત્રીશ્રીની જાહેરાત ૧૮
–વિધાનસભાનું મકાન ૧૯
**ચર્ચા :–**
–અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરી ૨૦
–અસંસદીય શબ્દો અને શબ્દપ્રયોગો ૨૧–૨૯
–કેન્દ્ર સરકારની બાબત ૩૦
–ગેરહાજર વ્યકિત ૩૧–૩૨
–પત્રકારોને આપવાનું સાહિત્ય ૩૩
–પ્રવચન ૩૪
–મંત્રીશ્રીનો અધિકાર ૩૫
–મંત્રશ્રીની ગેરહાજરી ૩૬

| | |
|---|---|
| –વર્તમાનપત્રો | ૩૭ |
| –શાંતિ અને સહકારની અપીલ | ૩૮ |
| –સામાન્ય ચર્ચામાં દરમિયાનગીરી | ૩૯ |
| **ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો :–** | |
| –સૂચનાની સમયમર્યાદા | ૪૦ |
| **ઝીરો અવર :–** | |
| –અધ્યક્ષશ્રીનો નિર્ણય | ૪૧ |
| –પરવાનગી અને સંમતિ | ૪૨ |
| –પોઈન્ટ ઓફ ઓર્ડર | ૪૩ |
| **દિવસના કામકાજની યાદી :–** | |
| –યાદીમાં ન બતાવેલી બાબત | ૪૪ |
| **પહેરવેશ :–** | ૪૫ |
| **ધ્યાન દોરતી સૂચના :–** | |
| –ગંભીર બાબત | ૪૬ |
| –જાહેર હિત | ૪૭ |
| –દાખલપાત્રતા | ૪૮ |
| **પોઈન્ટ ઓફ ઓર્ડર :–** | |
| –મુખ્યમંત્રીશ્રીનો હોદ્દો | ૪૯ |
| **પ્રશ્નો :–** | |
| –અધિકૃત ન હોય તેવી માહિતી બાબત | ૫૦ |
| –ધંધા સંબંધિત પ્રશ્નો | ૫૧ |
| –પત્ર પર મંત્રીશ્રીની નોંધ | ૫૨ |
| –પૂરક પ્રશ્નો | ૫૩ |
| –પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરવા બાબત | ૫૪ |
| –મંત્રીશ્રીએ રાખવાની કાળજી | ૫૫ |
| –શિષ્ટાચાર | ૫૬ |
| –સભ્યની ગેરહાજરી | ૫૭ |
| –સભ્યનું મંત્રીશ્રી તરીકે નામ સૂચવવું | ૫૮ |
| –સભ્યોએ પાળવાનાં ધોરણો | ૫૯ |
| –સ્પષ્ટતાનો મુદ્દો | ૬૦ |
| **પ્રસ્તાવ :–** | |
| –વૈધાનિક પ્રસ્તાવ | ૬૧ |
| **બિનસરકારી સંકલ્પો :–** | |
| –મતદાન | ૬૨ |
| **મંત્રીશ્રી** | |
| –મંત્રીશ્રીનું નિવેદન | ૬૩ |
| –મંત્રીશ્રીઓનું રાજીનામું (નિ.૧૦૭) | ૬૪ |

**રાજયપાલશ્રી :–**

–વર્તણૂંક અંગે ૬૫

**રાજયપાલશ્રીનું સંબોધન :–**

**આભાર પ્રસ્તાવ :–**

–પ્રવચનની નકલોની વહેંચણી ૬૬

–પ્રસ્તાવનું સ્વરૂપ ૬૭

–મંત્રીશ્રીઓની ગેરહાજરી ૬૮

–મંત્રીશ્રીની વર્તણૂંક ૬૯

–સભાગૃહની પ્રણાલિકા ૭૦

–સામાન્ય ચર્ચા ૭૧

**વટહુકમ :–**

–વટહુકમ પરના સુધારા ૭૨

**વિધાનસભા સચિવાલય :–**

–પિજિયન હોલ ૭૩

**વિધેયકો :–**

–આક્ષેપ ૭૪

–ઈનેકટીંગ ફોર્મ્યુલા ૭૫

–ઉદ્દેશો અને કારણો દર્શાવતું નિવેદન ૭૬

–ચર્ચાની મર્યાદા ૭૭

–ત્રીજું વાંચન ૭૮

–દાખલપાત્રતા ૭૯

–પાગે સમિતિએ કરેલી ભલામણો ૮૦

–પ્રથમ વાંચનનો પ્રસ્તાવ ૮૧

–પ્રથમ વાંચનની સમયમર્યાદા ૮૨

–મંત્રીમંડળના સભ્યોની ગેરહાજરી ૮૩

–મંત્રીશ્રીનો અધિકાર ૮૪

–વિધાનસભાની સક્ષમતા ૮૫

**વિશેષાધિકાર ભંગના પ્રશ્નો :–**

–ખોટી માહિતી ૮૬

**શિષ્ટાચાર :–**

–નવા મંત્રીમંડળની જાહેરાત ૮૭

**શોકદર્શક ઉલ્લેખ :–**

–શિષ્ટાચાર ૮૮–૮૯

**સત્ર :–**

–સત્ર બોલાવવું ૯૦

**સભાગૃહ :–**

–ડેમોન્સ્ટ્રેશન ૯૧
–બેઠકનો સમય નકકી કરવાનો અધિકાર ૯૨
–લોબી અને લોંજમાં પ્રવેશ ૯૩
–સભાગૃહની બેઠક ૯૪
**સભ્યશ્રી :–**
–સભ્યશ્રીની જાતમાહિતી ૯૫
–સભ્યશ્રીઓનું વર્તન ૯૬
**સમિતિ :–**
–અન્ય સમિતિને તપાસ સોંપવાની બાબત ૯૭
**સેલ્યુલર ફોન :–**
–પોઈન્ટ ઓફ ઓર્ડર ૯૮
**સૂચિપત્ર :–** –

**અધિકારી દીર્ધાના પાસ :–**

**પોઈન્ટ ઓફ ઓર્ડર–**

**૧. (૧) બોર્ડના ચેરમેન સભાગૃહમાં આવેલી અધિકારી દીર્ધાના પાસની માંગણી કરે તે બરાબર નથી.**

**(૨) બોર્ડના ચેરમેન મંત્રીશ્રીને સલાહ, સૂચન, માર્ગદર્શન કે માહિતી પૂરી પાડવામાં ઉપયોગી થતા હોય તો તેમને અધિકારી દીર્ધાના પાસ આપવામાં હરકત નથી.**

તા. ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ચેરમેન શ્રી જયંતિલાલ રાવજીભાઈ પટેલ વિધાનસભા ગૃહમાં આવેલી અધિકારી દીર્ધામાં બેઠા હતા. ઉકત બાબતે સભ્યશ્રી અશોક ભટ્ટે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો અને ગૃહના કામકાજ સાથે સીધી રીતે સંકળાયેલા હોય તેવા અધિકારીઓ સિવાયની કોઈપણ વ્યકિત અધિકારી દીર્ધામાં બેસી શકે કે કેમ તે સંબંધમાં માનનીય અધ્યક્ષશ્રીને તેમનો નિર્ણય આપવા વિનંતી કરી હતી.

ઉકત બાબત અંગે માનનીય અધ્યક્ષશ્રીએ તા. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ નીચે મુજબનો નિર્ણય આપ્યો :–

"વિધાનસભાની અધિકારી દીર્ધામાં પ્રવેશ પાસ આપવા બાબતના નિયમો ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૮૨ અન્વયે ઘડવામાં આવેલા છે અને વૈધાનિક મંડળના અધિકારીઓને પણ આ નિયમો હેઠળ પાસ આપી શકાય છે. પ્રસ્તુત કિસ્સામાં શ્રી જયંતિલાલ રાવજીભાઈ પટેલને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ચેરમેન તરીકે પાસ આપવાની વિનંતી સંબંધિત વિભાગ તરફથી એટલે કે વન અને પર્યાવરણ વિભાગ તરફથી મારા સચિવાલયને મળી હતી અને મારા સચિવાલય તરફથી જ તેમને અધિકારી દીર્ધાનો પાસ આપવામાં આવેલો છે. તેથી સભાગૃહમાં તેમણે ખોટી રીતે પાસ મેળવીને બિનઅધિકૃત રીતે પ્રવેશ મેળવ્યો છે એમ કહેવું બરાબર નથી એટલે તેમને સજા કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી વળી, માનનીય મુખ્યમંત્રીશ્રી અધિકારી દીર્ધાના પાસ આપતા હોતા નથી. તેથી તેમના તરફથી પાસની લહાણી થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. છેલ્લા સત્ર માટે સરકારના જુદા જુદા વિભાગો તરફથી ૯૦૦ ઉપરાંતના પાસની માગણી કરવામાં આવી હતી. આટલી મોટી સંખ્યામાં માગણી આવે ત્યારે છેલ્લી ઘડીએ ચકાસણી કરવાનું શકય બનતું નથી. આથી મારી લાગણી એવી ખરી કે વિભાગોએ સભાગૃહના કામકાજ સાથે સીધી રીતે સંકળાયેલા હોય એવા અધિકારીઓ સિવાય અન્ય કોઈને માટે અધિકારી દીર્ધાના પાસની વિનંતી કરવી જોઈએ નહીં. તેમ છતાં, જવાબદારી આ સચિવાલયની પણ ગણાય અને તે વખતના સંબંધિત અધિકારીઓએ જરૂરી કાળજી લીધી નથી એવું મને લાગે છે અને હું એનો સ્વીકાર કરું છું. હવેથી અધિકારી દીર્ધાના પાસ આપવામાં નિયમાનુસારની કાર્યવાહી થાય તેની કાળજી લેવાની સૂચના આપી છે. અધિકારી દીર્ધાના સામાન્યતઃ વિધાનસભાના કામકાજ સાથે સંકળાયેલા અધિકારીઓ માટે છે. સરકારના જાહેર સાહસો કે નિગમોના મુખ્ય વહીવટી અધિકારીઓ માટે તે વખતે અધિકારી દીર્ધાના પાસ આપવામાં હરકત હોઈ તે ન શકે પણ તેમને કાયમી પાસ આપી શકાય નહીં. વળી, બોર્ડના ચેરમેન જેવી વ્યકિતને માટે અધિકારી દીર્ધાના પાસની માગણી કરવી એ પણ બરાબર નથી. તેમ છતાં બોર્ડના ચેરમેન મંત્રીશ્રીને સલાહ, સૂચન, માર્ગદર્શન કે માહિતી પૂરી પાડવામાં ઉપયોગી થતા હોય, એમ સરકારના વિભાગને લાગે તો તેમને અધિકારી દીર્ધાનો પાસ ન આપવાનું ધોરણ રાખવું તે પણ ઉચિત જણાતું નથી. તેથી પ્રસ્તુત કિસ્સામાં ગુજરાત પાણી પ્રદૂષણ બોર્ડના ચેરમેન અધિકારી દીર્ધામાં બેઠા તે અનધિકૃત ન હતું અને તેથી તેમની સામે કોઈ કાર્યવાહી કરવાનો પ્રશ્ન રહેતો નથી પરંતુ તે દિવસે પ્રદૂષણ બોર્ડ અંગે કોઈ બાબત આ માનનીય સભાગૃહ સમક્ષ આવતી નહોતી, તેથી તેમણે અધિકારી દીર્ધામાં હાજરી ન આપી હોત તો વધુ યોગ્ય થાત એમ મને પોતાને લાગે છે.

**(ગુ.વિ.સ. ચર્ચાઓ પુસ્તક ૬૨ : ૧૧૮૩–૮૪)**

**અધિસૂચના–**

**અધિસૂચના મેજ ઉપર મૂકવામાં વિલંબ–**

**૨. અધિસૂચના વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં વિલંબ થયો હોય તેથી તેને મેજ ઉપર મૂકવાની ના ન પાડી શકાય.**

તા. ૨૮–૧–૮૬ના રોજ સમાજકલ્યાણ મંત્રી (રાજયકક્ષા) ડૉ. સુશીલાબેન કે. શેઠ સન ૧૯૮૫ના સ્ત્રીઓના અનૈતિક વ્યાપારને ડામવા અંગેના (ગુજરાત) નિયમો ઘડતી સમાજકલ્યાણ વિભાગની તા.૧૮–૨–૮૫ની અધિસૂચના ક્રમાંક : જીએચ/૨૪/એસ.આઈટી/૧૦૭૯/૪૫૦૯૧/૮૩/પીએચ. વિધાનસભાના મેજ ઉપર મૂકવા ઉભાં થયાં ત્યારે, સભ્યશ્રી સુરેશચંકલ રૂ. મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું હતું કે પ્રસ્તુત નિયમો ઘડતી અધિસૂચના બહાર પડયા પછી સભાગૃહનાં બે સત્રો પસાર થવા છતાં તેમાં તે વિધાનસભાના મેજ ઉપર મૂકી નથી અને કાયદાની જોગવાઈ પ્રમાણે આવી અધિસૂચના નિયમો ઘડયા પછી જેમ બને તેમ ઝડપથી વિધાનસભાના મેજ ઉપર મૂકવી જોઈએ. આમ અધિસૂચના સમયસર વિધાનસભાના મેજ ઉપર મૂકી ન હોવાથી તેને હવે મેજ ઉપર મૂકવા પરવાનગી આપી શકાય નહીં. સભ્યશ્રી અશોક ભટ્ટે પણ સભ્યશ્રી મહેતાએ ઉપસ્થિત કરેલા મુદ્દાનું સમર્થન કર્યુ. માન. અધ્યક્ષશ્રીએ પોતાનો નિર્ણય મુલતવી રાખ્યો.

માન. અધ્યક્ષશ્રીએ મુલતવી રાખેલ નિર્ણય તા.૩૦–૧–૮૬ના રોજ નીચે મુજબ આપ્યો.

"When minister of State for Social Welfare tried to place on the Table of the House, the Rules framed under Section 23 of Suppression of Immoral Traffic in Women and Girls Act 1956, Shri Sureshchandra Mehta raised a Point of Order and contended that as there was considerable delay in laying the Rules on the Table of the House, the Minister should not be allowed to lay the Rules on the Table of the House. In support of his contention, he referred to observations made in Practice and Procedure of Parliament by Kaul and Shakdher at page 457. Shri Ashok Bhatt supporting the contention, referred to Rule 208 from the Rules of the Assembly. Both suggested that the Speaker should not allow the Minister to lay the Rules on the table of the House."

"In this session somehow or other, on nearly four occasions such a demand is made. Therefore, it is necessary for me to consider the implications of acceptance of such demand. While doing so, I tried to inquire from Shri Mehta whether he can show me any authority or any legal provision suggesting that the Speaker is authorized to prevent the Government from laying such papers on the Table of the House. Shri Mehta could not support his contention and tried to rely on the observations made by Kaul and Shakdher in Practice and Procedure of Parliament as mentioned above. The said observations have nothing to say on the issue on which I tried to inquire from Shri Mehta and therefore, I do not think it necessary to consider the same. The same is the case with Rule 208 of the Assembly Rules. The question, which arises here, is why the framers of the Rules of the Assembly did not consider it necessary to authorize the Speaker to prevent the government from laying such Rules on the Table of the House. I think the reasons are quite obvious. The provisions in different Acts do suggest that after the Rules or notifications are laid on the Table of the House, the House is in a position to rescind the Rules, to modify the Rules or to make alterations in the Rules so long as they are not placed on the Table of the House, the House is not in a position to exercise this right. Therefore, it is necessary that the Rules be laid on the Table of the House; rather say it is a must and if I accept the contention of Shri Mehta and trying to prevent the Government from laying the Rules on the Table of the House, the only implication will be that this House will be deprived of exercising its right to rescind, modify or alter the rules. I think that is not desirable and that is why no such rule was framed by those who framed the Rules of the House. It is in the interest of the House that the Rules are laid on the Table of the House so that the House gets an opportunity to exercise its authority for amending or modifying the Rules.

" It is now necessary to consider the effect of not placing such Rules on the Table of the House as far as the Government is concerned. I think it is interesting to note that Government loses nothing because by the provisions of the Acts as they are framed in

different Acts, the position is clear in the sense that Rules come into effect as soon as they are framed and therefore, whether they lay or don't lay before the House, the rules are already operating or effective. Thus, if they don't lay them on the Table of the House, the Government loses nothing; it is the House that loses. I think, therefore, even if I accept the contention of Shri Mehta, the position will be that the benefits will go to the Government and the loss will come to the House. I don't think Shri Mehta intended to face such a situation or give such a benefit to the government."

" If you look at the Section in the Act, Subsection (4) of Section 23 reads as under:

*"All rules made under this Act shall, as soon as may be, after they are made, be laid before the State Legislature."*

"So again here the government is trying to take shelter under the words 'as soon as may be', I have already expressed earlier in my ruling that it is not a healthy practice and the Government should try to come to the House as early as possible, the Government loses nothing as the Rules become effective either on the day they are framed or on the day they are notified in the Gazette. To that extent, it is pertinent to note the observations made by the Calcutta High Court. I am referring to the Book titled " Delegated Legislation in India". The relevant remarks are at page 158. I quote: 'Now what the laying provision requires is that Rules shall be laid as soon as possible, after they are made. Obviously, the old position that Rules may come into effect on their notification seems to remain unchanged. No doubt Rules are directed to be subjected to such modification as Parliament may make within the prescribed period after their laying but this direction does not affect the validity of the Rules prior to passing of such modifications if any'."

" It is interesting to note that to get over the difficulties implicit in the observation of the Supreme Court in Kerala Education Bill, the Central Government, after consulting the committee on Subordinate Legislation, changed the laying clause in such a way that the Rules required to be laid before Parliament would be operative *ab initio*."

" That means since the Rules become operative on the day when they are framed, to prevent the government from laying them on the Table of the House gives benefit to the Government and not to the House. I think, even though it is necessary or it is incumbent on the part of the Government to lay such Rules on the Table of the House as soon as may be, it is very difficult to accept the proposal that in case of delay the Government should not be allowed to place such rules on the Table of the House and because of this, I reject the Point of Order raised by Shri Mehta. I do hope that since I have made it very clear about the loss and benefit both, further Point of Order on this very issue will not be raised".

માન. અધ્યક્ષશ્રીના નિર્ણય બાદ માન. રાજયકક્ષાના સમાજકલ્યાણ મંત્રી ડૉ. સુશીલાબેન શેઠે અધિસૂચના સભાગૃહના મેજ પર મૂકી.

**(ગુ.વિ.સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૧૦, કોલમ–૩૨૬–૩૪૧ અને ૧૦૭૪–૧૯૭૯)**

**અધ્યક્ષશ્રી–**

**અધ્યક્ષશ્રીની ચૂંટણી–**

**૩. અધ્યક્ષની ચૂંટણી થયા પછી જ બીજું કામ હાથ ધરવું જોઈએ.**

તા.૧૯મી જાન્યુઆરી, ૧૯૯૦ના રોજ સભાગૃહનું કામકાજ શરૂ થાય તે પહેલાં સભ્ય શ્રી સુરેશચં મહેતાએ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૭૧ તરફ અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરતા જણાવ્યું કે પ્રશ્નોત્તરીને અગ્રતા આપવાની નિયમોમાં જોગવાઈ છે. એટલે પહેલાં પ્રશ્નોત્તરી રાખીએ પછી અધયક્ષની ચૂંટણી રાખીએ તો તે ઉચિત ગણાશે. સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રો. હસમુખ પટેલે પોતાનું મંતવ્ય આપતાં જણાવ્યું કે આ સભાગૃહનું કામકાજ, કામકાજ સલાહકાર સમિતિમાં નકકી થયા મુજબ ચાલે છે. મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકીએ પણ પોતાનું મંતવ્ય આપતાં જણાવ્યું કે, દિવસના કામકાજની યાદી અધ્યક્ષશ્રીની સંમતિથી નકકી થાય છે. સામાન્ય નિયમ એવો છે કે, અધ્યક્ષશ્રીની ચૂંટણી સૌથી મહત્વની બાબત છે અને ત્યાર પછી જ બીજું કામ થાય તેવી પ્રણાલિકા છે ત્યારે કાર્યકારી અધ્યક્ષશ્રી (ડૉ. કરસનદાસ સોનેરી)એ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો :–

"સામાન્ય શિરસ્તો એવો છે કે અધ્યક્ષની ચૂંટણી પહેલાં જ થવી જોઈએ."

(ગુ.વિ.સ. ચર્ચાઓ શ્રેણી—૨ પુસ્તક ૫૧ પા. ૧૩૯ થી ૧૪૨)

**અધ્યક્ષદીર્ધા–**

**અધ્યક્ષ દીર્ધાના પાસ–**

**૪. (૧) અધ્યક્ષ દીર્ધાના પાસની ભલામણ કરતી વખતે સભ્યશ્રીઓએ વધુ સંયમ અને તકેદારી રાખવી જોઈએ.**

**(૨) કોઈ વ્યકિતએ પાસ આપવાની ભલામણ કરતી વખતે તે વ્યકિતની ગૃહની કાર્યવાહી નિહાળવા માટેની શુધ્ધિબુધ્ધિની ચકાસણી થવી જરૂરી છે.**

તા.૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ અધ્યક્ષશ્રીની દીર્ધામાંથી એક સગીર વયના બાળકે સુત્રોચ્ચાર કરીને પત્રિકાઓ ફેંકતા, તે બાળકે અધ્યક્ષશ્રીની દીર્ધાનો પાસ કેવી રીતે મેળવ્યો તેની તપાસ કરવાનો મુદ્દો ઉપસ્થિત થયો હતો. પ્રસ્તુત બાબતે તપાસ કર્યાબાદ તા. ૩જી, માર્ચ, ૧૯૯૨ના રોજ માનનીય અધ્યક્ષશ્રીએ નીચે મુજબ જાહેરાત કરી :–

"અધ્યક્ષ દીર્ધામાંથી સુત્રોચ્ચાર કરીને પત્રિકાઓ ફેંકવાનો જે બનાવ બન્યો તેની તપાસ કરતાં એવું જાણવા મળેલ કે પ્રસ્તુત વિદ્યાર્થીનું નામ મહિપાલ સાદિયા હતું અને તેની ઉંમર ૧૦ વર્ષની જણાવવામાં આવી છે. સભાગૃહની દીર્ધામાં ૧૦ વર્ષથી નાના બાળકને પ્રવેશ આપવામાં આવતો નથી. તેથી સંભવ છે કે આ બાળકની ઉંમર ૧૦ વર્ષ જણાવવામાં આવી હોય પરંતુ તે ૧૦ વર્ષ કરતાં પણ નાની ઉંમરનો હોઈ શકે. આ વિદ્યાર્થીને પાસ આપવાની ભલામણ વિધાનસભાના માનનીય સભ્યશ્રી મગનભાઈ રાણવા તરફથી અધ્યક્ષશ્રીની કચેરીને કરવામાં આવેલી. અધ્યક્ષશ્રીની દીર્ધામાં પ્રવેશપત્ર મેળવવા માટેના જે નિયમો છે તે મુજબ અધ્યક્ષને યોગ્ય લાગે તેવી વ્યકિતને તે પ્રવેશ આપી શકે. સામાન્યતઃ અધ્યક્ષના મહેમાનો કે પ્રતિષ્ઠિત મહાનુભાવો માટે આ દીર્ધામાં પાસ આપવામાં આવે છે પરંતુ ઘણા સભ્યશ્રીઓ તરફથી મારી પાસે આ દીર્ધાના પાસ મેળવવા માટે માગણી આવતી હોય છે અને સભાગૃહની કાર્યવાહી જોવા માટે દૂર દૂરથી આવતા લોકોને અને વિદ્યાર્થીઓને સરળતા થાય તે માટે મારી કચેરીમાંથી ઉદાર ધોરણે પાસ આપવામાં આવે છે, પરંતુ અધ્યક્ષ દીર્ધાના પાસની માંગણી કરતી વખતે સભ્યોએ તે અંગેની ગંભીરતા અને જવાબદારી સમજવી જોઈએ. ભૂતકાળમાં અધ્યક્ષની દીર્ધામાંથી પત્રિકાઓ ફેંકવાનો કે સુત્રોચ્ચાર કરવાનો કોઈ બનાવ બનેલ નથી. આથી સભ્યશ્રીઓ પોતાની જવાબદારી સમજે તે જરૂરી છે. કોઈ વ્યકિતને પાસ આપવા ભલામણ કરતી વખતે જે તે વ્યકિતની ગૃહની કાર્યવાહી નિહાળવા માટેની જ શુધ્ધિબુધ્ધિની ચકાસણી ન થાય તો મને ભય છે કે આવા પ્રસંગોનું પુનરાવર્તન થાય અને એમ થાય તો મારે અધ્યક્ષ દીર્ધાના પ્રવેશ પત્રો માટે વધુ કડક વલણ અખત્યાર કરવું પડશે.

અધ્યક્ષશ્રીની દીર્ધામાં દેખાવો કરનાર વિદ્યાર્થીએ ફેંકેલી પત્રિકામાં દલિત હિજરતી જાહેર કરો–જામનગર. હિજરત દિવસ–૩૩ એવું લખાણ લખીને પત્રિકાની પાછળ પોતાનું નામ પણ લખેલું. આ વિદ્યાર્થી સગીર વયનો હોવાના કારણે સભાગૃહે પણ ઉદાર વલણ રાખીને તેને કોઈ શિક્ષા કરી ન હતી અને ચેતવણી આપીને જવા દેવામાં આવેલો.

સભાગૃહમાં વિવિધ દીર્ધાઓમાંથી પત્રિકાઓ ફેંકવાના અને સૂત્રોચ્ચાર કરવાના બનાવો વધતા જાય છે. ગયા સત્રમાં એકજ દિવસે આવા ત્રણ બનાવો બનેલા અને ચાલુ સત્રમાં પણ અત્યાર સુધીમાં આવા ત્રણ બનાવો બન્યા છે. સભાગૃહનું કામકાજ બહારના કોઈપણ વિક્ષેપ વગર હાથ ધરી શકાય અને તેનું ગૌરવ અને મોભો જળવાય તે ઘણું જરૂરી છે. આવા સંજોગોમાં સભાગૃહની દીર્ધામાંથી સૂત્રોચ્ચાર કે પત્રિકાઓ ફેંકીને ગૃહનું અવમાન કરનાર વ્યકિતને વધુ કડક શિક્ષા થવી જોઈએ એમ વિધાનસભા સચિવાલયનો અભિપ્રાય હતો અને તેથી મેં જુદા જુદા પક્ષના નેતાઓ સાથે આ મુદ્દા અંગે ચર્ચા વિચારણા પણ કરેલી પરંતુ તે વખતે જુદા જુદા પક્ષના નેતાઓનો અભિપ્રાય એવો રહયો હતો કે ચાલુ અંદાજપત્ર અધિવેશનમાં આવા બનાવો બને તો તેની સમીક્ષા કરીને પરિસ્થિતિનો અભ્યાસ કર્યા પછી અવમાનકર્તાઓની સજાઓમાં વધારો કરવાની બાબત વિચારવી. સમાજના કોઈપણ વર્ગ કે જૂથના પ્રશ્નો આ રીતે ગૃહની દીર્ધાઓમાં દેખાવો કરીને વ્યકત થાય તે કોઈપણ રીતે ઈચ્છવા યોગ્ય નથી અને તેમાં સંસદીય લોકશાહીનું ગૌરવ વધતું નથી તેમ હું માનું છું. આવા બનાવો ઉપર જેટલું વધારે નિયંત્રણ આવી શકે તેટલી ગૃહની કાર્યવાહી

સરળતાથી ચાલી શકે એમ મને લાગે છે. આથી આ પ્રકારના દેખાવો કરનાર વ્યકિત પ્રત્યે ઉદાર વલણ દાખવવાનું હું અંગત રીતે પસંદ કરતો નથી. તેમ છતાં આ બાબતમાં છેવટે મને જે અધિકારો મળે છે તે સભાગૃહ તરફથી આપવામાં આવેલા હોય છે અને તેથી આ સભાગૃહમાં બેસતા તમામ પક્ષોના પ્રતિનિધિઓને આ બાબતમાં ગંભીર વિચારણા કરવાની જરૂર હોય તેમ હું માનું છું.

જયાં સુધી અધ્યક્ષ દીર્ધામાંથી પત્રિકાઓ ફેંકવાના બનાવને સંબંધ છે ત્યાં સુધી હું એટલું જણાવવા માગું છું કે આ દીર્ધામાં પ્રવેશપત્રો માટે ભલામણ કરતી વખતે સભ્યશ્રીઓ વધુ સંયમ અને તકેદારી રાખે કે, જેથી અધ્યક્ષ દીર્ધામાંથી દેખાવો કરવાના બનાવોનું પુનરાવર્તન ન થાય."

**(ગુ.વિ.સ. ચર્ચાઓ પુસ્તક–૭૩ કોલમ–૧૪૨ થી ૧૪૪)**

**અંદાજપત્ર–**

**અગાઉની સરકારના અંદાજપત્ર પરની કાર્યવાહી–**

**૫. અંદાજપત્ર રજૂ થયા પછી મંત્રીમંડળમાં ફેરફાર થાય તો નવું મંત્રીમંડળ જૂનું અંદાજપત્ર સ્વીકારી તે અંગે ગૃહમાં આગળની કાર્યવાહી હાથ ધરી શકે છે.**

તા.૮મી જુલાઈ, ૧૯૮૫ના રોજ અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા શરૂ થાય તે પહેલાં માનનીય નાણા મંત્રીશ્રી અરવિંદભાઈ સંઘવીએ એક નિવેદન કર્યુ કે અગાઉની રાજય સરકારના નાણા મંત્રીશ્રીએ ૧૯૮૫–૮૬નું ફેરફાર કરેલું અંદાજપત્ર તા. ૨જી જુલાઈ, ૧૯૮૫ના રોજ ગૃહમાં રજૂ કરેલું તે અંદાજપત્રને આ નવી રાજય સરકારે અનુમોદન આપ્યું છે અને અંદાજપત્ર રજૂ કરતી વખતે અગાઉના નાણા મંત્રીશ્રીએ જે પ્રવચન કરેલું અને સાથે જે દરખાસ્તો મૂકી હતી તે પ્રવચન અને દરખાસ્તોને પણ નવી સરકારે અનુમોદન આપ્યું છે. આથી તે અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા અંગેની બાબત જે આજના કામકાજની યાદીમાં બતાવવામાં આવી છે તે ચાલુ રાખવી. આ તબકકે સભ્યશ્રી સુરેશચં  દ્ર. મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે, માનનીય મંત્રીશ્રીએ નિવેદન ન કર્યુ હોય તો જુદી વાત થાત, પણ જયારે મંત્રીશ્રીએ નિવેદન કર્યુ છે ત્યારે બંધારણીય મુદ્દો ઉપસ્થિત થાય છે કે જૂની સરકારે જે બજેટ મૂકયું હતું તેને નવી સરકારે પોતાનું નીતિ વિષયક બજેટ ગણ્યું છે જે ખરેખર જૂની સરકારનું હતું એને સંમતિ આપી એટલે આજે તે ફાયનાન્સીયલ ઈયરનું પહેલું સ્ટેટમેન્ટ કહેવાય. આજે રાજયપાલે એ માટે જાહેર કરેલો દિવસ નથી. તેમણે બંધારણની કલમ ૨૦૨ અને ગુજરાત વિધાસભાના નિયમોના નિયમ ૨૨૦નો ઉલ્લેખ કરી જણાવ્યું કે અંદાજપત્ર રજૂ કરવા માટે રાજયપાલશ્રીએ આજનો દિવસ નકકી કરેલો નથી તેથી માનનીય નાણા મંત્રીશ્રી અગાઉની સરકારનું અંદાજપત્ર પણ આજે રજૂ કરી ન શકે.

ત્યારબાદ ગૃહના કેટલાક સભ્યોએ પ્રસ્તુત મુદ્દા અંગે પોતાના મંતવ્યો રજૂ કર્યા.

ત્યારબાદ નાણા મંત્રીશ્રી અરવિંદભાઈ સંઘવીએ ખુલાસો કર્યો કે, સૌથી પ્રથમ તો મેં જે કાંઈ નિવેદન કર્યુ છે તેને બહુ કાળજીથી વાંચવામાં આવશે, તો મેં કયાંય અંદાજપત્ર મૂકયાનું નિવેદન કર્યુ જ નથી. માત્ર અગાઉની સરકારે જે અંદાજપત્ર મૂકયું હતું તેને અનુમોદન આપ્યાનું મેં માત્ર નિવેદન કર્યુ છે કે જેથી કામકાજની યાદીની ચર્ચા ચાલુ રહે. આના સમર્થનમાં **"Practice and Procedure in Parliament-by Kaul and Shakdher Vol-II 2nd editicn"**ના પા. ૭૭૫ અને ૮૭૩નો રેફરન્સ ટાંકીને તેમણે વધુમાં જણાવ્યું કે અગાઉની કાઉન્સિલ ઓફ મિનિસ્ટર્સ બદલાય કે વ્યકિતગત મિનિસ્ટર બદલાય તો પણ જે બિલ પેન્ડિંગ હોય તે યથાવતક્ષ ચાલુ રહે છે.

આ બાબતમાં મુખ્યમંત્રીશ્રી અમરસિંહ ચૌધરી તથા અન્ય જુદા જુદા સભ્યશ્રીઓની રજૂઆતો સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રી (નટવરલાલ શાહ)એ આ અંગે ઉઠાવેલો પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો અને પોતાનું રૂલિંગ મોકૂફ રાખ્યું. ત્યારબાદ તા. ૧૨મી જુલાઈ, ૧૯૮૫ના રોજ માનનીય અધ્યક્ષશ્રીએ તેમનું બાકી રાખેલ રૂલીંગ આપ્યું–

"તા. ૨–૭–૮૫ના રોજ રાજયપાલશ્રીએ ઠરાવેલા દિવસે સને ૧૯૮૫–૮૬ના ફેરફારવાળું અંદાજપત્ર રજૂ થયું હતું. અંદાજપત્રની સામાન્ય ચર્ચા તા. ૮–૭–૮૫ના રોજ શરૂ થાય તે પહેલાં મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકીએ રાજીનામું આપ્યું હતું અનુ શનિવાર તા. ૬–૭–૮૫ના રોજ સવારના ૯–૩૦ કલાકે શ્રી અમરસિંહ ચૌધરીની

મુખ્યમંત્રી તરીકે વરણી થતાં તેમણે નવા પ્રધાનમંડળની રચના કરી, તા. ૮–૭–૮૫ના રોજ ગૃહમાં નાણા મંત્રીશ્રી અરવિંદભાઈ સંઘવીએ અગાઉની સરકારનું ફેરફારવાળું અંદાજપત્ર નવી સરકારે સ્વીકાર્યું છે અને સભાગૃહના કામકાજ ઉપર સામાન્ય ચર્ચા ચાલુ રાખતું નિવેદન નિયમ ૪૪ અન્વયે કર્યું.

ઉક્ત નિવેદન પર શ્રી સુરેશચંદ્ર મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો કે અગાઉના મુખ્યમંત્રીશ્રીએ રાજીનામું આપ્યું હોવાથી અને આ સરકારના મુખ્યમંત્રીશ્રી અમરસિંહ ચૌધરી હોવાથી શ્રી ચૌધરીની નવી સરકાર ગણાય અને તેથી તે સરકારે પહેલાં બજેટ રજૂ કરવું જોઈએ અને બજેટ રજૂ કરવા માટે રાજયપાલશ્રીએ દિવસ ઠરાવવો જોઈએ. આ કિસ્સામાં તેમ બન્યું નથી તેથી અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા થઈ શકે નહીં.

શ્રી સુરેશભાઈના મુદ્દાની હું ચર્ચા કરું તે પહેલાં વિધાનસભામાં ભૂતકાળમાં આવાજ પ્રસંગો ઉપસ્થિત થયેલા, તેના ઉપર નજર નાખવાનું જરૂરી છે. **સન ૧૯૬૩–૬૪ના વર્ષ માટેના ખર્ચનું પૂરક પત્રક તા. ૬–૯–૬૩ના રોજ સભાગૃહમાં રજૂ કર્યું હતું, તે વખતના મંત્રીમંડળે તા. ૧૨–૯–૬૩ના રોજ રાજીનામું આપ્યું હતું અને તા.૧૯–૧૯૬૩ના રોજ નવું મંત્રીમંડળ અસ્તિત્વમાં આવ્યું હતું, તા. ૬–૯–૬૩ના રોજ ગૃહમાં રજૂ થયેલ પૂરક માગણીઓ ઉપર તા. ૩૦–૯–૬૩ અને તા. ૧–૧૦–૬૩ એમ બે દિવસ ચર્ચા આપવામાં આવી હતી અને ગુજરાત (બીજું પૂરક) વિનિયોગ વિધેયક તા. ૪–૧૦–૬૩ના રોજ સભાગૃહે પસાર કર્યું હતું.**

**સન ૧૯૬૫માં મુખ્યમંત્રીશ્રી બળવંતરાય મહેતાએ અંદાજપત્ર તા.૨૫–૨–૬૫ના રોજ રજૂ કર્યુ હતું પરંતુ નાણા મંત્રીશ્રી ઓડેદરાએ તા. ૧૫–૧૧–૬૫ના રોજ ગૃહમાં નિવેદન કરીને, નવા કરવેરાની દરખાસ્તોની ગૃહને પ્રથમ માહિતી આપી હતી.**

બીજો એક વધુ કિસ્સો જોઈએ તો તા. ૯–૨–૭૪ના રોજ મુખ્યમંત્રીશ્રીએ રાજીનામું આપતાં, ચોથી ગુજરાત વિધાસભાનું વિસર્જન કરવામાં આવ્યું હતું અને તા. ૯–૨–૭૪ થી તા. ૧૮–૬–૭૫ સુધી રાષ્ટ્રપતિ શાસન હતું. તા. ૧૮–૬–૭૫થી પાંચમી ગુજરાત વિધાનસભાની રચના કરવામાં આવી હતી અને માનનીય શ્રી બાબુભાઈ જ. પટેલ મુખ્યમંત્રીશ્રી હતા અને નાણા ખાતાનો હવાલો પણ તેઓ જ સંભાળતા હતા, સન ૧૯૭૫–૭૬ના વર્ષનું અંદાજપત્ર તા. ૫મી માર્ચ૧૯૭૫ના રોજ સંસદ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું અને તા. ૩૧મી ઓગષ્ટ, ૧૯૭૫ના રોજ પૂરા થતા પાંચ મહિનાના સમય માટે પેશગી ખર્ચમત (વોટ ઓન એકાઉન્ટ) મેળવી લેવામાં આવેલ હતો. **સંસદ સમક્ષ જે અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું હતું તેની નકલો મુખ્યમંત્રીશ્રી (નાણા)એ તા. ૩૦મી જૂન, ૧૯૭૫ના રોજ આ સભાગૃહના મેજ ઉપર મૂકી હતી અને અન્ય પ્રકાશનો પણ રજૂ કર્યા હતા. આ પ્રકાશનોમાં સંસદ સમક્ષ જે અંદાજો રજૂ કર્યા હતા તેજ હતા. ફક્ત પ્રકાશનોમાં વધારે વિગતો આપવામાં આવી હતી. આમ કરતી વખતે મુખ્યમંત્રીશ્રીએ તા. ૩૦મી જૂન, ૧૯૭૫ના રોજ ગૃહમાં નિયમ–૧૪૪ અન્વયે નિવેદન કરીને તા. ૫મી માર્ચ, ૧૯૭૫ના રોજ સંસદમાં રજૂ થયેલા અંદાજપત્રને સ્વીકાર્યુ હતું અને અંદાજપત્ર ઉપર આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.**

આમ વિધાનસભાની ભૂતકાળ કાર્યવાહી જોઈએ તો ભૂતકાળમાં બજેટ રજૂ થયા પછી મંત્રીમંડળમાં થયેલા ફેરફારને કારણે અગાઉ રજૂ થયેલ બજેટને સ્વીકારીને સભાગૃહે ચર્ચા કરી અને તેનો સ્વીકાર કર્યાનું સ્પષ્ટ રીતે સાબિત થાય છે.

શ્રી સુરેશભાઈએ એવી દલીલ કરી છે કે અગાઉના મુખ્યમંત્રીશ્રીએ રાજીનામું આપ્યું હોવાથી અને આ સરકારના મુખ્યમંત્રીશ્રી અમરસિંહ ચૌધરીની નવી સરકાર અસ્તિત્વમાં આવી હોવાથી તેણે નવું બજેટ રજૂ કરવું જોઈએ, મને લાગે છે કે આ દલીલ વાજબી નથી નવું બજેટ રજૂ કરવું કે રાજયપાલશ્રીએ નક્કી કરેલા દિવસે આગલા મંત્રીમંડળ મારફત રજૂ થયેલ બજેટને સ્વીકારવું તે નક્કી કરવાનો અધિકાર નવા મંત્રીમંડળનો છે. આ અધિકારનો ઉપયોગ કરીને નવા મંત્રીમંડળે જયારે નક્કી કર્યું છે કે જૂના મંત્રીમંડળે રજૂ કરેલા બજેટને પોતાના બજેટ તરીકે સ્વીકારે છે ત્યારે તે પોતાના અધિકારનો ઉપયોગ કરે છે અને અધિકારની રૂએ જયારે રજૂ થયેલા બજેટનો એ સ્વીકાર કરે ત્યારે તેમને ફરીથી રાજયપાલશ્રી નક્કી કરે તે દિવસે નવું બજેટ રજૂ કરવું જોઈએ તેવી દલીલ સ્વીકારી શકાય

તેમ નથી. નવું મંત્રીમંડળ જયારે ચાલુ બજેટને સ્વીકારે છે ત્યાર સરકારની નાણાકીય પરિસ્થિતિમાં કોઈ ફેરફાર થતો નથી. આ સંજોગોમાં નિયમ–૪૪ અન્વયે કરેલા નિવેદન મુજબ નવા મંત્રીમંડળનો બજેટ સ્વીકારવાનો અને બજેટ ઉપરની ચર્ચા ચાલુ રાખવાનો નિર્ણય યોગ્ય છે.

નાણા મંત્રીશ્રીએ પોતાના બચાવમાં પ્રેકટીસ એન્ડ પ્રોસિજર ઓફ પાર્લામેન્ટના વોલ્યુમ બીજાના પાના ૭૭૩ પરની ચર્ચા ઉપર આધાર રાખીને એ પ્રતિપાદિત કરવાનો પ્રયત્ન કર્યો કે એકવાર બિલ સભાગૃહમાં રજૂ થયા પછી જો મંત્રીમંડળ બદલાય તો પણ જે બિલ વિદાય લેતા મંત્રીમંડળે રજૂ કર્યું હોય તે બિલ કાયદેસરનું ગણાય છે અને તેની ચર્ચા ચાલુ રહે છે. તેમની આ દલીલમાં ઘણું વજૂદ છે.

મને લાગે છે કે જો બિલની બાબતમાં મંત્રીમંડળ બદલાયા પછી પણ ફેરફાર થતો ન હોય અને બિલની ચર્ચા ચાલુ રહેતી હોય તો બજેટની બાબતમાં આવું કેમ ન બને ? જે બજેટની ચર્ચા અત્યારે ચાલુ છે તે બજેટ નિયમ–૨૨૦ મુજબ રાજયપાલશ્રીએ નિર્ણય કરેલા દિવસે રજૂ થયું છે અને નવા મંત્રીમંડળે તે બજેટ પોતાનું ગણીને ચર્ચા ચાલુ રાખવાનું સ્વીકાર્યું છે, તે સંજોગોમાં સભ્યશ્રી સુરેશભાઈ મહેતાનો પોઈન્ટ ઓફ ઓર્ડર ટકી શકે તેમ નથી અને તેથી હું નામંજૂર કરું છું.".

**(ગુ.વિ.સ. ચર્ચાઓ, શ્રેણી–૨ પુસ્તક ૫, કોલમ ૧૦૨ થી ૧૧૨ અને ૯૯૩ થી ૯૯૭)**

**અંદાજપત્ર–**

**અંદાજપત્રના સાહિત્ય અંગે–**

**૬. (૧) અંદાજપત્ર અંગેનું સાહિત્ય સચિવને આપે એટલે તે ગૃહના મેજ પર મૂકયું કહેવાય.**

**(૨) અંદાજપત્ર અંગેના કાગળો ઉપર વિભાગના સચિવની સહી છાપેલી હોય તો અંદાજપત્ર અંગેનો તે દસ્તાવેજ ગૃહના ટેબલ ઉપર મૂકી શકાય છે.**

તા. ૨૦–૨–૧૯૮૬ના રોજ નાણા મંત્રીશ્રીએ બજેટ પ્રવચન કર્યા પછી બીજા દિવસે તા. ૨૧–૨–૧૯૮૬ના રોજ સભ્યશ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ નીચેના મુદ્દાઓ અંગે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો.

(૧) મંત્રીશ્રીએ બજેટ પ્રવચન પૂરું કર્યું કે તુરત જ વાર્ષિક નાણાકીય પત્રક રજૂ કર્યું નથી.

(૨) પછી રજૂ કરેલ અને ધારાસભ્યશ્રીઓને વહેંચાયેલ નાણાકીય પત્રકમાં નાણા મંત્રીશ્રીએ સહી કરી નથી.

(૩) એક અને બે ને કારણે બજેટ રજૂ થયું ગણાય નહીં અને તેથી સરકારે નવું બજેટ રજૂ કરવું જોઈએ.

તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૮૬નારોજ માનનીય અધ્યક્ષશ્રી (નટવરલાલ શાહ)એ ઉકત મુદ્દાઓ પર નીચે મુજબ નિર્ણય આપ્યો :–

આ મુદ્દાઓને વિચારણામાં લેતાં અત્યારે બજેટ અંગેના સાહિત્યને વહેંચવા અંગેની પધ્ધતિને સમજી લેવાની જરૂર છે. મંત્રીશ્રી બજેટનો ભાગ–ખ વાંચવાનું પૂરૂં કરે એટલે નાણા ખાતાના અધિકારીઓ બજેટ અંગેના સાહિત્યના સેટો વિધાનસભાના અધિકારીઓને આપે છે અને વિધાનસભાના સચિવ આ સેટોને સભ્યશ્રીઓ તેમજ અન્ય જેવા કે પત્રકારો વગેરેને વહેંચે છે. જે સભ્યશ્રીઓ જાતે પોતાને ફાળે આવતો સેટ લઈ જવા માગતા ન હોય તે ધારાસભ્યો હોસ્ટેલના પોતાના રૂમ પર આ સેટ મોકલી આપવાનું લખાણ આપે છે. આ વખતે પણ લગભગ ૯૪ સભ્યોએ પોતાને ફાળે આવતું બજેટ અંગેનું સાહિત્ય પણ પોતાની રૂમ પર મોકલી આપવાની માંગણી કરેલી અને તે મુજબ તેમનું સાહિત્ય તેમને રૂમ પર મોકલી આપવાની વ્યવસ્થા કરેલ છે.

આમ સાહિત્ય સચિવશ્રીને આપવામાં આવે છે અને તેને વહેંચવાની જવાબદારી તેઓ લે છે. આ વખતે નાણા મંત્રીશ્રીનું પ્રવચન પૂરૂં થયું કે તરત જ એટલે કે લગભગ અઢી વાગ્યાના સુમારે નાણા ખાતાના અધિકારીએ ૨૦૦ સેટ આપતાં વિધાનસભા સચિવાલયે પ્રણાલી મુજબ ૨૭૫ સેટ આપવાનું જણાવેલ. આખરે ૪–૩૦ કલાકે વિધાનસભા

સચિવાલયને ૨૩૫ સેટ આપતાં તે સચિવની ઓફિસમાં મૂકવામાં આવેલ. એ વાતની પણ નોંધ લેવી જ રહી કે બજેટનું સાહિત્ય આગલા દિવસથી વિધાનસભાના મકાનમાં જ નાણા ખાતાને તે માટે ફાળવેલ એક રૂમમાં જ હતું.

વિધાનસભાના નિયમોના નિયમ–૬૦ મુજબ વિધાનસભાના મેજ ઉ:પર મૂકવાના કાગળો સચિવને આપે એટલે તે ગૃહના મેજ પર મૂકયા ગણાય. બજેટનું સાહિત્ય વિધાનસભા ગૃહમાં કોઈ દિવસ વહેંચવામાં આવતું જ નથી. ગૃહમાં મંત્રીશ્રી બજેટ પરનું પ્રવચન પૂરું કરે ત્યાર પછી જ આ સાહિત્ય ગૃહની બહાર અગર હોસ્ટેલમાં સભ્યશ્રીની રૂમ પર પહોંચાડવામાં આવે છે. લોકસભામાં પણ બજેટનું સાહિત્ય સચિવને આપવામાં આવે છે અને તેઓ તેને વહેંચવાની વ્યવસ્થા કરે છે.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૬૦ મુજબ જે દસ્તાવેજોને વિધાનસભાના મેજ પર મૂકવાની જરૂર હોય તે સચિવને આપવા જોઈએ. સચિવે સભ્યોને તેની જાણ કરવાની હોય છે. જે સભ્યશ્રીને તે દરખાસ્ત અગર કાગળો જોવા હોય તે સચિવની ઓફિસમાં જઈને જોઈ શકે છે. આમ બજેટ અંગેના કાગળો સચિવને આપવામાં આવે એટલે તેને વિધાસભાના ટેબલ પર મૂકયા જ ગણાય. નિયમોની આ જોગવાઈને કારણે આપણી વિધાનસભામાં તેમજ લોકસભામાં બજેટ અંગેનું સાહિત્ય ગૃહમાં વહેંચાતું નથી. તે સચિવને આપવામાં આવે છે અને તે તેને વહેંચવાની વ્યવસ્થા કરે છે.

આ હકીકતો એ સાબિત કરે છે કે બજેટ અંગેનું સાહિત્ય સચિવને મળે એટલે ટેબલ પર મૂકયું કહેવાય. આ સાહિત્ય તે જ દિવસે અથવા પછીના ચાલુ કામકાજના દિવસે વહેંચવામાં આવે છે. બજેટ અંગેનું મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય કે તરત જ તે દિવસ પૂરતું ગૃહનું કામ પ્રણાલી મુજબ મુલતવી રહે છે અને તેથી જ બજેટ અંગેનું સાહિત્ય ગૃહમાં નહીં પણ ગૃહની બહાર વહેંચાય છે.

આમ સભ્યશ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાના પહેલા મુદ્દા અંગે વિચારતાં સુરેશભાઈની વાત માની લઈએ તો પણ મંત્રીશ્રીએ બજેટ પ્રવચન વાંચવાનું પૂરું કર્યું ત્યારથી બે કલાક પછી બજેટ ગૃહમાં ટેબલ પર મૂકાયું. શું આ એવી ગંભીર ભૂલ છે કે જેના કારણે મંત્રીશ્રીએ બજેટ ગૃહમાં રજૂ કરવું પડે? એકવાર રજૂ થયેલ બજેટને ફરીથી રજૂ કરવાની માંગણી કોઈ સંજોગોમાં વ્યાજબી નથી, આ બજેટ ગૃહમાં રજૂ થયું નથી તેમ ગણીએ તો તેના ગંભીર પ્રત્યાઘાતો પડે. એ વાતનો ખ્યાલ રાખવો જરૂરી છે કે નાણા ખાતુ બજેટ પ્રવચન વાંચન પૂરું થયું કે તુરત જ બજેટના સાહિત્યના સેટો આપતું જ હતું પરંતુ આગળ કહયું તેમ સેટોની સંખ્યા ઓછી હોવાથી બીજા સેટોની માંગણી થયેલી. આ સંજોગોમાં બજેટ રજૂ થયું નથી તેમ ગણવાની સભ્યશ્રી સુરેશભાઈની દલીલ હું સ્વીકારી શકતો નથી.

શ્રી મહેતાએ એવો મુદ્દો ઉઠાવ્યો છે કે નાણાકીય પત્રક પર નાણા મંત્રીશ્રીની સહી હોવી જરૂરી છે. બંધારણના આર્ટિકલ ૨૦૨ની કલમ–૧માં આવી કોઈ જોગવાઈ નથી. નાણાકીય પત્રક રજૂ કરવું જ જોઈએ તેવી જોગવાઈ છે અને તે રજૂ થયું છે. નાણા ખાતાના સચિવની સહી છાપેલી છે જ. અધ્યક્ષશ્રીના આદેશ ૧૨ (બી)માં તો એ સ્પષ્ટપણે જણાવાયું છે કે, મંત્રીશ્રીને જે દસ્તાવેજ રજૂ કરવાનો હોય તેના પર પણ જે અધિકારીએ સહી કરી હોય તે દસ્તાવેજ સ્વીકારવો જ જોઈએ. આદેશ ૧૨(એ)માં બજેટ અંગેના કાગળો તૈયાર કર્યા હોય તો સચિવની સહી છાપેલી હોય તો પણ બજેટ અંગેનો તે દસ્તાવેજ ગૃહના ટેબલ પર મૂકી શકાય છે. આમ શ્રી મહેતાની આ દલીલમાં કાંઈ તથ્ય નથી.

શ્રી મહેતાએ ઉપસ્થિત કરેલ મુદ્દાઓને હું સ્વીકારી શકતો નથી અને તેનાથી તેમનો પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કરું છું.

**(ગુ.વિ.સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૧૧, કોલમ ૧૩૦૩–૧૩૧૨ અને પુસ્તક–૧૨, કોલમ ૩૮૩–૩૮૬).**

**અંદાજપત્ર–**

**કાપદરખાસ્ત–**

**બોલવાનો અધિકાર–**

**૭. સભ્યશ્રી કાપદરખસ્ત મૂકે એટલે તેને બોલવાનો અધિકાર મળતો નથી, આ અધિકાર પક્ષના દંડક નકકી કરી શકે.**

તા. ૧૫મી જુલાઈ, ૧૯૮૫ના રોજ કૃષિ અને ગ્રામ વિકાસ વિભાગની અનુદાન માટે માગણીઓ પરની ચર્ચા દરમિયાન પ્રવચન કરી રહેલા વિ.સ.સ. શ્રી દિલીપભાઈ સંઘાણીએ તેમનું વકતવ્ય પૂરું કરી તેમનું સ્થાન લેતાં, તેમના પછી વિરોધપક્ષના કેટલાક સભ્યશ્રીઓ બોલવા માટે ઉભા થયા હતા આ તબકકે માનનીય અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ અવલોકન કરી નીચે મુજબ નિર્ણય આપ્યો :–

"કાપદરખાસ્ત મૂકે એ બધાને બોલવાનું મળે એવું છે નહીં, બધાનો ચાન્સ લાગે એવું હોય નહીં, મારે બીજાઓને પણ ચાન્સ આપવો પડે. કાપદરખાસ્ત મૂકવા બાબતે આપ થોડોક અભ્યાસ કરશો તો ખ્યાલ આવશે કે કાપદરખાસ્ત મૂકો એટલે બોલવાનો અધિકાર મળતો નથી. એ બોલવાનો અધિકાર તો આપના પક્ષના દંડકે નકકી કરવો જોઈએ. મુખ્ય વકતાઓ રોજ બોલ્યા કરે છે એને બદલે વારાફરતી (એમણે) બધાનો નંબર લગાવવો જોઈએ."

**(ગુ.વિ.સ. ચર્ચા શ્રેણી–૨, પુસ્તક–૬, કોલમ ૧૭૫–૧૭૬)**

**અંદાજપત્ર–**

**કામગીરી અંદાજપત્ર–**

૮. (૧) **માગણી ગૃહમાં રજૂ થાય તે અગાઉ સભ્યોને કામગીરી અંદાજપત્રની નકલો આપવી જોઈએ.**

(૨) **કામગીરી અંદાજપત્રમાં સરકારના કાર્યક્રમો તેમજ સરકારની કામગીરીની સંપૂણ વિગતો આપવી જોઈએ.**

તા. ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૨ના રોજ બંદરોને લગતી માગણી ચર્ચા માટે ગૃહમાં રજૂ કરવામાં આવી ત્યારે માનનીય સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજાએ બંદર ખાતાને લગતા કામગીરી અંદાજપત્રની નકલ સભ્યોને સમયસર ન મળવા બાબતે તથા તેમાં વિગતવાર માહિતી નહીં આપતાં ફકત એક પાનામાં જ બંદર ખાતાની માહિતી આપી હોવા સંબંધે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી માગણી પરની ચર્ચા મુલતવી રાખવામાં આવે તેવી રજૂઆત કરી.

માનનીય અધયક્ષશ્રીએ ઉકત બાબતે અન્ય સભ્યશ્રીઓ તથા કાયદા અને ઉદ્યોગ વિભાગના મંત્રીશ્રી શશીકાંત લાખાણીના મંતવ્યો સાંભળ્યા બાદ નીચે મુજબનો નિર્ણય આપ્યો :–

માનનીય મનોહરસિંહજીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો એ ખૂબજ વાજબી અને તાર્કિક છે મેં પણ અંદાજ સમિતિનો નવમો અને પચ્ચીસમો અહેવાલ આજે જ જોયેલો, તો નવમા અહેવાલ મુજબ કામગીરીનો અહેવાલ અંદાજપત્રની સાથે આપી દેવાતો હતો પણ પ્રિન્ટિંગ અને બીજી મુશ્કેલીઓને લક્ષમાં લેતાં પચ્ચીસમાં અહેવાલમાં તેમાં ફેરફાર કરીને માગણી રજૂ થાય તેની પૂર્વે બે, ચાર કે આઠ દિવસમાં આપવાનો પ્રબંધ છે. અહીં કાયદા મંત્રીશ્રી તરફથી કહેવામાં આવ્યું એમાં પણ તથ્યાંશ એટલું જ છે કે જે કામગીરી અહેવાલના પાના ૧૯૯ ઉપર તેની વિગતો આપવામાં આવેલ છે તે કામગીરી અંદાજપત્રને ઠીક ઠીક સ્પર્શે છે. સાથે સાથે મેરી ટાઈમ બોર્ડ અસ્તિત્વમાં આવેલ છે અને તેની રચનાત્મક કામગીરી છે તે ઓન બીહાફ ઓફ વગર્નમેન્ટ સંભાળી રહેલ છે. મને લાગે છે કે જે કંઈ માહિતી ૧૯૯ પાના ઉપર આપવામાં આવી છે તે માનનીય સભ્યશ્રીઓને ચર્ચા કરવા માટે પર્યાત્પ હોય તેવું લાગે છે. સવાલ એ રહે છે કે કામગીરી અંદાજપત્રમાં બધી જ વિગતો આપી હોય તો સારું રહેત કારણ કે તે અંદાજ સમિતિની ભલામણ છે ત્યારે ભવિષ્યમાં આ અંગેની પૂરેપૂરી વિગતો આપવામાં આવે તેવી મારી લાગણી છે. સરકાર પણ આ આ વિષે પૂરી કાળજી રાખે એટલું જ હું કહીશ. અત્યારે આ માગણી રોકવાનો કોઈ સવાલ રહેતો નથી.

**(ગુ.વિ.સ. ચર્ચા પુસ્તક–૬૪, કોલમ ૭૪૦–૭૫૧)**

**અંદાજપત્ર–**

**શુધ્ધિપત્રક–**

***૯. અંદાજપત્ર પ્રકાશનનું શુધ્ધિપત્રક જે તે વિભાગની માગણીઓ પર ચર્ચા હાથ ધરવાના ત્રણ દિવસ અગાઉ વિધાનસભા સચિવાલયને મોકલી આપવું જોઈએ.**

તા. ૧૮મી જુલાઈ, ૧૯૯૫ ના રોજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતી માગણી ક્રમાંક ૩૮ ચર્ચા માટે સભાગૃહમાં રજૂ કરવામાં આવી ત્યારે, ઉકત વિભાગને લગતા ફેરફાર કરેલ અંદાજપત્ર પ્રકાશન ક્રમાંક–૧૧ની નવી સેવાઓ અને જૂની સેવાઓને લગતું શુધ્ધિપત્રક માગણી પરની ચર્ચા હાથ ધરવાના આગળના દિવસે જ એટલે કે તા. ૧૭મી જુલાઈ, ૯૯૫ના રોજ સભ્યશ્રીઓને વહેંચવામાં આવ્યું હતું. આ અંગે સભ્યશ્રી શકિતિસિંહ ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી "જાહેર ખર્ચ ઉપર વિધાનસભાનો અંકુશ"એ પુસ્તકમાં શુધ્ધિપત્રક અંગેના ફકરાઓમાં અંદાજપત્રના શુધ્ધિપત્રક સંબંધમાં જે સમયમર્યાદા દર્શાવી છે તેનો સંદર્ભ ટાંકીને **અંદાજપત્ર પરનું શુધ્ધિપત્રક જે તે વિભાગની માગણી ચર્ચા માટે ગૃહમાં હાથ ધરવામાં આવે તેના ત્રણ દિવસ અગાઉ સભ્યશ્રીઓને પૂરું પાડવામાં આવે તે સુનિશ્ચિત કરવા યોગ્ય નિર્ણય આપવા માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરી.**

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી શકિતિસિંહ ગોહિલનો પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખી નીચે મુજબનો નિર્ણય અપ્યો.

"શ્રી પંચાલનું જે પુસ્તક છે એમાં ત્રણ દિવસનો જે ઉલ્લેખ કર્યો છે કે શુધ્ધિપત્રક નિદાન ત્રણ દિવસ પહેલાં સભ્યશ્રીઓને મળી જવું જોઈએ, હું એ વાત સાથે સંમત થાઉ છું અને આવું શુધ્ધિપત્રક ભવિષ્યમાં ત્રણ દિવસ પહેલાં મળે એ માટે હું સરકારનું ધ્યાન દોરી લાગતા વળગતા વિભાગોને જણાવું છું અને ભવિષ્યમાં શુધ્ધિપત્રક સભ્યશ્રીઓને ત્રણ દિવસ પહેલાં મળે એવી તમામ કાળજી રાખશો એવી હું આશા રાખું છું."

**(ગુ.વિ.સ. ચર્ચાઓ, ત્રીજી શ્રેણી, પુસ્તક–૭(૧) કોલમ ૩૭૮ થી ૩૮૫)**

***(ઉકત નિર્ણયની સાથે અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોની ૧૯૬૦–૮૪ની પુસ્તિકાનાં પાના નં. ૨૨ ઉપરનો નિર્ણય ક્રમાંક : ૨૩ પણ ધ્યાને લેવામાં આવે)**

**અંદાજપત્ર–**

**સરકારનો અધિકાર–**

**૧૦. અંદાજપત્ર કયારે રજૂ કરવું એ સરકારની ઈચ્છાની વાત છે.**

તા. ૨૫મી જૂન, ૧૯૮૫ના રોજ રાજયકક્ષાના સંસદીય મંત્રીશ્રીએ કામકાજ સલાહકાર સમિતિના ચોથા અહેવાલ સાથે સંમત થવા પ્રસ્તાવ રજૂ કર્યો ત્યારે સભ્યશ્રી અશોક ભટ્ટે સરકારે અગાઉ નકકી કરેલી તારીખે જ અંદાજપત્ર રજૂ થાય તે માટે આગ્રહ રાખ્યો ત્યારે માનનીય અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો :–

"સભાગૃહમાં બજેટ કયારે રજૂ કરવું એ સરકારની ઈચ્છાની વાત છે. એને માટેનો દિવસ ગવર્નરશ્રીએ નકકી કર્યો છે એ પ્રમાણે બજેટ બીજી તારીખે રજૂ થશે અને સભાગૃહને જયાં સુધી લાગે વળગે છે ત્યાં સુધી સભ્યશ્રીઓને ચર્ચા કરવા પૂરો અવકાશ મળશે."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૩, કોલમ–૨૨૬)**

**ઔચિત્યભંગ –**

**અખબારોમાં પ્રસિધ્ધિ –**

**૧૧. કોઈપણ અહેવાલ સભાગૃહમાં રજૂ થયા પહેલાં તેની વિગતોની અખબારોમાં થયેલી પ્રસિધ્ધિનો મુદ્દો ઉઠાવી શકાય નહીં.**

તા. ૧૮મી માર્ચ, ૧૯૮૫ના રોજ સભ્યશ્રી અશોક ભટ્ટે સમાજ કલ્યાણ મંત્રીશ્રી, રાણે પંચનો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકે તે પહેલાં, પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને અને ભૂતકાળમાં બેનલા પ્રસંગો પર અધ્યક્ષે આપેલા નિર્ણયોનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે તેની વિગતોની અખબારમાં અગાઉ થયેલી પ્રસિધ્ધિને કારણે તેની ગુપ્તતાની કાળજી લેવામાં આવી નથી. આ રીતે સભાગૃહનું અવમાન થવાના કારણે ઔચિત્ય ભંગનો સવાલ ઉપસ્થિત થાય છે. અને તેથી અધ્યક્ષશ્રીને નિર્ણય આપવા વિનંતી કરી.

માનનીય અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો :–

"માનનીય સભ્યશ્રી અશોક ભટ્ટે જે ઔચિત્યનો મુદ્દો ઉઠાવ્યો છે એ અંગે એટલું જ કહેવાનું એ અહેવાલ હજુ સભાગૃહમાં રજુ થયો નથી. સભાગૃહમાં અહેવાલ રજૂ થયા પછી અહેવાલમાંની હકીકતો અગાઉ અખબારમાં આવી ગયેલી છે તેવો મુદ્દો ઉપસ્થિત થઈ શકે. આ કિસ્સામાં અહેવાલમાં રજૂ થયો નહિ હોઈ વિચાર કરવાની કોઈ શકયતા નથી."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૧, કોલમ–૬૦).**

**ઔચિત્યભંગ–**

**અગત્યની જાહેરાત–**

***૧૨. સભાગૃહની બેઠક ચાલુ હોય ત્યારે સરકારે અગત્યની જાહેરાત પહેલાં પ્રેસમાં આપવાને બદલે સભાગૃહમાં કરવી જોઈએ.**

તા.૧૫મી ફેબ્રુઆરી, ૧૯૮૮ના રોજ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી ચીમનભાઈ પટેલે ઔચિત્યભંગનો મુદ્દો ઉપસ્થિત કરતાં જણાવ્યું હતું કે રફાળેશ્વર ઢોરવાડાના પ્રકરણની તપાસ કરનાર અધિકારીએ તે તપાસની વિગતો સભાગૃહમાં રજૂ થાય તે પહેલાં અખબારોને રૂબરૂ ઈન્ટરવ્યુમાં આપીને સભાગૃહના ઔચિત્યનો ભંગ કર્યો છે.

આ બાબતમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ કેટલીક જરૂરી સ્પષ્ટતાઓ કરી હતી. ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ સભાગૃહમાં જણાવ્યું હતું કે અખબારોમાં જે કાંઈ આવ્યું છે તેની વિગતો તેઓ માનનીય અધ્યક્ષશ્રીને મોકલી આપશે અને તે જોઈને આ બાબતમાં જે તે નિર્ણય કરવામાં આવે.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ તા. ૨–૩–૮૮ના પત્ર સાથે તા.૧૫–૨–૮૮ના ઈન્ડિયન એકસપ્રેસના અવતરણ કે જેમાં પ્રસ્તુત વિગતો પ્રસિધ્ધ થઈ હતી. તેની નકલ મોકલીને જણાવ્યું હતું કે પશુઓની સંખ્યા બાબતમાં રફાળેશ્વર ઢોરવાડાના પ્રકરણની તપાસ કરનાર અધિકારીએ તેમના કાર્યક્ષેત્રની બહાર જઈને સરકારનો કેસ પોતાના હાથમાં લઈને સરકારના બચાવમાં આંકડા આપીને ખોટી વિગતો પ્રેસને આપી છે અને હકીકતમાં સરકારે કે રાજકોટના કલેકટરે ઢોરોની કોઈ ગણત્રી કરી ન હતી તેમ છતાં તે અધિકારીએ ઈરાદાપૂર્વક ખોટા આંકડા આપ્યા છે તેવી છાપ પેદા થાય છે. તેમજ તે અધિકારીએ જાહેર ન કરવાની બાબત જાહેર કરી છે અને જે વિગતો સૌ પ્રથમ વિધાનસભામાં મળવી જોઈએ તે વિગતો વિધાનસભામાં આપવામાં આવી નથી અને તે વિગતો અખબારને આપવામાં આવી છે. તેમજ પરિએજ અંગે તેમણે જે અહેવાલ સરકાર સમક્ષ રજુ કર્યો છે તે અહેવાલ વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યો નથી તેમ છતાં તે અધિકારીને પરિએજ અંગેની બધી વિગતો પ્રેસ સમક્ષ જાહેર કરી છે અને એમ કરીને તે અધિકારીએ સભાગૃહમાં ઔચિત્યનો ભંગ કર્યો છે. વધુમાં તેમણે જણાવ્યું કે સરકારે નીમેલ તપાસ સમિતિના અધિકારીએ તપાસની પ્રસ્તુત વિગતો પ્રેસ સમક્ષ રજૂ કરી તેના બદલે સભાગૃહની બેઠક ચાલુ હોવાથી માનનીય મુખ્યમંત્રીશ્રીએ અથવા મહેસૂલ મંત્રીશ્રીએ પ્રસ્તુત વિગતો પ્રથમ ગૃહ સમક્ષ રજૂ કરી હોત તો સભાગૃહનું માન અને મોભો જળવાયો હોત.

આ બાબતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ શું કહેવું છે ? એવી પૃચ્છા માનનીય અધ્યક્ષશ્રીએ કરતાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ તેમના તા. ૫–૫–૮૮ના પત્રથી જણાવ્યું કે રફાળેશ્વર ઢોરવાડાની તપાસ કરનાર અધિકારીની માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સચિવ તરીકે નિમણૂંક થતાં તેમણે તેમની નવી જગ્યાનો હવાલો તા. ૪–૨–૮૮ના રોજ સંભાળી લીધો હતો અને તેઓ માહિતી વિભાગના સચિવ તરીકે તા. ૧૨–૨–૮૮ના રોજ વિધાનસભાના પ્રેસ રૂમમાં પત્રકારોની ઔપચારિક મુલાકાત માટે ગયા હતા અને ત્યાં પત્રકારો તરફથી રફાળેશ્વર ઢોરવાડા અંગે પ્રશ્નો પૂછવામાં આવતાં તેમણે આપેલ વિગતો તા. ૧૫–૨–૮૮ના રોજ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ થયેલી છે અને આમ તે અધિકારીએ સરકારનો બચાવ કરવાના ઈરાદાથી પ્રેસ સમક્ષ જઈને કોઈ નિવેદન આપ્યું નથી. વધુમાં તેમણે જણાવ્યું છે કે મોરબી ઢોરવાડાના ઢોરોની સંખ્યા બાબતે વર્તમાનપત્રોમાં નવેમ્બર, ૧૯૮૭થી વિવાદાસ્પદ

બાબતો એક યા બીજી રીતે અવારનવાર પ્રસિધ્ધ થતી રહી છે. જેમાં ઢોરોની સંખ્યાનો પણ ઉલ્લેખ થયેલો છે અને વિધાનસભાગૃહમાં તા. ૧૦–૨–૧૯૮૮ના રોજ રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૬૬૮૨ના જવાબમાં રફાળેશ્વર ઢોરવાડાના પશુઓની સંખ્યાની માહિતી આપવામાં આવી છે અને તે અધિકારીએ આપેલી વિગતો તો અગાઉ વર્તમાનપત્રોમાં તથા સભાગૃહમાં જાહેર થયેલ માહિતી ઉપરથી આપી છે અને તે માહિતીથી બધા વાકેફ હતા જ. વધુમાં તેમણે જણાવ્યું છે કે રાજકોટના કલેકટર દ્વારા ઢોરોની ગણતરી માટે આપવામાં આવેલી પધ્ધતિની મર્યાદા તપાસ અધિકારીએ જણાવી હતી અને તે પ્રમાણે થયેલ ઢોરોની ગણતરીની પધ્ધતિની ખામી અંગેનો ઉલ્લેખ પણ વર્તમાનપત્રોમાં થયેલો છે અને પરિએજ મુકામે ઢોરોની ગણતરી અંગે તપાસ અધિકારી દ્વારા તા. ૧૨–૧–૧૯૮૮ના રોજ બહાર પાડવામાં આવેલ પરિપત્ર પણ પ્રસિધ્ધ થયેલો છે. ઉપરાંત તા. ૧૫–૨–૮૮ના ઈન્ડિયન એકસપ્રેસમાં પ્રસિધ્ધ થયેલ અહેવાલમાં તે અધિકારીની માહિતી ઉપરાંત ગુજરાત રાજય રાહત સમિતિના નિયામકશ્રી તથા અન્ય વ્યકિતઓની મુલાકાતોનો પણ સમાવેશ થાય છે અને આમ ઉપરોકત હકીકતોથી એ સ્પષ્ટ થાય છે કે પ્રસ્તુત અધિકારીના નામે ઈન્ડિયન એકસપ્રેસના અંકમાં જે વિગતો પ્રસિધ્ધ થઈ છે તે વિગતો અગાઉ પણ જુદા જુદા વર્તમાનપત્રોમાં જુદા જુદા નામે પ્રસિધ્ધ થઈ ચૂકેલી છે અને સભાગૃહમાં પણ તે વિગતો અપાઈ ચૂકી છે.

પ્રસ્તુત બાબતે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરેલા ખુલાસાઓને ધ્યાનમાં લઈને માનનીય અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નીચે મુજબનો નિર્ણય આપ્યો.

**"સભાગૃહના ઔચિત્ય ભંગને લાગેવળગે છે ત્યાં સુધી પ્રસ્થાપિત થયેલી પ્રણાલી મુજબ વિધાનસભાનું સત્ર ચાલુ હોય અથવા એક બે દિવસમાં મળવાનું હોય ત્યારે સરકારની તમામ નીતિ વિષયક અને જાહેર અગત્યની બાબતોની સૌ પ્રથમ જાહેરાત સભાગૃહમાં જ થવી જોઈએ જેથી સભાગૃહ તેના પર પોતાના વિચારો રજૂ કરી શકે અને સરકારને યોગ્ય માર્ગદર્શન આપી શકે અને ફેરફારની તક પૂરી પાડી શકે કે વિરોધ પણ પ્રગટ કરી શકે અને તેમ થવાથી જરૂર જણાય તો સરકાર પોતાના નીતિ વિષયક નિર્ણયમાં પુનઃ વિચારણા કરી શકે.** આ માપદંડ નજર સમક્ષ રાખીને પ્રસ્તુત કિસ્સામાં જે કંઈ વિગતો પ્રસિધ્ધ થઈ છે તેમાં સરકારની કોઈ નીતિ વિષયક અગત્યની જાહેરાત છે કે કેમ અને તે સરકારે બહાર પાડી કે કેમ તે વિચારવું જરૂરી છે."

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી ચીમનભાઈ પટેલે ઉઠાવેલ મુદ્દાનો અને માનનીય મુખ્યમંત્રીશ્રીના ખુલાસાનો મેં કાળજીપૂર્વક અભ્યાસ કર્યો છે અને મને જણાય છે કે રફાળેશ્વર ઢોરવાડાના પશુઓની સંખ્યા અને કહેવાતી ગેરરીતિઓ બાબતમાં લગભગ ઓકટોબર, ૧૯૮૭માં અખબારોમાં અવારનવાર અંકડાઓ અને હકીકતો પ્રગટ થતી આવી છે. જો કે આંકડાઓ અને હકીકતોમાં થોડો ઘણો ફેરફાર હશે. આ બાબતમાં તા. ૧૦–૨–૧૯૮૮ના રોજ સભાગૃહમાં તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૬૬૮૨ પણ પૂછાઈ ગયો છે અને તેના પર પેટા પ્રશ્નો પણ પૂછાયા છે. ઉપરાંત રફાળેશ્વર ઢોરવાડામાં થયેલી કહેવાતી ગેરરીતિઓનો પ્રશ્ન લગભગ ઓકટોબર, ૧૯૮૭ થી બહુ ચર્ચિત બન્યો હતો અને તેને લગતી તપાસ કરવા માટે સરકાર દ્વારા એક અધિકારીની પણ નિમણૂંક કર્યા અંગેની જાહેરાત પણ થઈ ગઈ હતી તેની આ બાબતમાં સરકારની કોઈ નીતિ વિષયક કે સરકારના કોઈ અગત્યના નિર્ણયની જાહેરાત કરવાનો મુદ્દો સંકળાયેલ નથી, તેથી બીજી ગમે તે રીતે આ બાબત અયોગ્ય હોય તો પણ સભાગૃહના ઐચિત્યભંગના મુદ્દા સાથે બિલકુલ સંકળાયેલી લાગતી નથી, કારણ કે સરકારની કોઈપણ નીતિ વિષયક કે ખૂબ જ જાહેર અગત્યની બાબતમાં સૌ પ્રથમવાર સભાગૃહને જાણ કરવી પડે તેવી કોઈ બાબતની જાહેરાત સભાગૃહની બહાર સરકારે પોતે કરી નથી અથવા તો કોઈ અધિકારી દ્વારા કરાવવામાં આવી નથી. ઉપરાંત જે વિગતો પ્રસિધ્ધ થઈ છે તે સૌ પ્રથમવાર જ બહાર પડી હોય તેવું ન હોવાથી અને સભાગૃહમાં અગાઉ તારાંકિત પ્રશ્નના જવાબરૂપે તેમજ અન્ય રીતે માહિતી રજૂ થઈ હોવાથી સરકારના તે અધિકારીએ કોઈ નીતિ વિષયક જાહેરાત કે ખૂબ જ જાહેર અગત્યની બાબત અંગેની જાહેરાત પ્રેસ સમક્ષ કરી નથી, તેથી આ કિસ્સામાં સભાગૃહના ઔચિત્યનો ભંગ થયો હોય તેવું મને લાગતું નથી અને તેથી માનનીય વિરોધપક્ષના નેતાશ્રી ચીમનભાઈ પટેલનો ઐચિત્યભંગનો મુદ્દો હું સ્વીકારી શકતો નથી.

**(ગુ.વિ.સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક નં. ૭૫, કોલમ નં. ૨૭૯–૨૮૨)**

***(ઉક્ત નિર્ણયની સાથે સાથે અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોની ૧૯૬૦–૮૪ની પુસ્તિકાનાં પાના નં. ૨૯ ઉપરનો નિર્ણય ક્રમાંક ૩૩ પણ ધ્યાને લેવામાં આવે.)**

**ઔચિત્યભંગ–**

**અગાઉથી નોટિસ–**

**૧૩. ઔચિત્યભંગ કે વિશેષાધિકાર અંગે પહેલેથી નોટિસ આપવી જોઈશે.**

શુક્રવાર, તા. ૭મી માર્ચ, ૧૯૮૬ના રોજ વિ. સ. સ. શ્રી જયંતિલાલ ભ. કાલરીયાએ ઔચિત્યભંગનો મુદ્દો ઉપસ્થિત કરતાં જણાવ્યું કે કાલે જે અહીંયા ગૃહની અંદર માગણીઓ ઉપર ચર્ચા ચાલતી હતી ત્યારે માનનીય સભ્યશ્રી જશપાલસીંગ બોલવા ઉભા થયા અને બૂમબરાડા પાડીને એવી રીતે ઉગ્ર સ્વરૂપે બોલતા હતા એ સમય દરમિયાન એમનો ટાઈમ પૂરો થયો એટલે એમને બદલે બીજા માનનીય સભ્યશ્રીને બોલવા દીધા એટલે માનનીય સભ્યશ્રી જશપાલસીંગ ગૃહ છોડીને ચાલ્યા ગયા. આજે એક વર્તમાનપત્રમાં માનનીય જશપાલસીંગે એવું નિવેદન કર્યું કે માનનીય અધ્યક્ષશ્રીએ મને બોલવા દીધો નથી અને બોલતા રોકયો છે પરિણામે મેં સભાત્યાગ કર્યો છે તો માનનીય અધ્યક્ષશ્રી હું આપની પાસે એ મુદ્દા ઉપર ઔચિત્યભંગનો પ્રશ્ન ઉપસ્થિત કરવા માગું છું.

મુદ્દાના સમર્થનમાં તેમણે ગુ.વિ.સ.ના નયમોના નિયમ–૨૫૨ને ટાંકતા જણાવેલ કે માનનીય અધ્યક્ષશ્રી પોતાને તે બાબત તાકીદની છે એવી ખાતરી થાય તો પ્રશ્નોના નિકાલ પછી બેઠક દરમિયાન ગમે તે સમયે વિશેષાધિકારનો પ્રશ્ન ઉપસ્થિત કરવાની રજા આપી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીને ટકોર કરતાં જણાવ્યું કે આપ વિશેષાધિકાર ભંગ અને ઔચિત્યભંગના મુદ્દાને એકજ ગણો છો કે કેમ, ત્યારે સભયશ્રીએ નિયમ ૨૪૯ અને ૨૫૦ પ્રમાણે સૂચના આપવાની છે એમ જણાવેલ. અધ્યક્ષશ્રીએ પૂછયું હતું કે તમે સૂચના આપી છે? ત્યારે સભ્યશ્રીએ જણાવ્યું કે પ્રસ્તુત બાબત આજે સવારે જ છાપામાં વાંચી છે અને સભાગૃહનો સમય સવારનો હોઈ નોટિસ આપવાનો સમય મળ્યો નથી અને તેથી અત્યારે ગૃહમાં મુદ્દો ઉપસ્થિત કર્યો છે અને આપની રજા માગી છે.

માનનીય અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ જણાવ્યું કે આ અંગે લેખિત નોટિસ આપવી જોઈએ અને એ નોટિસ આપ્યા પછી એનો જે નિર્ણય લેવાનો હોય તે નિર્ણય થઈ શકે. આજેને આજે અહીંયા ગૃહમાં ઉભા થઈને ઉભો કરવાનો આ મૃદ્દો નથી.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક ૧૩, કોલમ નં. ૧૧૧૯–૧૧૨૪)**

**ઔચિત્યભંગ–**

**નીતિવિષયક જાહેરાત–**

**૧૪. વર્તમાન નીતિમાં ફેરફાર કરવાની બાબત પણ નીતિવિષયક ગણાય અને તે અંગેની જાહેરાત સૌ પ્રથમ સભાગૃહમાં કરવી જોઈએ :**

નિરાધાર, વિધવા, ત્યકતા અને છૂટાછેડાવાળી બહેનોને અર્થિક સહાય માટેની આવક મર્યાદા અને વય મયાર્દા વધારવા માટે સરકારે જે જી. આર. બહાર પાડયો હતો તેની પ્રસિધ્ધિ તા.૫–૬–૮૮ના દૈનિક પેપરોમાં કરવામાં આવી હતી. આ અંગે તા.૬–૭–૮૮ના રોજ સભ્યશ્રી દિનશા પટેલે ઔચિત્યભંગનો મુદ્દો ઉપસ્થિત કરતાં જણાવેલ કે જયારે હાઉસ ચાલુ છે ત્યારે નીતિ વિષયક બાબતની જાહેરાત હાઉસની બહાર કરવામાં આવી હોવાથી ઔચિત્યભંગ થયો છે, તેથી તેઓએ આ અંગે માનનીય અધયક્ષશ્રીને રૂલીંગ આપવા વિનંતી કરી હતી.

આ અંગે શ્રી દોલતભાઈ પરમાર (સમાજ કલ્યાણ મંત્રીશ્રી)એ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે જે જી. આર. બહાર પાડવામાં અવ્યો છે તે રાજય સરકારની નીતિ અને યોજના જે અમલમાં હતી તેના અનુસંધાને જ બહાર પાડવામાં આવેલ છે અને આ અંગેનો સુધારો પણ માન. સભ્યશ્રીઓની લાગણી અને માંગણીને ધ્યાનમાં રાખીને જ જી. આર. બહાર પાડવામાં આવેલ છે. આમાં રાજય સરકારે કોઈ નીતિમાં ફેરફાર કર્યો નથી. તેની જે મૂળ નીતિ છે તેને ધ્યાનમાં રાખીને જ આ જી. આર. બહાર પાડયો છે. તે જી. આર.માં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે આ યોજનામાં

વયમર્યાદા તથા આવક મર્યાદા અંગે ફેરફાર અંગેનો સુધારો કરેલ છે. આમ માનનીય સભાગૃહના ઔચિત્ય ભંગ કરવાનો તેમનો કોઈ ઈરાદો નહોતો અને હોઈ શકે નહીં.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી તથા માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ પ્રસ્તુત મુદ્દા અંગે પોતાનાં મંતવ્યો વ્યકત કર્યાં. છેવટે માનનીય અધયક્ષશ્રીએ પ્રસ્તુત મુદ્દા ઉપર નીચે મુજબનો નિર્ણય જાહેર કર્યો.

"ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગે નિરાધાર, વિધવા, ત્યકતા કે છૂટાછેડા લીધેલ મહિલાઓના પુન વર્સવાટ માટે આર્થિક સહાયની યોજના અંગે એક જી. આર. બહાર પાડીને તેમાં ઉંમરની જે મર્યાદા હતી તેમાં અને વાર્ષિક વ્યકિતગત આવકની મર્યાદા હતી તેમાં ફેરફાર કર્યો છે. આ ફેરફાર એમણે જી. આર. નં. ૧૦૮૮/૪૮૭૯(૮૭)–છ થી બહાર પાડીને કર્યો છે માનનીય દિનશાએ ઔચિત્યભંગનો મુદ્દો ઉપસ્થિત કરીને કહયું કે આ જે ફેરફાર સરકારે કર્યો છે તે ફેરફારની જાહેરાત એમણે ગૃહમાં આવીને કરવી જોઈતી હતી અને તે માટે તેઓ ગૃહમાં નથી આવ્યા તેથી ઔચિત્યભંગ થયો છે.

માનનીય મંત્રીશ્રીએ એમ કહયું કે આમાં સભ્યોની જે માંગણી હતી તે મુજબના ફેરફાર કર્યા છે. જો કે તેમણે એમ પણ કહયું કે સભાગૃહ સમક્ષ આવવામાં કોઈ ખચકાટ ન હોવો જોઈએ. તેમણે દિલગીરી પણ વ્યકત કરી અને એમણે પછી એમ પણ કહયું કે આ નીતિ વિષયક નિર્ણય નથી પણ અગાઉ જે નીતિ વિષયક નિર્ણય લીધેલો તેમાં ફેરફાર કર્યો છે તેથી ગૃહમાં આવવાની જરૂર દેખાતી નથી.

માનનીય ચીમનભાઈ, નલિનભાઈ વગેરેએ પોતાનાં મંતવ્યો વ્યકત કર્યા. એ કમનસીબી છે કે આ અઠવાડિયામાં ત્રીજી વખત ઔચિત્યભંગનો મુદ્દો ઉપસ્થિત થાય છે. એટલે આટલા ટૂંકા ગાળામાં વારંવાર ઔચિત્યભંગના મુદ્દા આવે અને મારે એ મુદ્દાઓને સ્વીકારવા પડે એ પરિસ્થિતિ કોઈ માટે સારી નથી અને તેમાં પણ ખાસ કરીને સરકારને માટે તો સારી નથી જ.

એમ કહેવામાં આવ્યું કે આ નીતિ વિષયક નિર્ણય હતો તેમાં ધારાસભ્યોની માગણીને કારણે ફેરફાર કરવામાં આવ્યા છે. માત્ર તેમાં ફેરફાર કર્યા હોવાથી અને નવો નીતિ વિષયક નિર્ણય ન હોવાથી ગૃહમાં આવવાની જરૂર ન હતી. આ બાબતમાં વધારે સ્પષ્ટતા થાય એટલા માટે સભ્યોનું ધ્યાન પ્રેકિટસ એન્ડ પ્રોસિજર ઓફ પાર્લામેન્ટ બાય કૌલ એન્ડ શકધરના પુસ્તકના પાના–૩૩૯ તરફ ધ્યાન દોરવા માંગું છું. એમાં એમ કહયું છે કે :–

"The Speaker has however observed that where statement is made outside the House, even clarifying the policy already enunciated, the Minister should also make a statement about that in the House at the earliest opportunity."

"If you look at the Government Resolution, it is a clarification of the old G.R. by issuing the new G.R. it has modified or improved upon its old G.R. giving benefit to more number of people, increasing the number of beneficiaries so that larger number of people can get benefit of Government help. When it is stated clearly that just a clarification is required to announce in the House, it equally applies to the modification and improvement. I would say, so far as improvement and modification are concerned, it is much stronger case for coming before the House. I am sorry that the Minister has not thought it fit to come before the House for such an important modification, which was made in the original policy for which the Government should have taken credit. But unfortunately, Government has not done so. Therefore, if you look at the observation made by Kaul and Shakdher, the present issue falls within the ambit of the observation made by Kaul and Shakdher in as much as it is not only a clarification, but the new Government Resolution amounts to modification of old Government Resolution and hence I accept the point of Breach of Propriety raised by Hon. Member Shri Dinsha Patel. Hon. Minister made certain statements that how are it possible for us to come everyday before the House because number of notifications are issued and all that. I think it is the duty cast on the Government not only to respect the House, but also to allow the Members of the House to know what is happening and what the government is doing.

"I think one of my predecessors has stated in clear terms that if you come to the House, Member get an opportunity not only to know what you are doing, but if you think so,

they can contribute in impressing upon what the Government is doing. They have a chance to participate in the thinking process of the Government. I think so far as this case is concerned, let the Government not come out with such statement as has been done by the Hon. Minister for Parliamentary Affairs that we have in Parliament 56 departments, we have so many Departments, we cannot come everyday. I would like to remind the Member in the House that issues of Breach of Propriety come very rarely before the House. It is not quite often. Unfortunately, only in this week three issues, one after another, have come before the House. In all the three cases, I have to decide against the Government. I am sure, Government will be more cautious in future and try to see, in view of this decision, to come before the House before it makes any new policy statement or any modification in the existing policy statement." **(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી--૨, પુસ્તક નં. ૩૭, પાન ૭૫-૮૧)**

**ઔચિત્યભંગ-**

**નીતિવિષયક જાહેરાત-**

**૧૫. વિધાનસભાની બેઠક ચાલતી હોય ત્યારે ચાલુ નીતિમાં ફેરફાર કરવાની કે નવી નીતિ ઘડવાનો પ્રશ્ન હોય ત્યારે એની જાહેરાત સભાગૃહ સમક્ષ થવી જોઈએ જો તેમ ન થાય તો ઔચિત્યભંગ થયો ગણાય.**

વિધાનસભાની બેઠક ચાલુ હોવા છતાં ગાંધીનગરમાં જમીનની ફાળવણી અંગેની જાહેરાત માનનીય મંત્રીશ્રીએ સભાગૃહમાં નહીં કરતાં સીધેસીધી અખબારોમાં કરી હોવાથી તેનાથી સભાગૃહના ઔચિત્યનો ભંગ થાય છે તેવો મુદ્દો તા. ૪થી જુલાઈ, ૧૯૮૮ના રોજ સભ્યશ્રી બાબુભાઈ વાસણવાળાએ ઉપસ્થિત કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ નીચે મુજબ નિર્ણય આપ્યો હતો :-

"ગાંધીનગરમાં જમીન ફાળવવા અંગે નકકી થયેલ નીતિની જાહેરાત આ સભાગૃહમાં નહીં કરીને, સરકારે ઔચિત્યભંગ કર્યો છે તેવો મુદ્દો શ્રી બાબુભાઈ વાસણવાળાએ ઉઠાવ્યો છે તેને શ્રી અશોક ભટ્ટ અને શ્રી દિનશા પટેલે ટેકો આપ્યો છે. આ અંગે બાંધકામ મંત્રીશ્રીએ એમ કહયું કે આ નવી નીતિ કે નવું નથી. આ જૂની નીતિને સાંકળી લઈને એક નીતિ તરીકે જાહેર કરવામાં આવેલ છે, તેથી આમાં ઔચિત્યભંગ થતો નથી. એમણે કહયું કે આની કોઈ અમે જાહેરાત કરી નથી પણ આનો જી. આર. બહાર પાડેલો. જી. આર. વાંચતાં બહુ સ્પષ્ટ છે કે સરકારની જે નીતિ હતી એ નીતિને જોઈએ એક નવી સર્વગ્રાહી નીતિ ઘડી છે. એ નીતિ અંગે વધુ પશ્ન પૂછતાં એમ જણાયું કે આ સર્વગ્રાહી નીતિ ઘડતાં પહેલાં અને તેના અંગેનો જી. આર. બહાર પાડતાં પહેલાં કેબિનેટ કક્ષાએ આની ચર્ચા થયા પછી આ પ્રકારનો જી. આર. બહાર પડવામાં આવેલ છે. માનનીય બાંધકામ મંત્રીશ્રીએ એમ કહયું કે અમે કોઈ જાહેરાત કરી નથી પણ જી. આર. બહાર પાડયો છે. મને એમ લાગે છે કે જાહેરાત કરી નથી અને જી. આર. બહાર પાડયો છે, એમ કહેવાથી પરિસ્થિતિમાં ફેર પડતો નથી કારણ કે જી. આર. પણ એક પ્રકારે જાહેરનામું છે, એ સરકારની જુદી જુદી નીતિઓ અંગેનું જાહેરનામું બહાર પાડે છે તેવું છે અને એ જાહેરનામાથી નવી નીતિનો અમલ થાય છે. આખરે એ વાત સ્પષ્ટ સમજી લેવી પડે છે કે સરકારે કોઈ નીતિ બદલી હોય તો આ ગૃહમાં તેની જાહેરાત થવી જોઈએ. આ અંગે વારંવાર ચર્ચા થઈ છે કે, જે નીતિ અંગે પ્રશ્નો પૂછાયા છે ત્યારે એ નીતિમાં કોઈ ફેરફાર કર્યા છે કે કેમ ત્યારે સરકાર માટે એ ઈચ્છનીય હતું કે નવી નીતિનો જી. આર. બહાર પાડે તે પહેલાં આ સભાગૃહને વિશ્વાસમાં લેવામાં આવે અને વિશ્વાસમાં લે જેથી આ સભાગૃહને આ બાબતમાં કોઈ સૂચનો કરવાં હોય તો તે કરી શકે, પરંતુ સરકારે એમ કર્યું નથી. આ ઘણું કમનસીબ છે. આના પહેલાંના રૂલીંગમાં કહયું છે અને ફરીથી કહેવું પડે છે કે વિધાનસભા ચાલતી હોય ત્યારે ચાલુ નીતિમાં ફેરફાર કરવાનો કે નવી નીતિ ઘડવાનો પ્રશ્ન હોય ત્યારે એની જાહેરાત પહેલાં આ સભાગૃહ સમક્ષ થવી જોઈએ. આ વાતનો સરકારે હંમેશાં ખ્યાલ રાખવો જોઈએ. આ દ્રષ્ટિએ આમાં પણ ઐચિત્યભંગ થયો છે એમ હું માનું છું."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી-૨, પુસ્તક નં. ૩૬, કોલમ-૫૧૫, ૫૧૬)**

**ઐચિત્યભંગ-**

**પરવાનગી-**

## ૧૬. ઔચિત્યભંગ અંગેનો મુદ્દો ઉઠાવતાં પહેલાં અધ્યક્ષશ્રીને તેની જાણ કરવી જોઈએ.

તા. ૨૨મી માર્ચ, ૧૯૯૦ના રોજ સભ્યશ્રી સી. ડી. પટેલે સૂત્રાપાડામાં થયેલા લઠ્ઠા પ્રકરણ બાબતમાં ઔચિત્યભંગનો મુદ્દો ઉપસ્થિત કરવાની પરવાનગી માગતાં મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો કે ઉક્ત બાબતે નિયમ–૧૧૬ની નોટિસ દાખલ થઈ ગયેલ છે તેમજ મુદ્દો ઉપસ્થિત કરવાની અગાઉથી પરવાનગી માગવામાં આવી નથી ત્યારે ગૃહમાં ઔચિત્યભંગનો મુદ્દો ઉપસ્થિત કરી શકાય નહીં.

મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલનો પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખ્યો અને માનનીય અધયક્ષશ્રીએ નીચે મુજબ નિર્ણય આપ્યો :–

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, આપ પણ પ્રણાલી જાણો છો કે ઔચિત્યભંગનો મુદ્દો ઉઠાવવો હોય તો પણ આપે મને મારી ચેમ્બરમાં લેખિત રીતે જાણ કરવી જોઈએ અને તે કર્યા સિવાય આ મુદ્દો ઉઠાવી શકાય નહીં.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, પુસ્તક નં. ૫૩, કોલમ–૨૮ થી ૩૦)**

**ઔચિત્યભંગ–**

**પંચના અહેવાલની પ્રસિધ્ધિ :–**

## ૧૭. રાણે પંચનો અહેવાલ ગૃહમાં રજૂ થાય તે પહેલાં અહેવાલમાં છપાયેલ પંચના અધ્યક્ષનો પત્ર અખબારમાં પ્રસિધ્ધ થવાથી સભાગૃહનું અવમાન થાય છે.

રાણે પંચ અહેવાલની પ્રસિધ્ધિ અંગે તા. ૨૧–૩–૮૫ના રોજ સભ્યશ્રી અશોક ભટ્ટે ઔચિત્યભંગનો મુદ્દો ઉપસ્થિત કરતાં જણાવ્યું હતું કે રાણે પંચનો અહેવાલ સરકારે ગૃહમાં રજૂ કરવાની જાહેરાત કરી હતી. એ રિપોર્ટમાં છપાયેલો જસ્ટિસશ્રી રાણેનો આખોય પત્ર તા. ૧૮–૩–૮૫ના રોજ લોકસત્તામાં છપાયેલો છે. જસ્ટિસશ્રી રાણેના રિપોર્ટનો આ પત્ર ગૃહમાં રજૂ થાય તે પહેલાં તેને અખબારમાં પ્રસિધ્ધિ મળી છે, જેથી આ સભાગૃહનું અવમાન થયું છે અને સરકારે ઔચિત્યભંગ કર્યો છે.

સંસદીય બાબતોના મંત્રીશ્રી નવિનભાઈ શાસ્ત્રીએ જવાબમાં જણાવ્યું કે આ રિપોર્ટ ગૃહની કાર્યવાહીનો ભાગ નથી અને તેથી રિપોર્ટ ગૃહમાં રજૂ કરતાં પહેલાં તેમાં સમાવિષ્ટ પત્રને અખબારમાં પ્રસિધ્ધિ મળે તેથી ઔચિત્યભંગ થતો નથી. તેમણે એમ પણ જણાવ્યું કે આ પંચની રચના સરકારે વહીવટી હુકમો દ્વારા કરી છે. આ મુદ્દા ઉપર ગૃહમાં વિગતવાર ચર્ચા થઈ. અધ્યક્ષશ્રીએ તેમનો નિર્ણય મુલતવી રાખ્યો.

ઉપર્યુકત મુદ્દા અંગે તા. ૨૬–૭–૮૫ના રોજ માનનીય અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નીચે મુજબ નિર્ણય જાહેર કર્યો.

"તા. ૨૧–૩–૮૫ના રોજ સભ્યશ્રી અશોક ભટ્ટે ઔચિત્યભંગનો મુદ્દો ઉપસ્થિત કરતાં જણાવ્યું કે રાણે પંચનો અહેવાલ સરકારે ગૃહમાં રજૂ કરવાની જાહેરાત કરી હતી એ રિપોર્ટમાં છપાયેલા જસ્ટિસ રાણેનો આખોય પત્ર તા. ૧૮–૩–૮૫ના રોજ લોકસત્તામાં છપાયેલો છે. તેમણે એમ પણ જણાવ્યું છે કે જસ્ટિસ રાણેના આ પત્રવાળો રિપોર્ટ ગૃહમાં રજૂ થાય તે પહેલાં અખબારમાં પ્રસિધ્ધિ મળી છે જેથી આ સભાગૃહનું અવમાન થયું છે અને તેથી સરકારે ઔચિત્યભંગ કર્યો છે.

સંસદીય બાબતોના મંત્રીશ્રી શાસ્ત્રીએ જવાબમાં જણાવ્યું કે આ રિપોર્ટ ગૃહની કાર્યવાહીનો ભાગ નથી અને તેથી ગૃહમાં રજૂ કરતાં પહેલાં અખબારમાં પ્રસિધ્ધિ મળે તેથી ઔચિત્યભંગ થતો નથી. તેમણે એમ પણ જણાવ્યું કે આ પંચની રચના સરકારે વહીવટી હુકમો દ્વારા કરી છે.

આ મુદ્દા પર ગૃહમાં લંબાણે ચર્ચા થઈ. મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકી સહિત બીજા સભ્યશ્રીઓએ તેમાં ભાગ લીધો હતો.

આ મુદ્દા પરનો નિર્ણય હું કરું તે પહેલાં આ અંગે ભૂતકાળમાં જે ચર્ચા થઈ છે તે જોવી જરૂરી છે. તા.૨૧–૮–૮૦ના રોજ સભ્યશ્રી બુધાજીએ એક સંકલ્પ રજૂ કરેલો. આ સંકલ્પ પરની ચર્ચાનો જવાબ આપતાં મંત્રીશ્રીએ જણાવેલ કે "બક્ષી કમિશનમાં આવરી લેવાયેલ વર્ગોના લોકોને હજુ ફરિયાદો રજૂ કરવાની તક મળે એ માટે

રાજય સરકારે એક કમિશન નિમવાનું નકકી કર્યું છે." મંત્રીશ્રીના જવાબ પછી મંત્રીશ્રીએ આપેલ ખાતરીથી મને સંતોષ થયો છે તેમ જણાવી સભ્યશ્રીએ પોતાનો સંકલ્પ પાછો ખેંચી લેવાની સભાગૃહની પરવાનગી માગી હતી અને સંકલ્પ પાછો ખેંચાયો હતો. ત્યારબાદ સભ્યશ્રી રણછોડભાઈ સોલંકીએ આ જ મુદ્દા પર બીજો પ્રસ્તાવ છઠ્ઠી ગુજરાત વિધાનસભાના બીજા અધિવેશનમાં રજૂ કરેલો અને મંત્રીશ્રીની ખાતરી પર આધાર રાખીને પાછો ખેંચેલો.

આ બન્ને સંકલ્પોની ચર્ચામાં અપાયેલી ખાતરીઓનો અમલ કરવા તા.૩–૪–૮૧ના રોજ તે વખતના મંત્રીશ્રી વાણવીએ નિયમ–૪૪ અન્વયે સભાગૃહમાં નિવેદન કરી રાણે પંચની રચનાની જાહેરાત કરી હતી. આ પંચના જસ્ટિસશ્રી રાણે (અધ્યક્ષ) તેમજ બીજા સભ્યોનાં નામ પણ જાહેર કરવામાં આવેલા. પંચનું કાર્યક્ષેત્ર શું હશે તેની પણ જાહેરાત આ નિવેદનમાં કરવામાં આવેલી. આમ શ્રી રાણે પંચની જાહેરાત તેમજ પંચના કાર્યક્ષેત્રની જાહેરાત ગૃહમાં કરવામાં આવેલી હોઈને પંચનો અહેવાલ ગૃહની કાર્યવાહીનો ભાગ બનતો નથી તેવી સંસદીય મંત્રીશ્રી શાસ્ત્રીની દલીલ હું સ્વીકારી શકતો નથી. સભાગૃહમાં બે વખત મંત્રીશ્રી ખાતરી આપે અને પંચની રચના તેમજ તેના કાર્યક્ષેત્રની જાહેરાત ગૃહમાં કરે એટલે તે ગૃહની કર્યવાહીનો ભાગ બને જ છે તેમ હું સ્પષ્ટપણે માનું છું.

ચર્ચામાં ભાગ લેતા મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકીએ એવી રજૂઆત કરી હતી કે જસ્ટિસ શ્રી રાણેનો પત્ર અહેવાલનો ભાગ ગણાય નહિ અને તેથી તેની પ્રસિધ્ધિ થાય તો પણ ઔચિત્યભંગ થયો છે તેમ ગણાય નહિ.

જસ્ટિસ શ્રી રાણેએ પંચનો અહેવાલ રજૂ કરતી વખતે જ તેમનો પત્ર પણ અહેવાલની સાથે જ પ્રસિધ્ધ થાય તેવો આગ્રહ રાખેલો. આ પત્ર "અહેવાલ રજૂ કરીએ છીએ." તેવો સામાન્ય પત્ર નથી તેમ મને પત્ર વાંચતા લાગ્યું છે. પત્રમાં પંચની ભલામણો ટૂંકાવીને મૂકવામાં આવી છે. એટલું જ નહિ પરંતુ શ્રી રાણે પંચના અધ્યક્ષશ્રીએ ભલામણો અંગેના પોતાના વિચારો પણ રજૂ કર્યા છે. આમ આ પત્ર મહત્વનો છે અને એટલે જ જસ્ટિસ શ્રી રાણેએ પત્રની પ્રસિધ્ધિ અહેવાલ સાથે થાય તેનો આગ્રહ રાખેલો. સરકારે તેમની આ વાત સ્વીકારીને પત્રને અહેવાલમાં છાપ્યો છે. પત્રની અગત્યતા જોતાં તેમજ સરકારે તેને અહેવાલ સાથે જ પ્રસિધ્ધ કર્યો છે તેથી તે અહેવાલનો જ ભાગ બને છે. પત્ર અહેવાલનો ભાગ નથી અને જુદો છે તેવી મુખ્યમંત્રીશ્રી સોલંકીની રજૂઆત હું સ્વીકારી શકતો નથી.

આમ આ અહેવાલ ગૃહની કાર્યવાહીનો ભાગ છે અને પંચના અધ્યક્ષશ્રીનો પત્ર પણ અહેવાલનો ભાગ છે તેમ હું માનું છું.

આવા અહેવાલના એક ભાગરૂપ પંચના અધ્યક્ષશ્રીના આખાયે પત્રને અખબારમાં પ્રસિધ્ધિ મળવાને કારણે ઔચિત્યભંગ થયો છે તેવા નિર્ણય પર હુ આવું છે."

અહેવાલ રજૂ કરવાના દિવસે જ પત્રને અખબારમાં પ્રસિધ્ધિ મળે તેમાં ખાતાની બેકાળજી દેખાય છે. હું આશા રાખું છું કે ભવિષ્યમાં આવું ન બને તેવી સરકાર કાળજી રાખશે.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી—૨, પુસ્તક નં. ૮, કોલમ–૫૩૩–૫૩૫)**

**ઔચિત્યભંગ–**

**મુખ્યમંત્રીશ્રીની જાહેરાત–**

**૧૮. સત્તાધારી પક્ષની બેઠકમાં મંત્રીશ્રીએ કરેલી જાહેરાતને ઔચિત્યભંગનો મુદ્દો ગણી શકાય નહીં.**

તા. ૩જી માર્ચ, ૧૯૯૨ના રોજ મળેલી કોંગ્રેસ પક્ષની બેઠકમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ રાજયના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાંથી સ્થાનિક સ્વરાજયની સસ્થાઓ, સહકારી સંસ્થાઓ કે સામાજિક સંસ્થાઓ તરફથી માગણી આવ્યેથી એક હજાર પશુઓની મર્યાદામાં ઢોરવાડા ખોલવાની મંજૂરી આપવામાં આવશે તેવી જાહેરાત કરી હતી.

ઉકત જાહેરાના સંબંધમાં તા. ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૨ના રોજ સભ્યશ્રી અશોક ભટ્ટે સભાગૃહમાં ઔચિત્યભંગનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો અને તેમણે રજૂઆત કરી હતી કે સભાગૃહની બેઠક ચાલુ હોય ત્યારે મંત્રીશ્રીઓએ આવા નિવેદનો સભાગૃહ સમક્ષ કરવા જોઈએ.

ઉકત મુદ્દા સંબંધમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે રાજયપાલશ્રીના પ્રવચન પરની ચર્ચાનો જવાબ આપતાં, દુષ્કાળની પરિસ્થિતિ તીવ્ર બનશે ત્યારે જરૂરીયાત પ્રમાણે ઢોરવાડા શરૂ કરવાની વાત પણ

જાહેર કરવામાં આવી હતી તેથી આ મુદ્દા સંબંધમાં ગૃહની જાણ બહાર સભાગૃહની બહાર નિવેદન કરવામાં આવ્યું હોવાનો મુદ્દો ઉપસ્થિત થતો નથી.

ઉકત મુદ્દા સંબંધમાં તા. ૧૦મી માર્ચ, ૧૯૯૨ના રોજ માનનીય અધ્યક્ષશ્રીએ નીચે મુજબ નિર્ણય આપ્યો :–

માનનીય સભ્યશ્રી અશોક ભટ્ટે તેમના મૃદા સંબંધમાં કરેલી રજૂઆત, માનનીય મુખ્યમંત્રીશ્રીની સ્પષ્ટતા અને અન્ય સભ્યશ્રીઓની રજૂઆતો હું ઝીણવટપૂર્વક જોઈ ગયો છું. શ્રી અશોક ભટ્ટે તેમના મુદ્દા સંબંધમાં એવું કયાંય જણાવ્યું નથી કે મંત્રીશ્રીઓએ નીતિ વિષયક નિર્ણયની જોહેરાત પ્રસિધ્ધિ અર્થે કરી હતી. અલબત્ત તેમણે જણાવ્યું છે કે કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોની મળેલી બેઠકમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને મહેસૂલ મંત્રીશ્રી ઉપસ્થિત રહયા હતા અને તેમણે આ જાહેરાત કરી હતી.

પક્ષ પધ્ધતિથી ચાલતી સંસદીય લોકશાહીમાં રાજકીય પક્ષો તેમની બેઠકોમાં મુકત રીતે ચર્ચા વિચારણા કરે અને સત્તાધારી પક્ષ હોય તો મંત્રીશ્રીઓ તેમાં ભાગ લે અને જાહેરાતો કરે, સરકારની નીતિની જાહેરાતો કરે, તેને પક્ષની કાર્યવાહીનો ભાગ ગણાય છે. પક્ષ પધ્ધતિથી ચાલતી શાસન વ્યવસ્થાની આ એક અંગભૂત આવશ્યકતા છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને મહેસૂલ મંત્રીશ્રીએ પ્રસિધ્ધિ અર્થે જાહેરાત કરી નથી પરંતુ તેમના પક્ષને ટેકો આપતા પક્ષના સભ્યોની બેઠકમાં ચર્ચા વિચારણા દરમિયાન જાહેરાત કરી છે. તા. ૬ઠ્ઠીના ગુજરાત સમાચાર દૈનિક પત્રમાં પ્રસિધ્ધ થયેલ સમાચારમાં પણ સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોની મળેલી બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી છે. બીજી બાબત એ છે કે નીતિ વિષયક નિર્ણય માત્રની જાહેરાત કરવાથી ઔચિત્યભંગ થતો નથી પરંતુ એ નિર્ણય કોઈ નવીજ નીતિના ભાગ રૂપે હોઈ ખાસ વિશેષ પ્રકારે મહત્વનો હોવો જરૂરી ગણાયો છે અને આવા મહત્વના નિર્ણયની જાહેરાત સભાગૃહની બેઠક ચાલુ હોય ત્યારે સભાગૃહની બહાર કરવામાં આવે તો જ ઔચિત્યનો ભંગ થતો હોવાનું માનવામાં આવે છે. પ્રસ્તુત કિસ્સામાં નામદાર રાજયપાલશ્રીના સંબોધનમાં પણ ઢોરવાડા સંબંધે સહાય આપવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મને મુખ્યમંત્રીશ્રીએ આપેલ મહેસૂલ વિભાગનો ઠરાવ પણ હું જોઈ ગયો છું. ગુજરાત રિલીફ મેન્યુઅલ હેઠળ બહાર પાડવામાં આવેલ આ ઠરાવમાં પણ કોઈ નવી અને મહત્વની નીતિની જાહેરાત કરવામાં આવી હોય એવું પણ મને લાગતું નથી. હકીકતે તારીખ જથી માર્ચના રોજ બહાર પાડવામાં આવેલ ઠરાવની વાત જ માનનીય મુખ્યમંત્રીશ્રીએ તેમની સરકારને ટેકો આપતા પક્ષના સભ્યોની બેઠકમાં કરી છે અને મેં આગળ જણાવ્યું તે પ્રમાણે રાજકીય પક્ષની બેઠકમાં મંત્રીશ્રીઓએ કરેલી જાહેરાતને ઔચિત્યભંગનો મૃદ્દો ગણવામાં આવતો નથી અને તેથી આ તમામ બાબતો લક્ષમાં લેતાં હું માનનીય સભ્યશ્રી અશોક ભટ્ટનો ઔચિત્યભંગનો મુદ્દો સ્વીકારી શકતો નથી.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, પુસ્તક–૭૪, કોલમ ૫૯૬ – ૫૯૯)**

**ઔચિત્યભંગ–**

**વિધાનસભાનું મકાન–**

**પ્રદર્શન –**

**૧૯. વિધાનસભાના મકાન કે તેના કોઈપણ ભાગનો પ્રદર્શનના સાધન તરીકે ઉપયોગ કરવામાં આવે તે વાજબી નથી.**

તા. ૧૩–૩–૮૬ના રોજ સભ્યશ્રી અશોક ભટ્ટે ઔચિત્યભંગનો મુદ્દો ઉપસ્થિત કરતાં જણાવ્યું કે આ વિધાનસભા ગૃહના પ્રવેશ ધ્વાર ઉપર રાજય સરકારના કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા એક પ્રચાર પડદો બાંધેલો છે અને પડદા ઉપર "રાષ્ટ્રીય કુટુંબ કલ્યાણ ઝુંબેશ, ગરવી ગુજરાત મારી, જય જય ગરવી ગુજરાત, લક્ષ્યાંક : નસબંધી એક લાખ અને આંકડી એક લાખ"એ પ્રકારનું લખાણ છે. બરાબર પ્રવેશ ધ્વાર ઉપર આ પડદો મૂકયો છે. આ ભવન માટે હાઉસ ઓફ કોમન્સમાં કૌલ અને શકધર, ચેપ્ટર–૭ પાના નં. ૮૬, ૧૯૪૮ની એડિશનમાં લખાણ નીચે મુજબ છે.

"The all important conventional and ceremonial head of Lok Sabha is the Speaker within the walls of the House. His authority is Supreme."

હવે આ જે વિધાનસભા ગૃહ છે એના પટાંગણમાં અને જે આખું મકાન છે એના અધિપતિ આપ છો. આપની પરવાનગી વિના આ પ્રકારની સરકારી જાહેર ખબરના પડદા લગાવવાનું શરૂ થાય તો કેવી પરિસ્થિતિ પેદા થાય એ આપ જાણો છો. રાજયની અંદર જુદા જુદા ખાતાઓ પોતપોતાના પ્રચાર પડદા અહીં લગાવવાનું શરૂ કરે તો જાણે અજાણ્યે અ સરકારી મકાન છે એવો ભાસ ઉત્પન્ન થાય. તેમણે વધુમાં જણાવ્યું કે આ જગ્યા ઉપર પડદો લગાવવા માટે પહેલાં અધ્યક્ષશ્રીની પરવાનગી લેવી જોઈતી હતી. આવી કોઈ પરવાનગી સરકારે લીધી નથી અને પડદો સીધો જ લાવીને લગાવી દીધો છે, તેથી સરકારે આ ભવનના ઔચિત્ય અને તેની નિષ્પક્ષતા ઉપર ઘા નાખવાનો પ્રયત્ન જાણે અજાણ્યે કર્યો છે અને આ તો સરકારે આજે કુટુંબ કલ્યાણનો પડદો લગાવ્યો પછી કાલે સરકારની ૨૦ મુદ્દાની જાહેરખબર આવશે અને પછી મંખ્યમંત્રીશ્રીના ફોટાવાળી જાહેર ખબરો આવતી થઈ જાય તો આ કયાં જઈ અટકશે ? એટલા માટે હું આપનો સ્પષ્ટ આદેશ માગું છું અને જે કોઈ વિભાગે આ પડદો લગાવ્યો છે તેણે ઔચિત્યભંગ કર્યો છે એવું મારું સ્પષ્ટ માનવું છે.

ત્યારબાદ સભ્યશ્રી જયંતિલાલ કાલરીયાએ વિધાનસભાના નિયમોના નિયમ–૨૫૦ અને ૨૫૧ની જોગવાઈઓનો ઉલ્લેખ કરી જણાવ્યું કે ઉપસ્થિત કરવામાં આવેલા મુદ્દાથી સભાગૃહનું અવમાન થતું નથી.

ત્યારબાદ રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી નલિનભાઈ પટેલ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી ચીમનભાઈ પટેલ અને સભ્યશ્રી ખોડીદાન ઝુલાએ પણ પોતાના વિચારો વ્યકત કર્યા. છેવટે માનનીય અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નિર્ણય આપતાં જણાવ્યું કે માનનીય અશોકભાઈએ જે મુદ્દો ઉઠાવ્યો, ઔચિત્યભંગનો, એમાં માનનીય કાલરીયાએ જવાબ આપ્યો અને માનનીય કાલરીયાએ ભૂતકાળમાં પણ આવા એક મુદ્દા ઉપર જે દલીલ કરી હતી એ જ આજે પણ કરી કે આ વિશેષાધિકારના મુદ્દા અંગેનો નિયમ–૨૫૧ છે તે મુજબની કાર્યવાહી માનનીય સભ્યશ્રી અશોકભાઈએ કરી નથી તેથી તેમને આવો મુદ્દો ઉઠાવવા દેવાય નહિ. નિયમ ૨૫૧ એ વિશેષાધિકારના મુદ્દા અંગેનો છે અને એમાં જે કંઈ કાર્યવાહી બતાવવામાં આવી છે તે વિશેષાધિકારનો મુદ્દો ઉઠાવવામાં આવે ત્યારે જ લાગુ થઈ શકે તે સિવાય નહીં.

અત્યારે ચર્ચામાં જે મુદ્દો છે એ તો ઔચિત્યભંગનો મુદ્દો છે. માનનીય અશોકભાઈએ એમ કહયું કે વિધાનસભા ગૃહના દરવાજા ઉપર પડદો લગાવેલો છે એ પડદો લગાડવાનું વાજબી છે કે કેમ એટલો મુદ્દો માનનીય અશોકભાઈએ ઉભો કર્યો છે. બીજા પણ મુદ્દા છે એમાં છેલ્લો મુદ્દોએ ઉપસ્થિત થયો કે અધ્યક્ષશ્રીની સત્તા મર્યાદામાં આ પ્રશ્ન આવે છે કે કેમ? મને લાગે છે કે નિયમ–૨૮૨ને આપણે બરાબર વાંચીએ તો અધ્યક્ષશ્રીની સત્તાની મર્યાદા છે તે આખા મકાનને લાગુ પડે છે. એમાં એસ્ટેટ અને **Presincts** બેની વચ્ચેનો ભેદ સમજવો જોઈએ. **Presincts** એમાં એસેમ્બલીની અંદર નિયમની વ્યવસ્થા, સલામતીની વ્યવસ્થા, એ સંભાળવાની જવાબદારી અધ્યક્ષશ્રીની રહે છે. બહારનો વિસ્તાર, એ સિવાયનો વિસ્તાર જેની સલામતીની વ્યવસ્થા જાળવવાની જવાબદારી જયારે વિધાનસભા ચાલતી હોય ત્યારે અધ્યક્ષ સંભાળતા નથી એટલા જ ખાતર એમ કહેવું કે આ એસ્ટેટની જવાબદારી એમના કાર્યક્ષેત્રમાં નથી તે વાજબી નથી. હકીકતમાં નિયમ–૨૮૨માં પરિસ્થિતિ બહુ સ્પષ્ટ છે કે

The admission to the precincts of the House and its estates during the sitting of the House or otherwise shall be regulated in accordance with the regulations or order made by the Speaker. એટલે વિધાનસભાના અધ્યક્ષની જે સત્તા મર્યાદા છે એ વિધાનસભાના આખાયે મકાનને લાગુ પડે છે. આ જે પડદો લટકાવવાની વાત છે એ મકાનના ભાગ ઉપર લટકાવવામાં આવ્યો છે એ વાત સાચી કે જે ઉદ્દેશથી પડદો લગાવવામાં આવ્યો છે એ ઉદ્દેશ ઘણો ઉમદા છે પણ ઉદ્દેશ ગમે તેટલો ઉમદા હોય તો પણ વિધાનસભાના મકાન કે તેના કોઈપણ ભાગનો પ્રદર્શનના સાધન તરીકે ઉપયોગ કરવામાં આવે તે કોઈપણ સંજોગોમાં વાજબી નથી.

આ પ્રસંગે એમ લાગે છે કે આ જે કરવામાં આવ્યું છે તે વાજબી થયું નથી એમ હું માનું છું અને જેમણે આ કર્યુ એમને હું તાત્કાલિક પડદો ખસેડી લેવાની સૂચના આપું છું.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક નં. ૧૪, કોલમ ૯૩૬ થી ૯૪૪)**

**ચર્ચા–**

**અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરી–**

**૨૦. સભાગૃહમાં પ્રશ્નોત્તરી બાદ કોઈપણ મુદ્દો ઉભો કરતાં પહેલાં તે અંગે અધ્યક્ષની પૂર્વ મંજૂરી મેળવેલી હોવી જોઈએ.**

તારીખ ૨જી એપ્રિલ, ૧૯૮૫ના રોજ "અમદાવાદની સિવિલ હોસ્પિટલના જુનિયર તબીબોની હડતાલ અંગેની નિયમ–૧૧૬ અન્વયે તાકીદની જાહેર અગત્યની બાબત ઉપરની પૂરક પ્રશ્નોત્તરી દરમિયાન સભ્યશ્રી બાબુભાઈ વાસણવાળાએ દિલ્હીની સંસદમાં મૃગેશ પ્રકરણમાં મુખ્યમંત્રીશ્રીનો ઉલ્લેખ અંગેનો મુદ્દો ઉપસ્થિત કરવા પ્રયત્ન કર્યો ત્યારે માન. અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નીચે પ્રમાણે અવલોકન કર્યું :–

"આપણે ત્યાં સામાન્ય નિયમ છે કે જે કોઈ મુદ્દો સભાગૃહની અંદર ઉભો કરવો હોય એના પહેલાં મને વાત કરવી જોઈએ અને મારી સાથે વાત કર્યા પછી આપ અહીંયા હું હા પાડું તો મુવ કરી શકો મને તો આપે વાત જ નથી કરી."

સ્વીકારાયેલી પ્રણાલી મુજબ સભ્યશ્રીને તેમનો મુદ્દો સભાગૃહમાં રજૂ કરવા દેવામાં આવ્યો નહીં.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક નં. ૨, કોલમ ૬૬૭–૬૬૮)**

**ચર્ચા–**

**અસંસદીય શબ્દો અને શબ્દ પ્રયોગો–**

**૨૧. કોઈપણ ધારાસભ્ય માટે 'હીરો' શબ્દ અજુગતો છે.**

તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના રોજ રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચા દરમિયાન સભ્યશ્રી હરિપ્રસાદ શુકલે એક તબકકે એમ જણાવ્યું કે, " યે સરકાર જવાલામુખી પર બૈઠી હૈ, સરકાર કી સ્થિતિ બહુત ગંભીર હૈ, કોમી રમખાણો ઔર ઝગડા હો રહા હૈ," એવી વાત જે માનનીય સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં કરી છે એ માત્ર એક હીરો બનવાના કારણ માટે જ છે એવું એમના પ્રવચનમાંથી પ્રતિપાદિત થાય છે.

આ તબકકે સભ્યશ્રી અશોક ભટ્ટે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે હીરો બનવા માટે પ્રવચન કરી રહયા છે એ કહેવું કેટલું વાજબી છે, ત્યારે માન. અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ જણાવ્યું કે 'હીરો' શબ્દ કોઈપણ ધારાસભ્યશ્રીને માટે અજુગતો લાગે તેથી તેવો શબ્દ વાપરવો એ કોઈના માટે શોભાસ્પદ નથી.

આ તબકકે સભ્યશ્રી શુકલે એ શબ્દ પાછો ખેંચી લીધો હતો.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક નં. ૯, કોલમ–૭૭૩ – ૭૭૪)**

**ચર્ચા–**

**અસંસદીય શબ્દો અને શબ્દ પ્રયોગો–**

**૨૨. "ચૂંટાયેલા સભ્યના ઓઠા નીચે લોકો આતંક કરે છે." એવા શબ્દો વાપરી શકાય નહિ.**

તા. ૨૬મી જુલાઈ, ૧૯૮૫ના રોજ સન ૧૯૮૫ના ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબતના વિધેયક પરની ચર્ચા વખતે સભ્યશ્રી ભોળાભાઈ પટેલે તેમના પ્રવચનમાં "આ સભાગૃહમાં બેઠેલા સભાસદોના ઓઠા નીચે આવા લોકો આતંક કરતા હોય છે અને એમની સામે કંઈ કરવામાં આવતું નથી." એવા શબ્દો વાપર્યા ત્યારે સભ્યશ્રી જયંતિભાઈ ભ. કાલરિયાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને જાણવા માગ્યું કે "આ સભાગૃહના ઓઠા નીચે આવી પ્રવૃત્તિ ચાલે છે." એવી વાત સભ્યશ્રી કરી શકે કે કેમ ?

માનનીય ઉપાધ્યક્ષશ્રી (કરસનદાસ સોનેરી)એ નિર્ણય આપ્યો કે આ સભાગૃહમાં કોઈપણ માનનીય સભ્યશ્રી ચૂંટાયેલા હોય અને એમના ઓઠા નીચે કોઈપણ પ્રવૃત્તિ ચાલે છે એમ કહેવું એ આ સભાગૃહના સભ્યોનું અપમાન ગણાય. એવા શબદો વાપરી ન શકાય તેથી માનનીય સભ્યશ્રી તે શબ્દો પાછા ખેંચી લે. ત્યારબાદ સભ્યશ્રી ભોળાભાઈ પટેલ એ શબ્દો પાછા ખેંચી લીધા.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૮, કોલમ–૫૫૪)**

ચર્ચા–

**અસંસદીય શબ્દો અને શબ્દ પ્રયોગો–**

**૨૩. "દાદાઓ"એ શબ્દ અસંસદીય નથી**

તા. ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૦ના રોજ આતંકવાદ હેઠળ પકડવામાં આવેલ વ્યકિતઓને જેલમાંથી મુકત કરવા, બાબતના સભ્યશ્રી બાબુભાઈ વાસણવાળાએ તેમના ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક–૮૬૦ની પ્રશ્નોત્તરી દરમિયાન જણાવ્યું કે દારૂડીયાઓ અને દાણચોરોને આ સરકાર છોડી મૂકવા માંગે છે ? "દાદાઓ"ને પણ છોડી મૂકવા માગે છે? ત્યારે સભ્યશ્રી દિનકરભાઈ દેસાઈ અને શ્રી જશપાલસિંગે "દાદાઓ" શબ્દ અંગે વાંધો ઉઠાવતાં જણાવ્યું કે એ શબ્દ અસંસદીય છે અને પાછો ખેંચાવો જોઈએ, ત્યારે અધ્યક્ષશ્રી (બરજોરજી પારડીવાલા)એ નીચે મુજબ નિર્ણય આપ્યો :–

"ઈટ ઈઝ પાર્લામેન્ટરી, જે કોન્ટેકસ્ટમાં તે વપરાયો છે તે જોતાં એટલા માટે તે અન–પાર્લામેન્ટરી નથી."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ શ્રેણી–૨, પુસ્તક–૫૧, પા. ૨૩૬)**

ચર્ચા–

**અસંસદીય શબ્દો અને પ્રયોગો–**

**૨૪. "નાદાન અને નાપાક પ્રયત્ન"એ શબ્દ પ્રયોગ ઉચિત નથી**

તા. ૨૬મી માર્ચ, ૧૯૮૫ના રોજ પૂરક માગણીઓ પરની ચર્ચા દરમિયાન સભ્યશ્રી દિગંતકુમાર દિ. ઓઝાએ વિરોધપક્ષના સભ્યશ્રીઓને યાજ્ઞવકલ્ય સાથે સરખાવીને કહયું કે તેઓ પોતાના વહીવટ સિવાય બીજું બધું મિથ્યા છે એવો એક ભાસ ઉભો કરવાનો "નાદાન અને નાપાક પ્રયત્ન" કરી રહયા છે.

સભ્યશ્રીની રજૂઆત તરફ વિરોધપક્ષના નેતા શ્રી ચીમનભાઈ પટેલે અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું ત્યારે સભાપતિ (શ્રી શાંતિલાલ પી. પટેલ)એ નિર્ણય આપ્યો કે માનનીય ઓઝા જે શબ્દો બોલ્યા છો એ બન્ને શબ્દો પાછા એંચી લો.

તદ્દનુસાર સભ્યે પોતાના શબ્દો પાછા ખેંચ્યા.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ શ્રેણી–૨, પુસ્તક–૨, કોલમ–૭૭)**

ચર્ચા–

**અસંસદીય શબ્દો અને શબ્દ પ્રયોગો–**

**૨૫. "પત્તર ફાડી નાખી છે." એ શબ્દ પ્રયોગ ઉચિત નથી**

તા. ૨૧મી માર્ચ, ૧૯૮૬ના રોજ રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચા દરમ્યાન સભ્યશ્રી બાબુભાઈ વાસણવાળાએ મધ્યાહન ભોજન યોજના અંગે સરકારે કરેલી નાણાકીય જોગવાઈ માટે "પત્તર ફાડી નાખી છે." એવો શબ્દ પ્રયોગ કર્યો ત્યારે સભાપતિએ અવલોકન કર્યું કે આ સભાગૃહમાં પત્તર ફાડી નાખી એ શબ્દનો અર્થ જે સંજોગોમાં વપરાયો છે, એને હું સમજયો છું એ રીતે શબ્દો વાપરવા બરાબર નથી એ શબ્દો પ્રથમ આપ પાછા ખેંચી લેશો.

સભ્યે શબ્દો પાછા ખેંચી લીધા.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૧, કોલમ–૩૪૦–૩૪૧.)**

ચર્ચા–

**અસંસદીય શબ્દો અને શબ્દ પ્રયોગો––**

**૨૬. "પ્યાદુ" શબ્દ પ્રયોગ અસંસદીય છે**

તા.૧૭મી જાન્યુઆરી, ૧૯૮૬ના રોજ ગુજરાત માલ હેરફેર વેરા (સુધારા) વિધેયક, ૧૯૮૬ની ચર્ચામાં ભાગ લેતાં સભ્યશ્રી અશોક ભટ્ટે જણાવ્યું કે મુખ્યમંત્રીશ્રી જે રીતે આવ્યા છે, એ બીજાની ચેસ છે, બીજાની ગોઠવેલી શતરંજ છે. એ બીજાની ગોઠવાયેલી ચેસ ઉપર બાજી રમવા આવ્યા છે. આજે મુશ્કેલી પડે છે કે એમણે પોતે બાજી ગોઠવી નથી. જયાં વજીર હતા ત્યાં વજીર છે જે ખાતામાં જે મંત્રી હતા એ બધા જ ગોઠવાયેલા છે અને રમવા બેઠા છે. હવે એકપણ "પ્યાદુ" ખસેડતી વખતે એમને મુશ્કેલી પડે છે.

ત્યારે મંત્રીશ્રી અમરસિંહ વાઘેલા એ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો કે આ "પ્યાદુ" શબ્દ અસંસદીય હોઈ સભ્યશ્રી તે શબ્દ વાપરી શકે નહીં ત્યારે માન અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નિર્ણય આપ્યો કે "પ્યાદુ" શબ્દ અસંસદીય છે. ત્યારબાદ સભ્યશ્રી અશોક ભટ્ટે તે શબ્દ પાછો ખેંચ્યો હતો.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૯, કોલમ–૩૮૨)**

**ચર્ચા–**

**અસંસદીય શબ્દો અને શબ્દ પ્રયોગો–**

**૨૭. પ્રવચનમાં સુરૂચિને અનુકૂળ ન હોય એવા શબ્દો વાપરી શકાય નહીં.**

તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૮૬ના રોજ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા ઉપર બોલતાં સભ્યશ્રી કરમશીભાઈ મકવાણાએ ન્યાય અને અદાલતો તરફ ગૃહનું ધ્યાન દોરતાં જણાવ્યું હતું કે રાજય સરકારે લોક અદાલતનો કાયદો કરીને, તેનો અમલ કરીને, કેટલાક ગામડાના ગરીબ લોકોને અદાલતોના ત્રાસમાંથી મુકત કરાવ્યા છે.

સભ્યશ્રી જયંતિલાલ કાલરિયાએ સભ્યશ્રી કરમશીભાઈ મકવાણાના ઉકત વિધાન સામે વિરોધ વ્યકત કરતાં જણાવ્યું કે અદાલતોના ત્રાસમાંથી મુકત કરાવ્યા છે તેવું બોલવું તે ન્યાયતંત્રનું અપમાન કહેવાય. શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઈએ.

સભાપતિશ્રીએ આ અંગે નીચે પ્રમાણે નિર્ણય આપ્યો.–

"માનનીય કરમશીભાઈ આ શબ્દો સુરૂચિને અનુકૂળ નથી એટલે એવા શબ્દો પાછા ખેંચી લો."

ત્યારબાદ સભ્યશ્રીએ અરુચિકર શબ્દો પાછા ખેંચ્યા.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પેસ્તક–૨, કોલમ ૫૯૯–૬૦૦)**

**ચર્ચા–**

**અસંસદીય શબ્દો અને શબ્દ પ્રયોગો–**

**૨૮. બીજા સભ્યોની લાગણી દુભાય તેવા ઉદ્દેશવાળી કહેવતનો ઉપયોગ સભાગૃહમાં થઈ શકે નહીં.**

તા. ૨૦મી માર્ચ, ૧૯૮૫ના રોજ રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવની ચર્ચા શરૂ કરતાં શ્રી મનુભાઈ પરમારે તેમના પ્રવચનમાં "કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી" એ કહેવતનો ઉપયોગ કર્યો. આ તબકકે સભ્યશ્રી મનુભાઈ કોટડીયાએ એ શબ્દો અસંસદીય હોવાથી પાછા ખેંચાવવા માન. અધ્યક્ષને વિનંતી કરી, જયારે રાજયકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી હસમુખ પટેલે જણાવ્યું કે કોઈએ બંધ બેસતી પાઘડી પહેરવાની જરૂર નથી. ત્યારે અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો :–

"માનનીય હસમુખભાઈ આપે જે વાત કરી એ તો ત્યારે અમલમાં આવે કે જયારે કોને ઉદ્દેશીને કહેવામાં આવ્યું છે તે સ્પષ્ટ ન હોય પરંતુ અહીં તો ઉદ્દેશ બિલકુલ સ્પષ્ટ છે અને કોને નજર સમક્ષ રાખીને કહેવામાં આવ્યું છે એ પણ સ્પષ્ટ છે એટલે તે પાઘડી પહેરવાનો સવાલ નથી. જે સભ્યશ્રીઓને અનુલક્ષીને કહેવામાં આવ્યું છે એ સભ્યશ્રીઓની લાગણી દુભાય એ બિલકુલ સ્વાભાવિક છે. કહેવત હોય તો પણ એ એવી છે કે એનો ઉપયોગ આ સભાગૃહમાં ન થઈ શકે એટલે માનનીય મનુભાઈ શબ્દો પાછા ખેંચી લો"

તદ્નુસાર સભ્યશ્રીએ શબ્દો પાછા ખેંચ્યા.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૧, કોલમ ૧૬૨–૧૬૪)**

**ચર્ચા–**

**અસંસદીય શબ્દો અને શબ્દ પ્રયોગો–**

**૨૯. "ભૂવો ધૂણે છે"એ શબ્દપ્રયોગ અસંસદીય છે.**

તા. ૧૫મી જુલાઈ, ૧૯૮૫ના રોજ કૃષિ અને ગ્રામ વિકાસ વિભાગની અનુદાન માટેની માગણીઓ પરની ચર્ચામાં વિ. સ. સ. શ્રી અશોક ભટ્ટ સહિત ઘણા બધા સભ્યશ્રીઓએ ભાગ લીધા પછી કૃષિ મંત્રીશ્રી મહંત

વિજયદાસજીએ ચર્ચાનો જવાબ આપતાં જણાવ્યું કે આપણા માનનીય સભ્યશ્રી અશોકભાઈને કોઈ ઈસ્યુ મળે ત્યારે અહીં બૂમાબૂમ કરે છે. આ વખતે સભ્યશ્રી મનુભાઈ કોટડિયાએ માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું કે કોઈ સભ્યશ્રી અહીં રજૂઆત કરે તેને બૂમાબૂમ કરે છે. એમ કહેવું બરાબર કહેવાય કે કેમ, ત્યારે કૃષિ મંત્રીશ્રી મહંત વિજયદાસજીએ માનનીય અધ્યક્ષશ્રીને જણાવ્યું કે, રજૂઆત કરવી એ જુદી વાત છે અને ગામડામાં જેમ ભૂવો ધૂણતો જોઈને વાત કરવી એ જુદી વાત છે. આ વખતે "ભૂવો ધૂણતો જોઈને"એ શબ્દ પ્રયોગ સામે સભ્યશ્રી શાંતિલાલ પટેલે વાંધો લેતાં માન. અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો :–

"મંત્રીશ્રી આપે ઉત્સાહમાં આવીને એકવાર તો ભૂલ કરી પણ એના કરતાં બીજી વધારે મોટી ભૂલ કરી છે એટલે એ બન્ને શબ્દો પાછા ખેંચી લો."

તદ્દનુસાર કૃષિ મંત્રીશ્રીએ તેમના શબ્દો પાછા ખેંચી લીધા.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૬, કોલમ–૧૮૧)**

**ચર્ચા–**

**કેન્દ્ર સરકારની બાબત**

**૩૦. કેન્દ્ર સરકારને લગતી બાબતની ચર્ચા સભાગૃહમાં થઈ શકે નહિ.**

તા. ૧૨–૩–૮૬ના રોજ નાણા મંત્રીશ્રીની માગણીઓ ઉપરની ચર્ચામાં ભાગ લેતાં સભ્યશ્રી પોપટભાઈ સોરઠીયાએ જણાવ્યું કે વેપારી બેન્કો ગામડામાં જવા માટે હિચકિચાટ અનુભવે છે. કેન્દ્ર સરકાર અને રાજય સરકારનો અભિગમ બેન્કોને ગામડામાં લઈ જવાનો છે. અને ખેડૂતો, ખેત મજૂરો સુધી પહોંચાડવાનો અભિગમ છે એની જે નેમ હતી તે પાર પડતી નથી.

આ તબકકે માનનીય અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ જણાવ્યું કે બેન્કના વ્યવહાર અંગેની કોઈ ચર્ચા સભાગૃહમાં થઈ શકે નહીં. એ સેન્ટ્રલ ગવર્નમેન્ટની દેખેરખ હેઠળ હોવાથી આપણાથી એની ચર્ચા થઈ શકે નહીં.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૧૪, કોલમ – ૮૫૧–૮૫૨)**

**ચર્ચા–**

**ગેરહાજર વ્યકિત–**

**૩૧. સભ્ય ગેરહાજર હોય તો પણ તેમણે કરેલા પ્રવચનનો જવાબ આપી શકાય.**

તા. ૨૦મી માર્ચ, ૧૯૮૫ના રોજ રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચા દરમિયાન સભ્યશ્રી જયંતિલાલ કાલરિયાએ પોતાના વકતવ્યમાં કહયું કે આ દેશની અંદર કેટલાક પરિબળો અરાજકતાનો સૂર ફેલાવવા માગે છે, એ અરાજકતાનો સૂર માનનીય સભ્યશ્રી અશોકભાઈમાં દેખાય છે. સભ્યશ્રી સુરેશચંદ્ર રુ. મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો કે માનનીય અશોકભાઈ હાજર નથી ત્યારે તેમના વિષે બોલી શકાય અને અરાજકતાનો સૂર એમ કહી શકાય કે કેમ ? ત્યારે માનનીય અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો :–

"જે સભ્ય પ્રવચન કરે એ સભ્યની હાજર રહેવાની ફરજ છે એ સભ્ય મારી રજા લઈને ગયા છે પણ તેમણે જે પ્રવચન કર્યું છે એ પ્રવચનનો જવાબ તેઓ ગેરહાજર છે માટે ન આપી શકાય–તેવું ન ચાલી શકે. અરાજકતાનો સૂર બોલી શકાય."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૧, કોલમ – ૨૩૫–૨૩૬)**

**ચર્ચા–**

**ગેરહાજર વ્યકિત–**

***૩૨. સભ્યશ્રીની ગેરહાજરીમાં તેમની વ્યકિતગત ટીકા થઈ શકે નહિ.**

તા. ૨૦મી માર્ચ, ૧૯૮૫ના રોજ રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચા દરમિયાન સભ્યશ્રી અમરશીભાઈ રા. પટેલે પોતાના વકતવ્યમાં જણાવ્યું કે શિહોર મત વિસ્તારના ચૂંટણી પ્રચાર દરમિયાન સન ૧૯૭૭ની કટોકટી વખતે મીસા હેઠળ પકડાયેલ બે સાથીદારો વિરોધપક્ષના નેતા સાથે ચાલતા હતા તેવો ઉલ્લેખ કર્યો ત્યારે અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો :–

"પક્ષની ટીકા થઈ શકે પણ કોઈની વ્યકિતગત ટીકા થઈ શકે નહિ અને ખાસ કરીને આ સભાગૃહમાં જે હાજર નથી એની ટીકા થઈ શકે નહિ માટે આપના આ શબ્દો આપ પાછા ખેંચી લો એમાં કોઈ દાખલો નહિ ચાલે."

તદ્નુસાર સભ્યશ્રીએ શબ્દો પાછા ખેંચી લીધા.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૧, કોલમ–૨૭૫–૨૭૬)**

***(ઉક્ત નિર્ણયની સાથે સાથે અધ્યક્ષના અગત્યના નિર્ણયોની ૧૯૬૦–૮૪ની પુસ્તિકાનાં પાના નં. ૧૧૭ ઉપરના નિર્ણય ક્રમાંક ૧૮૨ પણ ધ્યાને લેવામાં આવે)**

**ચર્ચા–**

**પત્રકારોને આપવાનું સાહિત્ય–**

**૩૩. ખાનગી કામ માટે સભ્યોની સહી લેવા અંગે.**

તા. ૨૮મી જૂન, ૧૯૮૫ના રોજ ગેલેરી પાસે જઈને પત્રકારોને સાહિત્ય વહેંચતા પક્ષના મંત્રીની થયેલી ધરપકડ અંગે સભ્યશ્રી અશોક ભટ્ટે માન. અધ્યક્ષનું માર્ગદર્શન માગ્યું અને સભ્ય શ્રી પ્રકાશચંદ્ર બહ્મભટ્ટે પણ રજૂઆત કરી કે કોંગ્રેસના આગેવાન શ્રી અર્જુનસિંહ રાઠવાએ વિધાનસભાનું સાહિત્ય મેળવતી વખતે સભ્યો જેવી રીતે સહી કરે છે તેવી રીતે અનામતની તરફેણમાં સભ્યોની સહી ગઈ કાલે વિતરણ કેન્દ્ર પરથી મેળવી છે ત્યારે માનનીય અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો :–

"પત્રકારોને આપવાનું સાહિત્ય પત્રકાર રૂમમાં જ અપાય ગેલેરી પાસે જઈને પત્રિકાઓને વહેંચાય નહિ. તેમજ સભાગૃહના વિતરણ કેન્દ્ર પર ખાનગી કામકાજ માટે ધારાસભ્યોની સહી કરાવી શકાય નહીં."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૩, કોલમ–૫૩૫–૫૩૮)**

**ચર્ચા–**

**પ્રવચન–**

**૩૪. કોઈપણ રીતે સભાગૃહનું અવમાન થાય એવા શબ્દો અનુમાનના આધારે વાપરવા શોભાસ્પદ નથી.**

તા. ૧૧મી જુલાઈ, ૧૯૮૮ના રોજ સભાગૃહમાં ગૃહ વિભાગની ચર્ચા દરમિયાન સભ્યશ્રી બાબુભાઈ વાસણવાળાએ નીચે મુજબના શબ્દો વાપર્યા હતા.

"અને પોલીસ સ્ટેશન ઉપર પણ જે હપતા લેવાય અને તે પણ કયાં સુધી જાય છે એ ભગવાન જાણે પરંતુ" તેમ કહી આક્ષેપાત્મક શબ્દો વાપર્યા હતા. માન. અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ તા.૧૪મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ સભાગૃહમાં જાહેરાત કરી વિધાનસભાના નિયમોના નિયમ ૩૬(૧)ની જોગવાઈ મુજબ તેવા આક્ષેપાત્મક શબ્દો રેકર્ડ પરથી દૂર કરવાનું ઠરાવ્યું અને નીચે પ્રમાણે અવલોકન પણ કર્યું.

"શબ્દો દૂર કરવાનું તો ટેકનિકલ છે પરંતુ એટલી વિનંતી છે કે અતિ ઉત્સાહમાં કોઈપણ રીતે આ સભાગૃહનું અવમાન થઈ જાય એ શબ્દો વાપરવા એ કોઈને માટે પણ શોભાસ્પદ નથી. જયારે આ સભાગૃહ ઉપર સભ્યશ્રી આક્ષેપ કરે ત્યારે તેની પાસે સ્પષ્ટ માહિતી હોવી જોઈએ. એટલું જ નહિ પરંતુ એવી માહિતી હોવી જોઈએ કે અમુક ચોકકસ સભ્ય જવાબદાર છે કે જેથી સભ્યશ્રી એનો ખુલાસો તો કરી શકે અથવા તો આક્ષેપ કરનારે તેમાં ખુલાસાનો જવાબ આપવો પડે અથવા જે કાંઈ પગલાં લેવાતાં હોય તે લેવાવાની પણ તૈયારી હોવી જોઈએ. જો અનુમાન આધારિત ખોટો આક્ષેપ કરે તો એ આપણા માટે ખતરનાક છે. કોઈ એકને માટે ખતરનાક છે એવું નથી પરંતુ બધાને માટે ખતરનાક છે એટલે મહેરબાની કરીને આવા શબ્દો ન વાપરવા જોઈએ."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૪૨, કોલમ–૬૦૯–૬૧૦)**

**ચર્ચા–**

**મંત્રીશ્રીનો અધિકાર–**

***૩૫. મંત્રીશ્રીને સભાગૃહમાં નિવેદન વાંચવાનો અધિકાર છે.**

તા. ૨૨મી માર્ચ, ૧૯૮૫ના રોજ રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો સિંચાઈ મંત્રીશ્રી મગનભાઈ ભૂ. સોલંકી જવાબ આપતા હતા ત્યારે સભ્યશ્રી અશોક ભટ્ટે અધ્યક્ષનું ધ્યાન દોરીને જણાવ્યું હતું કે મંત્રીશ્રી સિનિયર હોવા છતાં આખું પ્રવચન વાંચે છે. આ તબકકે અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નિર્ણય આપ્યો કે,–

"મંત્રીને નિવેદન વાંચવાનો અધિકાર છે તે આપ ભૂલી ગયા લાગો છો."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ શ્રેણી–૨, પુસ્તક–૧, કોલમ–૫૯૫.)**

*** (ઉકત નિર્ણયની સાથે સાથે અધ્યક્ષના અગત્યના નિર્ણયોની ૧૯૬૦–૮૪ની પુસ્તિકાના પાના નં. ૧૪૩ ઉપરના નિર્ણય ક્રમાંક ૨૨૯ પણ ધ્યાને લેવામાં આવે.)**

**ચર્ચા–**

**મંત્રીશ્રીની ગેરહાજરી–**

**૩૬. માગણીઓ ઉપરની ચર્ચા દરમિયાન સંબંધિત મંત્રીશ્રીએ સભાગૃહમાં હાજર રહેવું જોઈએ.**

તા. ૨૧મી માર્ચ, ૨૦૦૨ના રોજ શિક્ષણ મંત્રીશ્રી તથા નાગરિક પુરવઠા મંત્રીશ્રીએ રજૂ કરેલ માગણીઓની ચર્ચામાં ભાગ લેવા સભ્યશ્રી ગુણવંતભાઈ મકવાણા ઉભા થયા ત્યારે નાગરિક પુરવઠા મંત્રીશ્રીની સભાગૃહમાં અનુપસ્થિતિ જણાઈ આવતાં સભ્યશ્રી નરહરી અમીને માગણીઓની ચર્ચા દરમિયાન સંબંધિત મંત્રીશ્રીની સભાગૃહમાં ગેરહાજરી બાબતે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મૃદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું ત્યારે ઉકત બાબતે અન્ય વકતાઓને સાંભળ્યા બાદ અધ્યક્ષ સ્થાનેથી માનનીય સભાપતિશ્રીએ નીચે મુજબ નિર્ણય આપ્યો.

"માનનીય નરહરીભાઈની વાત સાચી છે. જયારે જે જે વિભાગની માગણીઓ હોય ત્યારે તેના મંત્રીશ્રીઓએ ચોકકસપણે હાઉસમાં હાજર રહેવું જોઈએ પરંતુ તેઓ બે મિનિટ માટે બહાર ગયા છે, તેમના સિનિયર મિનિસ્ટર ને કહીને ગયા છે અને દરેક મંત્રીશ્રીઓને ખાસ સૂચના છે કે જયારે તેમના વિભાગની કે તેમને લગતી માગણી હોય ત્યારે ખાસ હાજર રહે એવી હું સૂચના આપું છું.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ ભાગ–૧, પુસ્તક–૮૭, પા.નં. ૪૩૭–૪૩૮)**

**ચર્ચા–**

**વર્તમાનપત્રો–**

**૩૭. કોઈપણ સભ્ય પોલિટિકલ મૂડી ઉભી કરવા માટે અથવા વર્તમાનપત્રોને ખ્યાલમાં રાખીને બોલે છે એમ કહેવું વાજબી નથી.**

તા. ૩૦મી જાન્યુઆરી, ૧૯૮૬ના રોજ ગુજરાત બંધ કાપડ મિલો (ટેક્ષટાઈલ અન્ડર ટેકિંગ)(રાષ્ટ્રીયકરણ) વિધેયક ઉપરની ચર્ચા દરમિયાન સભ્યશ્રી સુરેન્દ્ર રાજપૂતે સભ્યશ્રીઓ વર્તમાનપત્રોને ખ્યાલ રાખીને વાત કરે છે એવા શબ્દો ઉચ્ચાર્યા હતા ત્યારે સભ્યશ્રી અશોક ભટ્ટે આવા ઉચ્ચારણ સામે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યા હતો અને સભાગૃહમાં આવું કહી શકાય ખરું ? તેવો પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો. આ અંગે સભ્યશ્રી સુરેન્દ્ર રાજપૂતે ખુલાસો આપતાં જણાવ્યું હતું કે મારો કહેવાનો સંદર્ભ એટલોજ હતો કે લોકોની અંદર માત્ર અવિશ્વાસ ઉભો થાય અને પોલિટિકલ મૂડી ઉભી થાય એવી વાતો કરવામાં આવે છે, આ અંગે પહેલાં પણ ઘણીવાર ચર્ચાઓ થઈ ગઈ છે.

અધ્યક્ષ સ્થાને બેઠેલા ઉપાધ્યક્ષ (શ્રી કરશનદાસ સોનેરી)એ નીચે પ્રમાણે અવલોકન કર્યું

"માનનીય રાજપૂત, આમાં કોઈ પોલિટિકલ મૂડી ઉભી કરવાનો સવાલ નથી. સમાચાર પત્રો સામે રાખીને વાત કરવામાં આવે છે એમ કહેવું એ વાજબી નથી. જે કોઈ માન. સભ્યશ્રી આ સભાગૃહમાં બોલે છે અથવા તો રજૂઆત કરે છે એ સૌ કોઈના હિતની વાત હોય છે. આપ તો બહુ સારૂં બોલ્યા છો, અને આપના પ્રવચનની માન. મુખ્યમંત્રીશ્રી

ઉપર ઘણી મોટી અસર પડી છે તેમ જણાય છે, આપે વર્તમાનપત્રોને ખ્યાલમાં રાખીને વાત કરવામાં આવે છે અને પોલિટિકલ મૂડી ઉભી કરવાની વાત છે એવા જે વિધાનો કર્યા છે તે પાછાં ખેંચી લો."

ત્યારબાદ સભ્યશ્રીએ આ શબ્દો પાછા ખેંચી લીધા.

**(ગુ. વિ. સ. ચર્ચા, શ્રેણી–૨, પુસ્તક–૧૦, કોલમ–૧૨૦૬)**

**ચર્ચા–**

**શાંતિ અને સહકારની અપીલ–**

**૩૮. શાંતિ અને સહકારની અપીલ અંગેના પ્રસ્તાવને અંતે મૌન પાળી શકાય નહીં.**

તા. ૨૪મી જૂન, ૧૯૮૫ના રોજ ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદ શહેરમાં બનેલા હિંસા અને અશાંતિના બનાવોમાં તથા ગોળીબારમાં સહન કરનારા કુટુંબીજનોને રાહત પહોંચે, દુઃખમાં ભાગીદાર થવાય અને શાંતિની સ્થાપના સાથે રાબેતા મુજબનો જીવનવ્યવહાર સ્થાપવાના પ્રયાસોમાં પ્રજાજનો પાસેથી સહકાર અને સહયોગ મેળવવાનો પ્રસ્તાવ ચર્ચાને અંતે મત પર અધ્યક્ષે મૂકયો ત્યારે વિરોધપક્ષના અગ્રણીઓએ શોકાંજલિ રૂપે બે મિનિટ મૌન પાળવાનું સૂચન કર્યું ત્યારે માનનીય અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો :–

"આમાં જે ચર્ચા મારી હાજરીમાં થઈ છે એ સિવાય બીજી થઈ હોય તો મને ખબર નથી પણ મારી હાજરીમાં શોકાંજલિ કે શોક પ્રસ્તાવની કોઈ વાત થઈ નથી. આ પ્રસ્તાવ મૂકવો અને બંને પક્ષના નેતાઓએ ટેકો આપવો એટલી વાત છે અને એ પ્રસ્તાવ આવ્યો છે અને સૌએ લાગણી વ્યકત કરી છે. પ્રસ્તાવ છે એ શોકપ્રસ્તાવ નથી આમાં અને એમાં ફેર છે. શોક પ્રસ્તાવ હોય તો મૌન આવે એ જુદી વાત છે, પણ આ તો લાગણી વ્યકત કરી છે.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૩, કોલમ–૪૫)**

**ચર્ચા–**

**સામાન્ય ચર્ચામાં દરમિયાનગીરી–**

**૩૯. અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના પ્રથમ દિવસે મંત્રીશ્રીએ ચર્ચામાં દરમિયાનગીરી કરવી જોઈએ નહીં.**

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના રોજ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના પ્રથમ દિવસે માનનીય ઉદ્યોગમંત્રીશ્રી શશીકાંત લાખાણીએ કરેલી દરમિયાનગીરી અંગે તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના રોજ સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજાએ ગૃહમાં પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી મંત્રીશ્રીની આવી દરમિયાનગીરી બાબતે માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. સભ્યશ્રી પ્રવિણસિંહજી જાડેજાએ સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજાએ ઉઠાવેલ પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાને સમર્થન આપ્યું. સભ્યશ્રી શકિતસિંહજી ગોહિલે પોતાનાં મંતવ્યો વ્યકત કરતાં જણાવ્યું કે મંત્રીમંડળના કોઈ સભ્ય પહેલા દિવસે ચર્ચામાં ઈન્ટરવીન થાય તેથી કોઈ પ્રણાલિકાનો ભંગ થતો નથી.

ઉકત પોઈન્ટ ઓફ ઓર્ડરની બાબતે માનનીય અધ્યક્ષશ્રીએ નીચે મુજબનો નિર્ણય આપ્યો :–

"માનનીય મનોહરસિંહજીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો તે મુદ્દાને મુદ્દા તરીકે હું સ્વીકારું છું. માનનીય મંત્રીમંડળના સભ્યો પણ આ ગૃહના મૂળભૂત રીતે તો સભ્યો છે જ મને લાગે છે કે એમાં માનનીય મનોહરસિંહજીને પણ કોઈ વિવાદ નથી. એટલે કોઈપણ ચર્ચામાં જયારે પણ તક મળે અને અધ્યક્ષશ્રી પરવાનગી આપે ત્યારે કોઈપણ મંત્રીશ્રી કોઈપણ વાત ઉપર બીજા સભ્યો જેટલો જ અધિકાર ધરાવે છે એમાં કોઈ વિવાદને સ્થાન નથી પરંતુ અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા કે આભાર પ્રસ્તાવ ઉપરની સામાન્ય ચર્ચા વખતે ખાસ કરીને આ બે પ્રસંગોએ જયારે વકતવ્ય ચાલતું હોય ત્યારે સભાગૃહના સત્તાધારી પક્ષની સંખ્યા, વિરોધપક્ષની પણ સંખ્યા, અપક્ષોની પણ સંખ્યા અને એકત્રિત રીતે ગૃહના સંખ્યાબળને ધ્યાનમાં રાખીને સમયની ફાળવણી કરવાની પણ અધ્યક્ષ ઉપર એક જવાબદારી હોય છે. એ સંજોગોમાં બધી બાબતોનો વિચાર કરતાં આ સભાગૃહના માનનીય મંત્રીશ્રીઓ કોઈપણ વિષય ઉપર ઈન્ટરવીન થઈને કંઈ કહેવા માગતા હોય ત્યારે થોડીક પરિસ્થિતિ જુદી રીતે વિચાર માગી લે તેવી બનતી હોય છે કારણ કે એક સભ્ય તરીકે અંદાજપત્રને આવકાર આપવો તે જુદી વાત છે. એક સભ્ય તરીકે આભાર પ્રસ્તાવને સમર્થન કરવું તે જુદી વાત છે પણ એક સભ્યશ્રી મંત્રીશ્રીની હેસિયતથી ઉભા થઈને પોતાના વિભાગની કોઈપણ નવી વાત અથવા તો અંદાજપત્રમાં

રજૂ થયેલી વાત ઉપરની કોઈપણ વિગતો ઉપર વિતરણ કરીને દરમિયાનગીરી કરવાનો પ્રયત્ન કરતા હોય ત્યારે મને લાગે છે કે માનનીય મનોહરસિંહજીની વાત મારે સ્વીકારવી પડશે. એટલા માટે કે જયારે પણ થોડાક સભ્યો પણ પોતાના મંતવ્યો અંદાજપત્ર ઉપર કે આભાર પ્રસ્તાવ ઉપરની ચર્ચા વખતે રાજયપાલશ્રીએ સરકાર વતી જે કંઈ નીતિ વિષયક બાબતોનો ઉલ્લેખ કર્યો હોય તેને સર્વગ્રાહી રીતે કોઈપણ ચર્ચામાં લેતી વખતે થોડીક વ્યાપક ચર્ચા થાય અને ત્યાર પછી ઈન્ટરવીન કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો તે પ્રણાલિકા તરીકે વધારે સારું રહેશે. તે નિયમ નથી બની જતો. કયારેક અપવાદરૂપ પરિસ્થિતિ પણ બની જતી હોય છે, મેં જોયું છે કે ગયા વર્ષે પણ એક માનનીય મંત્રીશ્રી, હું ભૂલતો ન હોઉ તો માનનીય શશીકાન્તભાઈ, એ વખતના ઉદ્યોગ મંત્રીશ્રીએ પણ દરમિયાનગીરી કરી હતી અને ઈન્ટરવીન થયા હતા પણ તે દિવસની ચર્ચાનો તે બીજો દિવસ હતો એટલે અને તે અગાઉના પણ રેકોર્ડ મેં જોયા છે તે જોતાં પણ મને લાગ્યું છે અને હું ચોકકસપણે એવા તારણ ઉપર આવ્યો છું કે પહેલા દિવસે કયારેય કોઈ મંત્રીશ્રી સભ્ય તરીકે દરમિયાનગીરી કરતા હોતા નથી, બીજા કે ત્રીજા દિવસે સામાન્ય રીતે ઈન્ટવીન થતા હોય છે, મને લાગે છે કે એ રીતે જો સારી પ્રણાલિકા હોય એમ સમજીએ અને એ રીતે સારી પ્રણાલિકા પડતી હોય તો એમાં કશું ખોટું નથી, એટલે હું માનનીય શકિતસિંહજીના વિચારો સાથે એટલા માટે સંમત નથી કે આ કાયદો કે નિયમ બની જતો નથી પણ આ સારી પ્રણાલિકા તરીકે આવકાર્ય છે એમ લાગે છે એટલા માટે માનનીય મનોહરસિંહજીના મુદ્દાને પ્રવિણસિંહજીના સમર્થન સાથે હું એ વાતનો સ્વીકાર કરું છું."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક નં. ૮૩, કોલમ નં. ૮૩૯ થી ૮૪૩)**

## ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવો–

### સૂચનાની સમયમર્યાદા–

### ૪૦. પ્રસ્તાવની સૂચનાની સમયમર્યાદામાં છૂટછાટ મૂકવાની અધ્યક્ષશ્રીને સત્તા છે.

તા. ૧લી નવેમ્બર, ૧૯૯૦ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલે રજૂ કરેલ નિયમ–૧૦૧ (ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવો) હેઠળના "ગુજરાત રાજયના વર્તમાન મંત્રીમંડળમાં વિશ્વાસ વ્યકત કરવા અંગે"ના પ્રસ્તાવની સૂચનાની કાયદેસરતા તથા સમયગાળા સંબંધમાં માનનીય સભ્યશ્રી સુરેશચંદ્ર મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો કે "આ એક એવો પ્રસ્તાવ છે કે જેના ઉપર ચર્ચા કરવા માટે કોઈ દિવસ નકકી થયો હોતો નથી. જેમાં દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવ નિયમ–૧૦૧ નીચે આવે પણ રાજયપાલશ્રીએ કહી દીધું કે આજે જ નકકી કરો એટલે દિવસ નકકી થઈ ગયો હોવાથી તે નિયમ–૧૦૧ના પરવ્યુમાં આવે નહીં" સભ્યશ્રી વજુભાઈ વાળાએ શ્રી સરેશચંદ્ર મહેતાના મુદ્દાને સમર્થન આપ્યું અને સૂચના આપવાની સમયમર્યાદા બાબતે ધ્યાન દોર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી સુરેશચંદ્ર મહેતા, શ્રી વજુભાઈ વાળા તથા મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલનાં મંતવ્યો સાંભળ્યા બાદ ઉકત વિષય બાબતમાં નીચે મુજબનો નિર્ણય આપ્યો :–

"માનનીય સુરેશભાઈ અને માનનીય વજુભાઈ બન્નેની ચર્ચા અસ્થાને છે કારણ કે ગવર્નરશ્રીએ આ પ્રસ્તાવ પહેલી તારીખે લેવો તેવું કાંઈ કહયું નથી. માત્ર સત્ર બોલાવવાની વાત કરી છે. રાજયપાલશ્રીએ સત્ર પહેલી તારીખે બોલાવવા માટેનું આહવાન આપ્યું છે અને તે રીતે રાજપપાલશ્રીના આદેશાનુસાર આ સત્ર બોલાવવામાં આવેલ છે. સૂચનામાં સમયની મર્યાદામાં કયાંક કયાંક છૂટછાટ આપવાની થાય ત્યાં અધ્યક્ષને સંપૂર્ણ સત્તા છે. એ સત્તાના આધારે સૂચના દાખલ કરવામાં આવી છે એટલે આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૯૦, કોલમ–૨૧૨ થી ૨૧૭)**

## ઝીરો અવર–

### અધ્યક્ષશ્રીનો નિર્ણય–

### ૪૧. લાંબા સમયની માગણી હોય એવો મુદ્દો ઉપસ્થિત કરવા માટે સંબંધિત મંત્રીશ્રીએ સંમતિ આપી હોય તો પણ શૂન્યકાળમાં તે ઉપસ્થિત થઈ શકે નહીં.

તા. ૯મી માર્ચ, ૧૯૮૯ના રોજ પ્રશ્નોત્તરીના સમય બાદ સભ્યશ્રી એમ. એફ. બલોચે માન. મંત્રીશ્રી કાયદો અને ન્યાય તરફથી તેમને તેમનો મુદ્દો રજૂ કરવાની સંમતિ મળી છે. તેમ જણાવી તેમણે એવો મુદ્દો રજૂ કર્યો કે છેલ્લા કેટલાક સમયથી .............. જૂનાગઢ જવું પડે છે.

માન. અધ્યક્ષશ્રી (નટવરલાલ શાહ)એ આ બાબત અંગે નીચે મુજબ નિર્ણય આપ્યો.

"સભ્ય શ્રી બલોચ જે બોલ્યા તે ઉપરથી હું એટલું સમજું કે આ કોઈ આજકાલમાં ઉભો થયેલો પ્રશ્ન નથી. આ તમારી લોંગ સ્ટેન્ડીંગ ડિમાન્ડ છે અને લોંગ સ્ટેન્ડિંગ ડિમાન્ડ હોય એ ઝીરો અવરમાં આવે નહીં.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૪૬, પાન–૯૦–૯૧)**

**ઝીરો અવર–**

**પરવાનગી અને સંમતિ–**

**૪૨. ઝીરો અવરમાં મુદ્દો ઉપસ્થિત કરવા માટે માનનીય અધ્યક્ષશ્રીની પરવાનગી અને મંત્રીશ્રીની સંમતિ જરૂરી છે.**

તા. ૧૧મી જુલાઈ, ૧૯૯૦ના રોજ માનનીય સભ્યશ્રી ઉદેસિંહ બારીયાને શૂન્યકાળમાં મુદ્દો ઉપસ્થિત કરવાની સંબંધિત મંત્રીશ્રીએ સંમતિ ન આપતાં શૂન્યકાળમાં કયારે પ્રશ્ન ઉપસ્થિત કરી શકાય તે સંબંધમાં શ્રી બારીયાએ માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતાં માનનીય અધ્યક્ષશ્રીએ તે બાબતે નીચે મુજબનો નિર્ણય આપ્યો :–

"ઝીરો અવરની આપણા નિયમોમાં કોઈ જોગવાઈ નથી છતાં કોઈ મહત્વની બાબત હોય છે ત્યારે માનનીય મંત્રીશ્રી સંમતિ આપતા હોય છે અને શૂન્યકાળમાં પ્રશ્ન ઉપસ્થિત થાય છે. બાકી આપણા નિયમોમાં એવી કોઈ જોગવાઈ નથી, આમાં સામાન્ય રીતે અધ્યક્ષની પરવાનગી લેવી જોઈએ, માનનીય મંત્રીશ્રીની સંમતિ લેવી જોઈએ અને પ્રશ્ન પણ જાહેર અગત્યનો હોવો જોઈએ. જાહેર અગત્યની બાબત ન હોય તો અધ્યક્ષશ્રી નામંજૂર પણ કરતા હોય છે."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક નં. ૫૬, કોલમ નં. ૭૯૭)**

**ઝીરો અવર–**

**પોઈન્ટ ઓફ ઓર્ડર–**

**૪૩. ઝીરો અવરમાં અગત્યના પ્રશ્નો ઉપસ્થિત કરવા અંગે.**

તા. ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૦ના રોજ પ્રશ્નોત્તરીના સમય બાદ સભ્યશ્રી અશોક ભટ્ટે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે તાત્કાલિક બનેલ ઘટના જે ટૂંકી મુદતની ન હોય કે અગત્યની નોટીસમાં પણ ન આવતો હોય તેવા પ્રશ્ન પર માનનીય મંત્રીશ્રી અનુમતિ આપે અને ત્યારપછી માનનીય અધ્યક્ષશ્રીની અનુમતિ મળે તો એ પ્રશ્ન શૂન્યકાળમાં ઉપસ્થિત કરી શકાય છે. આ પ્રકારનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે અધ્યક્ષપદેથી એમને આ પ્રકારની અનુમતિ મળે છે આથી વિરોધપક્ષના સભ્યો પણ આ પ્રકારની અનુમતિ માગે ત્યારે મંત્રી મંડળના સભ્યો અનુમતિ ન આપે એવી ઘણી ઘટનાઓ બની છે. આથી શૂન્યકાળને નિયમબધ્ધ બનાવવા માટે માર્ગદર્શક નિર્ણય આપવા તેઓશ્રીએ અધ્યક્ષશ્રીને વિનંતી કરી. આ બાબતમાં સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રો. હસમુખ પટેલનું મંતવ્ય જાણ્યા બાદ અધ્યક્ષશ્રી (બરજોરજી પારડીવાળા)એ નીચે મુજબ નિર્ણય આપ્યોઃ–

"તત્કાલિન પ્રશ્ન ઉપસ્થિત થવો જોઈએ. તાત્કાલિક પ્રશ્ન ઉપસ્થિત થયેલો હોય, આજ રોજ રજૂ કર્યો હોય એ મંજૂર કરવામાં આવે છે."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૫૧, પાના નં. ૨૯૩–૨૯૪)**

**દિવસના કામકાજની યાદી–**

**યાદીમાં ન બતાવેલી બાબત–**

***૪૪. સભાગૃહમાં કરવાના કામની યાદીમાં જે બાબત ન હોય તે બાબતની ચર્ચા અધ્યક્ષશ્રીની સંમતિ વિના થઈ શકે નહીં.**

તા. ૨૪મી જૂન, ૧૯૮૫ના રોજ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી ચીમનભાઈ પટેલે તાજેતરના તોફાનોમાં મુત્યુ પામનારને શ્રધ્ધાંજલિ આપવાની દરખાસ્ત રજૂ કરીને સભાગૃહનું કામકાજ મોકૂફ રાખવા વિનંતી કરી. આ તબકકે અધ્યક્ષે શોક પ્રસ્તાવ અંગેની ગૃહની પ્રણાલી વિષે વિસ્તારથી સ્પષ્ટતા કરી તેમ છતાં સભ્યશ્રી મનુભાઈ કોટડિયાએ પ્રસ્તાવ સંબંધે મુખ્યમંત્રીશ્રીનું મંતવ્ય જાણવાની ભારપૂર્વક રજૂઆત કરી ત્યારે માનનીય અધ્યક્ષ (શ્રી નટરવલાલ શાહ)એ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો.

"પ્રસ્તાવ દિવસના કામકાજની યાદીમાં નથી અને સભાગૃહની કાર્યવાહીમાં ન હોય તે બાબતની ચર્ચા આ સભાગૃહમાં અધ્યક્ષશ્રીની સંમતિ વિના થઈ શકે નહીં, તેમજ દાખલ પણ થઈ શકે નહી, જયાં સુધી સંમતિ સધાય નહીં ત્યાં સુધી આ પ્રસ્તાવને ચર્ચા માટે મંજૂરી આપી શકું નહીં."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૩, કોલમ–૩)**

***(ઉકત નિર્ણયની સાથે સાથે અધ્યક્ષના અગત્યના નિર્ણયોની ૧૯૬૦–૮૪ની પુસ્તિકાના પાના નં. ૧૬૮ અને ૧૭૧ ઉપરના નિર્ણય ક્રમાંકો ૨૫૮ અને ૨૬૦ પણ ધ્યાને લેવામાં આવે).**

**પહેરવેશ–**

**૪૫. (૧) પ્રણાલિકાગત હોય તે સિવાયના હેતુસર પહેરવામાં આવતા પહેરવેશને પ્રદર્શન ગણી શકાય.**

**(૨) કાયમી ધોરણે પહેરાતા પહેરવેશને પ્રદર્શનની વ્યાખ્યામાં ગણી શકાય નહીં.**

તા. ૨૭મી માર્ચ, ૧૯૯૧ના રોજ ભારતીય જનતાપક્ષના સભ્યશ્રીઓએ ખભે ખેસ ધારણ કરીને ગૃહમાં પોતાની બેઠક લીધી હતી. આ પહેરવેશમાં ખેસ ઉપર પક્ષનું નિશાન પણ હતું. ઉકત સંબંધે સભ્યશ્રી પોપટભાઈ પટેલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો અને ઉકત બાબત સંબંધમાં માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ ઉકત બાબતે માનનીય સભ્યશ્રી શકિતસિંહ ગોહિલનું મંતવ્ય સાંભળ્યા બાદ નીચે મુજબનો નિર્ણય આપ્યો :–

"માનનીય સભ્યશ્રી પોપટભાઈએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો તે અગત્યનો મુદ્દો છે. અગાઉના ચુકાદાઓ અને પ્રણાલિકાઓ જોતાં પણ સભાગૃહમાં કોઈપણ સભ્યશ્રી બીજાઓનું ધ્યાન ખેંચાય તેવા પ્રકારના પ્રદર્શન, ચેનચાળા કે વસ્તુ બતાવીને કે કોઈ છાપુ બતાવીને પ્રદર્શિત કરે એ હંમેશ માટે યોગ્ય નથી. સભાગૃહના કોઈપણ સભ્યશ્રીઓ વેશભૂષાની દ્રષ્ટિએ નજર સમક્ષ રાખતાં કોઈપણ પ્રકારનો પહેરવેશ કાયમી ધોરણે જો પહેરતા હોય તો પ્રદર્શનની વ્યાખ્યામાં નહીં ગણી શકાય તે વાત ચોકકસ છે. સભ્યશ્રીઓ અહીંયા બેઠાં બેઠાં જે કરી રહયા છે તે જોતાં જો કાયમી રીતે ટોપી પહેરવામાં આવે તો મને લાગે છે કે એમાં કોઈ આપત્તિ હોઈ શકે નહીં પણ જયારે આ સભાગૃહમાં આ બાજુના સભ્યશ્રીઓએ પોતાનું સ્થાન લીધું ત્યારે એમના ખભા ઉપર ખેસ હતા અને એ ખેસ ઉપર જે પ્રતિક હતું એ વાત વાજબી ન હતી. એ સભ્યશ્રીઓએ સ્વેચ્છાએ ખેસ દૂર કર્યા એ બહુ સારી વાત બની છે, એટલે ભવિષ્યમાં આ પ્રકારે જો કોઈ કાયમી પહેરવેશ કરવાનો ન હોય તો આવી જુદી જુદી જાતની વેશભૂષા પહેરીને કોઈપણ વર્તન થાય તો એ ચલાવી લેવા યોગ્ય નહીં રહે તે હું આપને જણાવું છું."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૬૭, કોલમ–૫૧૧ થી ૫૧૫)**

**ધ્યાન દોરતી સૂચના–**

**ગંભીર બાબત–**

**૪૬. પોલીસ લૂંટમાં સંડોવાયેલી હોય ત્યારે જાહેર હિતની બાબત તાકીદની અને વધુ ગંભીર બને છે.**

તા. ૨૭મી માર્ચ, ૧૯૮૫ના રોજ ડો. વસંતભાઈ સંઘવીએ જોડિયા તાલુકાના લખતર ગામમાં કસ્ટમ ઈન્સ્પેકટર તથા પોલીસ કોન્સ્ટેબલોએ પાડેલી ધાડ અંગેની નિયમ–૧૧૬ અન્વયે તાકીદની જાહેર અગત્યની ધ્યાન દોરતી બાબત પર મંત્રીશ્રીના નિવેદન પરની પૂરક પ્રશ્નોત્તરી દરમિયાન લેખિત જવાબને હળવો કરવાના સરકારના પ્રયત્નો થતાં માન. અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નીચે પ્રમાણે અવલોકન કર્યું. :–

"આ મુદ્દો ઘણો ગંભીર છે, કારણ કે પોલીસવાળા પોતે જ જો લૂંટમાં સંડોવાયેલા હોય તો તેનાથી વધુ ગંભીર બાબત બીજી કોઈ હોય જ નહીં."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૨, કોલમ–૧૭૬)**

**ધ્યાન દોરતી સૂચના–**

**જાહેર હિત–**

**સરકારનો અધિકાર–**

**૪૭. જાહેર હિતમાં કોઈ બાબતની માહિતી આપવી કે ન આપવી એ નકકી કરવાનો મંત્રીને અધિકાર છે.**

તા. ૨૬મી જૂન, ૧૯૮૫ના રોજ સભ્યશ્રી બાબુભાઈ વાસણવાળાએ અમદાવાદ શહેરમાં અસાજિક તત્વોએ લગાડેલી આગમાં આઠ વ્યકિતઓ બળી જવા બાબતે નિયમ–૧૧૬ હેઠળ તાકિદની જાહેર અગત્યની ઉપસ્થિત કરેલી બાબત પર સભ્યશ્રી ગાભાજી ઠાકોરે, મંત્રીના નિવેદન અને મૌખિક જવાબમાં તફાવત છે તેમ જણાવી મકાનમાં આઠ વ્યકિતઓ સળગી ગઈ ત્યારે મકાન બહારથી બંધ હતું કે કેમ તે પંચનામાની વિગતો પરથી જાણવા પૂરક પ્રશ્ન પૂછયો. મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટતા કરી કે સમગ્ર બનાવની તપાસ ચાલુ હોવાથી જાહેર હિતમાં તેમાંની કોઈ વિગતો આપી શકાય તેમ નથી. આ બાબત અંગે વિરોધપક્ષના નેતાશ્રી ચીમનભાઈ પટેલ અને અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો :–

"પ્રસ્થાપિત પ્રણાલિકા મુજબ માનનીય મંત્રીશ્રીનો અધિકાર છે. એ એમ પણ કહી શકે કે હું આ બાબતમાં જવાબ આપવા નથી માગતો અને એ ના કહે તો એવો કોઈ અધ્યક્ષ પાસે અધિકાર નથી કે જેમાં એ એમને ફરજ પાડી શકે. ફરજ એમની એટલી જ છે કે એમનાથી જેટલો બને એટલો જવાબ આપવો જોઈએ. એ ફરજમાં એ એમ કહે છે કે તપાસ ચાલુ છે અને કેટલીક સેન્સીટીવ માહિતી છે અને એ નથી આપી શકાતી તો હું એમને ફરજ નહીં પાડી શકું કે ના તમારે માહિતી આપવી જોઈએ.

**(ગુ. વિ. સ. શ્રેણી–૨, પુસ્તક–૩, કોલમ–૨૯૫)**

**ધ્યાન દોરતી સૂચના–**

**દાખલપાત્રતા–**

**૪૮. સૂચનાની બાબત જયારે સભાગૃહમાં હાથ ધરવાના તબકકે હોય ત્યારે તેની દાખલપાત્રતા સંબંધમાં સભાગૃહમાં કોઈ મુદ્દો ઉપસ્થિત કરી શકાય નહીં.**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ અન્વયે, "જામનગરની ઈરવીન હોસ્પિટલમાં યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પ દરમિયાન મેળવાયેલું લોહી પરીક્ષણ કર્યા વગર જ થેલેસેમીયાના રોગથી પીડાતા કિશોરની જિંદગી સામે ખતરો ઉભો થયો છે ત્યારે, માણસની જિંદગી જેવી અતિ અગત્યની બાબત પ્રત્યે બેદરકારી દાખવનાર સામે સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં" અંગેની માન. સભ્યશ્રી ઉસ્માનગની દેવડીવાલાની તાકીદની જાહેર અગત્યની બાબત પર માન. આરોગ્ય મંત્રીશ્રી સુરેશચંદ્ર મહેતાનું ધ્યાન દોરતી સૂચના તા. ૬–૮–૨૦૦૧ના દિવસ માટે દાખલ કરીને દિવસના કામકાજની યાદીમાં બતાવવામાં આવી હતી. આ દિવસે સૂચના ઉપર સભાગૃહમાં ચર્ચા હાથ ધરાય તે પહેલાં માન. આરોગ્ય મંત્રીશ્રી સુરેશચંદ્ર મહેતાએ માન. અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતાં એવો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો કે, છાપામાં જે સમાચારો આવ્યા છે અને જેના પર સભ્યશ્રીએ આધાર રાખ્યો છે તે બનાવ જૂનો છે અને આ બાબત અગાઉ પણ ઉપસ્થિત કરી શકાઈ હોત. આ બાબત જૂની હોવાથી તાકીદની બનતી નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ધ્યાન દોરતી સૂચના રજૂ કરતી વખતે બે મહત્વના મુદ્દા ધ્યાનમાં રાખવાના હોય છે. એક એ કે, તેમાં તાકીદનું તત્વ હોય અને બીજું બાબત જાહેર અગત્યની હોય છે. આ મુદ્દા સંબંધમાં માન. સભ્યશ્રી સુભાષચન્દ્ર શેલતે રજૂઆત કરતાં જણાવ્યું હતું કે આ બાબત માન. અધ્યક્ષશ્રીએ દાખલ કરી હોઈ વાંધો લઈ શકાય નહિ અને સભ્યશ્રીના અધિકાર પર તરાપ મારી શકાય નહિ. માન. મંત્રીશ્રી સુરેશચંદ્ર મહેતાએ મુદ્દા પરની ચર્ચામાં ભાગ લેતાં જણાવ્યું હતું કે તેઓએ

અધ્યક્ષશ્રી વિશે કશું જ કહયું નથી. માત્ર માર્ગદર્શન જ માંગ્યું છે અને હકીકતોનું નિરૂપણ કર્યું છે. ચર્ચા દરમ્યાન માન. સભ્યશ્રી જશપાલસિંગે પણ માન સુરેશચંદ્ર મહેતાએ ઉપસ્થિત કરેલા મુદ્દાને સમર્થન આપ્યું હતું. માન. સભ્યશ્રી ઉદેસિંહ બારીયા, શ્રી નરેશકુમાર રાવલ વગેરેએ ચર્ચામાં ભાગ લેતાં જણાવેલ કે, આ બાબત જૂની હોય તો સૂચના દાખલ થઈ ત્યારે મંત્રીશ્રી દરમિયાનગીરી કરી સૂચના રદ કરાવી શકયા હોત. આ તબકકે આ રીતે મુદ્દો ઉપસ્થિત કરવો તે યોગ્ય ગણી શકાય નહીં. સૂચનાના પ્રભારી સભ્યશ્રી ઉસ્માનગની દેવડીવાલાએ જણાવેલ કે ૧૩ વર્ષના છોકરાને એઈડ્ઝના કારણે અત્યારે જામનગરની કોઈ હોસ્પિટલમાં સારવાર મળતી નથી, તેમના વાલીઓ તકલીફમાં છે, કોઈ સ્વીકારવા તૈયાર નથી, તેથી તેઓ આ બાબત રજૂ કરવા માગે છે. આ સમયે માન. મંત્રીશ્રી સુરેશચંદ્ર મહેતાએ જણાવેલ કે તેઓની પાસે જવાબ તૈયાર છે ફકત ઉપસ્થિત કરેલા મુદ્દા સંબંધમાં માર્ગદર્શન માગ્યું છે.

આ બાબતે માન. અધ્યક્ષશ્રીએ, માન. મંત્રીશ્રીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો હતો તે અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહે એટલે બધા સંદર્ભો જોઈને નિર્ણય આપી શકાય તે હેતુથી પોતાનો નિર્ણય મુલતવી રાખવાની સભાગૃહમાં જાહેરાત કરી હતી.

માનનીય અધ્યક્ષશ્રી ઉપસ્થિત કરવામાં આવેલા મુદ્દા સંબંધે નિયમોની પરિસ્થિતિ તથા તે બાબતે પૂરોગામી અધ્યક્ષશ્રીઓએ વખતોતખત આપેલા નિર્ણયોના સંદર્ભ જોઈને એવા નિષ્કર્ષ પર આવ્યા છે કે નિયમ ૧૧૬ હેઠળની સૂચના ત્યારે જ દાખલ થઈ શકે કે જયારે બાબત તાકીદની હોય તથા જાહેર અગત્યની હોય. નિયમોમાં વપરાયેલી "તાકીદ" તથા "જાહેર હિત" શબ્દોનો અર્થ કોઈ એક ચોકકસ ફ્રેમવર્કમાં કરી શકાય નહિ પરંતુ ઉપસ્થિત થયેલ સંજોગો તથા નિર્માણ થયેલ પરિસ્થિતિને લક્ષમાં લઈને તેનો અર્થ કરવાનો રહે છે. સામાન્ય રીતે નિયમ ૧૧૬ હેઠળ એક બેઠક માટે એક સૂચના દાખલ કરવાનું ધોરણ સ્થાપિત થયેલું છે પરંતુ એક બેઠક માટે ઘણા સભ્યો તરફથી એક કરતાં વધારે સૂચનાઓ મળે છે ત્યારે સૂચનાની બાબત વધુ જાહેર અગત્યની તથા તાકીદની હોય તે સૂચના દાખલ કરવામાં આવે છે. વિધાનસભાના નિયમોમાં તાકીદની બાબત અંગે જયારે કોઈ ચોકકસ વ્યાખ્યા કરવામાં આવી નથી ત્યારે રજૂ કરવામાં આવેલ બાબત અને તેની સાથે રજૂ કરેલા આધારોને ધ્યાનમાં રાખી બાબત તાકીદની તથા જાહેર અગત્યની છે કે કેમ તે નકકી કરવામાં આવે છે. આ બાબતમાં પૂરોગામી અધ્યક્ષશ્રીઓએ લીધેલા નિર્ણયો મુજબ બાબત ભલે જૂની હોય પરંતુ પ્રજાને પડતી તકલીફ ચાલુ હોય તથા તે બાબત જાહેર હિતની બનતી હોય ત્યારે નિયમ ૧૧૬ હેઠળ સૂચના દાખલ કરી શકાય છે. વિધાનસભા સચિવાલય તરફથી સૂચના દાખલ કરીને વિભાગને મોકલી આપી ત્યારે વિભાગના મંત્રીશ્રી સૂચનાની દાખલપાત્રતા સંબંધમાં માન. અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરી શકયા હોત કે સૂચના રદ કરવા વિનંતી કરી શકયા હોત પરંતુ સૂચનાની બાબત જયારે સભાગૃહમાં હાથ ધરવાના તબકકે હોય ત્યારે તેની દાખલપાત્રતા સંબંધમાં સભાગૃહમાં કોઈ મુદ્દો ઉપસ્થિત કરી શકાય નહિ તેમ માનનીય અધ્યક્ષશ્રીને લાગે છે. માનનીય અધ્યક્ષશ્રીએ ભવિષ્યમાં આ પ્રકારના મુદ્દા સભાગૃહમાં ઉપસ્થિત કરવાથી દૂર રહેવા માન. સભ્યશ્રીઓને વિનંતી કરી છે.

**(ફા. નં.ટે/૫(૮૩)/૨૦૦૧–૦૨)**

**પોઈન્ટ ઓફ ઓર્ડર**

**મુખ્યમંત્રીશ્રીનો હોદ્દો–**

**૪૯. ગૃહના સભ્ય ન હોય તો પણ બંધારણની કલમ ૧૭૭ અન્વયે ગૃહમાં મુખ્ય મંત્રી તરીકે વર્તી શકે.**

તા. ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦ના રોજ સભ્યશ્રી સુરેશચંદ્ર મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકી વિધાનસભાની બેઠક પર ચૂંટાયા ત્યારબાદ તેઓ રાજયસભામાં ચૂંટાયા એટલે વિધાનસભાનું સભ્યપદ ખાલી કર્યું ત્યારપછી તેઓએ મુખ્યમંત્રી તરીકેના સોગંદ લીધા પરંતુ રાજયસભાનું સભ્યપદ ખાલી કરવાનું તેમણે પસંદ કર્યું નહિ. આ બાબતમાં બંધારણના આર્ટિકલ ૧૦૧નો હવાલો આપી તેમણે જણાવ્યું કે બંધારણની તે ભાવના મુજબ કોઈપણ વ્યકિત બંને જગ્યાએ સભ્યપદ જાળવી શકે જ નહિ. જયાં સુધી

એકઝીકયુટીવ આસ્પેકટને લાગેવળગે છે ત્યાં સુધી ગવર્નરશ્રી મુખ્યમંત્રીને સોગંદ લેવડાવે તે બાબતમાં મારે કશું કહેવાનું નથી પરંતુ લેજિસ્લેટીવ ફંકશનને લાગેવળગે છે ત્યાં સુધી આ બંને બાબતો બંધારણમાં જુદી જુદી રીતે બતાવવામાં આવેલી છે. એકઝીકયુટીવ બાબતમાં મુખ્યમંત્રી તરીકે બેસી ગયા પછી મુખ્યમંત્રી સભાગૃહના સભ્ય તરીકે છ મહિનામાં ચૂંટાય નહીં તો તેમનું સભ્યપદ આપોઆપ રદ થાય છે. ત્યારે સભાગૃહની કોઈપણ વ્યકિત સભાગૃહની કાર્યરીતિને અનુરૂપ સભાગૃહના સભ્ય તરીકે સોગંદ ન લે ત્યાં સુધી આ સભાગૃહના સભ્ય બની શકે નહીં. આ સભાગૃહના સભ્ય ન હોવા છતાં ગૃહમાં બેસે તો તેને રૂા. ૫૦૦/– દંડ કરવાની જોગવાઈ પણ છે. આ એક ગુનાહીત કૃત્ય બને છે. બંધારણના આર્ટિકલની કલમ ૧૮૮ અને ૧૮૯માં સ્પષ્ટ જણાવેલ છે કે સભાગૃહમાં સભ્ય તરીકે બેસવા માટે સોગંદનામા પર સહી કરવાની હોય છે અને ત્યાર પછી જ સભાગૃહમાં બેસી શકે કે સભાગૃહની કાર્યવાહીમાં ભાગ લઈ શકે. મુખ્યમંત્રી થયા એટલે સભાગૃહની કાર્યવાહીમાં આપોઆપ તેઓ ભાગ લઈ શકે તેવી સામાન્ય છાપ કદાચ આપણા મગજમાં ઉભી થાય પરંતુ બંધારણ એ બાબતને પુષ્ટિ આપતું નથી. મુખ્યમંત્રી હોવાને કારણે સભાગૃહની કાર્યવાહીમાં સીધો ભાગ લે તો તેનાથી બંધારણના આર્ટિકલનો ભંગ થાય છે. આમ તેઓ ડિસ્કવોલીફાઈડ હોવાને કારણે શ્રી માધવસિંહભાઈ સોલંકી મુખ્યમંત્રી તરીકે વર્તી શકે નહીં અને સભાગૃહની કોઈપણ કાર્યવાહીમાં ભાગ લઈ શકે નહીં.

ત્યારબાદ સભ્યશ્રી દિનકરભાઈ દેસાઈએ પોતાનું મંતવ્ય આપતાં જણાવ્યું કે બંધારણની કલમ ૧૬૪ના સબ કલોઝ ૪માં સ્પષ્ટ છે કે

A minister who for any period of six consecutive months is not a member of the legislature of the State shall at the expiration of the period ceases to be a Minister. એટલે છ મહિના અને નહીં કે એક મહિના પછી, બંધારણનો આદર કરવો પડશે વળી, આ બાબતમાં ૧૯૭૧માં અલ્હાબાદના કેસમાં સુપ્રિમ કોર્ટનું જજમેન્ટ કલીઅર છે. પ્રસ્તુત કેસમાં નીચે મુજબનો મુદ્દો ઉભો કર્યો હતો.

Suppose a Member and then Chief Minister of a particular State is a Member of either of the House of Parliament. i.e. Lok Sabha or Rajya Sabha can he lead the House or can he lead the House as a Chief Minister of a particular State ?

આ બાબતમાં માનનીય સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશોએ બહુ સ્પષ્ટ કહયું છે કે

Appointment of a person as chief Minister cannot be challenged on the ground that he is not a Member of the Legislature at the time of appointment.

સુપ્રિમ કોર્ટના ચુકાદાને આપણી વિવેકબુધ્ધિથી માન આપવું જોઈએ, વળી આ ગૃહમાં શિરસ્તો છે. ૧૯૭૨માં માનનીય શ્રી ઘનશ્યામભાઈ ઓઝા કે જેઓ દિલ્હીમાં પાર્લામેન્ટના સભ્ય હતા. એવી જ રીતે આજે શ્રી માધવસિંહ સોલંકી આ સભાગૃહમાં છે.

વિરોધપક્ષના નેતાશ્રી ચીમનભાઈ પટેલે પણ પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ ત્યારબાદ નાણા મંત્રીશ્રી અરવિંદભાઈ સંઘવીએ પોતાનું મંતવ્ય રજૂ કરતાં જણાવ્યું કે બંધારણની કલમ ૧૦૧માં જે વાત સામાન્ય સભ્યની છે તે કલમ ૧૦૧ મુજબ

"No person shall be a member both of Parliament and of a House of the Ligislature of a State." He dose not sit as a member of the House but he may sit as a Chief Minister.

બે જગ્યાએ ચૂંટણી લડયા હોય અને બંને જગ્યાએ ચૂંટાયેલા હોય અને બંને જગ્યાએ ચાલુ રહેવા માંગતા હોય ત્યારે ૧૦૧નો પ્રતિબંધ નડે. શ્રી માધવસિંહભાઈ કોઈ બીજી જગ્યાએ ચૂંટણી લડયા નથી એટલે અહીં આર્ટિકલ ૧૦૧એ બિલકુલ સુસંગત નથી. માત્ર સામાન્ય સભ્ય તરીકે બેસવા માગતા હોય એને જ તે લાગુ પડે છે. શ્રી માધવસિંહભાઈના કિસ્સામાં લાગુ પાડી શકાય નહીં., નહીંતર કેન્દ્ર સરકારના કોઈ પ્રધાન રાજયસભામાં સત્તાવાર રીતે ઉમેદવાર અને સભ્ય હોય એ પ્રધાન લોકસભામાં જઈને રજૂઆત ન કરી શકે અને લોકસભાના વડાપ્રધાન રાજયસભામાં આવીને બેસી ન શકે. વળી, કલમ ૧૬૪(૪) અને કલમ ૧૭૭ એ બંનેને સાથે વાંચવાથી સ્પષ્ટ થાય છે કે ૬ મહિના સુધી સભ્ય ન હોય છતાં મિનિસ્ટરની હેસિયતથી રહી શકે અને ગૃહમાં આવીને બોલી શકે છે તથા ગૃહની કાર્યવાહીમાં ભાગ પણ લઈ શકે છે.

ત્યારબાદ મુખ્યમંત્રીશ્રી માધવસિંહભાઈ સોલંકીએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે બંધારણમાં એવી જોગવાઈ છે કે હાઉસના સભ્ય ન હોય અને મેમ્બર તરીકે ચૂંટાયેલા પણ ન હોય તથા તેના સોગંદ પણ લીધા ન હોય છતાં એ હાઉસમાં આવીને બોલી શકે છે અને તેને ગૃહને સંબોધન કરવાનો અધિકાર પણ છે. એડવોકેટ જનરલ અને કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલને આ હાઉસના સભ્ય ન હોવા છતાં બોલવાનો અને રજૂઆત કરવાનો અધિકાર છે કારણ કે હાઉસનો એ પ્રિવેલેજ છે. મુખ્યમંત્રી આ સભાગૃહના મેમ્બર તરીકે કામગીરી બજાવવા નહીં પરંતુ કાઉન્સિલ ઓફ મિનિસ્ટર તરીકે જે જે ફરજો એમની આવે છે તે તે ફરજો બજાવવા માટે આ સભાગૃહમાં તેમણે ઉપસ્થિત પણ રહેવું જ પડે. રજૂ થયેલા મુદ્દાઓ અંગે જરૂરી ખુલાસો કરવા માટે પણ તે બંધાયેલા છે. પોતાની ફરજો તે યોગ્ય રીતે બજાવી શકે તે માટે તેમને ગૃહની કાર્યવાહીમાં ભાગ લેવાનો અધિકાર છે. અલબત્ત જે ચૂંટાયેલા સભ્ય નથી તેમને વોટ આપવાનો અધિકાર નથી. આ મુદ્દા અંગે હાઈકોર્ટે ફેંસલો આપ્યો છે. આ બાબત એટલા માટે કહું છું કે, શ્રી જયદ્રથસિંહજી મણીપુરમાં રાજયસભાના સભ્ય હતા અને ત્યાર પછી તેમની મુખ્યમંત્રી તરીકે વરણી થઈ. એમની મુખ્યમંત્રી તરીકેની કામગીરી પણ શરૂ થઈ અને પછી એક પ્રસંગ એવો આવ્યો કે જયારે રાજયસભામાં વોટીંગ કરવાનું હતું અને એ આવીને વોટીંગ પણ કરી ગયા હતા. તેમ છતાં કોઈ બંધારણીય મુદ્દો તે વખતે અને ત્યાર પછી પણ ઉભો કરવામાં આવ્યો ન હતો.

સભ્યશ્રી અશોક ભટ્ટે પોતાનું મંતવ્ય આપતાં જણાવ્યું કે સંસદીય પ્રણાલિકાનું હાર્દ એ છે કે જે આ ગૃહના સભ્ય ન હોય એવી વ્યકિતને સભાગૃહે પોતાના નેતા તરીકે સોગંદવિધિ લઈને આમંત્રિત કરવા એ જ વાત આખી સિસ્ટમ વિરૂધ્ધ છે. આ જ વાત કોલ અને શકધરે પણ તેમના પુસ્તકમાં પાના ૮૯૬ ઉપર કહી છે.

"Inviting a person who is not a member of the Legislature or a nominated member, to from Government is open to criticise, of being against the spirit of the Parliamentary system."

શ્રી ભટ્ટે ઉદાહરણ ટાંકતા કહયું કે હરિયાણામાં શ્રી ઓમપ્રકાશ ચૌટાલા આ જ મુખ્યમંત્રી સાથે રાજયસભાના સભ્ય હતા અને બંને એક જ સમયમાં મુખ્યમંત્રી બન્યા. શ્રી ચૌટાલાએ મુખ્યમંત્રીપદ સંભાળતાની સાથે જ રાજયસભાના સભ્યપદેથી રાજીનામું આપ્યું અને પછી જ સોગંદ લીધા. મુખ્યમંત્રીશ્રી અહીં પણ એ પ્રણાલિકા પાડી શકયા હોત.

સભ્યશ્રી સુરેશચંદ્ર મહેતાએ વધુ સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે મારે તો એટલું જ કહેવું છે કે જયારે ગૃહની કામગીરીની વાત આવે ત્યારે ગૃહે કેટલીક ગંભીરતાઓ રાખી છે. એ ત્યાં સુધી કે એના માટે આર્ટિકલ ૧૯૩માં જણાવ્યા મુજબ જયારે કવોલીફાઈડ ન હોવા છતાં પણ કોઈ વ્યકિત ગૃહમાં બેસે અને એ સોગંદ લે તો જ કવોલીફાઈડ બને, સોગંદ ન લેતો કવોલીફાઈડ બનતા નથી અને ન બને તો શું પરિસ્થિતિ થાય તે આર્ટિકલ ૧૯૩માં જણાવેલ છે. તે મુજબ કોઈ વ્યકિતએ પોતે એના માટે લાયકાત હજુ સુધી પ્રાપ્ત ન કરી હોય અને આવીને બેસે તો એક દિવસ માટે રૂા. ૫૦૦/–ના દંડની જોગવાઈ પણ કરવામાં આવેલ છે. આ બંધારણે તો પેનલ્ટી કલોઝ પણ આપી દીધું છે. એટલે આ પરિસ્થિતિમાં જે ફલક ઉપર એકઝીકયુટીવ ફંકશન અને લેજીસ્લેટીવ ફંકશનને લાગું વળગતું નથી તે મારો મુદ્દો છે કે માનનીય મુખ્યમંત્રીને એ અધિકાર નથી.

ત્યારબાદ મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકીએ પણ વધુ સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે માનનીય સભ્યશ્રી અશોકભાઈએ કહયું કે સ્પિરિટ જુઓ, સ્પિરિટ જયારે અસ્પષ્ટ હોય ત્યારે કાયદો બનાવવામાં આવે. કૌલ અને શકધર ગમે તે સ્પિરિટ બતાવે પણ એના ઉપર જયારે બંધારણે સ્પષ્ટ કાયદો લખ્યો હોય ત્યારે સ્પિરિટને આપણી કાયદાની ભાષામાં વાંચવો જોઈએ અને કાયદામાં સ્પષ્ટ છે. કલમ ૧૭૭ મુજબ

"Every Minister and the Advocate General for a State shall have the right to speak in, and otherwies to take part in the proceedings of the Legislative Assembly of the state or in the case of a State having a Legislative Council, both Houses, and to speak in, and otherwise to take part in the proceedings of any committee of the Legislature of which he may be named a member, but shall not, by virtue of this Article entitled to vote."

એટલે વોટ ન આપી શકે પણ સભાગૃહના તમામ કાર્યક્રમોમાં ભાગ લઈ શકે, કમિટિમાં પણ ભાગ લઈ શકે, તેને ઉદ્‌બોધન પણ કરી શકે.

આ અંગે મુખ્યમંત્રીશ્રી, વિરોધપક્ષના નેતાશ્રી, સંસદીય નેતાશ્રી, સંસદીય બાબતોના મંત્રીશ્રી, નાણા મંત્રીશ્રી તથા અન્ય સભ્યોને સાંભળ્યા બાદ માનનીય કાર્યકારી અધ્યક્ષશ્રી (કરશનદાસ સોનેરી)એ નીચે મુજબ નિર્ણય આપ્યો :–

"માનનીય શ્રી સોલંકીની મુખ્યમંત્રી તરીકે બંધારણની કલમ ૧૬૪ નીચે માનનીય રાજયપાલશ્રીએ નિમણૂંક કરી છે. તેઓ ગૃહમાં સભ્ય તરીકે નથી પણ મુખ્યમંત્રી તરીકે બેઠા છે. બંધારણની કલમ ૧૭૭ નીચે તેઓ આ ગૃહની કાર્યવાહીમાં ભાગ લઈ શકે છે. માનનીય શ્રી ઘનશ્યામભાઈ ઓઝા આ ગૃહના સભ્ય ન હતા છતાં મુખ્યમંત્રીશ્રી હતા અને તેમણે ગૃહની કાર્યવાહી સંભાળેલી છે. આ બધા સંજોગો જોતાં માનનીયશ્રી સુરેશભાઈ મહેતાનો પોઈન્ટ ઓફ ઓર્ડર હું નામંજૂર કરું છું.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૫૧, પાન ૫૯ થી ૭૮)**

**પ્રશ્નો–**

**અધિકૃત ન હોય તેવી માહિતી બાબત–**

**૫૦. ગૃહને શકય તેટલી વધુ માહિતી આપી શકાય તેવા આશયથી અધિકૃત ન હોય તેવી માહિતી મંત્રીશ્રી ગૃહને આપે તેમાં કશું અનુચિત નથી.**

તા. ૧૧–૩–૯૧ના રોજ એક તારાંકિત પ્રશ્નના જવાબમાં ઉદ્યોગ મંત્રીશ્રીએ હીરા ઉદ્યોગની મંદીમાં થયેલ ઘટાડાની વિગતો, તે અધિકૃત નથી એમ કહીને આપેલી. આ બાબતે તા. ૧૨–૩–૯૧ના રોજ સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજાએ મુદ્દો ઉપસ્થિત કર્યો કે અનધિકૃત માહિતી સભાગૃહને આપવી બરાબર નથી. આ મુદ્દા સંબંધમાં માનનીય અધ્યક્ષશ્રીએ તા. ૧૯મી માર્ચ, ૧૯૯૧ના રોજ નીચે મુજબનો નિર્ણય આપ્યો :–

"સભ્યશ્રીનો મુદ્દો એવો હતો કે માનનીય ઉદ્યોગ મંત્રીશ્રીએ તા. ૧૧–૩–૯૧ના રોજ એક તારાંકિત પ્રશ્નના જવાબમાં હીરા ઉદ્યોગની મંદીમાં થયેલ ઘટાડાની વિગતો તે અધિકૃત નથી એમ કહીને આપેલી, સભ્યશ્રીએ જણાવ્યું હતું કે આવી અનધિકૃત માહિતી સભાગૃહને આપવી તે બરાબર નથી અને મંત્રીશ્રી પાસે અધિકૃત માહિતી હોય તો જ તેમણે સભાગૃહમાં આપવી જોઈએ. હું તા. ૧૧–૩–૯૧ની સભાગૃહની કાર્યવાહી જોઈ ગયો અને તેમાં માનનીય ઉદ્યોગ મંત્રીશ્રીએ એવી માહિતી આપેલી કે, હીરા ઉદ્યોગ ધીમે ધીમે બહાર નીકળતો જાય છે. લગભગ ૪૦ ટકા ઘંટીઓ બંધ હતી તેમાંથી તેમને મળેલી બિનઅધિકૃત માહિતી પ્રમાણે ૧૫ થી ૨૦ ટકા ફરીથી કાર્યાન્વિત થઈ ગઈ છે. આમ માનનીય ઉદ્યોગ મંત્રીશ્રીએ બિનઅધિકૃત માહિતી હતી તે આપી છે. પ્રશ્નનો જવાબ આપતી વખતે ઉપયોગી થાય તે માટે ઉદ્યોગ મંત્રીશ્રીએ ઝડપથી હીરા ઉદ્યોગની બંધ ઘંટીઓમાંથી કેટલી ચાલુ થઈ તેનો અંદાજ મેળવ્યો હોય અને તે પ્રશ્નના જવાબમાં જણાવવામાં આવે તો તેઓ સભાગૃહને ગેરમાર્ગે દોરતા નથી. તેમણે આપેલી માહિતી અધિકૃત નથી તેવી સ્પષ્ટતા કરી હોય ત્યારે એવી માહિતીની મુલવણી સભાગૃહના સભ્યો યોગ્ય રીતે કરી શકે તેમ હું સમજું છું. આથી આ બાબતમાં ઉદ્યોગ મંત્રીશ્રીએ સભાગૃહને જે કાંઈ માહિતી મળી તે આપવા પ્રમાણિક પ્રયાસ કર્યો ત્યારે તેમાં કશું અનુચિત હોય તેમ લાગતું નથી કારણ કે તેનાથી સભાગૃહને કોઈ રીતે ગેરમાર્ગે દોરવાનું થતું નથી."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી પુસ્તક–૬૬, કોલમ ૩૮૮ થી ૩૮૯)**

**પ્રશ્નો–**

**ધંધા સંબંધિત પ્રશ્નો–**

**૫૧. કોઈપણ ધંધા વ્યવસાય સાથે જોડાયેલા સભ્ય તે ધંધામાંના પોતાના અંગત હિત માટેના પ્રશ્નો પૂછી શકે નહીં.**

તા. ૭મી ઓગષ્ટ, ૨૦૦૧ના રોજ, "રાજયના ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે તે માટેના આયોજન" બાબતના, સભ્યશ્રી જીતસિંહ પરમારના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૫૦૧૫ ઉપરની પ્રશ્નોતરી દરમિયાન સભ્યશ્રી ખુમાનસિંહ ચૌહાણે પોતે ખેડૂત છે, તમાકુની ખેતી કરે છે અને પોતાની તમાકુ વેચાઈ નહિ હોવાથી પોતાને નુકશાન પહોંચ્યું હોવા બાબતે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો. આ બાબતે, પ્રશ્નોત્તરી બાદ નાની અને મધ્યમ સિંચાઈ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે, કોઈ સભ્યશ્રી સભાગૃહમાં લોકોના હિતના બદલે, પોતાના વિસ્તારના ખેડૂતોને હિતના પ્રશ્નોને બદલે પોતાના અંગત લાભ કે નુકશાનને લગતા પ્રશ્ન ઉપસ્થિત કરી શકે કે કેમ તે મતલબનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત

કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું, ત્યારે માનનીય અધ્યક્ષ (શ્રી ધીરૂભાઈ શાહ)એ શ્રી ખુમાનસિંહ ચૌહાણને સાંભળ્યા બાદ નીચે મુજબ નિર્ણય આપ્યો :

"આપે આપના પ્રશ્નને લઈને વારંવાર જે આગ્રહ રાખ્યો, આપે એક જ વાત કરી કે હું ખેડૂત છું. મને આ રીતે નુકશાન થયું છે. વારંવાર કહયું આનું શું એનો મંત્રીશ્રી જવાબ આપે. આવી વિગતો કીધે રાખી એને માટે એમણે પોઈન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો છે. આપ બીજી કોઈ વિગતો કહેતા હોય એ બરાબર છે પરંતુ હું માનું છું કે આ રીતે કોઈ પણ સભ્ય કોઈપણ ધંધા–વ્યવસાય સાથે જોડાયેલ હોય ત્યારે આ ગૃહની અંદર ચર્ચા કરતી વખતે પોતે આની સાથે જોડાયેલ છે માટે એનો જવાબ મેળવવાનો આગ્રહ રાખવો, એની વિગતો મેળવવાનો પ્રયત્નો કરવા એ બરાબર નથી. હું પોઈન્ટ ઓફ ઓર્ડર મંજૂર કરું છું. ભવિષ્યમાં આ પ્રમાણે ન લેવાય એનું ધ્યાન રાખવું."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, ત્રીજી શ્રેણી, પુસ્તક–૭૭ પાના નં. ૪૭૫ થી ૪૭૯, ૫૮૬ થી ૫૮૮.)**

**પ્રશ્નો–**

**પત્ર પર મંત્રીશ્રીની નોંધ–**

**૫૨. મંત્રીશ્રીએ પત્ર ઉપર કરેલ નોંધ જાહેર કરી શકાય નહીં.**

તા. ૨૬મી જૂન, ૧૯૯૦ના રોજ સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજાએ, પ્રશ્નોત્તરીકાળ દરમિયાન, મંત્રીશ્રીએ પોતાના પર આવેલ પત્ર પર કરેલ પોતાની નોંધ જાહેર કરતાં આવી નોંધ જાહેર કરી શકાય કે કેમ તે બાબતે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો અને ઉકત બાબતે માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય માગ્યો હતો.

ઉકત બાબતે માનનીય સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજા, મુખ્યમંત્રીશ્રી તથા સંસદીય બાબતોના મંત્રીશ્રીના મંતવ્યો સાંભળ્યા પછી નીચે મુજબનો નિર્ણય આપ્યો :–

"માનનીય શ્રી મનોહરસિંહજીએ આજની પ્રશ્નોત્તરીના એક પ્રશ્ન ઉપર એક મુદ્દો ઉપસ્થિત કરીને એમ વાત કરી કે કોઈ મંત્રીશ્રી ઉપર કોઈ પત્ર આવ્યો હોય અને એ પત્ર ઉપર મંત્રીશ્રીએ કોઈ નોંધ કરી હોય એ નોંધ સામાન્ય રીતે વાંચવી ન જોઈએ અને વાંચવામાં આવતી નથી. મુખ્યમંત્રીશ્રીએ પણ એ વાતને અનુમોદન આપ્યું છે. સામાન્ય રીતે કોઈ મંત્રીશ્રી પત્ર ઉપર નોંધ કરે એ પ્રિવિલેજ ડોકયુમેન્ટ હોય છે પરંતુ અહીંયા પ્રશ્ન ઉપસ્થિત થયો છે એમાં માનનીય શ્રીમતી ચંદ્રિકાબહેને એમ ઈનસિસ્ટ કરેલ છે કે આ પત્રમાં શું નોંધ છે ? એના જવાબમાં (અંતરાય) આઈ નો ઈટ વેરી વેલ. યુ કેન નોટ ચેલેન્જ. એના ઉપર માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રીએ વાત કરી છે એટલે મારે વિનંતી એ કરવાની કે આ બાબતમાં સભ્યશ્રીઓએ પણ એવો આગ્રહ ન રાખવો જોઈએ કે એના ઉપર મંત્રીશ્રીએ શું કાર્યવાહી કરી છે કે નોંધ લીધી છે. આવી જે ઈન્ટરનલ નોંધ હોય છે એ જાહેર પણ ન કરવી જોઈએ."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, પુસ્તક–૫૫ કોલમ ૨૫૭ થી ૨૫૯)**

**પ્રશ્નો**

**પૂરક પ્રશ્ન–**

***૫૩. પૂરક પ્રશ્ન દાખલો આપ્યા વગર સીધો પૂછવો જોઈએ.**

તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૮૬ના રોજ નહેરુ યુવક કેન્દ્રો શરૂ કરવા અંગેના સભ્યશ્રી ખોડીદાસ ઠકકરના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૫૩૩૮ ઉપરની પ્રશ્નોત્તરી દરમિયાન સભ્યશ્રી હરિપ્રસાદ શુકલ પૂરક પ્રશ્ન પૂછી રહયા હતા તેમાં તેઓએ એક શિબિર અંગેનો દાખલો આપવાની શરૂઆત કરતાં માનનીય અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ તેઓને અટકાવ્યા અને નીચે પ્રમાણે નિર્ણય આપ્યો :–

"પ્રશ્ન પૂછવામાં દાખલો ન હોય, સીધો જ પ્રશ્ન પૂછવો જોઈએ."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૧૨, કોલમ–૪૮૨)**

***(ઉકત નિર્ણયની સાથે સાથે અધ્યક્ષના અગત્યના નિર્ણયોની ૧૯૬૦–૮૪ની પુસ્તિકાના પાના નં. ૨૪૯ ઉપરનો નિર્ણય ક્રમાંક ૩૬૪ પણ ધ્યાને લેવામાં આવે.)**

**પ્રશ્નો–**

**પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરવા બાબત.**

**૫૪. નિયમો અને પ્રણાલિકાઓ સાથે સુસંગત ન હોય તેવો પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી શકાય નહીં.**

તા. ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ સભ્યશ્રી ઉદેસિંહ બારીયાએ, વર્તમાનપત્રોને આપવામાં આવતી જાહેરખબરો અને તેની પાછળ થતા ખર્ચ અંગેના એક તારાંકિત પ્રશ્નના સરકારે આપેલા જવાબ સંબંધમાં પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કરવાનો પ્રયત્ન કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ, "આ કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર નથી." એવું રુલીંગ આપ્યું. આ રુલીંગ સંબંધમાં સભ્યશ્રી વજુભાઈ વાળાએ "જે પ્રકારનો જવાબ છે તેનાથી સભ્યશ્રીઓના જવાબ મેળવવાના અધિકાર ઉપર તરાપ મારવામાં આવે છે તેથી નિર્ણય આપવામાં ઉતાવળ નહીં કરવા તથા બાકીના સભ્યશ્રીઓને સાંભળવા માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી ઉદેસિંહ બારીયાના પોઈન્ટ ઓફ ઓર્ડર તથા સભ્યશ્રી વજુભાઈ વાળાની રજૂઆત સંબંધે નીચે મુજબનો નિર્ણય આપ્યો :–

"આ સભાગૃહમાં કોઈપણ માનનીય સભ્યશ્રી જયારે કોઈપણ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવે ત્યારે નિયમો અને પ્રણાલિકાઓ પ્રમાણે પોઈન્ટ ઓફ ઓર્ડરનો ચુકાદો અધ્યક્ષ સ્થાનેથી આપવાનો હોય છે. તે ચુકાદો આપતાં પહેલાં અધ્યક્ષશ્રીને એમ લાગે કે આ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર બીજા કોઈ માનનીય સભ્યોના મંતવ્યો જાણવાની જરૂર છે તો તે સભ્યને બોલવા દેવાનો અધિકાર છે અને અધ્યક્ષશ્રીને એમ લાગે કે કોઈપણ વધારે અભિપ્રાય કે કોઈ માહિતી જાણવાની જરુરત નથી અને તે જાણ્યા સિવાય પણ આ પોઈન્ટ ઓફ ઓર્ડરનો સ્પષ્ટપણે ચુકાદો આપી શકાય તેમ છે તો તે ચુકાદો આપવાનો પણ અધ્યક્ષને અધિકાર છે એટલે કોઈના હકક ઉપર તરાપ મારવાનો કે ન સાંભળવાનો કોઈ સવાલ ઉભો થતો નથી.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, પુસ્તક–૬૨, કોલમ ૭૯૩ થી ૭૯૫)**

**પ્રશ્નો–**

**મંત્રીશ્રીએ રાખવાની કાળજી–**

**૫૫. (૧) પ્રશ્નોત્તરીકાળ દરમિયાન મંત્રીશ્રીએ જવાબો આપવામાં કાળજી રાખવી જોઈએ.**

**(૨) પ્રશ્નોત્તરી વખતે સભ્યશ્રીઓ / મંત્રીશ્રીઓએ કોમેન્ટ કરવી જોઈએ નહીં.**

તા. ૮મી જાન્યુઆરી, ૧૯૯૩ના રોજ સભ્યશ્રી નલિન ભટ્ટે, પ્રશ્નોત્તરીકાળ દરમિયાન પૂરતી તૈયારી વિના મંત્રીશ્રીઓ દ્વારા જવાબો આપવાના કારણે થતા સમયના બગાડ સંબંધમાં પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો અને ઉકત બાબત સંબંધમાં માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું હતું.

ઉકત બાબતે માનીય સભ્યશ્રી નલિન ભટ્ટ તથા અન્ય સભ્યશ્રીઓએ પોતાનાં મંતવ્યો વ્યકત કર્યા હતા. તેમાં શ્રી સી. ડી. પટેલે "પ્રશ્નોના અસંતોષકારક જવાબો" અંગેના અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણય ક્રમાંક–૨૮૦નો પણ ઉલ્લેખ કર્યો હતો. મંતવ્ય સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ નીચે મુજબનો નિર્ણય આપ્યો :–

"માનનીય સી. ડી. પટેલ જે ચુકાદો વાંચતા હતા એ આના સંદર્ભમાં બરાબર એટલા માટે નથી કે પોઈન્ટ ઓફ ઓર્ડર લેવામાં આવ્યો એ એટલા મુદ્દા ઉપર લેવામાં આવ્યો છે કે પ્રશ્નોત્તરીનો કલાકએ સભાગૃહના તમામ માનનીય સભ્યશ્રીઓ માટે મહત્વનો કલાક છે અને એમાં માનનીય મંત્રીશ્રીઓ તરફથી જે જવાબો આપવામાં આવે એ જવાબમાં વારંવાર કરેકશન કરવું પડે એવી પરિસ્થિતિ જયારે થાય, કાયમ થાય છે એવી રજૂઆત નથી, પણ જયારે થાય ત્યારે એમાં સમયનો વ્યય થતો હોય છે. સુધારવાના અધિકાર વિશે પણ કંઈ વિવાદ નથી. જે પ્રશ્ન મૂળભૂત રીતે આ પોઈન્ટ ઓફ ઓર્ડર દ્વારા ઉઠાવવામાં આવ્યો છે તે એ છે કે પ્રશ્નોત્તરીના કાળને આપણે વધારેમાં વધારે કિંમતી સમય ગણતા હોઈએ તો પ્રશ્નો વધારેમાં વધારે લેવાય એ જરૂરી છે. જયારે એક પ્રશ્ન ચર્ચાતો હોય છે ત્યારે પ્રશ્ન પૂછનાર માનનીય સભ્યશ્રી પણ પૂરક પ્રશ્નમાં ટૂંકો પ્રશ્ન પૂછીને માહિતી મેળવવાનો આગ્રહ રાખતા હોય તો બીજા બે ચાર વધારે સવાલો લઈ શકાય. આ સીધી સાદી સમજની વાત છે, પણ કેટલીક વખત માનનીય સભ્યશ્રીઓ એની પૂર્વભૂમિકા એટલી વિસ્તૃત રીતે આપતા હોય છે કે જેમાં ઘણો સમય વ્યતિત થતો હોય છે અને પરિણામે જે પ્રશ્ન વિસ્તૃત રીતે રજૂ થાય એના જવાબ સ્વભાવિક જ મંત્રીશ્રી વિસ્તૃત રીતે આપવાનો પ્રયત્ન કરે તો પછી એમને અટકાવવાનું કામ મારે માટે મુશ્કેલ

બની જતું હોય છે. સવાલ એ પરિસ્થિતિમાંથી ત્રીજો એ ઉભો થાય છે કે પૂરક પ્રશ્નોત્તરી વખતે એક યા બીજી બાજુ તરફથી જયારે કોમેન્ટ કરવામાં આવે છે ત્યારે મારી મુસીબતમાં ઘણો વધારો થતો હોય છે. મને લાગે છે કે આજે તો પરિસ્થિતિ એક તબકકે એવી નિર્માણ થઈ કે મને એમ મનમાં થયું કે અરધા કલાક માટે ગૃહને આપણે એડજર્ન કરીએ પણ અરધા કલાકનું એડજર્નમેન્ટ કરીને એ પરિસ્થિતિ ઉભી કરું તો કેટલી પ્રશ્નોત્તરી રહી જાય અને પ્રશ્ન પૂછનાર સભ્યશ્રીઓના હક જોખમાય એટલે એને ટોલરેટ કરીને પણ આગળ ચલાવવાની મારી કોશિશ અને પ્રયત્નો રહેતા હોય છે, એનો અર્થ એ નહીં થવો જોઈએ કે હું કોઈ કડક પગલાં ભરતાં અચકાઉ છું અને એ રીતે મારી સહિષ્ણુતા કે સહનશકિતની મર્યાદા મારે ઓળંગવી પડે ત્યાં સુધી ખેંચવામાં આવે એ પણ બરાબરનથી. આ વાત માત્ર એક પક્ષને કહું છું એમ નથી બંને પક્ષોને નજર સમક્ષ રાખીને આ વાત કરું છું. એ સંજોગોમાં મારા આ ત્રણ મુદ્દા ઉપર પૂરતું ધ્યાન આપીને આ સભાગૃહના સર્વે માનનીય સભ્યશ્રીઓ એ રીતનું વર્તન હવે પછી રાખે એવી હું ચોકકસ આશા રાખું."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, પુસ્તક–૮૧, કોલમ નં. ૮૯૪ થી ૮૯૯)**

**પ્રશ્નો–**

**શિષ્ટાચાર–**

**૫૬. વિરોધપક્ષના નેતાશ્રી પ્રશ્ન પૂછતા હોય ત્યારે વિરોધપક્ષના બીજા સભ્યોએ ઉભા ન થવું જોઈએ.**

તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૮૫ના રોજ ખેડા જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ બાબતના સભ્ય શ્રીમતી કુસુમબેન ખંભોળજાના અગાઉ મુલતવી રહેલ પ્રશ્ન ક્રમાંક–૨૦૦૩ની પ્રશ્નોત્તરી દરમિયાન માન. વિરોધપક્ષના નેતાશ્રી પૂરક પ્રશ્ન પૂછી રહયા હતા ત્યારે અધવચ્ચેજ સભ્યશ્રી અશોક ભટ્ટ તેમજ વિરોધપક્ષના બીજા કેટલાક સભ્યશ્રીઓ પૂરક પ્રશ્ન પૂછવા ઉભા થતાં માન. અધ્યક્ષશ્રી (નટવરલાલ શાહ)એ નીચે મુજબ અવલોકન કર્યું :–

"માનનીય અશોકભાઈ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પૂછતા હોય ત્યારે આપ ઉભા થાઓ એ પણ વાજબી નથી અને એમના જ પક્ષના આપ સૌ પાછળ ઉભા થાઓ તે પણ બરાબર નથી."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૮, કોલમ–૪૬૩)**

**પ્રશ્નો–**

**સભ્યની ગેરહાજરી–**

**જાહેર હિત–**

**૫૭. (૧) કોઈ સભ્યની ગેરહાજરી હોય છતાં તે સભ્યના પ્રશ્નોની માહિતી જાહેર હિતમાં સભાગૃહને આપવા મંત્રીશ્રીને જરૂરી જણાય તો મંત્રીશ્રી જવાબ આપી શકે છે.**

**(૨) કોઈ સભ્ય પોતાનો પ્રશ્ન પૂછવાનો અધિકાર અન્ય સભ્યને તબદીલ કરી શકે નહીં.**

તારીખ. ૨૭મી જૂન, ૧૯૮૫ના રોજ પ્રશ્નોત્તરી દરમિયાન સભાગૃહમાં ગેરહાજરરહેનાર સભ્યનો કમળા અંગેનો તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૨૪૬ પૂછવા દેવા સભ્યશ્રી દિનશા પટેલે વિનંતી કરી ત્યારે અધયક્ષે અવલોકન કર્યું કે આ ગૃહમાં કોઈની પ્રોકસી ચાલતી નથી. શ્રી દિનશાએ પોતાનો આવો પ્રશ્ન પાછળ આવતો હોવાથી ફરી પ્રશ્ન પૂછવા દેવા રજૂઆત કરી. આ અંગે સભ્યશ્રી અશોક ભટ્ટ અને માન. આરોગ્ય મંત્રીશ્રી વલ્લભભાઈ પટેલને સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો :–

"માનનીય અશોકભાઈ આપ અને મંત્રીશ્રી સમજી જાવ એટલે ન ચાલે. મંત્રીશ્રીએ સામે ચાલીને ઓફર કરવી જોઈએ. માનનીય સભ્યશ્રી હાજર નથી પણ આનો જવાબ જાહેર હિતમાં મારે આપવો છે તો હું આપવા માગું છું બાકી આપ કહો અને એ હા પાડે તે ન ચાલે."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૩, કોલમ–૪૦૯)**

**પ્રશ્નો–**

**સભ્યનું મંત્રી તરીકે નામ સૂચવવું–**

## ૫૮. ગૃહમાં કોઈ સભ્યનું નામ લઈને તેમને મંત્રીમંડળમાં લેવા સૂચવવું બરાબર ન ગણાય.

તારીખ ૧૮મી જુલાઈ, ૧૯૮૫ના રોજ પ્રશ્નોત્તરી દરમિયાન સભ્યશ્રી મનુભાઈ કોટડિયાના તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૨૧૭નો જવાબ આરોગ્ય મંત્રીશ્રી વલ્લભભાઈ પટેલ આપી રહયા હતા ત્યારે માન. અધ્યક્ષશ્રીએ વચ્ચે ટકોર કરી કે, આ વખતે ધારાસભામાં અમરેલી જિલ્લાનું આક્રમણ વધારે હોય તેમ લાગે છે, ત્યારે સભ્યશ્રી મનુભાઈ કોટડિયાએ જણાવ્યું કે સાહેબ અમે એને માટે મહેનત કરીએ છીએ કારણ કે અમરેલી જિલ્લાનું કોઈ ધણી ધોરી નથી અમરેલી જિલ્લાના આ વખતે કોઈ મંત્રી પણ નથી એટલે શ્રી ખોડાભાઈ નકુમને આ વખતે લેવાય તો સારું. આ તબકકે માન. અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નીચે મુજબ નિર્ણય આપ્યો :–

"માનનીય મનુભાઈ આવી રીતે આપ વાત કરો એ વાજબી નથી. "ઈટ ઈઝ નોટ ફેર" આવી રીતે બોલાય નહીં એમાં આપ કોઈનું નામ શા માટે લો છો ? એમ કહો કે અમરેલીમાંથી કોઈને મિનિસ્ટ્રીમાં લો."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૬૫ કોલમ–૭૯૧–૭૯૨)**

**પ્રશ્નો–**

**સભ્યોએ પાળવાનાં ધોરણો–**

## ૫૯. સભ્ય પાસે કોઈ એક વ્યકિત આવીને કહે (રજૂઆત કરે) એટલે તરત જ પ્રશ્ન પૂછવો એ પધ્ધતિ બરાબર નથી. તેની પૂરી તપાસ કરવી જોઈએ.

તારીખ ૧૮મી જુલાઈ, ૧૯૮૫ના રોજ પ્રશ્નોત્તરી દરમિયાન તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૩૪૮ના પ્રભારી સભ્યશ્રીનું નામ પોકાર્યું પરંતુ પ્રશ્ન પૂછનાર સભ્યશ્રી ગેરહાજર હતા. આ વખતે પ્રશ્નના સંદર્ભમાં માન. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી વલ્લભભાઈ પટેલે જણાવ્યું કે આજે પણ એક કર્મચારીના પાંચ પ્રશ્નો આપ્યા છે. આ તબકકે માન. અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ અવલોકન કર્યું :–

"ગયે વખતે પણ મેં કહયું હતું અને આજે પણ ફરીથી કહું છું કે એક કર્મચારી જુદા જુદા ધારાસભ્યો પાસે જાય અને એકની એક માહિતી તેમને આપે અને પ્રશ્ન પૂછાવડાવે ત્યારે કોઈ ધારાસભ્ય એમને એમ પૂછે તો ખરા કે નહિ કે તમોએ બીજા કોઈને અપ્રોચ કર્યો છે ? બીજા કોઈ ધારાસભ્ય પાસે પ્રશ્ન પૂછાવ્યો છે ? આ અંગે હકીકત શું છે ? અને શું નહીં તેની તપાસ તો ધારાસભ્યે કરવી જોઈએને ? એટલી જવાબદારી તો ધારાસભ્ય તરીકે ખરી કે નહિં ? આખરે તો આપણે એ વાતનો સ્વીકાર કરતા હોઈએ કે ધારાસભ્યો આ સભાગૃહમાં જે કાંઈ બોલે છે એ જવાબદારપૂર્વક બોલે છે એટલે મંત્રીશ્રીએ એમનું સાચું માનીને એના ઉપર પગલાં લેવા જોઈએ. આ સિધ્ધાંત આપણે પ્રતિપાદન કર્યો છે અને રિવાજ પણ છે. પ્રશ્નો પૂછતી વખતે સભ્યોએ પૂરેપૂરી તપાસ કરવી જોઈએ અને આપેલી માહિતીમાંથી કેટલું સાચું છે અને કેટલું ખોટું છે એની પૂરેપૂરી તપાસ કરવી જોઈએ. એક જણ આવીને કહે એટલે તરત જ પ્રશ્ન પૂછી નાખવો એ પધ્ધતિ બરાબર નથી."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૬, કોલમ–૭૮૦)**

**પ્રશ્નો**

**સ્પષ્ટતાનો મૃદો –**

**માહિતી એકઠી કરવાની જવાબદારી–**

## ૬૦. જવાબ આપતી વખતે "સરકાર પાસે બીજાં ઘણા કામો છે." તેનો જવાબ મંત્રીશ્રીથી આપી શકાય નહીં.

ન્યાય સંકુલમાં નિયમ વિરૂધ્ધ બાંધકામ અંગેના, સભ્યશ્રી હરગોવિંદભાઈ ઉપાધ્યાયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૨૨૨૦૯ની ચર્ચા દરમિયાન "માહિતી મેળવવામાં મંત્રીશ્રીને કેટલા દિવસ જોઈએ?" તેવા માન અધ્યક્ષશ્રીએ પૂછેલા પ્રશ્નના જવાબમાં માન. બાંધકામ મંત્રીશ્રી દોલતભાઈ પરમારે જણાવ્યું કે આ એક જ પ્રશ્ન લઈને સરકાર નથી બેઠી, બીજા ઘણા બધા પ્રશ્નો વિભાગ પાસે હોય છે. માન. મંત્રીશ્રીના આ જવાબના સંબંધમાં માનનીય વિરોધપક્ષના નેતા શ્રી ચીમનભાઈ પટેલે સ્પષ્ટીકરણનો મુદ્દો ઉપસ્થિત કરતાં જણાવ્યું કે "માનનીય મંત્રીશ્રીએ જવાબ આપતી વખતે એ પ્રકારનું વિધાન કર્યુ કે સરકાર આ એક પ્રશ્ન લઈને બેઠી નથી એનો અભિપ્રેત અર્થ એવો થાય કે સરકાર પાસે ઘણા

બધા પ્રશ્નો છે અને ઘણા બધા પ્રશ્નોમાં એને ધ્યાન આપવાનું હોઈ આ પ્રશ્નમાં ધ્યાન આપતી નથી. મારે માનનીય મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે તે એટલું જ કે આખા પ્રશ્નનો નિકાલ અહીંયા લોકશાહી ઢબે જે રીતે થતો હોય તે રીતે પણ Question hour એ આ હાઉસમાં એક એવો સમય હોય છે જેમાં સૌ કોઈ સભ્ય જે વાત પૂછવી હોય તે પૂછે અને યોગ્ય માહિતી મળે. સરકારનું દ્રષ્ટિબિંદુ સમજવાનો અવકાશ મળે. હવે એવા સંજોગોમાં મંત્રીશ્રી તૈયાર થઈને ન આવે અને તે વખતે માત્ર આ હાઉસ એ સર્વોપરી છે એ વાત ખ્યાલમાં રાખ્યા વગર એમ કહે કે આ એક જ પ્રશ્ન લઈને સરકાર બેઠી નથી એ એમનું જે અવલોકન છે એ કઠે છે અને એવું ન થાય એટલી જ મારી વિનંતી છે."

ત્યારે માનનીય અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નીચે મુજબ નિર્ણય આપ્યો :–

"માનનીય શ્રી ચીમનભાઈ, આપે જે મુદ્દો ઉઠાવ્યો તેમાં એક વાત તો સાચી છે કે માનનીય મંત્રીશ્રીને જ્યારે પ્રશ્ન પૂછવામાં આવે છે ત્યારે એમની પાસે એક પ્રશ્નનો જવાબ આપવાની મર્યાદિત અપેક્ષા રાખવામાં આવે છે કે ભાઈ આટલા પૂરતો જ તમારે જવાબ આપવાનો છે અને મર્યાદિત અપેક્ષા રાખવામાં આવતી હોય ત્યારે એને અંગેની જે મર્યાદા આવે તે માહિતી સંપૂર્ણપણે એકઠી કરવાની જવાબદારી એ મંત્રીશ્રીની છે અને એ જવાબદારીમાંથી મંત્રીશ્રી છટકી શકે નહિ. એમણે જવાબ આપવાની ફરજ છે. આ સભાગૃહમાં પ્રશ્નોત્તરીમાં જ્યારે પ્રશ્ન આવે ત્યારે એક પ્રશ્ન આવ્યો એના અંગેની માહિતી એકઠી કરવાની હોય ત્યારે કોઈ મંત્રીશ્રી એમ કહે કે "સરકાર પાસે બીજાં ઘણાં કામો છે." એ કોઈપણ સંજોગોમાં વાજબી નથી. મને લાગે છે કે કોઈપણ જવાબદાર મંત્રીશ્રી આવું નિવેદન કરી શકે જ નહિ અને એટલા માટે જ મેં કહયું કે આપશ્રીનો જવાબ ખોટો છે, તે તો આપે સાંભળ્યું હશે કે આવો જવાબ ચાલી શકે નહિ. હું ઈચ્છું કે મંત્રીશ્રીઓ એ ધ્યાનમાં રાખે અને માનનીય મુખ્યમંત્રીશ્રી આપ પણ મંત્રીશ્રીઓને સૂચના આપો કે જવાબ આપતી વખતે સરકાર પાસે ઘણા કામો છે તેવો જવાબ આપે નહીં. જવાબ આપતી વખતે સરકાર પાસે ઘણા કામો છે એ તો ઘણા બધા જાણે જ છે. તમે જે એક કલાક કામ છોડીને અહીં હાજર રહો છો એમાં તમે શું કામ કરો છો એનો હિસાબ આપવાની બાબતમાં આનાકાની કરવામાં આવે કે બહાના બતાવવામાં આવે તો એ કોઈપણ સંજોગોમાં વાજબી નથી. આ મંત્રીશ્રીઓની જવાબદારી છે અને જવાબદારી ઉપાડવાની મંત્રીશ્રીઓએ સંપૂર્ણ તૈયારી રાખવી જોઈએ. એ એમની પ્રાથમિક ફરજ છે. હું માનું છું કે ચીમનભાઈએ જે વાત કરી અને મેં જે કંઈ કહયું તેને ખ્યાલમાં રાખીને ભવિષ્યમાં મંત્રીશ્રીઓ આવા પ્રકારનો જવાબ આપવાનો કોઈ દિવસ પ્રયત્ન નહીં કરે."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૩૬, કોલમ – ૩૩૪–૩૩૫ અને ૩૬૯–૩૭૦)**

**પ્રસ્તાવ–**

**વૈધાનિક પ્રસ્તાવ–**

**નોટિસ આપ્યા સિવાય લાવવામાં આવેલ પ્રસ્તાવ–**

**૬૧. નોટિસ પિરિયડમાં ઘટાડો કરવાનું કે નોટિસ વગર ચલાવી લેવાની અધ્યક્ષશ્રીને સત્તા છે.**

તા. ૧૩–૨–૯૧ના રોજ વિધાનસભાના સભ્યોને પક્ષાંતર બદલ ગેરલાયક ઠરાવવા બાબતના નિયમો મંજૂર રાખવાનો પ્રસ્તાવ કોઈપણ પ્રકારની નોટિસ આપ્યા સિવાય કાયદા મંત્રીશ્રી લાવ્યા હતા. આ બાબતે સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજાએ તા. ૧૪–૨–૯૧ના રોજ મુદ્દો ઉપસ્થિત કર્યો કે, નિયમો મંજૂર રાખવા માટે યોગ્ય સ્વરૂપે પ્રસ્તાવની નોટિસ આપવી જોઈએ, નિયમોમાં નોટિસના સમયમાં ઘટાડો કરવાની અધ્યક્ષશ્રીને સત્તા આપેલી છે પરંતુ નિયમો પ્રમાણે નોટિસ વેવ ન થઈ શકે.

**ઉક્ત મુદ્દા સંબંધમાં માનનીય અધ્યક્ષશ્રીએ તા. ૧૯મી, માર્ચ, ૧૯૯૧ના રોજ નીચે મુજબ નિર્ણય આપ્યો :–**

"સભ્યશ્રી મનોહરસિંહજીના મુદ્દા અંગે નિર્ણય કરતાં પહેલાં તે અંગેની પૂર્વભૂમિકા સમજવી જરૂરી લાગે છે. વિધાનસભાના સભ્યોને પક્ષાંતર બદલ ગેરલાયક ઠરાવવા બાબતના નિયમો ૧૯૯૦, સભાગૃહમાં તા. ૧૩–૨–૯૧ના રોજ મૂકવામાં આવેલા. આ નિયમો ભારતના બંધારણની ૧૦મી અનુસૂચિના ફકરા ૮ નીચે ઘડવામાં આવેલા. ફકરા ૮(૨)ની જોગવાઈ પ્રમાણે આ નિયમો ૩૦ દિવસ માટે સભાગૃહના મેજ ઉપર મૂકવાના રહે છે અને તે ૩૦ દિવસનો

સમય પૂરો થતાં પહેલાં આવા નિયમો કોઈ સુધારા સાથે કે સુધારા વગર મંજૂર કે નામંજૂર કરવામાં ન આવે તો ૩૦ દિવસના અંતે અમલી બને છે અને જો વહેલા મંજૂર કરવામાં આવે તો જયારે તે મંજૂર થાય ત્યારથી અમલમાં આવે છે. આમ પ્રસ્તુત ફકરા ૮ નીચે ઘડાયેલા નિયમોને મંજૂર કરવા માટેની જોગવાઈ બંધારણમાં હોવાથી પ્રસ્તુત નિયમો મંજૂર કરવા માટે ગુજરાત વિધાનસભાના નિયમો નીચે કાર્યપધ્ધતિ થવી જોઈએ તેમ હું માનું છું અને આવો પ્રસ્તાવ વિધાનસભાના નિયમોના નિયમ–૨(યુ) પ્રમાણે વૈધાનિક પ્રસ્તાવ ગણાય અને તેથી આવા પ્રસ્તાવને નિયમ ૧૦૦ના પ્રબંધ લાગુ પડે. તદૃનુસાર આવો પ્રસ્તાવ લાવવા માટે ૭ દિવસની સૂચનાની જરૂર રહે છે.

એ વાત સાચી છે કે માનનીય કાયદા મંત્રીશ્રી નિયમ ૧૦૦ નીચે ૭ દિવસની સૂચના આપીને સભ્યોને પક્ષાંતર બદલ ગેરલાયક ઠરાવવા બાબતના નિયમો મંજૂર કરવા માટેનો પ્રસ્તાવ લાવ્યા ન હતા પરંતુ તેમણે આવો પ્રસ્તાવ, નિયમો મેજ ઉપર મૂકયા તે જ દિવસે રજૂ કરવા માટે મારી સંમતિ મેળવવા માટે વિનંતી પત્ર મોકલ્યો હતો અને મારી પરવાનગી પછી એમણે સદરહુ પ્રસ્તાવ રજૂ કરેલો. આવો પ્રસ્તાવ ઉતાવળે લાવવામાં આવ્યો ન હોત તો તમામ સભ્યશ્રીઓને અસર કરે તેવી ગંભીર બાબતમાં પુખ્ત વિચારણા કરવાની તક મળત અને તે મુજબની કાર્યપધ્ધતિ અપનાવાઈ હોત તો તે વધારે ઉચિત હતું પરંતુ જે કાર્યપધ્ધતિ અપનાવવામાં આવી છે તે નિયમો સાથે સુસંગત નથી એમ કહેવું બરાબર નથી. નિયમ ૫૩ની જોગવાઈ પ્રમાણે કોઈપણ પ્રસ્તાવ માટે ઠરાવેલ સમયમર્યાદામાં ઘટાડો કરવાની અને નોટિસ વગર ચલાવી લેવાની પણ અધ્યક્ષશ્રીને સત્તા આપવામાં આવી છે. આથી માનનીય કાયદા મંત્રીશ્રીએ જયારે નિયમો મંજૂર કરવાનો પ્રસ્તાવ રજૂ કરવાની પરવાનગી માગી અને મેં આપી ત્યારે મેં નિયમ ૫૩ નીચે મળેલી સત્તા અનુસાર પરવાનગી આપી છે તેમ ગણવાનું રહે, તેમ છતાં માનનીય સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજાએ જયારે તા. ૧૪–૨–૯૧ના રોજ પ્રસ્તુત નિયમો મંજૂર રાખવાનો પ્રસ્તાવ કોઈપણ પ્રકારની નોટિસ આપ્યા સિવાય લાવવામાં આવ્યો તેને ઔચિત્ય સંબંધે મુદ્દો ઉપસ્થિત કર્યો ત્યારે મુદ્દો વાજબી હોવાથી કંઈ રસ્તો શોધવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ પ્રસ્તુત મુદ્દો કામકાજ સલાહકાર સમિતિને સોંપવા કરેલ સૂચનો સાથે સભાગૃહના સભ્યશ્રીઓ સંમત થયા અને તદૃનુસાર આ મુદ્દો કામકાજ સલાહકાર સમિતિને સોંપવામાં આવ્યો.

સભ્યોને પક્ષાંતર બદલ ગેરલાયક ઠરાવવા બાબતના નિયમો મંજૂર રાખવાનો પ્રસ્તાવ સભાગૃહમાં રજૂ થઈ ગયેલો અને તે પસાર પણ થયેલો હોવાથી ઔચિત્યના મુદ્દા અંગે વિચાર કરીને નિયમો ફરીથી સભાગૃહની મંજૂરી માટે મૂકવાના થાય. તો પ્રસ્તુત નિયમોને મંજૂર રાખવા સંબંધમાં સભાગૃહમાં તારીખ ૧૩–૨–૯૧ના રોજ જે કાર્યવાહી થઈ તે રદ કરવી પડે. આ મુદ્દા અંગે કામકાજ સલાહકાર સમિતિની બે–ત્રણ બેઠકોમાં કોઈ નિર્ણય થઈ શકયો નહીં છેવટે કામકાજ સલાહકાર સમિતિની તા. ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૧ના રોજ મળેલી બેઠકમાં જે નિર્ણય થયો તેની જાણ સભાગૃહને સમિતિના ૧૪માં અહેવાલ દ્વારા કરવામાં આવી. જેનાથી આ સભાગૃહ માહિતગાર છે.

સભ્યોને પક્ષાંતર બદલ ગેરલાયક ઠરાવવા બાબતના નિયમો સભાગૃહમાં તા. ૧૩–૨–૯૧ના રોજ મંજૂર થયેલ અને તે અંગે ફેરવિચારણા કરવાનો મુદ્દો કામકાજ સલાહકાર સમિતિ સમક્ષ નિર્ણય માટે બાકી હોય ત્યાં સુધી વિધાનસભા સચિવાલયે પ્રસ્તુત નિયમો ગેઝેટમાં પ્રસિધ્ધ કરાવ્યા ન હતા. જો કે પ્રસ્તુત નિયમો જે દિવસે સભાગૃહમાં મંજૂર થયા તે દિવસે ગેઝેટમાં છાપવા માટે સરકારી પ્રેસને મોકલી આપવામાં આવ્યા હતા પરંતુ તે અંગે સભાગૃહમાં થયેલ નિર્ણય બદલવામાં આવે તો પ્રસ્તુત નિયમો કદાચ પાછળથી અમલમાં આવે તેવી પરિસ્થિતિ પેદા થાય તેમ લાગવાથી નિયમોની પ્રસિધ્ધિ રોકવામાં આવેલી. છેવટે સભાગૃહનો નિર્ણય ન બદલવા અંગે જયારે કામકાજ સલાહકાર સમિતિએ આખરી નિર્ણય કર્યો ત્યારે તે નિયમો જે તારીખે સભાગૃહે મંજૂર રાખ્યા તે તારીખથી બંધારણની જોગવાઈ પ્રમાણે અમલમાં આવે અને તદૃનુસાર તા. ૧૩–૨–૯૧ થી આ નિયમો અમલી બન્યા છે. આ સ્પષ્ટતાથી નિયમોના અમલ બાબતના વિવાદનો અંત પણ આવશે તેમ હું માનું છું.

સભ્યોને પક્ષાંતર બદલ ગેરલાયક ઠરાવવા બાબતના નિયમો મંજૂર રાખવા માટે પ્રસ્તાવની સૂચના આપી હોવાનું માનનીય કાયદા મંત્રીશ્રીએ જણાવ્યું નથી પરંતુ તેમણે લેખિત પરવાનગી માગી અને તે પરવાનગી મળ્યા પછી

પ્રસ્તાવ રજૂ કર્યો છે તેમ તેમણે જણાવ્યું હતું. મેં અગાઉ જણાવ્યું તે પ્રમાણે વિધાનસભાના નિયમોના નિયમ ૫૩ નીચે નોટિસ વગર ચલાવી લઈને પણ પ્રસ્તાવ રજૂ કરવા દેવાનો અધ્યક્ષશ્રીને અધિકાર આપ્યો હોવાથી નિયમ નીચે કોઈપણ પ્રસ્તાવ માટે નોટિસ આપવી જ જોઈએ તે પ્રકારનો મુદ્દો નિયમ ૫૩ની જોગવાઈના સંદર્ભમાં સ્વીકારી શકાય તેમ નથી.

આ સભાગૃહ જાણે છે કે સભાગૃહની ગેલેરીમાં બેઠેલા કોઈ પેક્ષક કોઈ સુત્રોચ્ચાર કરે ત્યારે સભાગૃહના અવમાન બદલ તેમને સજા કરવા માટે તરત જ સભાગૃહમાં પ્રસ્તાવ રજૂ થાય છે અને તે માટે કોઈ નોટિસ આપવામાં આવતી નથી. તે જ રીતે સભાગૃહના કોઈ સભ્યશ્રીને નામ દઈને સંબોધવામાં આવે ત્યારે તેમને ગૃહની સેવામાંથી દૂર રાખવા માટેનો પ્રસ્તાવ પણ નોટિસ આપ્યા વગર લાવવામાં આવે છે. સભાગૃહનો સમય લંબાવવા માટેની દરખાસ્ત પણ નોટિસ વગર લાવી શકાય છે પરંતુ કોઈ પ્રસ્તાવ લાવવા માટે નોટિસ આપવાની જોગવાઈ હોય તો પણ સંજોગો પ્રમાણે નોટિસના સમયમાં ઘટાડો કરવાનું કે નોટિસ વગર ચલાવી લેવાનું નિયમોમાં જ ઠરાવ્યું છે, તેથી પ્રસ્તુત કિસ્સામાં પણ વિધાનસભાના સભ્યોને પક્ષાંતર બદલ ગેરલાયક ઠરાવવા બાબતના નિયમો મંજૂર રાખવા માટેનો પ્રસ્તાવ મારી પરવાનગી લઈને સભાગૃહમાં રજૂ કરવામાં આવેલ હોવાથી અને હાજર રહેલા સભ્યશ્રીઓએ નિયમોની જોગવાઈ પ્રમાણે નોટિસ આપીને પ્રસ્તાવ લાવવા માટે આગ્રહ સેવ્યો હોવાથી માનનીય કાયદા મંત્રીશ્રીનો પ્રસ્તાવ નિયમોની જોગવાઈની વિરૂધ્ધ નથી અને માનનીય કાયદા મંત્રીશ્રીને પ્રસ્તાવ રજૂ કરવા માટેની આપેલી પરવાનગી નોટિસ વગર ચલાવી લેવાના નિયમ ૫૩ના મારા અધિકારની રૂએ આપી છે તેમ ગણવાનું રહે.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, પુસ્તક–૬૬, કોમલ – ૩૮૯ થી ૩૯૩)**

**બિનસરકારી સંકલ્પો–**

**મતદાન–**

***૬૨. સભ્ય બીજી જગાએ બેસીને મત આપે તો તે મત અધિકૃત ગણાય નહિ.**

તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૮૬ના રોજ બિન–સરકારી સંકલ્પો પરની ચર્ચા પૂરી થતાં સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો હતો અને વિભાજનથી મત લેવામાં આવ્યા હતા સભ્યશ્રી હરિપ્રસાદ શુકલે અન્ય જગા ઉપરથી મતદાન કરતાં સભ્યશ્રી અશોક ભટ્ટે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો અને જણાવ્યું હતું કે સભ્યશ્રી શુકલ પોતાની જગા ઉપર બેઠા નથી તેથી તેમણે જે મતદાન કર્યું છે એ ગણતરીમાં ન લેવાય.

માન. અધ્યક્ષશ્રી નટવરલાલ શાહે નીચે પ્રમાણે નિર્ણય આપ્યો :–

"માનનીય સભ્યશ્રી શુકલ પોતાના સ્થાન ઉપર નહોતા એટલે એમનો મત માન્ય નહીં ગણાય."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૧૦, કોલમ – ૧૨૫૩–૧૨૫૪)**

***(ઉક્ત નિર્ણયની સાથે સાથે અધ્યક્ષના અગત્યના નિર્ણયોની ૧૯૬૦–૮૪ની પુસ્તિકાના પાના નં. ૩૨૧ ઉપરનો નિર્ણય ક્રમાંક ૪૬૧ પણ ધ્યાને લેવામાં આવે.)**

**મંત્રીશ્રી–**

**મંત્રીશ્રીનું નિવેદન–**

**૬૩. જાહેર અગત્યની બાબતમાં નિયમ–૪૪ અન્વયે મંત્રીશ્રીએ કરવાનું નિવેદન સામાન્યતઃ નીતિવિષયક બાબત પૂરતું હોવું જોઈએ. વર્તમાનપત્રોમાં અગાઉ પ્રસિધ્ધ થયેલી વિગતોના પુનરાવર્તનરૂપે હોવું ન જોઈએ.**

તારીખ ૧૦મી માર્ચ, ૧૯૮૭ના રોજ બી. એડ. કોલેજમાં અનામતના પ્રશ્ન અંગે માન. શિક્ષણ મંત્રી પ્રો. હસમુખ પટેલે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૪૪ અન્વયે સભાગૃહમાં નિવેદન કર્યું તેના અનુસંધાને સભ્યશ્રી

સુરેશચંદ્ર મહેતા, સભ્યશ્રી અશોક ભટ્ટ તથા વિરોધપક્ષના નેતા શ્રી ચીમનભાઈ પટેલે એવો મુદ્દો ઉપસ્થિત કર્યો કે આ નિવેદનમાં કાંઈ નવું નથી અને આ તો અખબારોમાં જે નિવેદનને પ્રસિધ્ધિ આપેલી તે નિવેદનનું પુનરાવર્તન જ છે.

માન. અધ્યક્ષશ્રી (નટવરલાલ શાહ)એ આ અંગે નિર્ણય આપ્યો કે જયારે બજેટની ચર્ચા ચાલતી હોય, ખાસ કરીને ખાતાના બજેટની ચર્ચા ચાલતી હોય ત્યારે સરકારે નિવેદન કરવા માટે ત્યારે જ સંમતિ માગવી જોઈએ કે જયારે કોઈ નીતિવિષયક નિવેદન કરવાનું હોય, તેવું સરકાર પાસે અપેક્ષિત છે. વિધાનસભા ચાલતી હોય ત્યારે કોઈપણ પ્રકારનું નીતિ વિષયક નિવેદન સભાગૃહને વિશ્વાસમાં લીધા વગર કરી શકાય નહિ. મંત્રીશ્રી આ નિવેદન વાંચતા હતા તેમાં કોઈ નીતિવિષયક બાબત હોય તેવું દેખાતું નથી, જૂની નીતિઓની તેમણે વાત કરી છે અને તે વાતો તો તેઓએ અખબારોમાં કરી તેમ બીજીવાર કરીને ખુલાસો કરી શકયા હોત તેવી જે લાગણી વ્યકત થઈ છે તે મને લાગે છે કે લાગણી સાચી રીતે વ્યકત થઈ છે. હવે તો નિવેદન વંચાઈ ગયું છે અને સભાગૃહ સમક્ષ રજૂ થઈ ગયું છે એટલે એ બાબતમાં કાંઈ આગળ કરવાનું રહેતું નથી.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, ભાગ–૨, પુસ્તક–૨૬, કોલમ :– ૪૩૯–૪૪૪)**

**મંત્રીશ્રી–**

**મંત્રીશ્રીનું રાજીનામું (નિયમ–૧૦૭) –**

**૬૪. (૧) રાજીનામું આપનાર મંત્રીશ્રી, પોતાના રાજીનામા અંગે ખુલાસો કરતા નિવેદનમાં તેમણે બજાવેલી કામગીરીનો ઉલ્લેખ કરી શકે.**

**(૨) નિયમ–૧૦૭ અન્વયે નિવેદનમાં કેબિનેટ સિક્રેટ કે રાષ્ટ્રહિતની કોઈ બાબત આવી ન શકે.**

તા. ૧લી નવેમ્બર, ૧૯૯૦ના રોજ મંત્રીપદેથી રાજીનામું આપનાર સભ્યશ્રી અશોક ભટ્ટે ગુજરાત વિધાનસભાના નિયમ–૧૦૭ અન્વયે પોતાના રાજીનામા અંગે ખુલાસો કરતા નિવેદનમાં, તેમણે જે સમયગાળા દરમિયાન મંત્રીપદ ધરાવ્યું તે ગાળા દરમિયાન બજાવેલી કામગીરીની વિગતો આવરી લીધી હતી. ઉકત બાબતે માનનીય સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજાએ, મંત્રીશ્રી ધ્વારા તેમના રાજીનામાના ખુલાસાને લગતા નિવેદનમાં તેમણે બજાવેલી કામગીરીનો ઉલ્લેખ કરવા બાબતે, પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને માનનીય અધ્યક્ષશ્રીને તેમનો નિર્ણય જણાવવા વિનંતી કરી.

ઉકત વિષય બાબતમાં ગૃહના અન્ય સભ્યશ્રીઓનાં મંતવ્યો સાંભળ્યા પછી માનનીય અધ્યક્ષશ્રીએ નીચે મુજબનો નિર્ણય આપ્યો :–

"માનનીય શ્રી મનોહરસિંહજી જાડેજાએ, માનનીય શ્રી અશોક ભટ્ટે નિયમ ૧૦૭ મુજબનું નિવેદન વાંચતા હતા ત્યારે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને એવી માંગણી કરી કે જે વખતે માનનીય અશોકભાઈ નાગરિક પુરવઠા ખાતાના મંત્રી હતા અને એમની કામગીરીનો ઉલ્લેખ નિવેદનમાં કરવામાં આવે એવું નિવેદન વાંચવા દેવું જોઈએ નહિ. આ સંબંધમાં મેં પુખ્ત રીતે વિચાર કર્યો છે અને જુદા જુદા અગાઉના અધ્યક્ષશ્રીઓના નિર્ણયો પણ હું જોઈ ગયો છું. કૌલ અને શકધરની કાર્યવાહી જોઈ ગયો છું. માત્ર કેબિનેટ સિક્રેટ કે રાષ્ટ્રિય હિતની કોઈ બાબત હોય તો તે નિવેદનમાં આવી ન શકે. તે સિવાયની બાબતો, તેમના ખુલાસાઓ અને તેમણે શી કામગીરી કરી અને તેના કારણે શું બાબતો બની અને શા કારણે રાજીનામું આપવું પડયું, તે અંગેનાં કારણો દર્શાવતુ નિવેદન છે. આ આખું નિવેદન મને આપવામાં આવ્યું હતું અને મેં એ અંગે સંમતિ આપી છે, એટલે આ અંગે પોઈન્ટ ઓફ ઓર્ડર અસ્થાને છે."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, પુસ્તક–૬૦ કોલમ ૨૦૨ થી ૨૦૪)**

**રાજયપાલશ્રી –**

**વર્તણૂક અંગે –**

**૬૫. રાજયપાલશ્રીની વર્તણૂંક અંગે કોઈપણ પ્રકારની ગૌરવશીલ ન હોય તેવી ચર્ચા ગૃહમાં કરી શકાય નહીં.**

તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૮૬ના રોજ પ્રશ્નોત્તરી પછી સભ્યશ્રી દિનશા પટેલે પેન્શન બીલ ઉપર માનનીય રાજયપાલશ્રીએ સહી કર્યાનો મુદ્દો ઉપસ્થિત કરતાં તે અંગે સભ્યશ્રી કરમશીભાઈ મકવાણાએ માન. અધ્યક્ષશ્રીને એવી

પૃચ્છા કરી કે વિધાનસભા ચર્ચાને અંતે કોઈ બિલ પસાર કરે અને સરકાર રાજયપાલશ્રીને મોકલે અને રાજયપાલશ્રીને ત્યાં બીલ લાંબો સમય પડયું રહે એ લોકશાહીનો આદર છે કે અનાદર છે ?

સભ્યશ્રી કરમશીભાઈ મકવાણાની પૃચ્છા સંબંધમાં માન. અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ અવલોકન કરતાં જણાવ્યું કે રાજયપાલશ્રી માટે કોઈપણ પ્રકારની ગૌરવશીલ ન હોય તેવી કોઈ ચર્ચા ગૃહમાં થઈ ન શકે.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૧૧, કોલમ :– ૧૩૦૨–૧૩૦૩)**

**રાજયપાલશ્રીનું સંબોધન–**

**આભાર પ્રસ્તાવ–**

**પ્રવચનની નકલોની વહેંચણી–**

**૬૬. રાજયપાલશ્રીનું પ્રવચન પૂરૂં થાય અને સહી કરી ટેબલ ઉપર મૂકાય ત્યારબાદ જ નકલોની વહેંચણી થઈ શકે.**

તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના રોજ રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં ભાગ લેતાં સભ્ય ડૉ. ઈન્દિરા જયાર્જ સોલંકીએ જણાવ્યું કે નામદાર રાજયપાલશ્રીએ જે પ્રવચન કર્યું છે હું તેને આવકારું છું પણ મારી એક નમ્ર વિનંતી છે કે જયારે પ્રવચન ચાલતું હોય ત્યારે અમને જો તેની નકલો મળી હોત તો વધારે સારું થાત. જેથી અમને વાંચનનો વખત વધારે મળત અને વધારે સમજણ પડત.

આ તબકકે માનનીય અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ જણાવ્યું કે જયાં સુધી રાજયપાલશ્રી પોતાનું પ્રવચન પૂરૂં કરે નહીં અને સહી કરીને એ અહીં ટેબલ ઉપર મૂકાય નહીં ત્યાં સુધી વિધાનસભાની પાસે તેનો કબજો આવતો નથી અને એટલે એ કોઈને મળી શકે નહીં. સહી કરીને આપે એ પછી જ વહેંચાય, તે પહેલાં વહેંચાય નહીં.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૯, કોલમ :–૮૧૦)**

**રાજયપાલશ્રીનું સંબોધન–**

**આભાર પ્રસ્તાવ–**

**પ્રસ્તાવનું સ્વરૂપ–**

***૬૭. (૧) રાજયપાલશ્રીના સંબોધનમાં સત્ર આહવાન માટેનાં કારણો હોવાં જોઈએ પણ તેમ ન થયું હોય તો સંબોધન ગેરબંધારણીય છે કે તે આભાર પ્રસ્તાવને પાત્ર નથી તેમ ઠરાવી ન શકાય, વળી સંબોધનમાં અંદાજપત્ર અંગે ઉલ્લેખ ન હોય તો પણ તેની વિચારણા કરવા અને પસાર કરવામાં હરકત નથી.**

**(૨) રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવનું સ્વરૂપ નિયમોની જોગવાઈથી અલગ ન હોઈ શકે.**

સોમવાર, તા. ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ નામ. રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચાની શરૂઆત વખતે માનનીય સભ્યશ્રી સુરેશભાઈ મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને નીચેના બે મુદ્દા ઉપસ્થિત કર્યા હતા અને તે સંબંધમાં માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું હતું.

તેમનો પહેલો મુદ્દો એવો હતો કે નામ. રાજયપાલશ્રીના પ્રવચનમાં બંધારણની કલમ ૧૭૬ની જોગવાઈ મુજબ સત્ર બોલાવવાનાં કારણો આપવા જોઈએ. આ સત્ર મુખ્યત્વે અંદાજપત્ર પરની વિચારણા માટે બોલાવ્યું હોવા છતાં પ્રવચનમાં તેનો ઉલ્લેખ નથી. તેથી તેમનું આ પ્રવચન બંધારણીય રીતે યોગ્ય છે કે કેમ ? આ પ્રવચન આભાર પ્રસ્તાવને પાત્ર છે કે કેમ અને અંદાજપત્ર પસાર કરી શકાય કે કેમ ?

બીજો મુદ્દો એવો હતો કે, રાજયપાલશ્રીના સંબોધન માટેના અભાર પ્રસ્તાવમાં "કરેલા સંબોધન" ને બદલે "લેખિત સંબોધન" એવા શબ્દો હોવા જોઈએ, કારણ કે રાજયપાલશ્રીએ તેમનું પ્રવચન સભાગૃહ સમક્ષ વાંચ્યું નથી.

માનનીય અધ્યક્ષશ્રી નટવરલાલ શાહે તા. ૨૮મી માર્ચ, ૧૯૮૯ના રોજ સભ્યશ્રી મહેતાના પહેલા મુદ્દા સંબંધમાં નિર્ણય આપતાં જણાવ્યું કે "ભારતના બંધારણના આર્ટિકલ ૧૭૬(૧)માં જોગવાઈ કરવામાં આવી છે કે વિધાનસભાની દરેક સામાન્ય ચૂંટણી પછી પહેલા સત્રના આરંભે અને દરેક વર્ષના પહેલા સત્રના આરંભે રાજયપાલશ્રી

વિધાનસભાને સંબોધશે અને વિધાનસભા બોલાવવા માટેના કારણોની જાણ કરશે. આ જોગવાઈ અનુસાર દરેક વર્ષે વિધાનસભાનું પહેલું સત્ર માનનીય રાજયપાલશ્રીના સંબોધનથી શરૂ થાય છે. આગળ જણાવ્યું તે પ્રમાણે રાજયપાલશ્રીએ વિધાનસભાનું સત્ર બોલાવવા માટેનાં કારણો તેમના સંબોધનમાં જણાવવાં જોઈએ. બંધારણના આર્ટિકલમાં આ માટે કોઝીસ ઓફ ઈટસ સમન્સ એવો શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો છે. સંબોધનમાં કેવા પ્રકારની વિગતો હોવી જોઈએ તેનો બંધારણમાં કોઈપણ જગ્યાએ ઉલ્લેખ નથી.

આનો અર્થ સમજવા માટે મેં બંધારણ સભામાં આ આર્ટિકલ સંબંધે જે કાંઈ ચર્ચાઓ થઈ હતી તે જોઈ હતી. તેના ઉપરથી એમ લાગે છે કે કોઝીસ ઓફ ઈટસ સમન્સ એવો શબ્દ પ્રયોગ આપણા બંધારણમાં હાઉસ ઓફ કોમન્સની પ્રણાલી ઉપરથી આમેજ કરવામાં આવ્યો છે. બંધારણ સભામાં કલમ–૭૧ રાષ્ટ્રપતિના સંબોધન અંગે હતી. તેની ચર્ચા વિચારણા વખતે પ્રો. કે. ટી. શાહ "સત્રનું આહવાન કરવા માટેનાં કારણો" એ શબ્દ પ્રયોગ વધુ, સ્પષ્ટ થાય તે માટે "રાષ્ટ્રપતિ નાણાકીય દરખાસ્તો અને નીતિવિષયક ખાસ બાબતો સહિત કેન્દ્રની સામાન્ય પરિસ્થિતિની સંસદને જાણ કરશે." તેવો સુધારો લાવ્યા હતા પરંતુ ડૉ. આંબેડકરે જણાવ્યું હતું કે સત્ર આહવાન માટેનાં કારણોમાં ગર્ભિત રીતે પ્રો. કે. ટી. શાહ જે બાબતોનો ઉલ્લેખ કરવા માગે છે તે આવી જાય છે. આ સ્પષ્ટતા પછી સુધારાનો સ્વીકાર થયો ન હતો. આ ઉપરથી એમ ફલિત થાય કે રાષ્ટ્રપતિના કે રાજયપાલશ્રીના પ્રવચનમાં સત્ર બોલાવવા માટેનાં કારણોમાં અંદાજપત્ર કે અન્ય નાણાકીય બાબતો કે જેના ઉપર સત્ર દરમિયાન વિચારણા કરવાની હોય તેનો ઉલ્લેખ કરવો જોઈએ. હકીકતોમાં પણ હાઉસ ઓફ કોમન્સમાં, સંસદમાં અને ગુજરાત વિધાનસભામાં સંબંધિત પ્રવચનોમાં પણ અગાઉ રાજયપાલશ્રીના પ્રવચનમાં અંદાજપત્રનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે પરંતુ આ વખતે રાજયપાલશ્રીના પ્રવચનમાં સત્ર બોલાવવા માટેનાં કારણો દર્શાવીને તેમાં અંદાજપત્ર અંગે કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આ ક્ષતિ રહી જવા પામી છે પરંતુ તેને કારણે પ્રવચન બંધારણીય રીતે યોગ્ય છે કે કેમ ? પ્રવચન આભાર પ્રસ્તાવને પાત્ર છે કે કેમ અને અંદાજપત્ર પસાર કરી શકાય કે કેમ ? એ મુદ્દો અસ્થાને છે.

નામ. રાજયપાલશ્રીએ બધાંરણીય જોગવાઈને અનુલક્ષીને જ આ સભાગૃહને સંબોધન કર્યું હતું. ઉપરાંત બંધારણની કલમ ૨૦૨માં જોગવાઈ કર્યા પ્રમાણે દરેક નાણાકીય વર્ષનું અંદાજપત્ર ગૃહ સમક્ષ રજૂ થાય તે જોવાની જવાબદારી પણ નામ. રાજયપાલશ્રીએ અદા કરવાની રહે છે. આમ અંદાજપત્ર સંબંધમાં પણ તેમની બંધારણીય જવાબદારી છે. તેથી તેમના પ્રવચનમાં ઉલ્લેખ ન હોવાને કારણે અંદાજપત્ર પસાર ન કરી શકાય એવું અર્થઘટન કરવામાં આવે તો તેનો બંધારણની કલમ ૨૦૨ મુજબની જવાબદારી અદા કરી શકે નહિ. પ્રવચનમાં અજાણતાં રહેલી નજીવી ક્ષતિને કારણે જ તે બંધારણીય રીતે અયોગ્ય છે તેમ ઠરાવી શકાય નહિ, ઉપરાંત તે આભાર પ્રસ્તાવને પાત્ર નથી તેવુ પણ ઠરાવી શકાય નહિ. આપ સૌ જાણો છો તેમ આભાર પ્રસ્તાવ એક ઔપચારિકતા છે અને તેને કારણે સભાગૃહના સભ્યને રાજય સરકારના વહીવટની જુદી જુદી બાબતો પર ચર્ચા વિચારણા કરવાનો અવકાશ મળે છે. બંધારણીય જોગવાઈ કે વિધાનસભાના નિયમોની જોગવાઈમાંથી એવું કયાંય ફલિત થતું નથી કે રાજયપાલશ્રીના પ્રવચનમાં જે બાબતોનો ઉલ્લેખ ન હોય તેની સભાગૃહ સમક્ષ વિચારણા ન થઈ શકે અને તેથી અંદાજપત્ર પસાર ન થઈ શકે તેવો મુદ્દો પણ ટાકી શકે નહિ. રાજયપાલશ્રીના પ્રવચનમાં સત્ર બોલાવવા માટેના કારણો જણાવવાની બંધારણીય જોગવાઈ છે. તે પ્રવચનના સ્વરૂપ સંબંધમાં માર્ગદર્શન પૂરૂં પાડે છે અને તે અનુસરવામાં પણ આવે છે. મેં અગાઉ જણાવ્યું તેમ ઈંગ્લેન્ડમાં રાણીના પ્રવચનમાં તેમજ ભારતમાં રાષ્ટ્રપતિના પ્રવચનમાં અને આપણે ત્યાં પણ રાજયપાલશ્રીના પ્રવચનમાં તેનો ઉલ્લેખ કરવામાં આવે છે. આ સત્રની મુખ્ય કામગીરી અંદાજપત્ર અને અન્ય નાણાકીય બાબતો હાથ ધરવાની હોવાથી તે સત્ર બોલાવવા માટેનું મુખ્ય કારણ ગણાય તેથી તે રાજયપાલશ્રીના પ્રવચનમાં ઉલ્લેખ થવો જરૂરી છે પરંતુ આ વખતે આ બાબત ધ્યાન બહાર ગઈ હોય તેમ લાગે છે. મંત્રીમંડળ આ બાબતમાં કાળજી રાખીને ભવિષ્યમાં આવી ક્ષતિ નિવારશે એવી અપેક્ષા હું રાખું છું."

માનનીય અધયક્ષશ્રી નટવરલાલ શાહે તા. ૩૦મી માર્ચ, ૧૯૮૯ના રોજ સભ્યશ્રી મહેતાના બીજા મુદ્દા સંબંધમાં નિર્ણય આપતાં જણાવ્યું કે રાજયપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ કેવા શબ્દોમાં હોવા જોઈએ તેનું ચોકકસ સ્વરૂપ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૬૪–ક(૧)માં આપવામાં આવ્યું છે. આમ આભાર પ્રસ્તાવનું સ્વરૂપ નિયમોની નકકી થયેલ છે અને માનનીય સભ્યશ્રી લક્ષ્મણભાઈ પટ્ણીએ રજૂ કરેલો પ્રસ્તાવ નિયમોની જોગવાઈ મુજબનો જ હતો.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૪૮, કોલમ :–૩૩૮–૩૪૧ અને ૮૧૬–૮૧૭)**

***(ઉકત નિર્ણયની સાથે સાથે અધ્યક્ષના અગત્યના નિર્ણયોની ૧૯૬૦–૮૪ની પુસ્તિકાના પાના નં. ૩૪૧ ઉપરનો નિર્ણય ક્રમાંક ૪૮૭ પણ ધ્યાને લેવામાં આવે.)**

**રાજયપાલશ્રીનું સંબોધન–**

**આભાર પ્રસ્તાવ–**

**મંત્રીશ્રીઓની ગેરહાજરી–**

**૬૮. (૧) એકવાર ટકોર કર્યા છતાં મંત્રીશ્રીઓ સભાગૃહમાં હાજર ન રહે અને બોલાવવા પડે તે બિલકુલ વાજબી નથી. ગૃહ બધા કરતાં અગત્યની સંસ્થા છે. નમ્ર બનીને દિલગીરી વ્યકત કરવી જોઈએ.**

**(૨) અધ્યક્ષશ્રી બોલતા હોય ત્યારે કોઈપણ મંત્રીશ્રી કે સભ્યે સભાગૃહમાં પ્રવેશ કરીને પોતાની બેઠક લેવી ન જોઈએ.**

તા. ૨૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના રોજ રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ ઉપરની ચર્ચા ચાલતી હતી. વિરામ સમય પછી તરત જ બેઠક શરૂ થવા છતાં મંત્રીમંડળના કોઈપણ સભ્ય સભાગૃહમાં હાજર ન હોવાથી સભ્યશ્રી અશોક ભટ્ટે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને એવું સૂચન કર્યું કે મંત્રીમંડળના કોઈ સભ્ય સભાગૃહમાં આવે ત્યાં સુધી ચર્ચા બંધ રાખીએ.

અધ્યક્ષસ્થાને બેઠેલા માન. ઉપાધ્યક્ષ (શ્રી કરસનદાસ સોનેરી)એ જણાવ્યું કે એના માટે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવાની જરૂર નથી. તેમણે વધુમાં જણાવ્યું કે ગઈકાલે પણ સરકારને સૂચના આપવામાં આવી હતી કે જયારે સભાગૃહમાં ચર્ચા ચાલતી હોય ત્યારે મંત્રીમંડળના કોઈપણ એક સભ્યશ્રીએ સભાગૃહમાં ઉપસ્થિત રહેવું જોઈએ પરંતુ એવી સૂચના પછી પણ મંત્રીશ્રીઓને બોલાવવા જવું પડે એવી સ્થિતિનું નિર્માણ થાય છે.

આ તબકકે નાણા મંત્રીશ્રી અરવિંદ સંઘવીએ સભાગૃહમાં આવીને પોતાની બેઠક લીધી ત્યારબાદ માન. ઉપાધ્યક્ષશ્રીએ પોતાનું અવલોકન પૂરું કરતાં જણાવ્યું કે કોઈ પણ એક મંત્રીશ્રીએ સભાગૃહમાં હાજર રહેવું જોઈએ અને કોઈ મંત્રી હાજર ન રહે તે સારું દેખાતું નથી.

આ તબકકે સભ્યશ્રી ગાભાજી ઠાકોરે એવો પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો કે અધ્યક્ષશ્રી પોતાના સ્થાન ઉપર ઉભા હોય ત્યારે માન. સભયશ્રી કે પ્રધાનશ્રી પોતાની બેઠક લઈ શકે કે કેમ ?

ઉપાધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર મંજૂર કરતાં જણાવ્યું કે અધ્યક્ષશ્રી બોલતા હોય ત્યારે કોઈપણ સભ્યશ્રી સભાગૃહમાં પોતાની બેઠક લઈ ન શકે તેમજ સભાગૃહ પણ ન છોડી શકે પરંતુ માનનીય નાણા મંત્રીશ્રી ઉતાવળમાં હતા અને સભાગૃહમાં કોઈ મંત્રી હાજર ન હોવાને કારણે સત્વરે સભાગૃહમાં પહોંચવાના ખ્યાલમાં તેમને શરતચૂક થઈ હોવા સંભવ છે. ત્યારબાદ માનનીય નાણામંત્રીએ સ્વીકાર્યું કે તેમણે સભાગૃહમાં બેઠક લેવી જોઈતી ન હતી.

ત્યારબાદ માનનીય મુખ્યમંત્રીશ્રી અમરસિંહ ચૌધરીએ ગૃહમાં પ્રવેશ કરીને પોતાની બેઠક લેતાં, સભ્યશ્રી અશોક ભટ્ટે પોતાના મૂળ પોઈન્ટ ઓફ ઓર્ડરના સંદર્ભમાં એવી રજૂઆત કરી કે છેલ્લા ૨ દિવસથી રાજયપાલશ્રીના પ્રવચનની ચર્ચા દરમિયાન સભાગૃહની અંદર મંત્રીમંડળના સભ્યોશ્રીઓમાંથી કોઈ સભ્યશ્રી હાજર રહેતા નથી અને તેમને બોલાવવા જવું પડે છે અથવા તો તેમને જાણ કરવી પડે છે. મંત્રીમંડળના સભ્યોએ પણ સભાગૃહનું ગૌરવ

જાળવવા સહયોગ આપવો જોઈએ. મંત્રીમંડળની સંયુકત જવાબદારી હોય છે તેથી બધા મંત્રીશ્રીઓ હાજર ન રહે પણ એકાદ મંત્રીશ્રીએ હાજર રહેવું જોઈએ.

આ તબકકે માન. અધ્યક્ષશ્રીએ અધ્યક્ષ સ્થાન સ્વીકાર્યું. ત્યારપછી સભ્યશ્રી અશોકભાઈ ભટ્ટે પોતાનો પોઈન્ટ ઓફ ઓર્ડર દોહરાવ્યો અને મંત્રીશ્રીઓને બોલાવવા જવા પડે તેવી સ્થિતિ પેદા ન થાય તે માટે જરૂરી આદેશ આપવા વિનંતી કરી.

માન. મુખ્યમંત્રીશ્રી અમરસિંહ ચૌધરીએ નીચે મુજબ રજૂઆત કરી.

"સામાન્ય રીતે રિસેસમાં માન. સભ્યશ્રીઓનો ધસારો એટલો હોય છે કે નીકળતાં નીકળતાં થોડું મોડું થઈ જાય છે. બાકી મારો કે પ્રધાનમંડળના સભ્યોનો પણ કોઈ આશય નથી. હું ઉઠીને આવતો હતો અને મને રોકી રાખ્યો હતો. નહીંતર હું વહેલો આવી ગયો હોત, એટલે હવે પછી કદાચ આવું નહીં બને."

માનનીય અધયક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ પ્રસ્તુત બાબતમાં નીચે મુજબ અવલોકન કર્યું.

"માન. મુખ્યમંત્રીશ્રી, આપની મુશ્કેલી સમજાય તેવી છે પણ નથી તો પાર્લામેન્ટરી અફેર્સના મિનિસ્ટર હાજર કે નથી તો ચીફ વ્હીપ હાજર તે પણ માન. ઉપાધ્યક્ષશ્રીએ ગઈકાલે ટકોર કર્યા પછી પણ હાજર નથી. તેમની તો ફરજ છે. ઓછામાં ઓછું તેમને તો અહીંયા હાજર રહેવું જોઈએ અને કહેવું જોઈએ કે પરિસ્થિતિ આવી છે અથવા તો મંત્રીશ્રીને બોલાવી લાવવાની જવાબદારી છે પણ બંનેમાંથી એકે હાજર જ ન રહે એ તો સમજાય એવી વાત નથી. એકવાર ટકોર થયા પછી પણ હાજર ન રહે તે મને લાગે છે કે બિલકુલ વાજબી નથી. સામાન્ય શિરસ્તો તો એવો છે કે આવી પરિસ્થિતિમાં જયારે બોલાવવા પડે, કોઈ મિનિસ્ટરને, ત્યારે તે તાત્કાલિક આવે એટલું જ નહીં પણ સાથોસાથ તેમણે ગૃહ સમક્ષ દિલગીરી વ્યકત કરવી જોઈએ, કારણ કે આખરે તો ગૃહ બધા કરતાં અગત્યની સંસ્થા છે. ગૃહની આગળ તો આપણે સૌએ નમ્ર થઈને વર્તવું પડે, જે આપણી જવાબદારી છે એ પણ બન્યું નથી. ગઈકાલે પણ બન્યું નથી અને આજે પણ બન્યું નથી મને લાગે છે કે આ બિલકુલ વાજબી નથી.

ત્યારબાદ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખાતરી આપી કે હવેથી ચોકકસ કાળજી રાખવામાં આવશે.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૯, કોલમ :– ૭૬૩–૭૬૭)**

**રાજયપાલશ્રીનું સંબોધન–**

**આભાર પ્રસ્તાવ–**

**મંત્રીશ્રીની વર્તણૂક–**

**૬૯. કોઈપણ સભ્ય પ્રવચન કરતા હોય ત્યારે મંત્રીમંડળમાંથી ટીકા થાય તે ઈચ્છનીય નથી.**

તા. ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૦ના રોજ સભ્યશ્રી બાબુભાઈ વાસણવાળા રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચા પર બોલી રહયા હતા ત્યારે મંત્રીશ્રી વિજયદાસજી મહંત કોઈ બાબત અંગે ટીકા કરતા હતા, તે જોઈને અધ્યક્ષસ્થાને બેઠેલા સભાપતિ શ્રી દિલીપભાઈ સંઘાણીએ નીચે મુજબ અવલોકન કર્યું.–

"સામાન્ય રીતે આપણે પ્રવચન કરતા હોઈએ ત્યારે સભ્યો બેઠા બેઠા ટીકા કરતા હોય છે પણ મંત્રીમંડળમાંથી આવી ટીકા થાય તે ઈચ્છનીય નથી. હું ઈચ્છું છું કે આવું ફરી ન બને."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૫૧, પાન :– ૩૩૪)**

**રાજયપાલશ્રીનું સંબોધન–**

**આભાર પ્રસ્તાવ–**

**સભાગૃહની પ્રણાલિકા–**

**૭૦. દરેક સભાગૃહને પોતાની આગવી પ્રણલિકાઓ હોય છે અને દરેક સભાગૃહ એ બાબતમાં સ્વતંત્રતા ધરાવે છે.**

તા. ૫મી ફેબ્રુઆરી, ૧૯૮૮ના રોજ રાજયપાલશ્રીના સંબોધન માટે માનનીય સભ્યશ્રી મનુભાઈ પરમાર આભાર પ્રસ્તાવ રજૂ કરવા ઉભા થયા કે તરત જ માન. સભ્યશ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત

કરતાં જણાવ્યું કે રાજયપાલશ્રીના પ્રવચન વખતે ફોટોગ્રાફરો અને ટી. વી. વાળાઓ આવે છે. આ નિષેધ છે. પાર્લામેન્ટમાં પણ આ માટે સ્પષ્ટ નિષેધ છે. પાર્લામેન્ટમાં પણ આ પ્રોસીજર નથી ત્યાં સેન્ટ્રલ હોલમાં પણ ફોટોગ્રાફરો અને ટી. વી. વાળાને આવવા દેવામાં આવતા નથી. આપણે ત્યાં પણ આવું હોવું જોઈએ. આ વખતે તો ચલાવી લઈએ છીએ પરંતુ આવતા વખતથી આ પ્રથા પણ બંધ થવી જોઈએ.

આ અંગે માનનીય અધ્યક્ષશ્રી (નટવરલાલ શાહ)એ નીચે મુજબનો નિર્ણય આપ્યો.

"દરેક સભાગૃહને પોતપોતાની આગવી પ્રણાલિકાઓ હોય છે. લોકસભાની પણ પોતાની આગવી પ્રણાલિકા છે. કોઈ સભાગૃહ બીજા સભાગૃહની પ્રણાલિકાઓને પાળવા અથવા તો અનુસરવા માટે બંધાયેલા નથી. આ વિર્વિવાદ હકીકત છે. દરેક સભાગૃહ પોતપોતાની રીતે સ્વતંત્રતા ધરાવે છે અને પોતપોતાની પ્રણાલિકાઓ પ્રમાણે ચાલે છે. આ વિધાનસભા ગૃહમાં એવી પ્રણાલી છે કે જયારે રાજયપાલશ્રીનું પ્રવચન થાય છે ત્યારે તે વખતે જયારે રાજયપાલશ્રી સંબોધન કરતા હોય છે તે વખતે ટી. વી. વાળાઓને અને ફોટોગ્રાફરોને છૂટ આપવામાં આવેલી છે. આ પ્રણાલિકા પ્રમાણે આજે પણ થયું છે અને આ પ્રણાલિકામાં ફેરફાર કરવાની કોઈ જરૂરિયાત દેખાતી નથી.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૩૧, કોલમ નં. ૪૧)**

**રાજયપાલશ્રીનું સંબોધન–**

**આભાર પ્રસ્તાવ–**

**સામાન્ય ચર્ચા–**

## ૭૧. રાજયપાલશ્રીના સંબોધન પરની ચર્ચા સામાન્ય પ્રકારની હોવાથી સભ્યે સુધારા રજૂ કર્યા ન હોય તો પણ ચર્ચામાં ભાગ લઈ શકે છે.

તા. ૨૦મી માર્ચ, ૧૯૮૫ના રોજ રાજયપાલશ્રીના સંબોધન માટે સભ્યશ્રી મનુભાઈ પરમાર તરફથી રજૂ થયેલા આભાર પ્રસ્તાવની ચર્ચાની શરૂઆતમાં સભ્યશ્રી વજુભાઈ વાળાએ નિયમ ૯૭(૧) મુજબ પ્રસ્તાવ ઉપર સુધારાની સૂચના આપવાની જોગવાઈ છે પરંતુ આ વખતે પ્રસ્તાવ આપવા માટે બે દિવસનો સમય મળતો નથી. અમે તો નવા ચૂંટાયેલા સભ્યો છીએ પ્રોસિજર અને પ્રણાલિકાનો ખ્યાલ ન હોય તેથી આજ સાંજના પાંચ વાગ્યા સુધી સુધારા સૂચવવા એક વધુ તક આપવા તેમણે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો ત્યારે માનનીય અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નીચે મુજબ નિર્ણય આપ્યો :–

"માનનીય વાળા, આ જે ચર્ચા થાય છે તેમાં સુધારા મૂકનાર જ ભાગ લઈ શકે અને બીજા ભાગ ન લઈ શકે એવું કાંઈ છે જ નહીં. આ સામાન્ય પ્રકારની ચર્ચા છે અને સામાન્ય પ્રકારની ચર્ચામાં સુધારા આપે રજૂ ન કર્યા હોય તો પણ આપ જયારે બોલવા ઉભા થાવ ત્યારે આપ જ વાત કહેવાના છો તે ખુશીથી રજૂ કરી શકો છો એમાં કોઈ વાંધો નથી અને કોઈ વાંધો લઈ શકાય પણ નહીં એટલે મને લાગે છે કે આમાં આપને કંઈ નુકશાન થતું નથી. આપ જયારે બોલવા ઉભા થાવ ત્યારે આપના મનમાં જે મુદ્દા હોય તે ખુશીથી રજૂ કરી શકો છો."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૧, કોલમ : ૧૫૦–૧૫૧)**

**વટહુકમ–**

**વટહુકમ ઉપરના સુધારા–**

## ૭૨. વટહુકમ ઉપરનું શુધ્ધિપત્રક સભાગૃહના મેજ ઉપર મૂકતાં પહેલાં સરકારે પૂરતી કાળજી રાખવી જોઈએ.

તા. ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ સભ્યશ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી એવી રજૂઆત કરી કે નામદાર રાજયપાલશ્રીએ તેમની સહીથી તા. ૩જી ઓગષ્ટ, ૧૯૮૯ના રોજ એક વટહુકમ અંગ્રેજીમાં બહાર પાડયા બાદ નામદાર રાજયપાલશ્રીની જાણ બહાર અને તેમની સંમતિ વિના એક ગુજરાતી ટેક્સ્ટ તા. ૧૦મી ઓગષ્ટ, ૧૯૮૯ના ગેઝેટમાં બહાર પાડી. એ ગુજરાતી ટેક્સ્ટને આધાર માનીને અંગ્રેજી વટહુકમનું ભાષાંતર કર્યું અને એને આધાર માનીને એમાં વિસંગતા છે એવું બતાવવા માટે મૂળ વટહુકમ પાછું સુધાર્યું. નામદાર રાજયપાલશ્રીના

નામથી અને હુકમથી અને તેમને જાતે સહી કરેલ વટહુકમ બહાર પાડવામાં આવતો હોય ત્યારે આ સુધારેલા વટહુકમમાં નામદાર રાજયપાલશ્રીએ જાતે સહી કરી નથી પરંતુ નાયબ સચિવની સહીથી બહાર પાડવામાં આવેલ છે જે બંધારણીય રીતે બરાબર નથી. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી નલિન પટેલે પોઈન્ટ ઓફ ઓર્ડર અંગે પોતાનું મંતવ્ય આપતાં જણાવ્યું કે માત્ર વટહુકમ ગૃહ સમક્ષ મૂકવામાં આવે છે સુધારો આ ગૃહ સમક્ષ લાવી શકાય નહી અને જો ગૃહ સમક્ષ મૂકવામાં આવે તો સુધારો કાયદાકીય પ્રમાણે રદબાતલ થાય એટલે પંચાયત મંત્રીશ્રીએ જણાવ્યું છે તેમ ગૃહના મેજ ઉપર માત્ર વટહુકમ મૂકવાની પરવાનગી અપવામાં આવે. કાયદા મંત્રીશ્રી અરવિંદભાઈ સંઘવીએ પણ પોઈન્ટ ઓફ ઓર્ડર અંગે પોતાનું મંતવ્ય આપતાં જણાવ્યું હતું કે આ સુધારા વિધેયક જયારે માનનીય મંત્રીશ્રીએ સભાગૃહના મેજ પર મૂકયું જ નથી ત્યારે આ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત થતો જ નથી. ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રી (નટવરલાલ શાહ)એ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો.–

"જે રીતે કોરિજેન્ડમ કરવામાં આવ્યું છે તે ઘણું ખોટું થયું છે. વિભાગે આટલી મોટી ભૂલ કેમ કરી અને મંત્રીશ્રીએ તેના પર ધ્યાન કેમ ન આપ્યું ? મને લાગે છે કે આ ઘણી ગંભીર ભૂલ છે અને ખાસ કરીને જયારે બિલ રજૂ કરાતું હોય ત્યારે વિભાગે અને મંત્રીશ્રીએ આ બાબતમાં ખૂબ કાળજીપૂર્વક વર્તવું જોઈએ."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, ભાગ–ર, પુસ્તક–૪૯, કોલમ–૯૬૩–૯૬૯)**

**વિધાનસભા સચિવાલય–**

**પિજિયન હોલ–**

**૭૩. પિજિયન હોલમાં ધારાસભ્યની જે ટપાલ મૂકાય છે તે વિધાનસભાની ઓફિસ વાંચતી નથી.**

તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ માન. અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરીથી સભ્યશ્રી દિગંતકુમાર દિ. ઓઝાએ એવો મુદૃો ઉપસ્થિત કર્યો કે સભાગૃહમાં સભ્યશ્રીઓના પિજિયન હોલના ખાનામાંથી મારી નાખવાની ધમકી આપતા પત્રો મળે છે. ચારિત્ર્યખંડનની પ્રવૃત્તિઓ અહીં થાય એ પ્રકારની પત્રિકાઓ વહેંચાય તથા ધારાસભ્યને માનસિક ત્રાસ આપવાની કોશિશ થાય છે. આ અંગે અધ્યક્ષશ્રી મારફતે સભાગૃહનું ધ્યાન દોર્યું. આ સંબંધમાં સભ્યશ્રી અશોક ભટ્ટ, શ્રી પ્રબોધકાન્ત દા. પંડયા, શ્રી દિનશા પટેલ, શ્રી નરેન્દ્ર મો. રાવલ, શ્રી રમેશ રા. ઠાકોર, વગેરેએ સમર્થન આપ્યું. તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ ઝીરો અવર્સમાં સભ્યશ્રી રામલાલ રૂપલાલે ફરી આ મુદૃો ઉપસ્થિત કરી આ પ્રવૃત્તિ અટકાવવામાં મદદની માગણી કરી.

માન. અધ્યક્ષશ્રી (નટવરલાલ શાહ)એ નીચે મુજબનું અવલોકન કર્યું.

"પિજિયન હોલ મારા જૂરિસડિકશનમાં આવે છે એ વાત બરાબર છે પણ કોઈપણ ધારાસભ્યનું ટિકિટ સાથેનું કવર કે કાર્ડ આવે એટલે મારી ઓફિસ એ વાંચતી નથી. કાર્ડ કે કવર આવ્યું એટલે એ પિજિયન હોલમાં મૂકી દેવાનું. પછી ધારાસભ્યનું કામ એ ખોલીને વાંચવાનું છે, કોઈ છાપેલી કે સાઈકલોસ્ટાઈલ પત્રિકા હોય તો મારી ઓફિસ જુએ પણ ટપાલ આવેલી હોય તો સીધી મૂકી દેવી પડે. આ સભાગૃહની બહાર જે કાંઈ થતું હોય એ સભ્યોએ પોતે જોવાનું છે અને સભ્યોએ તેની વ્યવસ્થા અને તેનો જે કાંઈ રસ્તો કાઢવાનો હોય તે કાઢવાનો છે."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–ર, પુસ્તક–૪ર, કોલમ : ૬૦૧–૬૦૬, ૮૦૧–૮૦ર)**

**વિધેયકો –**

**આક્ષેપ –**

**૭૪. સભ્ય પ્રસિધ્ધિના હેતુથી વિધેયક લાવ્યા છે તેમ કહેવું બરાબર નથી.**

સન ૧૯૮૫નું ગુજરાત વિધેયક ક્રમાંક – ર૮ – સન ૧૯૮૫નું ગુજરાત કામદાર ઘરભાડા ભથ્થાં વિધેયકની ચર્ચામાં ભાગ લેતાં તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૮૬ના રોજ સભ્યશ્રી દિલીપભાઈ ન. સંઘાણીએ એમ જણાવ્યું કે શ્રીમતી મહાશ્વેતાબેનને પણ વિનંતી કરું છું કે તમારો જો શુભ હેતુ આ બિલ લાવવા પાછળ હોય તો બિલ પાછું ખેંચતા નહી, ભલે એકવાર મતદાન ઉપર આવે પરંતુ જો બિલ લાવવા પાછળ માત્ર પ્રસિધ્ધિનો જ તમારો હેતુ હોય તો મારે કાંઈ કહેવાનું નથી.

આ તબકકે માન. અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ જણાવ્યું કે કોઈપણ સભ્યને તમો પ્રસિધ્ધિ કરવા માટે કહો છો કે આવું બિલ લાવ્યા છો એમ કહેવું એ બરાબર નથી. ત્યારે સભ્યશ્રી દિલિપભાઈ સંઘાણીએ આ બાબતે પોતાની દિલગીરી વ્યકત કરી. **(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૧૩, કોલમ : ૯૭૩)**

**વિધેયકો –**

**ઈનેકટીંગ ફોર્મ્યુલા.**

**૭૫. દાખલ કરવા અંગે–**

**(૧) સુધારા વિધેયકમાં ઈનેકટીંગ ફોર્મ્યુલા દાખલ કરતો સુધારો દેખીતી ભૂલ સુધારવા માટેનો હોવાથી તેવો સુધારો રજૂ થઈ શકે.**

**(૨) સરકારી વિધેયક દાખલ થયા પહેલાં ગેઝેટમાં પ્રસિધ્ધ કરવાની પરવાનગી અપવાદરૂપ કિસ્સામાં જ માગવી જોઈએ.**

સને ૧૯૮૭ના વિધેયક ક્રમાંક–૯ ભાવનગર યુનિવર્સિટી સુધારા વિધેયકનું બીજું વાંચન અને આગળની કાર્યવાહી તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૮૭ના રોજ હાથ ધરવામાં આવી તે વખતે વિધેયકના બીજા વાંચનનો પ્રસ્તાવ સભાગૃહે પસાર કર્યો હતો. ત્યારબાદ વિધેયકનું કલમવાર વાંચન હાથ ઉપર લેવામાં આવ્યું હતું અને સભાગૃહે કલમ –૨ થી ૨૧ ને પસાર કરી હતી. આ પછી માનનીય સભ્યશ્રી જયંતીલાલ કાલરિયાએ આ વિધેયકમાં ઈનેકટીંગ ફોર્મ્યુલા દાખલ કરવા બાબતનો સુધારો રજૂ કર્યો હતો. આ સુધારો સભ્યશ્રીએ રજૂ કર્યો તે વખતે માનનીય સભ્યશ્રી સુરેશભાઈ મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને વિધાનસભાના નિયમોના નિયમ ૧૩૮ની જોગવાઈઓનો ઉલ્લેખ કરી સુધારા વિધેયકમાં ઈનેકટીંગ ફોર્મ્યુલા દાખલ કરવાનો સુધારો રજૂ ન થઈ શકે તેવી રજૂઆત કરી હતી. સભાગૃહના કેટલાક સભ્યશ્રીઓનું મંતવ્ય જાણ્યા પછી માનનીય અધ્યક્ષશ્રીએ આ પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો હતો અને તે અંગેનો વિગતવાર નિર્ણય મુલતવી રાખ્યો હતો. જો કે ચર્ચા બાદ સભાગૃહે ઈનેકટીંગ ફોર્મ્યુલા દાખલ કરવાનો સુધારો સ્વીકાર્યો હતો અને આ સુધારા સાથે વિધેયકનું ત્રીજું વાંચન કરીને તેને પસાર કરવામાં આવ્યું હતું તેમજ આ પોઈન્ટ ઓફ ઓર્ડર માન. અધ્યક્ષશ્રીએ એ તબકકે નામંજૂર કર્યો હતો પરંતુ વિગતવાર નિર્ણય આપવાનું ગૃહને જણાવ્યું હોવાથી તે સંબંધમાં તારીખ ૨૭મી માર્ચ, ૧૯૮૭ના રોજ માન. અધ્યક્ષશ્રી (નટવરલાલ શાહ)એ નીચે મુજબ નિર્ણય આપ્યો.

"ભાવનગર યુનિવર્સિટી સુધારા વિધેયક સંબંધમાં પરિસ્થિતિ એવી છે કે વિધેયકની પૂર્વ પ્રસિધ્ધિ માટે તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૮૭ના રોજ જયારે મારી મંજૂરી માગવામાં આવી તે વખતે પત્ર સાથે જોડેલી વિધેયકની અંગ્રેજી નકલમાં ઈનેકટીંગ ફોર્મ્યુલા ન હતી. મંજૂરી આપી તે પછી અંગ્રેજી નકલો વિધાનસભા સચિવાલયને મોકલવામાં આવી તેમાં પણ ઈનેકટીંગ ફોર્મ્યુલા છાપવામાં આવી ન હતી. વધુમાં જણાવવાનું કે આ વિધેયકની ગુજરાતી નકલો આ સચિવાલયને જયારે મોકલવામાં આવી તેમાં ઈનેકટીંગ ફોર્મ્યુલા છાપવામાં આવી હતી.

ગુજરાત રાજભાષા અધિનિયમની જોગવાઈઓ અનુસાર અંગ્રેજી નકલને સત્તાવાર ગણવામાં આવતી હોવાથી તેમાં સુધારો કરવા માટે પાછળથી ગૃહમાં સુધારો રજૂ કરીને અંગ્રેજી નકલમાં ઈનેકટીંગ ફોર્મ્યુલા દાખલ કરવાનું મુનાસીબ માનવામાં આવ્યું હોય એમ લાગે છે.

**૨.** માનનીય સભ્યશ્રી સુરેશભાઈ મહેતાએ તેમનો પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું હતું કે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૩૮ અનુસાર આવો સુધારો રજૂ ન થઈ શકે, કારણ કે સુધારા વિધેયક ઉપરનો સુધારો, સુધારા વિધેયકથી સુધારવા ધારેલી મૂળ અધિનિયમની કલમો પૂરતો જ મર્યાદિત હોવો જોઈએ. તેમની એવી રજૂઆત હતી કે ઈનેકટીંગ ફોર્મ્યુલા દાખલ કરવાનો માનનીય સભ્યશ્રી કાલરિયાનો સુધારો, સુધારા વિધેયકની સુધારવા ધારેલી મૂળ અધિનિયમની કોઈ કલમો સાથે સંબંધકર્તા નથી અને તેથી તે સ્કોપ બહાર છે. માનનીય સભ્યશ્રી સુરેશભાઈ મહેતાના પોઈન્ટ ઓફ ઓર્ડર સંબંધમાં સંસદીય બાબતોના મંત્રીશ્રી નલીનભાઈ પટેલે સ્પષ્ટતા કરી હતી કે જયારે કોઈ કલમ સંબંધમાં સુધારો લાવવામાં આવે ત્યારે તે સુધારો, સુધારવા ધારેલી કલમની સાથે સુસંગત છે કે કેમ

તે જોવા માટે નિયમ ૧૩૮નો આશરો લેવો પડે. ટૂંકમાં તેમનું કહેવું એવું હતું કે કોઈ કલમ ઉપરનો કોઈ સુધારો તેની મર્યાદામાં છે કે કેમ તે જોવા માટે જ નિયમ ૧૩૮ની જોગવાઈનો ઉપયોગ કરવો પડે પરંતુ પ્રસ્તુત કિસ્સામાં ઈનેકટીંગ ફોર્મ્યુલા દાખલ કરવાનો સુધારો કોઈ કલમ ઉપરનો સુધારો ન હોવાથી નિયમ ૧૩૮ લાગુ પડે નહીં, કારણ કે નિયમ ૧૩૮નો સ્કોપ રિસ્ટ્રિકટેડ છે.

**૩.** ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૩૮ જોતાં જણાશે કે તેમાં સુધારા વિધેયક ઉપરના સુધારા કેવા હોવા જોઈએ તે સંબંધમાં જોગવાઈ કરવામાં આવી છે અને આ જોગવાઈ એટલી સ્પષ્ટ છે કે સુધારા વિધેયકથી મૂળ અધિનિયમની જે કલમો સુધારવા ધારી હોય તે કલમો પૂરતો જ સુધારો મર્યાદિત રહેશે. આમ માનનીય મંત્રીશ્રી નલીનભાઈ પટેલે જ સ્પષ્ટતા કરી છે તે બરાબર છે કે ઈનેકટીંલ ફોર્મ્યુલા દાખલ કરવાનો સુધારો એ મૂળ અધિનિયમની જે કલમ સુધારવા ધારી છે તેને લગતો નથી, પરંતુ તે એક નવી બાબત દાખલ કરવા બાબતનો સુધારો છે. નિયમ ૧૩૯માં જોગવાઈ કર્યા અનુસાર ઈનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવે તે પહેલાં જે સામાન્ય જોગવાઈ કરવામાં આવી છે તે મુજબ યોગ્ય તબકકે આવો સુધારો રજૂ થઈ શકે છે. આમ જોઈએ તો ઈનેકટીંગ ફોર્મ્યુલા એ વિધેયક ફોર્મનો જ ભાગ છે અને જો તે વિધેયકમાં ન હોય તો તેને દાખલ કરવી જરૂરી છે. કૌલ અને શકધારના પુસ્તકના પાના ૪૫૪ ઉપર નીચે પ્રમાણે જણાવવામાં આવ્યું છે.

"A few days later on an amendment formally moved in and adopted by the House, the words "The Republic of India" were substituted for the words 'Our Republic' occurring in the enacting formula of the Himachal Pradesh and Bilaspur (New State) Bill, 1954."

ઉપરોકત કિસ્સા ઉપરથી સ્પષ્ટ થશે કે લોકસભામાં પણ ઈનેકટીંગ ફોર્મ્યુલા સુધારવાના પ્રસંગો બન્યા છે. આમ માનનીય સભ્યશ્રી કાલરિયાએ રજૂ કરેલો ઈનેકટીંગ ફોર્મ્યુલા દાખલ કરવાનો સુધારો એ નિયમ ૧૩૮ના ક્ષેત્રાધિકારમાં આવતો સુધારો નથી પરંતુ આ સુધારો ગુજરાત વિધાનસભાના નિયમોની સામાન્ય જોગવાઈઓ અનુસારનો છે. આમ ઉપરોકત પરિસ્થિતિમાં સભ્યશ્રી સુરેશભાઈ મહેતાએ નિયમ–૧૩૮નો આશરો લઈને જે પોઈન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો છે તે ટકી શકે તેમ નથી.

**૪.** ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૪૨માં એવી જોગવાઈ કરવામાં આવી છે કે વિધાનસભા જયારે વિધેયક પસાર કરે ત્યારે અધ્યક્ષશ્રીએ વિધેયકમાંની દેખીતી ભૂલો સુધારવાનો અને વિધાનસભાએ સ્વીકારેલા સુધારાને પરિણામે તથા બીજા ફેરફારો કરવાનો અધિકાર છે. તે હકીકત છે કે ઈનેકટીંગ ફોર્મ્યુલામાં કોઈ પ્રકારની જોગવાઈ હોતી નથી પરંતુ તે વિધેયકના ફોર્મનો જ એક ભાગ છે. ન્યાયની અદાલતોએ પણ કાયદાના અર્થઘટનમાં ઈનેકટીંગ ફોર્મ્યુલાનો કોઈ ઉલ્લેખ કર્યાના કિસ્સા નથી. જો ઈનેકટીંગ ફોર્મ્યુલા વગર વિધેયક પસાર થતું હોત અને માનનીય મંત્રીશ્રી કે કાયદા વિભાગે પાછળથી મારું ધ્યાન દોર્યું હોત તો આ નિયમની જોગવાઈ હેઠળ વિધેયકને પ્રમાણિત કરતાં પહેલાં ઈનેકટીંગ ફોર્મ્યુલા દાખલ કરી શકું છું એવું મારું માનવું છે.

**૫.** પોઈન્ટ ઓફ ઓર્ડર તેના ગુણદોષને લક્ષમાં લઈને નામંજૂર કરવામાં આવ્યો છે પરંતુ એ હકીકત છે કે સરકારના કાયદા વિભાગે આ બાબતમાં કોઈ ધ્યાન આપ્યું નથી. જો ગુજરાતી નકલમાં હોય અને અંગ્રેજી નકલમાં ન હોય એવું બંને તે બેદરકારી સિવાય બીજું કશું નથી. આ બધી ભૂલો થવા પાછળનું કારણ એ છે કે વિધેયક લાવવામાં ખૂબજ ઉતાવળ કરવામાં આવે છે. વિધાનસભાનું સત્ર ન હોય ત્યારે કાયદા વિભાગમાં જે પાયાની કમાગીરી થવી જોઈએ તે થતી નથી પરંતુ સત્રનો સમન્સ બહાર પડે તે પછી જ વિધેયકો ઘડવાની કામગીરી હાથ ધરવામાં આવતી હોય તેમ લાગે છે. હમણાં હમણાંથી તો એવું જોવામાં આવ્યું છે કે વટહુકમનું સ્થાન લેતાં વિધેયકો લાવવામાં પણ કાયદા વિભાગ અક્ષમ્ય વિલંબ કરે છે અને છેલ્લી ઘડીએ વિધેયકની પૂર્વ પ્રસિધ્ધિ માટેની મંજૂરી માગે છે. નિયમોની જોગવાઈ પ્રમાણે અપવાદરૂપ કિસ્સામાં જ પૂર્વ પ્રસિધ્ધિ માટેની મંજૂરી આપવાની હોય છે પરંતુ આ અપવાદને નિયમમાં ગણીને

છેલ્લી ઘડીએ પૂર્વ પ્રસિધ્ધિ માટેની મંજૂરી માંગવામાં આવે છે. વિધેયક લાવવામાં કાયદા વિભાગ અને સરકાર ભવિષ્યમાં પૂરતી કાળજી રાખે તે ખૂબ જ જરૂરી છે."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૨૮, કોલમ : ૧૫૧૮–૧૫૨૪)**

**વિધેયકો –**

**ઉદ્દેશો અને કારણો દર્શાવતું નિવેદન –**

**૭૬. વિધેયક લાવવાના ઉદ્દેશો અને કારણો નિવેદનમાં પૂરતાં અને સ્પષ્ટપણે દર્શાવવા જોઈએ.**

તા. ૨૫મી જુલાઈ, ૧૯૯૦ના રોજ મહેસૂલ મંત્રીશ્રી દલસુખભાઈ ગોધાણીએ મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયક, ૧૯૯૦ના પહેલા વાંચનનો પ્રસ્તાવ સભાગૃહમાં રજૂ કર્યો હતો. આ પ્રસ્તાવની ચર્ચા દરમિયાન સભ્યશ્રી સી. ડી. પટેલે, વિધેયક સાથે જોડેલ એસ. ઓ. આર. (ઉદ્દેશો અને કારણો સમજાવતા નિવેદન)માં વિધેયક સભાગૃહ સમક્ષ લાવવાના ઉદ્દેશો અને કારણો સ્વયં સ્પષ્ટ નથી અને તેમાં પૂરતી વિગતો નથી તેવી રજૂઆત કરી તે બાબતમાં માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માંગ્યું હતું.

ઉકત બાબત સંબંધમાં માનનીય અધ્યક્ષશ્રીએ અન્ય સભ્યશ્રીઓ તથા મંત્રીશ્રીઓનાં મંતવ્યો સાંભળ્યા બાદ નીચે મુજબનો નિર્ણય આપ્યો :–

"માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સી. ડી. પટેલે આજે મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયક ઉપરની ચર્ચા ઉપરથી એક એવો મુદ્દો ઉપસ્થિત કર્યો કે આ બિલના ઉદ્દેશો અને કારણોનું નિરૂપણ કરતું સ્ટેટમેન્ટ બિલ સાથે જોડેલું છે તેમાં ફકત નાણા મંત્રીશ્રીએ તેમના બજેટ પ્રવચનમાં જે જોગવાઈઓ કરવાનો ઉલ્લેખ કર્યો છે તેના અનુસંધાને આ બિલ લાવવામાં આવ્યું છે એટલું જ લખવામાં આવ્યું છે. એમાં વિસ્તૃત કારણો અને ઉદ્દેશો જણાવ્યા નથી. આ મુદ્દા ઉપર સભાગૃહના માનનીય સભ્યશ્રી, મનોહરસિંહજી જાડેજા, મંત્રીશ્રી સુરેશભાઈ, માનનીય શ્રી હરિશચંદ્રભાઈ, માનનીય બાબુભાઈ જશભાઈ પટેલ અને બીજા માનનીય સભ્યશ્રીઓએ પોતપોતાના મંતવ્યો રજૂ કર્યા અને મને પણ એક મુદ્દો અગત્યનો એટલા માટે લાગ્યો કે બિલની સાથે ઉદ્દેશો અને કારણો જોડવાં જોઈએ. આ જોગવાઈ એટલા માટે છે કે જેના ઉપરથી સભાગૃહના સભ્યશ્રીઓ આ બિલનો હેતુ બરાબર રીતે સમજી શકે. એટલે માત્ર નાણા મંત્રીશ્રીએ એમના બજેટ પ્રવચનમાં ઉલ્લેખ કર્યો છે અને આનુષંગિક બિલ છે એટલું કહીને આ કારણો પૂરા પાડી શકાય કે કેમ એ મહત્વનો સવાલ હોવાથી એના ઉપર વિસ્તૃત ચર્ચા કરવા દીધી છે અને માનનીય મંત્રીશ્રી સુરેશભાઈ એ વાત સાથે સંમત થયા છે કે વિગતવાર કારણો હોવા જોઈએ પણ વિગતવાર કારણો લખ્યાં નથી એને કારણે કોઈ બીજી વિપરિત અસર બિલ ઉપર થાય છે એવું નથી. માનનીય હરિશચંદ્રભાઈએ જે વાત કરી અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સી. ડી. પટેલે વાત કરી કે કોર્ટમાં આનાથી ગૂંચવાડા ઉભા થાય છે એ પણ હું જોતો હતો. "કૌલ અને શકધર"ની ત્રીજી એડિશન છે એમાં બહુ સ્પષ્ટ રીતે આ પ્રમાણે જણાવવામાં આવ્યું છે કે :–

"It has been the uniform practices since 1862 to append to every Bill a statement of Objects and Reasons, briefly explaining the purpose of the proposed legislation. The statement is explanatory of the contents and objects of a Bill and helps in understanding the necessity and scope of the Bill but the courts cannot rely on it in construing an act for the reason that it refers to the Bill as introduced and the Bill may undergo considerable alteration before it is passed. The meaning of the Legislation must be deduced from the language. It has, therefore, to be excluded from consideration when construing an Act."

"The statement of Objects and Reasons has to be framed in non-technical language. It should not be unduly long, nor should it contain anything of an argumentative character and it can be revised if the Speaker so desires. More over, it is to be signed by the member in Charge of the Bill."

આવી જાતની એક સ્થાપિત પ્રણાલી અને પ્રેકિટસ છે અને એ જે "કૌલ એન્ડ શકધર"ની પાર્લામેન્ટરી પ્રેકિટસ એન્ડ પ્રોસીજરની ત્રીજી એડિશનમાં જણાવ્યા મુજબ હોવા જોઈએ તો લાંબુ નહીં જોઈએ પણ ટૂંકમાં એનું નિરૂપણ હોવું જોઈએ. માત્ર આ રીતે નાણા મંત્રીશ્રીએ એમના બજેટ પ્રવચનમાં ઉલ્લેખ કર્યો છે અને એને આનુષંગિક બિલ છે

એટલેથી ચાલી શકે નહીં. ભવિષ્યમાં જેમ માનનીય મંત્રીશ્રી સુરેશભાઈએ વાત કબૂલી એ રીતે જે કોઈ બિલો આવે એમાં ટૂંકાણમાં એનું નિરૂપણ હોવું જોઈએ અને એમાં ઉદ્દેશો સ્પષ્ટ રીતે માનનીય સભ્યશ્રીઓ સમજી શકે એવા હોવા જોઈએ. આનાથી બીજી કોઈ અસર બિલ ઉપર થતી નથી એવું આ સ્થાપિત પ્રણાલી ઉપરથી જણાયું છે એટલે આ બિલ અંગે કંઈ કહેવાનું નથી, ભવિષ્યમાં આ જાતનું ધ્યાન આપવામાં આવે એવો મારો પોતાનો અભિપ્રાય છે અને મને આશા છે કે આ રીતે સરકાર ધ્યાન રાખશે."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, પુસ્તક–૫૯, કોલમ–૧૨૪ થી ૧૩૧)**

**વિધેયકો –**

**ચર્ચાની મર્યાદા –**

**૭૭. અમુક ચોકક્સ હેતુઓ માટેનું વિધેયક સભાગૃહ સમક્ષ લાવવામાં આવ્યું હોય ત્યારે એ હેતુઓ પૂરતી જ વિધેયક પરની ચર્ચા મર્યાદિત રાખવી જોઈએ.**

તારીખ ૧લી એપ્રિલ, ૧૯૮૫ના રોજ વીજળીના વેચાણ ઉપર વેરો નાખવા બાબતના સન ૧૯૮૫ના ગુજરાત વીજળી વેચાણવેરા વિધેયકના પહેલા વાંચન પરના પ્રસ્તાવ પર માન. વિરોધપક્ષના નેતાશ્રી ચીમનભાઈ પટેલે પોતાના મંતવ્યોમાં કેન્દ્રીય આબકારી જકાતની નાબૂદીથી રાજયે ગુમાવેલી આવક, નવા કરના કારણે થનારી અંદાજિત આવક, વીજળી બોર્ડના બિનકાર્યક્ષમ વહીવટ, કેન્દ્ર સરકારના પ્રોજેકટો મંજૂર કરવામાં ખચકાટ અને કોયલી રિફાઈનરીના **Waste Residue** ના નિકાલનો પ્રશ્ન તથા ધુવારણમાં **R.F.O.** ને **gas fule** તરીકે વાપરવાના પ્રશ્ન વગેરેનો સમાવેશ કર્યો ત્યારે અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નીચે પ્રમાણે અવલોકન કર્યું :–

"માનનીય મંત્રીશ્રીએ કેન્દ્રના મિનિસ્ટરની સ્પીચ વાંચી એમાં એમણે સ્પષ્ટ કહયું કે આ અમે બંધ કરીએ છીએ એટલે એટલી રકમ તમને મળતી બંધ થશે એમાં એ રકમને કઈ રીતે મેળવવી એના રસ્તા તો તમારે વિચારવા, એ રસ્તો એમણે વિચાર્યો અને એ જ એમના **Objects** છે કે આ પર્પઝ પૂરતું જ આ બિલ છે. એને બદલે આખા ઈલેકિટ્રસિટી બોર્ડની ચર્ચા ચાલતી હોય એવું લાગે છે."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૨, કોલમ : ૬૦૮)**

**વિધેયકો –**

**ત્રીજું વાંચન ––**

**૭૮. વિધેયકના ત્રીજા વાંચનનો પ્રસ્તાવ રજૂ થયા પછી કોઈ પ્રશ્ન પૂછી શકાય નહીં.**

તા. ૨૨મી જૂન, ૧૯૯૦ના રોજ માનનીય પંચાયત મંત્રીશ્રી મોહનસિંહ રાઠવાએ ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક, ૧૯૯૦ના ત્રીજા વાંચનનો પ્રસ્તાવ રજૂ કર્યો તે પછી સભ્યશ્રી મનુભાઈ પરમારે વિધેયકને લગતો કોઈ પ્રશ્ન પૂછવાનો પ્રયાસ કર્યો ત્યારે સંસદીય બાબતોના મંત્રીશ્રી દિનશા પટેલે રજૂઆત કરતાં જણાવ્યું કે વિધેયકના ત્રીજા વાંચન અંગેનો પ્રસ્તાવ રજૂ થયા પછી કોઈ પ્રશ્ન પૂછી શકાય નહીં અને એ શબ્દો રેકર્ડ પરથી રદ કરવા જોઈએ.

ઉકત બાબતે માનનીય અધ્યક્ષશ્રીએ નીચે મુજબનો નિર્ણય આપ્યો :–

"માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ વાત કરી અને માનનીય મનુભાઈએ ત્રીજા વાંચનનો પ્રસ્તાવ રજૂ થયા પછી ઉભા થઈને એક વાત કરી, મને એમ લાગ્યું કે કોઈ પોઈન્ટ ઓફ઼ ઓર્ડર ઉઠાવવો હશે એટલે વાત કરવા દીધી પણ માનનીય મનુભાઈએ માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછયો. સામાન્ય રીતે નિયમ પ્રમાણે અને શિરસ્તા પ્રમાણે પહેલા વાંચનના પ્રસ્તાવ પછી પ્રશ્ન પૂછી શકાય. ત્રીજા વાંચનના પ્રસ્તાવ પછી કોઈ પ્રશ્ર પૂછી શકાતો નથી અને જે પ્રશ્ન પૂછાયો છે એ પણ વાંધાજનક છે. માનનીય મનુભાઈ જે કાંઈ ત્રીજા વાંચનના પ્રસ્તાવ પછી બોલ્યા છે એ વાત રેકર્ડ ઉપરથી દૂર કરવાનો નિર્ણય આપણે કરીએ છીએ."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, પુસ્તક–૫૪, કોલમ – ૬૬૯–૬૭૦)**

**વિધેયકો –**

**દાખલપાત્રતા –**

## ૭૯. રાજયપાલશ્રીના પ્રવચનમાં ઉલ્લેખ ન હોય તેવું સરકારી વિધેયક સભાગૃહમાં દાખલ કરતાં અટકાવી ન શકાય.

તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી અમરસિંહ ચૌધરીએ સન ૧૯૮૬નું ગુજરાત ઔદ્યોગિક વિકાસ (સુધારા) વિધેયક સભાગૃહમાં દાખલ કરવાની અનુમતિ માગતો પ્રસ્તાવ રજૂ કર્યો ત્યારે સભ્યશ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું હતું કે નામદાર રાજયપાલશ્રીએ એમનું પ્રવચન તારીખ ૧૬મી જાન્યુઆરી ૧૯૮૬ના રોજ આપ્યું હતું એમાં આ વર્ષનો પ્રોગ્રામ આપ્યો છે એમાં આ બિલનો સમાવેશ થતો નથી અને તેથી આ બિલ રજૂ થઈ શકે નહિ.

આ બાબતમાં વિસ્તૃત ચર્ચાને અંતે માન. અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો.

"માન. સભ્યશ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ પોતાના મુદ્દાના સમર્થનમાં કૌલ અને શકધરના પાના ૧૬૪ પરના અવતરણો વાંચ્યા જેમાં એમ બતાવવામાં આવ્યું છે કે,

" If a legislature meets and transacts legislative business, without the preliminary of an address by the Governor, when required under Article 176 its proceedings are illegal and invalid and may be questioned in a court of law.'

"The paragraph read by Shri Mehta is with regard to the duty cast on the Governor to address the House under article 176 and it says in terms that the address is a must and if the Governor does not deliver the address before the House then the entire proceedings of the House will be treated as illegal and invalid."

"It puts emphasis on the necessity of the Governor to address the House and nothing further. Reading further on the observation contained on the same page, Mr. Mehta read the following observation :-

"The Governor's Address should enumerate with precision all the legislative and other important business that the Government proposes to bring before the House during the year. No legislation not listed in the Governor's Address should be allowed to be brought forward without the express consent of the House on the advice of the Business Advisory Committee."

"Reading the paragraph, Mr. Mehta insisted that no legislation not listed in the Governor's Address should be allowed to be brought before the House. Therefore, the Chief Minister should not be allowed to introduce the Bill as he is trying to do."

"I think thereby, Shri Mehta wanted to convey that only bills listed in the Governor's Address should be allowed to be moved in the House or introduced in the House. If any bill is tried to be introduced and if it is not mentioned in the Governor's Address, then such a bill should not be allowed to be introduced. The system as it is, the Governor's Address is the reflection or the view of the further work that the Government wanted to bring before the House. The Governor in fact speaks on behalf of the Government and it has been accepted that his address is that of the Government. Therefore, the Government may have not elaborated on a certain aspect of the work or of the proceedings that may take place in the session. Just because they have not said it, it cannot be said that nothing can be done except that which has been enumerated in the Governor's Address. To that point Mr. Mehta failed to read earlier paragraph on the same page: —

"Being a statement of policy of the Government, the Address is drafted by the Government. It is not the President but the Government who are responsible for the contents of the Address. It contains the review of the activities and achievements of the Government during the previous year and its policy with regard to important internal and current international problems."

"It also contains a brief account of the programmes of Government business for the session. It, however, does not cover the entire probable legislative business to be transacted during the session. Therefore, after the Address, a separate paragraph giving details of the government business expected to be taken up during the session is published in the Bulletin."

" So, what is conveyed is very clear that Governor's Address is not the last word so far as the Government business is concerned. Government, through the Governor, informs the House about the business that is to be conducted in the days to come during the session. But still if the Government thinks certain items are left out, certain issues are left out, the

Government may bring them before the House and take the consent of the House. But so far as the Bills are concerned, the observation very clearly says that it does not cover the entire probable legislative business. But at the same time it is said that it is the duty of the Government to mention in a separate paragraph, the details of the probable legislative business that the Government wants to bring before the House. Unfortunately, this has not been done in this case. But the question is, whether if something is asked for by the committee, then just because it is not enumerated in the Governor's Address or no separate paragraph is placed before the House, should it not be allowed to be introduced ?"

"In any case whatever may be the position in the Committee, the issue, before us at the moment is just because the formalities are not observed by the Government, the Government should be prevented from introducing the bill before the House. I think it will not be proper for me not to allow the Government to introduce the bill so far as the observations in Kaul and Shakdher are concerned, they are a guiding factor and of course, there also they have mentioned that it can be brought before the Business Advisory Committee and if the Business Advisory Committee agrees it can be brought before the House, even though it is not mentioned in the Governor's Address. That being so, if it can be brought before the House through Business Advisory Committee, I do not think it makes much difference, if the Government comes directly before the House. The Bill is just for introduction and not for discussion or first reading or second reading and getting it passed before the House. Therefore, I do not think it proper for me to refuse the Government to introduce the Bill and hence I allow the Government to introduce the Bill and reject the Point of Order raised by Shri Mehta."

" In future, the Government should take care to bring such a legislation before the Business Advisory committee rather than bringing it before the House directly."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૧૦ કોલમ – ૧૫૯૪ – ૧૬૦૫)**

**વિધેયકો–**

**પાગે સમિતિએ કરેલી ભલામણો–**

**૮૦. રાજયપાલશ્રીના પ્રવચનમાં કોઈ વિધેયકનો ઉલ્લેખ ન હોય અને તે ગૃહમાં રજૂ કરવું હોય તો સરકારે હવે પછી પાગે સમિતિએ કરેલી ભલામણો લક્ષમાં લેવી.**

તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૮૮ના રોજ પ્રભારી મંત્રીશ્રી નલીનભાઈ કે. પટેલે ગુજરાત વીજળી વેચાણવેરા (સુધારા) વિધેયક, ૧૯૮૮ ગુજરાત વીજળી વેચાણવેરા અધિનિયમ, ૧૯૮૫ સુધારવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ માંગતો પ્રસ્તાવ રજૂ કર્યો ત્યારે સભ્યશ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો કે માનનીય રાજયપાલશ્રીએ તા. ૫–૨–૮૮ના રોજ કરેલ પ્રવચનમાં જણાવ્યું હતું કે ગૃહ ગયા સત્રમાં સમયના અભાવે નહિ લઈ શકાયેલ વિધેયકો તેમજ નવા વિધેયકો અને વટહુકમોનું સ્થાન લેનાર વિધેયકોનું કામ હાથ ધરશે. એટલે કે રાજયપાલશ્રીએ તેમના પ્રવચનમાં ગૃહમાં વિચારણા માટે લેવાનાર વિધેયકોના નામ અથવા યાદી આપી નથી. પ્રભારી મંત્રીશ્રીએ રજૂ કરેલ વિધેયકનો ઉલ્લેખ પ્રવચનમાં ન હોવાથી એ કાયદા અંગેનું બિલ ગૃહમાં લાવી શકાય નહીં. તેના સમર્થનમાં તેમણે કૌલ અને શકધરના પુસ્તક પ્રેકિટસ એન્ડ પ્રોસીજર ઓફ પાર્લામેન્ટના પાના ૧૬૪ (૭૯ની આવૃત્તિ) પરના નીચેના અવતરણો ટાંકયા.

"The Governor's address, should enumerate with precision all the Legislative and other important business that the government proposes to bring before the House during the year." "No Legislation not listed in the Governor's address should be allowed to be brought forward without the express consent of the House on the advice of the Business Advisory Committee".

પ્રભારી મંત્રીશ્રી નલીનભાઈ કે પટેલે પોતાનું મંતવ્ય "વ્યકત કરતાં નામદાર રાજયપાલશ્રીના પ્રવચનના પા. ૧૯ પરથી અવરણ ટાંકતા જણાવ્યું.

"The House will be taking up the Bills which could not be taken up for want of time in the last session"

તથા કૌલ અને શકધરના પુસ્તક પ્રેકટિસ એન્ડ પ્રોસીજર ઓફ પાર્લામેન્ટમાંથી અવતરણ ટાંકી જણાવ્યું કે,

"It also contains a brief account of the programmes of government business for the session. It, however, does not cover the entire probable legislative business to be transacted during the session."

માનનીય મુખ્યમંત્રીશ્રી અમરસિંહ ચૌધરીએ પણ પોઈન્ટ ઓફ ઓર્ડર પર પોતાના મંતવ્યમાં રાજયપાલશ્રીના પ્રવચનમાંથી એક પેરેગ્રાફ ટાંકયો,

"The House will be taking up the Bills which could not be taken up for want of time in the last session as well as fresh bills and bills to replace Ordinance".

પોઈન્ટ ઓફ ઓર્ડર પર વિશદ છણાવટ થયા બાદ વિરોધપક્ષના નેતાશ્રી ચીમનભાઈ પટેલે રૂલીંગનો આગ્રહ રાખતાં માન. અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો.

જયારે માન. મંત્રીશ્રી નલિનભાઈએ તેમનું વીજળી વેચાણવેરા વિધેયક સુધારા સન ૧૯૮૮ને દાખલ કરવાનો પ્રસ્તાવ મૂકયો ત્યારે માન. સુરેશભાઈએ પોઈન્ટ ઓફ ઓર્ડર રેઈઝ કર્યો અને એમ કહયું કે આ વીજળી વેચાણવેરા સુધારા અંગેનો કોઈ ઉલ્લેખ રાજયપાલશ્રીના પ્રવચનમાં થયો નથી અને તેના કારણે રાજયપાલશ્રીના પ્રવચનમાં જે બિલનો ઉલ્લેખ ન થયો હોય તેવા બિલ અહીંયા રજૂ થઈ શકે નહિ. તેમણે એમ પણ કહયું કે રાજયપાલશ્રીના પ્રવચનમાં જે બિલ રજૂ ન થયું હોય છતાં પણ બિલ રજૂ કરે તેની ના નથી પણ તેમાં બિલો લિસ્ટથી જાહેર કરવાં જોઈએ અથવા તો બિઝનેશ એડવાઈઝરી કમિટી સમક્ષ રજૂ થયા પછી જ ગૃહ સમક્ષ દાખલ થવા માટે રજૂ થવાં જોઈએ. માનનીય મુખ્યમંત્રીશ્રી અને ઉર્જા મંત્રીશ્રી બંનેએ રાજયપાલશ્રીના છેલ્લાથી પહેલાં ફકરાનો આધાર રાખીને કહયું કે રાજયપાલશ્રીએ તેમના પ્રવચનમાં સ્પષ્ટ કહયું છે કે ગયા સત્રમાં સમયના અભાવે ન લઈ શકાયાં હોય તેવાં વિધેયક તેમજ નવા વિધેયકો અને વટહુકમનું સ્થાન લેનારા વિધેયકો હાથ ધરી શકાશે તેવું પાના નં. ૨૦ ઉપરના પેરેગ્રાફમાં રાજયપાલશ્રીએ જણાવ્યું છે અને તેનો આધાર લઈને મુખ્યમંત્રીશ્રી અને ઉર્જા મંત્રીશ્રી બંનેએ એમ કહયું કે રાજયપાલશ્રીના પ્રવચનમાં ન લખાયેલા હોય તેવા બિલો પણ રજૂ કરવાનો તેમને અધિકાર રાજયપાલશ્રીના પ્રવચનના આ પેરેગ્રાફથી મળે છે. મારી દ્રષ્ટિએ આ પ્રશ્ન સીમિત છે અને તે એટલો જ કે રાજયપાલશ્રીના આ પેરેગ્રાફથી મંત્રીશ્રીઓને બિઝનેસ એડવાયઝરી કમિટી એટલે કે કામકાજ સલાહકાર સમિતિ પાસે ગયા વગર બિલ રજૂ કરવાનાં અધિકાર મળેલ છે કે કેમ ? બીજું એ કે રાજયપાલશ્રીના પ્રવચનમાં જણાવ્યા સિવાયના બિલોનું લિસ્ટ રજૂ કરવાની જરૂરત છે કે નહિ ? એમ પણ કહેવામાં આવ્યું કે આ ગૃહમાં ભૂતકાળમાં આવી રીતે બિલો આવ્યાં જ છે અને દાખલ થયાં છે. મંત્રીશ્રી ઉર્જાએ તો એમ પણ કહયું કે આ ગૃહની પ્રણાલી જ છે કે નિયમોમાં તો બિલ રજૂ ન કરી શકાય એવો કોઈ પ્રતિબંધ નથી ત્યારે જે ચર્ચા થઈ ત્યારે માનનીય સભ્યશ્રી સુરેશભાઈએ કૌલ અને શકધરના પાના નં. ૧૬૪ ઉપરનાં કેટલાંક અવતરણો ઉપર આધાર રાખ્યો જે આ પ્રમાણે છે.

"Being a Statement of policy of the government, the address is drafted by the Government, it is not the President but the Government who are responsible for the contents of the address. It contains a brief review of the activities and achievements of the Government during the previous year and its policy with regard to important internal and current international problems. It also contains a brief account of the programmes of Government business for the session. It, however, does not cover the entire probable legislative business to be transacted during the session. Therefore, after the address, a separate paragraph giving details of the Government business expected to be taken up during the session is published in the bulletin."

"The point therefore for consideration is, accepting that the Governor's Address does not mention anything about this Bill, whether it is imperative on the part of the Government to give the details of the Government business in a separate paragraph or not. Looking to the tradition of this House, I do not think it is imperative on the part of the Government to publish the list. It may be necessary, and it would have been wise on the part of the Government if it has published such a statement before coming to the House. But simply because it has not done so, I do not think I can come to the conclusion that the bill should not be allowed to be introduced."

"Second part on which the Mr. Mehta has relied upon is observation made in the Kaul and Shakdher on the same page. The observations contain the observations made by Paage Committee Report and these observations are not compulsory, but recommendatory and it recommended. :

"The Governor's address, should enumerate with precision all the Legislative and other important business that the government proposes to bring before the House during the year." No Legislation not listed in the Governor's address should be allowed to be brought forward without the express consent of the House on the advice of the Business Advisory Committee".

" I do not doubt the wisdom which made the Paage Committee to make such a statement. It is always better that the Government comes before the Business Advisory Committee first before taking a new legislation not mentioned in the Governor's Address and then introduced it after the consent is given by the Business Advisory Committee. Unfortunately, in this case the government has not done so. But simply it has not done so and looking to the fact that the Paage Committee's observations are recommendatory, I do not think the Government can be stopped from introducing the Bill. Having said so I would like to advise the Government that even after introducing the Bill, the bill should be produced or it should be a part of the agenda of the Business Advisory Committee. The Business Advisory Committee should be given enough opportunity to discuss the programmes with regard to the Bill and Government should take care in future to follow the observation made by Paage Committee as mentioned on page 164 of "Kaul and Shakdher".

"With these observations, I reject the Point of Order and allow the Government to introduce the Bill."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, બીજી શ્રેણી, પુસ્તક–૩૨, કોલમ ૩૩૨–૩૪૫)**

## વિધેયકો –

### પ્રથમ વાંચનનો પ્રસ્તાવ –

### ૮૧. એક મંત્રીએ જે વિધેયક ગૃહમાં દાખલ કર્યું હોય તે વિધેયકના પ્રથમ વાંચનનો પ્રસ્તાવ અન્ય મંત્રી રજૂ કરી શકે.

તા. ૧૯–૨–૮૬ના રોજ માનીય ઉર્જા મંત્રીશ્રી નલિન પટેલે સન ૧૯૮૫નું વિધેયક ક્રમાંક–૩૨, સને ૧૯૮૬નું ગુજરાત ઔદ્યોગિક વિકાસ (સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવા અંગેનો પ્રસ્તાવ માન. મુખ્યમંત્રીશ્રીના બદલે રજૂ કર્યો ત્યારે સભ્યશ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે પહેલાં વાંચન માટેનો પ્રસ્તાવ પ્રભારી મંત્રીશ્રી સિવાયના મંત્રીશ્રી દ્વારા રજૂ થઈ શકે નહીં. સભ્યશ્રીએ તેમના મુદ્દાના સમર્થનમાં ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૨૫ની જોગવાઈ તેમજ કૌલ અને શકધરના પુસ્તક પ્રેકટિસ અને પ્રોસીજર ઓફ પાર્લામેન્ટની ત્રીજી આવૃત્તિ ભાગ–૨ના પાના નં. ૪૬૯ના નીચેના ફકરાનો સંદર્ભ આપીને જણાવેલ કે ઉકત ફકરામાં દર્શાવેલ સિધ્ધાંત વિધેયકના પ્રથમ વાંચનને વધારે લાગુ પડે છે.

"On the day appointed for introduction of the Bill, the Speaker calls the Minister in Charge who moves the motion for leave to introduce the Bill. After the Speaker has put the question and the motion is adopted, the Bill is introduced by the minister. At the introduction stage, the Minister who has given notice for leave to introduce a Bill can alone introduce it, unless he has previously written to the Speaker to allow another Minister to move for leave to introduce the Bill on his behalf."

Since the minister in whose name India Tariff (Amendment) Bill, 1969 stood was not present in the House and had not previously written to the Speaker, the Deputy Minister concerned was not permitted to introduce the Bill on behalf of the Minister.

ત્યાર બાદ મંત્રીશ્રી નલિન પટેલ અને ગૃહના બીજા કેટલાક સભ્યશ્રીઓની રજૂઆત સાંભળ્યા પછી માનનીય અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નીચે મુજબ નિર્ણય આપ્યો :–

"The minister for Energy Shri Nalinbhai Patel, when tried to start the debate on Gujarat Bill No. 32 of 1986 titled as Gujarat Industrial Development (Amendment) Bill, 1986, a Point of Order was raised and it was said that as the Bill was originally introduced by the Chief Minister,

the Minister for Energy cannot initiate the debate on the first reading of the said Bill. It was also contended that it was not proper for the Minister to initiate debate on the Bill without giving any explanation as to why he was doing so. The Minister in his reply stated that the Bill was originally introduced by the Chief Minister, but as he is out of station and that he has written a letter to the Speaker and sought permission of the Speaker to allow me to initiate the debate on the first reading of the Bill, I am doing so. Mr. Suresh Mehta, who raised the Point of Order, first tried to rely on Rule No. 125 and then he referred to the observations made in Practice and Procedure of Parliament by Kaul and Shakdher at page No. 469 and said that even in the case of introduction of the Bill, if the Speaker did not allow substitution of the Minister, same principles should be applied here and the Minister for Energy Shri Patel should not be allowed to initiate the debate on the first reading of the Bill instead of the Chief Minister, firstly, the Rule no. 125 on which Shri Mehta has relied on is not applicable to this Bill or rather to say, Rule 125 does not support his contention. So far as the observation made by Kaul and Shakdher in their book at page no. 469 is concerned, it only refers to what can be done at the stage of introduction of the Bill and nothing further. So that observations also are not useful while considering the Point of Order raised by Shri Mehta.

"While considering this Point of order one has to look to sub-clause (K) of Rule 2, sub-clause (k) reads as under: -

"Member in Charge of the Bill" means a member who has introduced the Bill and any Minister in the case of the government Bill."

" So sub-clause (k) which forms part of defining rule namely Rule 2 very clearly suggests that Government Bill can be moved by any Minister other than who has introduced the Bill, but the Chief Minister who has introduced the Bill has taken enough precaution to take permission of the Speaker to allow the other Minister to move the Bill. Now that being so, there is nothing wrong in the Minister Shri Patel moving the present Bill namely Gujarat Industrial Development (Amendment) Bill 1986 and as he is entitled to move it, he is permitted to do so and hence I do not accept the contention raised by Shri Mehta and reject his Point of Order".

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી –૨ પુસ્તક–૧૧, કોલમ ૧૦૨૫–૧૦૩૦)**

## વિધેયકો –

### પ્રથમ વાંચનની સમયમર્યાદા–

### ૮૨. વિધેયક પરની ચર્ચામાં ભાગ લેતી વખતે સભ્યોએ સમયની બાબતમાં પોતાના સાથીદારોનો વિચાર કરવો જોઈએ.

તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના રોજ સહકાર મંત્રીશ્રી મનુભાઈ પરમારે ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક, ૧૯૮૯ રજૂ કર્યું હતું જેના પહેલાં વાંચનની ચર્ચા ચાલુ હતી ત્યારે સાંજે ૫–૧૫ કલાકે વિધેયક ઉપરની ચર્ચાનો સમય પૂરો થવાનો હતો તે વખતે મંત્રીશ્રીને જવાબ આપવાનો બાકી હોવાથી દંડકશ્રીએ સભાગૃહનો સમય ૪૦ મિનિટ વધારવાની પરવાનગી માંગતાં સભાગૃહે તે પરવાનગી આપી હતી.

આ સમયે સભ્યશ્રી દિલિપભાઈ સંઘાણીએ માન. અધ્યક્ષશ્રીને વિનંતી કરતાં જણાવ્યું હતું કે મારે બિલ ઉપર બોલવું છે, મારો વારો જ આવ્યો નથી.

આ તબકકે માન. અધ્યક્ષશ્રીએ જણાવેલ કે હાઉસમાં તમારા આગેવાને બહુ સ્પષ્ટ કબૂલ કર્યું છે કે ૫–૧૫ સુધી બિલની ચર્ચા ચાલે અને ૫–૧૫થી માન. મંત્રીશ્રી જવાબ આપે અને આ શબ્દો મેં બરાબર સાંભળ્યા છે એટલે હવે ચર્ચા પૂરી થાય છે.

આ નિર્ણયની સામે સભ્યશ્રી દિલિપભાઈ સંઘાણીએ માનનીય અધ્યક્ષશ્રી પાસે રક્ષણ માગતાં માન. અધ્યક્ષશ્રી (નટવરલાલ શાહે) નીચે મુજબ અવલોકન કર્યું.

"આમાં રક્ષણ ન હોય. આમાં એવું છે કે કોઈપણ બિલ ઉપર ચર્ચા કરતી વખતે માન. સભ્યશ્રીઓએ પોતાના સાથીદારોનો વિચાર કરવાનો હોય છે. જો સભ્ય પોતાના સાથીદારોનો વિચાર ન કરે અને એટલો સમય લઈ જાય તો

પાછળના સભ્યો માટે સમય ન રહે. એક વાત તો આપ સૌ એ સમજી લેવાની છે કે બ્રિટન અને અમેરિકાની પાર્લામેન્ટરી સિસ્ટમમાં જે મોટો ફરક છે તે આ છે કે બ્રિટનમાં બિલ પૂરૂં ન થાય તે જોવા માટે ફિલિબુસ્ટર સિસ્ટમ ન હતી. અમેરિકામાં ફિલિબુસ્ટર સિસ્ટમ છે કે જયાં લાંબી ચર્ચાઓ કરીને બિલ પૂરૂં ન થવા દેવું, એ આપણે અનુસરતા નથી એટલે અમુક મર્યાદા અપોઆપ આપણી ઉપર આવી જાય છે એટલે હવે આના ઉપર કોઈ તક નથી."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૪૩, કોલમ નં. ૮૮૦)**

**વિધેયકો –**

**મંત્રીમંડળના સભ્યોની ગેરહાજરી–**

**૮૩. મંત્રીમંડળના એકાદ મંત્રી ચર્ચા દરમિયાન સભાગૃહમાં હાજર રહે એવું સંકલન ગોઠવવું જોઈએ.**

તા. ૨૯મી જાન્યુઆરી, ૧૯૮૬ના રોજ વિરામ બાદ ગુજરાત બંધ કાપડની મિલો (ટેક્ષટાઈલ અન્ડરટેકિંગ) (રાષ્ટ્રીયકરણ) વિધેયક ઉપરનું સભ્યશ્રી દિનકર બી. દેસાઈનું પ્રવચન ચાલુ થાય તે પહેલાં સભ્યશ્રી મનુભાઈ કોટડિયાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે અત્યારે મંત્રીમંડળના કોઈ સભ્ય હાજર નથી. માનનીય મુખ્યમંત્રીશ્રી પણ હાજર નથી અને કોરમ પણ નથી. સભાગૃહમાં હાજર રહેવા બાબતમાં માનનીય અધ્યક્ષશ્રી તરફથી વારંવાર આપવામાં આવતી કડક સૂચનાઓનું પાલન પણ સરકાર કરતી નથી. આ બાબતમાં સભ્યશ્રી ગાભાજી ઠાકોરે પણ સૂર પુરાવ્યો હતો અને સભાગૃહ મુલતવી રાખવા માગણી કરી. દરમિયાનમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અમરસિંહ બી. ચૌધરી સભાગૃહમાં પ્રવેશ્યા અને માનનીય અધ્યક્ષશ્રી હું આવી ગયો છું. ચાલતાં જરા વાર લાગી તેવી રજૂઆત કરી.

માનનીય ઉપાધ્યક્ષ (શ્રી કરશનદાસ સોનેરી)એ માનનીય મુખ્યમંત્રીશ્રીના ખુલાસા અંગે નિર્ણય આપતાં જણાવ્યું કે "આપે એવું સંકલન ગોઠવવું જોઈએ કે મંત્રીમંડળના એકાદ સભ્ય આ સભાગૃહમાં હાજર રહે. આ બાબતમાં આ ગૃહમાં અગાઉ બે ત્રણ વખત કડક સૂચનાઓ અપાઈ ગઈ છે. છતાં સૂચનાઓનું પાલન થતું નથી, આપને ભલે થોડો વિલંબ થાય પરંતુ બીજા સાથીઓને કહેવામાં આવે કે સભાગૃહમાં હાજરી આપે.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૧૦, કોલમ ૮૩૫–૮૩૬)**

**વિધેયકો –**

**મંત્રીશ્રીનો અધિકાર–**

**૮૪. વિધેયકના પ્રથમ વાંચન પરના પ્રવચનમાં કઈ કઈ બાબતોની માહિતી સભાગૃહને આપવી તે નકકી કરવાનો મંત્રીશ્રીનો અધિકાર છે.**

તારીખ ૨જી એપ્રિલ, ૧૯૮૫ના  રોજ સન ૧૯૮૫ના ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) (સુધારા) વિધેયકના પહેલા વાંચનના પ્રસ્તાવ પર સંસદીય બાબતોના રાજયકક્ષાના મંત્રીશ્રી નવીનભાઈ શાસ્ત્રી વિધેયક લાવવા પાછળના ઉદ્દેશો સભાગૃહ સમક્ષ રજૂ કરતા હતા ત્યારે સભ્યશ્રી બાબુભાઈ વાસણવાળાએ વચ્ચે ટીકા કરતાં જણાવ્યું કે છાપેલું વાંચે છે કે બીજું કંઈ કહેવાનું છે ? ત્યારે અધ્યક્ષ(શ્રી નટવરલાલ શાહ)એ નીચે મુજબ અવલોકન કર્યું. :–

"છાપેલું વાંચે એમાં વાંધો છે ? એમને શું કહેવાનું છે અને શું નથી કહેવાનું એ નકકી કરવાનો મંત્રીશ્રીનો અધિકાર છે. માનનીય મંત્રીશ્રીએ પોતાના બિલના ટેકામાં કયા પ્રકારનું પ્રવચન કરવું એની સલાહ તેઓ આપની પાસે લેતા નથી."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૨, કોલમ–૭૩૦)**

**વિધેયકો –**

**વિધાનસભાની સક્ષમતા–**

***૮૫. પ્રણાલિકા મુજબ વિધેયક પસાર કરવા વિધાનસભા સક્ષમ છે કે કેમ તેવા મુદ્દા અંગે અધ્યક્ષ નિર્ણય કરતા નથી.**

સન ૧૯૮૬ના અશાંત વિસ્તારોમાંથી સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા બાબતનું વિધેયક તા. ૪–૩–૮૬ના રોજ સભાગૃહમાં દાખલ કરવા માટે માન. મહેસૂલ મંત્રીશ્રી હરિસિંહ મહિડા ઉભા થયા પછી, સભ્ય શ્રી સુરેશચંદ્ર રુ. મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો. સભ્યશ્રી મહેતાએ જણાવ્યું કે પ્રસ્તુત વિધેયકની કેટલીક જોગવાઈઓ અને કેન્દ્ર સરકારને ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટ છે તેમાંની જોગવાઈઓ વચ્ચે કોનફ્લિકટ હોય તો તેવું વિધેયક કોર્ટમાં રદબાતલ થવાની પરિસ્થિતિ ઉભી થાય. સભ્યશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ–૧૨૫ની જોગવાઈઓના અનુસંધાને પ્રસ્તુત વિધેયક પસાર કરવા વિધાનસભા સક્ષમ નથી તેવો મુદ્દો ઉપસ્થિત કર્યો.

વિધેયકના પ્રભારી મંત્રીશ્રી હરિસિંહ મહિડાએ પોઈન્ટ ઓફ ઓર્ડર અંગેના મુદ્દા અંગે જણાવ્યું કે પ્રસ્તુત વિધેયક સભાગૃહ સમક્ષ રજૂ કર્યું તે પહેલાં વટહુકમ બહાર પાડવામાં આવેલો અને વટહુકમ બહાર પાડતાં પહેલાં તે રાષ્ટ્રપતિને મોકલવામાં આવેલો અને તેમણે માન્યતા આપેલી છે. તેથી વટહુકમના સ્થાને લાવવામાં આવેલું વિધેયક રજૂ કરવામાં કોઈ વરોધ હોઈ શકે નહીં.

માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી, નલિનભાઈ પટેલે ઉપર્યુકત મુદ્દા અંગે કૌલ અને શકધરના પુસ્તક પાર્લામેન્ટરી પ્રેકટિસ એન્ડ પ્રોસીજરના પાના ૪૬૯ તરફ ધ્યાન દોરીને તેમાંથી નીચેના અવતરણો ટાંકયાં.

"By convention the motion for introduction is not opposed, but there have been occasions when motions for introduction of Government Bills were opposed in the House. The Member who wishes to oppose must write in advance (before the commencement of the sitting) to the Secretary General and if two or more Members write, the Speaker calls the Members whose intimation was first received in point of time".

માન. મંત્રીશ્રી નલિનભાઈ પટેલે એવી પણ રજૂઆત કરી કે બંધારણની કલમ ૨૪૫(૨) મુજબ પ્રસ્તુત વિધેયક પાસ થયા પછી રાષ્ટ્રપતિની વિચારણા માટે રિઝર્વ રાખવામાં આવશે અને તેમની અનુમતિ મળશે તો તે કાયદો અમલમાં આવશે.

ત્યાર બાદ, માન. અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ પોઈન્ટ ઓફ ઓર્ડર અંગે નીચે મુજબ નિર્ણય આપ્યો.

"જયારે સન ૧૯૮૬ના વિધેયક ક્રમાંક : ૩૩ને દાખલ કરવાનો પ્રસ્તાવ મંત્રીશ્રી મહિડાએ કર્યો ત્યારે સભ્યશ્રી સરેશભાઈએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કરીને જણાવ્યું કે :–

as there is a dispute regarding the legislative competence of the Bill as presented before the House, the Bill should not be admitted and in support of the contention, he relied on Rule 125 of the Rules of the Assembly. Now the proviso to Rule 125 of the Rules of the Assembly reads as under :-

"Provided that where a motion is opposed on the ground that the Bill initiates Legislation outside the Legislative competence of the House, the Speaker may permit a full discussion thereon."

આમાં એક તો સભાગૃહની પ્રણાલી રહી છે અને પાર્લામેન્ટની પણ પ્રણાલી રહી છે કે જયારે બંધારણીય મુદ્દા અંગે ધ્યાન દોરવામાં આવે ત્યારે સ્પીકર પોતાનું રૂલીંગ આપતા નથી. બંધારણીય મુદ્દા અંગે અને જયારે લેજીસ્લેટીવ કોમ્પિન્ટસનો વાંધો લીધો છે કે આ ગૃહની સત્તા બહારનું આ બિલ છે એવો વાંધો લીધો છે તો આમાં જયારે બંધારણના મુદ્દા ઉપર સ્પીકર પોતાનું રૂલીંગ આપતા હોય ત્યારે એક પ્રોવીઝન બહુ સ્પષ્ટ રીતે મૂકવામાં આવ્યું છે અને એમાં એટલી છૂટ મૂકવામાં આવી છે કે બંધારણના મુદ્દા ઉઠાવવામાં આવે ત્યારે અથવા તો બિલ બંધારણની કલમ મુજબ છે કે કેમ તેવો વાંધો ઉઠાવવામાં આવે ત્યારે એ મુદ્દા ઉપર પૂરેપૂરી ચર્ચા સભાગૃહમાં થવા દેવી જોઈએ. એ મુજબ ચર્ચા થઈ છે. માનનીય સભ્યશ્રી સુરેશભાઈએ પોતાનો મુદ્દો ઉઠાવ્યો છે અને માનનીય મંત્રીશ્રીએ એનો જવાબ આપ્યો છે કે એટલે હવે જયારે

"Where there is a accepted system both in Parliament and in Assembly, that the Speaker does not give ruling on the Point of Order raised with regard to Legislative competence of a particular Bill, it is not proper for me to give any ruling on the Point of Order. The debate has already taken place and whatever the consequences of such a Bill, will have to be decided by the Court before whom the matter may go. One does not know whether it

will go or it will not go, but what is understood by non-intervention of the Speaker in the Point of Order based on the provision of the Constitution is quite clear. The Speaker does not give a ruling in view of the fact that such points are to be decided by the court. The Point of Order raised by Shri Sureshchandra Mehrta with regard to Legislative competence of the House can be argued in the Court and decided by the Court and hence I reject the Point of Order".

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૧૩ કોલમ ૫૨૭–૫૩૨)**

*** (ઉક્ત નિર્ણયની સાથે સાથે અધ્યક્ષના અગત્યના નિર્ણયોની ૧૯૬૦–૮૪ની પુસ્તિકાનાં પાના નં. ૩૭૩ ઉપરનો નિર્ણય ક્રમાંક ૫૨૧ પણ ધ્યાને લેવામાં આવે.)**

## વિશેષાધિકાર ભંગના પ્રશ્નો –

### ખોટી માહિતી –

**૮૬. (૧) જો મંત્રી કે સભ્ય જાણી જોઈને ઈરાદાપૂર્વક ખોટી માહિતી આપે તો જ સભાગૃહના વિશેષાધિકારનો ભંગ થાય.**

**(૨) વિશેષાધિકારના મુદ્દા અંગે અધ્યક્ષ તરફથી સ્પષ્ટતા માગવામાં આવે ત્યારે તેવી સ્પષ્ટતા મુખ્યમંત્રીશ્રી કે અન્ય સંબંધિત વ્યકિતએ વિના વિલંબે કરવી જોઈએ.**

તારીખ ૧૩મી જુલાઈ, ૧૯૮૭ના રોજ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી ચીમનભાઈ પટેલે અને સભ્યશ્રી અશોક ભટ્ટે માનનીય મુખ્યમંત્રીશ્રી સામે સભાગૃહના વિશેષાધિકાર ભંગના મુદ્દાઓ ગૃહમાં ઉપસ્થિત કર્યા હતા અને આ બંને મુદ્દાઓ સંબંધમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટતા કરી. ત્યારબાદ અધ્યક્ષશ્રીએ પોતાના નિર્ણયો મુલતવી રાખ્યા હતા.

અધ્યક્ષશ્રી (નટવરલાલ શાહ)એ મુલતવી રાખેલા પોતાના ઉકત નિર્ણયો તારીખ ૩જી ઓગષ્ટ, ૧૯૮૮ના રોજ નીચે મુજબ આપ્યા :–

"માનનીય વિરોધપક્ષના નેતાશ્રી ચીમનભાઈ પટેલે મોડાસા મત વિસ્તારની ચૂંટણીના ઉમેદવાર શ્રી ધીરુભાઈ પટેલની ધરપકડ બાબતમાં માનનનીય મુખ્યમંત્રીશ્રીએ તારીખ ૧૩મી માર્ચ, ૧૯૮૭ના રોજ ગૃહને આપેલી માહિતી ગેરરસ્તે દોરનારી હોઈ, ગૃહના વિશેષાધિકાર ભંગનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. તેમણે ઉપસ્થિત કરેલા મુદ્દાનો અભ્યાસ કરતાં ત્રણેક બાબતોનો સમાવેશ થતો હોવાનું જણાય છે, એક તો છ આરોપીઓમાંથી શ્રી ધીરુભાઈ પટેલને અલગ તારવીને તેમની ધરપકડ શા માટે કરવામાં આવી, બીજા અન્ય કેસના કારણસર કોર્ટે જામીન આપવાની ના પાડી હતી તેવી મુખ્યમંત્રીશ્રીએ જણાવેલી હકીકતની સત્યથી વેગળી હતી કારણ કે શ્રી ધીરુભાઈએ પોતે જામીન ઉપર છૂટવાની ના પાડી હતી અને ત્રીજી એ છે કે શ્રી ધીરુભાઈ પટેલે કલેકટરનો કોલર પકડીને તેમને જોઈ લેવાની ધમકી આપી હતી એવી મુખ્યમંત્રીશ્રીએ ગૃહને જણાવેલી હકીકત પણ બરાબર ન હતી. આ ત્રણેય બાબતોમાં પહેલી બાબત એ હકીકતની બાબત હોવાથી તેને વિશેષાધિકાર કે ખોટી માહિતી સાથે સંબંધ નથી. બીજી અને ત્રીજી બાબત સંબંધમાં માનનીય મુખ્યમંત્રીએ સભાગૃહમાં ખુલાસો કર્યો કે તાત્કાલિક માહિતી આપવાના શું હેતુથી કોઈપણ સૂચના વગર ટેલીફોન પર અને અન્ય રીતે તેમને મળેલી માહિતીના આધારે ગૃહને માહિતી આપી છે. તેમના જણાવ્યા અનુસાર કલેકટરે જે ફરીયાદ આપી છે તેમાં ધકકો માર્યો હોવાનું જણાવેલ છે. તેમણે વધુમાં સ્પષ્ટતા કરી છે કે જિલ્લા પંચાયતની મિનિટસ બુકમાં સભાગૃહની કાર્યવાહી પૂરી થાય ત્યાં સુધીની જ વિગતો લખવામાં આવે છે. જયારે કોલર પકડવાની અને જોઈ લેવાની ધમકી આપવાની બાબત સભાગૃહની કાર્યવાહી પૂરી થયા પછીની હોવાથી તેનો ઉલ્લેખ જિલ્લા પંચાયતની મિનિટસ બુકમાં નથી. આ હકીકતો જણાવીને માનનીય મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે આપણે ત્યાં સભ્યોને તાત્કાલિક માહિતી મળે તે હેતુથી જે નવી પ્રથા વિકસી છે તેના અનુસંધાને ટેલિફોન ઉપર જે તાત્કાલિક માહિતી મળી હતી તે સભાગૃહને આપવાની તેમણે કોશિશ કરી છે. તેમાં ગૃહને ગેરરસ્તે દોરવાનો કે એમાંથી કોઈ પોલિટિકલ બેનિફિટસ લેવાનો તેમનો કોઈ આશય નથી. માત્ર પ્રાયમરી ઈન્ફર્મેશન જ ગૃહને આપી છે.

સભાગૃહના ધ્યાન ઉપર મારે એ બાબત લાવવી છે કે ગૃહને ખોટી માહિતી આપવા માત્રથી સભાગૃહના વિશેષાધિકાર ભંગનો કેસ ઉપસ્થિત થતો નથી. જો મંત્રીશ્રી કે સભ્યશ્રી જાણીજોઈને, ઈરાદાપૂર્વક ખોટી માહિતી આપે તો જ સભાગૃહના વિશેષાધિકાર ભંગનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આમાં "જાણીજોઈને ઈરાદાપૂર્વક"એ બાબત ખૂબજ મહત્વની છે.

માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ તેમની સૂચનામાં જે લેખિત માહિતી આપી છે અને મુદ્દો ઉપસ્થિત કરતી વખતે ગૃહમાં જે માહિતી આપી છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે લેખિત માહિતી આપી છે અને ગૃહમાં જે સ્પષ્ટતા કરી છે તે વિચારણામાં લેતાં લાગે છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાણીબૂજીને ગૃહને ખોટી માહિતી આપી હોવાનું ફલિત થતું નથી. તેથી આ બાબતમાં હવે આગળ કંઈ કાર્યવાહી કરવાની રહેતી નથી."

"બીજો મૃદ્દો જે સભ્ય શ્રી અશોક ભટ્ટે ઉપસ્થિત કરેલો તે સંબંધમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ સભાગૃહમાં સ્પષ્ટતા કરી છે કે બે નામવાળી એક વ્યકિત હોવાથી ચારના બદલે પાંચનો આંકડો સભાગૃહમાં અપાયો છે. એની પાછળ ગૃહને જાણીબૂજીને ગેરરસ્તે દારવાનો તેમનો ઈરાદો નથી. તેમણે લેખિતમાં પણ જણાવ્યું છે કે ઉપસ્થિત થનારા મુદ્દા સંબંધમાં તાત્કાલિક માહિતી મેળવવાની હોવાથી જે માહિતી ગૃહને આપી છે તેમાં હકીકત દોષ રહી જવા પામેલ છે અને તેથી ગેરસમજ થઈ હોવાનો સંભવ છે. આમ મુખ્યમંત્રીશ્રીએ હકીકત દોષ સ્વીકાર્યો હોવાથી આ બાબતમાં પણ હવે આગળ કાંઈ કરવાપણું રહેતું નથી."

આમ આ બંને વિશેષાધિકારના મુદ્દા હું સ્વીકારતો નથી. પરંતુ મારે સભાગૃહના ધ્યાન ઉપર લાવવાનું કે આ મુદ્દાઓ સંબંધમાં સભ્યોએ મને લેખિત સૂચનાઓ આપી તે પછી તે બાબતમાં કોઈ નિર્ણય લેતાં પહેલાં માન. મુખ્યમંત્રીશ્રીનો ખુલાસો માગવાનો મેં નિર્ણય કર્યો હતો. આ ખુલાસો અનેક રિમાઈન્ડરો મોકલવા છતાં મને મળ્યો ન હતો અને તેથી મેં આ બંને મુદ્દાઓ ગૃહમાં ઉપસ્થિત કરવા માટેની સંમતિ આપી હતી. મારે કહેવું જોઈએ કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખુલાસો મોકલવામાં જે ઢીલ કરી છે તે બરાબર નથી. આવી પરિસ્થિતિ નિવારવી જોઈએ. સંબંધકર્તા સર્વે ભવિષ્યમાં આ બાબતમાં કાળજી રાખશે એવું અવલોકન કરવાની આ તબકકે મને ફરજ પડે છે.

બીજી એક બાબત પ્રત્યે પણ સભાગૃહનું ધ્યાન દોરવાનું છે કે કોઈપણ જાતની લેખિત સૂચના વગર તાજેતરના બનાવોને લગતી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપસ્થિત કરવાની જે પ્રથા આપણે ત્યાં વિકસી છે તે આ ગૃહના સભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓની એકમેકની સમજૂતીથી વિકસી છે. સભ્યશ્રીને બાબત ગૃહના ધ્યાન ઉપર લાવવાની તક મળે છે તે રીતે મંત્રીશ્રીને પણ માહિતી આપવાની ફરજ પડવાની સાથે ગૃહ સમક્ષ સ્પષ્ટતા કરવાની તક મળે છે. મંત્રીશ્રી જયારે તાત્કાલિક માહિતી આપવા માટે સંમત થાય છે ત્યારે તેમણે ટેલિફોન ઉપર કે વાયરલેસથી કે અન્ય કોઈ સાધનથી માહિતી મેળવવાની હોય છે અને તેથી હકીકત દોષ રહી જવાનો સંભવ રહે. આવો હકીકત દોષ રહી જાય તો તેવી બાબતને ગંભીરતાથી ના લેવી જોઈએ. કારણ કે અંતે તો આખી બાબત અકેમેકની સમજૂતિ ઉપર આધારિત છે. મંત્રીશ્રીઓ પણ સભાગૃહને તાત્કાલિક માહિતી આપવા તૈયાર થઈ જાય છે આમ જોઈએ તો આ આવકારદાયક વલણ છે પરંતુ માહિતી આપવામાં મંત્રીશ્રીઓએ બિનજરૂરી ઉતાવળ તો ન જ કરવી જોઈએ. પૂરતી ચોકસાઈ કરીને જો માહિતી આપવામાં આવે તો પાછળથી આવા કોઈ પ્રશ્ન ઉપસ્થિત ન થાય. મંત્રીશ્રીઓ અને સભ્યશ્રીઓ આ બાબતમાં જરૂરી સમજ દાખવશે તો વિકસતી જતી આ પ્રથાના અમલમાં આપણને કોઈ મુશ્કેલી પડશે નહીં એમ મારૂ માનવું છે.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૪૦, કોલમ ૮૦૧ થી ૮૦૪)**

**શિષ્ટાચાર –**

**નવા મંત્રીમંડળની જાહેરાત–**

**૮૭. નવા મંત્રીમંડળની જાહેરાતના સમયે મંત્રીશ્રીઓએ સભાગૃહમાં હાજર રહેવું જોઈએ.**

તારીખ ૮મી જુલાઈ, ૧૯૮૫ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી અમરસિંહ ચૌધરી નવા મંત્રીમંડળમાં લેવામાં આવેલ મંત્રીશ્રીઓના નામ તેમને ફાળવવામાં આવેલાં ખાતાઓની જાહેરાત કરતા હતા ત્યારે સભાગૃહમાં મંત્રીશ્રીઓની ગેરહાજરી સંબંધમાં માનનીય અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નીચે મુજબ અવલોકન કર્યું :–

"માનનીય મુખ્યમંત્રીશ્રી, મારે એક વાત તરફ આપનું ધ્યાન દોરવાનું કે આજે જયારે આપ આપની સાથેના નવા મંત્રીશ્રીઓના નામ અને તેમને ફાળવવામાં આવેલાં ખાતાઓની જાહેરાત કરો છો ત્યારે માનનીય મંત્રીશ્રીઓ સભાગૃહમાં હાજર ન રહે તે બરાબર લાગતું નથી અને તે વાજબી નથી. આજે પહેલા દિવસે તો મંત્રીશ્રીઓએ સભાગૃહમાં હાજર રહેવું જોઈએ. ગૃહ પ્રત્યે એટલો તો વિવેક રાખવો જોઈએ."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પસ્તક– ૫. કોલમ–૩)**

**શોકદર્શક ઉલ્લેખ–**

**શિષ્ટાચાર–**

**૮૮. ગૃહમાં શોકદર્શક ઉલ્લેખ વખતે સભ્ય કે સરકારના અધિકારીઓએ પોતાની જગા છોડવી ન જોઈએ.**

તારીખ ૧૩મી ઓગસ્ટ, ૧૯૮૬ના રોજ ગૃહમાં ભારતના ભૂતપૂર્વ લશ્કરી વડા જનરલ શ્રી અરૂણકુમાર વૈદ્યના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખની બાબત શરૂ થઈ ત્યારે સભાગૃહના એક સભ્ય તથા અધિકારી દીર્ઘામાં બેઠેલા સરકારના કેટલાક અધિકારીઓ ઉભા થઈ ગૃહની બહાર જતા હતા ત્યારે માન. અધ્યક્ષશ્રીએ અવલોકન કર્યુ કે શોકપ્રસ્તાવ રજૂ થાય ત્યારે કોઈપણ માનનીય સભ્યશ્રીએ અને ગેલેરીમાં બેઠેલા અધિકારીઓએ પોતાની જગા ઉપરથી ઉભું થવું નહીં.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૧૮, કોલમ–૬૭૭–૬૭૮)**

**શોકદર્શક ઉલ્લેખ–**

**શિષ્ટાચાર–**

***૮૯. શોકદર્શક ઉલ્લેખ ઉપરની ચર્ચા દરમિયાન સભ્યોએ સભાગૃહની બહાર જવું જોઈએ નહીં.**

તારીખ ૨૪મી જૂન, ૧૯૮૫ના રોજ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી ચીમનભાઈ પટેલ શોકાંજલિના પ્રસ્તાવ પર બોલતા હતા તે દરમિયાન મુખ્ય દંડક શ્રી હસમુખભાઈ પટેલ સભાગૃહ છોડીને ગયા. તે અંગે સભ્યશ્રી અશોક ભટ્ટે તારીખ ૨૫મી જૂન, ૧૯૮૫ના રોજ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી સભાગૃહના સભ્યોને માર્ગદર્શન મળે એટલા માટે માનનીય અધ્યક્ષશ્રીનું રૂલીંગ માગ્યું ત્યારે માનનીય અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો :–

સભાગૃહમાં જયારે શોકપ્રસ્તાવ ઉપરની ચર્ચા ચાલતી હોય ત્યારે વિવેક, શિષ્ટાચાર અને અદબ જળવાઈ રહે તે માટે સભ્યશ્રીઓ સામાન્ય રીતે પોતાનું સ્થાન છોડે નહીં અથવા પોતાનું સ્થાન લે નહિ તેવો સમજણપૂર્વકનો શિરસ્તો પડેલો છે. જેમને શાોકાંજલિ આપવાની છે તેમના પ્રત્યે અદબ જાળવવાની ફરજ છે તેથી જ આ સભાગૃહનું ગૌરવ જળવાઈ રહે એટલા ખાતર આપણે સૌએ આ પધ્ધતિ સ્વીકારેલી છે. આ પધ્ધતિનો કોઈ સભ્યશ્રી ભંગ કરે તે બરાબર નથી. અગાઉ મારું ધ્યાન આ અંગે ગયું ન હોય તો પછી એને પોઈન્ટ ઓફ ઓર્ડર તરીકે ઉભો કરી શકાય નહીં. બહુ બહુ તો સભાગૃહ પ્રત્યે અવિવેક થયો છે એટલું જ કહી શકાય. ભવિષ્યમાં સભ્યશ્રીઓ આવી ભૂલ નહીં કરે અને માન. હસમુખભાઈ પણ ફરીથી આવી ભૂલ નહીં કરે એવી અપેક્ષા રાખું છું.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૩, કોલમ–૧૨૧–૧૨૨)**

*** (ઉક્ત નિર્ણયની સાથે સાથે અધ્યક્ષના અગત્યના નિર્ણયોની ૧૯૬૦–૮૪ની પુસ્તિકાનાં પાના નં. ૪૦૨ થી ૪૦૪ ઉપરના નિર્ણય ક્રમાંકો ૫૫૩, ૫૫૪ અને ૫૫૬ પણ ધ્યાને લેવા.)**

**સત્ર –**

**સત્ર બોલાવવું–**

**૯૦. સભ્યશ્રીઓના સત્તાવાર સરનામે જાણ કરીને ટૂંકી મુદ્દતે સત્ર બોલાવી શકાય.**

તા. ૧લી નવેમ્બર, ૧૯૯૦ના રોજ સત્ર ટૂંકી મુદતે બોલાવવા બાબતે સભ્યશ્રી સુરેશચંદ્ર મહેતાએ કેટલાક ધારાસભ્યો ગુજરાતમાં નથી., ગુજરાત બહાર ઉત્તરપ્રદેશમાં (કાર સેવા માટે) ગયા છે. તેથી ખાસ કિસ્સામાં ઉત્તરપ્રદેશના વર્તમાનપત્રોમાં જાહેરાતની પ્રસિધ્ધિ થવી જરૂરી હતી પરંતુ તે પ્રમાણે ઉત્તરપ્રદેશના કોઈ અખબારોમાં તે

અંગેની જાહેરાત થઈ નથી. તે બાબતે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય જાણવા વિનંતી કરી હતી.

ઉકત બાબત સંબંધમાં માનનીય અધ્યક્ષશ્રીએ નીચે મુજબનો નિર્ણય આપ્યો :–

"માનનીય શ્રી સુરેશભાઈ મહેતાએ મુદ્દો ઉઠાવીને એવું માર્ગદર્શન માંગ્યું કે સમન્સ જે રીતે બજાવેલ છે એ વાજબી છે કે કેમ ? નિયમો, સ્થાપિત પ્રણાલિકા અને જોગવાઈઓ સ્પષ્ટ છે કે જયારે ટૂંકી મુદતનું સત્ર મળવાનું હોય ત્યારે વ્યકિતગત ધારસભ્યોને તે મોકલવાને બદલે વર્તમાનપત્રો, આકાશવાણી અને દૂરદર્શન દ્વારા એની જાહેરાત કરીને અને શકય હોય તો તાર કરીને વિધાસભાના સમન્સની જાણ કરાય છે એ રીતે નિયમોની જોગવાઈ પ્રમાણે જયારે સત્ર બોલાવવામાં આવ્યું ત્યારે પાંચ દિવસનો ગાળો છે તેમાં વચ્ચે ત્રણ દિવસની રજા આવી, એ રીતે તમામ અખબારો, આકાશવાણી અને દૂરદર્શન ઉપરથી એની જાણ થઈ ગઈ છે. નિયમોમાં વર્તમાનપત્રોમાં અને દૂરદર્શન તથા આકાશવાણી ઉપરથી સીધી જાહેરાત કરવાની જોગવાઈ નથી પરંતુ સ્થાપિત પ્રણાલિકા છે અને કૌલ અને શકધરની ત્રીજી એડિશનમાં પણ સ્પષ્ટ જોગવાઈ કરીને એ રીતે જ કહેવામાં આવ્યું છે, લોકસભાનું છઠ્ઠું સત્ર બે દિવસની નોટિસથી બોલાવવામાં આવેલું અને ર૩મી તારીખે વાઈસ પ્રેસિડેન્ટે સત્ર બોલાવવાનો નિર્ણય કર્યો અને ર૫મી તારીખે લોકસભાનું સત્ર મળ્યું હતું. જે સંસદ સભ્યો હતા તેમને દિલ્હીના સરનામે જાણ કરીને એ સત્ર મળ્યું હતું. તેથી આ સત્ર વાજબી રીતે મળ્યું છે તેમ હું ઠરાવું છું.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, પુસ્તક–૬૦ કોલમ – ૧૬૫ થી ૧૬૭)**

**સભાગૃહ –**

**ડેમોન્સ્ટ્રેશન–**

***૯૧. સભાગૃહમાં કોઈપણ જાતનું ડેમોન્સ્ટ્રેશન કરી શકાય નહીં.**

મોડાસા મત વિસ્તારની વિધાનસભાની ચૂંટણીના ઉમેદવારની ધરપકડ અંગે મુખ્યમંત્રીશ્રીએ સભાગૃહને આપેલ માહિતી અંગે વિરોધપક્ષના નેતાશ્રી ચીમનભાઈ પટેલે તારીખ ૧૩મી જુલાઈ, ૧૯૮૭ના રોજ સભાગૃહમાં વિશેષાધિકાર ભંગનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. તે મુદ્દાનો જવાબ આપતાં મુખ્યમંત્રીશ્રી ચૌધરીએ નીચે મુજબ જણાવ્યું હતું :–

"માન અધ્યક્ષશ્રી, માન, વિરોધપક્ષના નેતાશ્રીએ જે વિશેષાધિકાર ભંગનો મુદ્દો ઉપસ્થિત કર્યો, એ કરતી વખતે એમણે જે પત્રનો ઉલ્લેખ કર્યો છે તેમાં પહેલી વાત કોલરની આવે છે. એમણે પોતાના પત્રમાં લખ્યું છે અને એમના પ્રવચનમાં વિરોધપક્ષના નેતાશ્રીએ કહયું છે કે કલેકટરે ફરિયાદ નોંધાવી છે અને એમાં નોંધાવ્યું છે કે તેમની પાસેથી માઈક ખેંચી લીધું, ટેબલ કલોથ ખેચ્યું અને ધકકો માર્યો. ધકકો મારતી વખતે ગમે તે રીતે ધકકો મારે. (અહીં મુખ્યમંત્રીશ્રીએ બાજુમાં બેઠેલા મંત્રીશ્રી વિજયદાસજી મહંતનો કોલર પકડીને બતાવ્યું કે કેવી રીતે ધકકો મારી શકાય) હું મહંત સાહેબને ધકકો મારતો નથી, પણ ડેમોન્સ્ટ્રેશન આપી રહયો છું. આ રીતે પણ કરી શકાય".

તે વખતે માન. અધ્યક્ષશ્રી (નટવરલાલ શાહ)એ મુખ્યમંત્રીશ્રીને જણાવ્યું કે આ સભાગૃહમાં ડેમોન્સ્ટ્રેશન કરવાની મનાઈ છે.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૨૯, કોલમ–૩૬૯)**

***(ઉકત નિર્ણયની સાથે સાથે અધ્યક્ષના અગત્યના નિર્ણયોની ૧૯૬૦–૮૪ની પુસ્તિકાનાં પાના નં. ૧૩૪ થી ૧૩૬ ઉપરના નિર્ણય ક્માંકો ૨૧૧ થી ૨૧૪ અને ૨૧૬ પણ ધ્યાને લેવામાં આવે.)**

**સભાગૃહ –**

**બેઠકનો સમય નકકી કરવાનો અધિકાર –**

***૯૨. સભાગૃહની બેઠકનો સમય નકકી કરવાનો અધિકાર અધ્યક્ષનો છે.**

તારીખ ૧૦મી ઓગષ્ટ, ૧૯૮૭ના રોજ માનનીય સભ્યશ્રી સુરેશભાઈ મહેતાએ તારીખ ૯મી ઓગષ્ટ, ૧૯૮૭ના રોજ રાખવામાં આવેલી સભાગૃહની બેઠકના સમયમાં ફેરફાર અંગે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો.

આ મુદ્દો ઉપસ્થિત કરતાં તેમણે વિધાનસભાના નિયમ–૧૯૩ અને ૧૯૫નો સંદર્ભ ટાંકીને જણાવ્યું હતું કે કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ સભાગૃહમાં રજૂ થાય અને અહેવાલમાં કરવામાં આવેલી ભલામણોનો સભાગૃહ સ્વીકાર કરે એટલે સમિતિની ભલામણો એ સભાગૃહનો આદેશ બની જાય છે અને સમિતિની ભલામણો મુજબના સભાગૃહના આદેશમાં કોઈ ફેરફાર થઈ શકે નહીં સિવાય કે સભાગૃહ પોતે પ્રસ્તાવ પસાર કરીને તેમાં ફેરફાર કરે. આથી સમિતિએ ભલામણ કર્યા મુજબ સભાગૃહની તારીખ ૯મી ઓગષ્ટ, ૧૯૮૭ની બેઠક બપોરના ૧–૦૦ વાગ્યે ન બોલાવી અને તેને બદલે રાત્રિના ૮–૩૦ વાગે બોલાવવામાં આવી તેથી તે બેઠક ગેરકાયદેસર હતી તેમ જાહેર કરવામાં આવે.

પ્રસ્તુત બાબત ઉપર માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, માનનીય કાયદા મંત્રીશ્રી તથા સભાગૃહના અન્ય સભ્યોએ તેમના મંતવ્યો વ્યકત કર્યાં હતો તે મુદ્દા સંબંધમાં સભાગૃહમાં થયેલી રજૂઆતો સાંભળ્યા બાદ તે વખતે માન. અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ તે મુદ્દા પરનો તેમનો નિર્ણય મુલતવી રાખ્યો હતો. ત્યારબાદ તારીખ ૨૩મી જૂન, ૧૯૮૮ના રોજ તે પ્રસ્તુત મુદ્દો અંગે નીચે મુજબ પોતાનો નિર્ણય આપ્યો :–

"તારીખ ૨૧મી જુલાઈ, ૧૯૮૭ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિએ તેના બત્રીસમાં અહેવાલમાં ભલામણ કરી હતી કે રવિવાર, તારીખ ૯મી ઓગષ્ટ, ૧૯૮૭ના રોજ પણ બપોરે ૧–૦૦ વાગ્યે સભાગૃહની બેઠક મુલતવી રાખવી અને ચાલીસમાં સ્વાતંત્ર્ય વર્ષ નિમિત્તે સરકાર તરફથી રજૂ થનાર પ્રસ્તાવ હાથ ધરવો. કામકાજ સલાહકાર સમિતિનો આ બત્રીસમો અહેવાલ તારીખ ૨૨મી જુલાઈ, ૧૯૮૭ના રોજ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યો હતો અને તેમાં કરવામાં આવેલી ભલામણોનો સભાગૃહે સ્વીકાર કર્યો હતો. ત્યારબાદ માનનીય મુખ્યમંત્રીશ્રી અને સભાગૃહના નેતાશ્રીએ તેમના તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૮૭ના પત્રથી તારીખ ૯મી ઓગસ્ટ, ૧૯૮૭ના રોજ રાખવામાં આવેલી સભાગૃહની બેઠકના સમયમાં ફેરફાર કરવા મને વિનંતી કરી હતી અને મેં તેમની વિનંતી ધ્યાનમાં લઈને તારીખ ૯મી ઓગસ્ટ, ૧૯૮૭ના રોજ રાખવામાં આવેલી સભાગૃહની બેઠક બપોરના ૧–૦૦ વાગ્યાના બદલે રાત્રિના ૮–૩૦ વાગ્યે રાખવાનું ઠરાવ્યું હતું અને તદ્નુસાર તારીખ ૯મી ઓગસ્ટ, ૧૯૮૭ના રોજ સભાગૃહની બેઠક રાત્રે ૮–૩૦ વાગ્યે મળી હતી. વધુમાં સ્પષ્ટતા કરવાની કે મેં ફકત બેઠકના સમયમાં જ ફેરફાર કર્યો હતો. બેઠકના દિવસમાં કે બેઠકના એજન્ડામાં કોઈ ફેરફાર કર્યો ન હતો.

કામકાજ સલાહકાર સમિતિના બત્રીસમા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણને કાળજીપૂર્વક વાંચવામાં આવે તો તેમાં ત્રણ બાબતો સંકળાયેલી દેખાય છે.

(૧) રવિવાર, તા. ૯મી ઓગસ્ટ, ૧૯૮૭ના રોજ પણ સભાગૃહની બેઠક રાખવી.

(૨) સભાગૃહની બેઠક બપોરે ૧–૦૦ વાગ્યે રાખવી અને

(૩) તે બેઠકમાં ચાલીસમા સ્વાતંત્ર્ય વર્ષ નિમિત્તે સરકાર તરફથી રજૂ થનાર પ્રસ્તાવ હાથ ધરવો. આમ આ ભલામણમાં ગૃહની બેઠકનો સમય શું નકકી કરવો તેનો પણ નિર્દેશ કરવામાં આવેલો, સામાન્યતઃ સભાગૃહની બેઠક બપોરના ૧૨–૦૦ વાગ્યે મળે છે તેને બદલે બેઠક બપોરના ૧–૦૦ વાગ્યે રાખવાનું સમિતિએ નકકી કર્યું તેથી તે અંગે ભલામણમાં પણ નિર્દેશ કર્યો જે ખરેખર કરવાની જરૂર ન હતી. બેઠકના સમયને લગતી બાબત સમિતિની ભલામણમાં દર્શાવવામાં આવતી નથી કારણ કે નિયમ ૪(૨)માં સભાગૃહની બેઠકના સમયમાં ફેરફાર કરવાની સત્તા મને સોંપેલી છે અને તે જોગવાઈને આધારે સમિતિના સભ્યોની કે સભાગૃહની લાગણી ધ્યાનમાં લઈને હું બેઠકનો યોગ્ય તે સમય ઠરાવી શકું છું. ભૂતકાળમાં પણ સભાગૃહની કોઈપણ બેઠકના સમયમાં ફેરફાર કરવા સમિતિએ સૂચવ્યું હોય તો પણ તેનો ભલામણમાં નિર્દેશ કરવામાં આવતો ન હતો. તેમ છતાં ગૃહની બેઠકના સમયને લગતો નિર્દેશ ભલામણમાં હોવાને કારણે અને તેનો સભાગૃહમાં સ્વીકાર થવાથી તે સભાગૃહનો નિર્ણય બન્યો અને તેને પરિણામે નિયમ–૧૯૫ની જોગવાઈ મુજબ તેમાં ફેરફાર કરવા માટે સભાગૃહના નેતાશ્રીએ કે તેમની ગેરહાજરીમાં કોઈ અન્ય મંત્રીએ મારી મંજૂરી લઈને પ્રસ્તાવ લાવવો પડે અને તેનો ગૃહમાં સ્વીકાર થયા પછી જ પ્રસ્તુત નિર્ણય

બદલી શકાય. આમ ટેકનીકલ રીતે નિયમોની જોગવાઈના સંદર્ભમાં માનનીય સભ્યશ્રી સુરેશભાઈ મહેતાનો પોઈન્ટ ઓફ ઓર્ડર વાજબી છે પરંતુ સભાગૃહ જાણે છે કે સભાગૃહે સમિતિની ભલામણને આધારે તા. ૯મી ઓગસ્ટ, ૧૯૮૭ની બેઠકના સમય અંગે કરેલા નિર્ણયમાં ફેરફાર કરવા માટે નિયમ–૧૯૫ની જોગવાઈ મુજબનો પ્રસ્તાવ લાવવાનું શકય ન હતું, કારણ કે સમિતિની ભલામણ ગૃહમાં તા. ૨૨–૭–૮૭ના રોજ સ્વીકારવામાં આવેલી અને ત્યારપછી તા. ૯મી ઓગસ્ટ, ૧૯૮૭ સુધી સભાગૃહની કોઈ બેઠક હતી નહિ. ઉપરાંત સભાગૃહની બેઠકનો સમય બદલવાની નિયમોથી જ મને સત્તા આપવામાં આવેલી છે. નિયમ ૪(૨)ની જોગવાઈ સભાગૃહે કોઈ પણ તબકકે મોકૂફ રાખી ન હતી. આથી સભાગૃહના નેતાશ્રીએ કરેલી માગણીને ધ્યાનમાં લઈને તા. ૯–૮–૧૯૮૭ની બેઠકના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. નિયમ–૧૯૫માં ઠરાવેલી કાર્યપધ્ધતિ અનુસરવાનું શકય ન હોવાથી તેમજ ગૃહની બેઠકના સમયમાં ફેરફાર કરવાનો મૂળભૂત અધિકાર નિયમો નીચે જ અધ્યક્ષશ્રીને આપેલો હોવાથી સમન્વય સાધીને જ નિયમોનું અર્થઘટન કરવું રહયું. આથી તા. ૯મી ઓગસ્ટ, ૧૯૮૭ની બેઠકના સમયમાં કરેલા ફેરફારને કારણે પ્રસ્તુત બેઠક ગેરકાયદેસર ગણાય નહિ.

માનનીય સભ્યશ્રી સુરેશભાઈ મહેતાને તેમના પોઈન્ટ ઓફ ઓર્ડરમાં સભાગૃહના નિર્ણયમાં ફેરફાર કરવા માટે અનુસરવાની કાર્યપધ્ધતિ થઈ નથી તેટલા પૂરતો મુદ્દો ઉપસ્થિત કર્યો હોત તો તે વાજબી લેખી શકાત, પરંતુ તેમણે આગળ વધીને પ્રસ્તુત બેઠક ગેરકાયદેસર છે કે કેમ તે માટે રૂલીંગ માગેલું પરંતુ અગાઉ મેં જણાવ્યા પ્રમાણે આ બેઠકને ગેરકાયદેસર ગણવા માટેનો તેમનો પોઈન્ટ ઓફ ઓર્ડર હું સ્વીકારી શકતો નથી."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, શ્રેણી–૨, પુસ્તક–૩૫, કોલમ–૧૪૫–૧૪૮)**

***(ઉક્ત નિર્ણયની સાથે સાથે અધ્યક્ષના અગત્યના નિર્ણયોની ૧૯૬૦–૮૪ની પુસ્તિકાનાં પાના નં. ૪૧૩ ઉપરનો નિર્ણય ક્રમાંક ૫૬૩ પણ ધ્યાને લેવામાં આવે.)**

**સભાગૃહ–**

**લોબી અને લોંજમાં પ્રવેશ–**

***૯૩. સભાગૃહની લોબી અને પ્રતિબંધિત વિસ્તારમાં પરવાનગી વગર કોઈને પણ આવવાનો અધિકારનથી.**

તા. ૧૪–૭–૮૭ના રોજ સભ્યશ્રી શાંતિભાઈ પટેલે, માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું કે સભાગૃહની લોબીમાં બહારના અનઓથોરાઈઝડ માણસોની એટલી મોટી ભીડ છે કે જેના લીધે સભ્યશ્રીઓને સભાગૃહમાં આવવા જવામાં ભારે મુશ્કેલી પડે છે.

પ્રસ્તુત મુદ્દા ઉપર મંત્રીશ્રી મહંત વિજયદાસજી અને વિરોધપક્ષના નેતાશ્રી ચીમનભાઈ પટેલ સહિત અન્ય સભ્યશ્રીઓએ પોતાના મંતવ્યો જણાવ્યાં.

ત્યારબાદ માન. અધ્યક્ષ (શ્રી નટવરલાલ શાહ)એ નીચે મુજબ નિર્ણય આપ્યો :–

"એક વાત સૌ સભ્યશ્રીઓએ બહુ સ્પષ્ટ રીતે સમજી લેવાની જરૂર છે કે લોંજ સુધીનો વિસ્તાર–બંને દરવાજા–આ બાજુનો દરવાજો અને પેલી બાજુનો દરવાજો એ બધો જ વિસ્તાર પ્રતિબંધિત વિસ્તાર છે. એમાં કોઈને પણ પરવાનગી વગર આવવાનો અધિકાર નથી. લોંજની બાબતમાં પણ ગયા વખતે આ સભાગૃહે બહુ સ્પષ્ટ નિર્ણય લીધો છે કે લોંજમાં ધારાસભ્ય સિવાય કોઈને પણ જવાનો અધિકાર નથી. આ સભાગૃહે આ નિર્ણય લીધો છે. સભાગૃહના આ નિર્ણયનો કોઈપણ ભંગ કરે તો એ વિશેષાધિકાર ભંગ માટે જવાબદાર ઠરે છે એ સ્પષ્ટ વાત સૌ કોઈએ સમજી લેવાની જરૂરી છે. ઠરાવ એટલા માટે કરવો પડયો છે કે મારી સ્પષ્ટ સૂચના છતાં કેટલીક વખત ભંગ થતો હતો. એના કારણે સિકયૂરિટિના ભાઈઓને મુશ્કેલી ઉભી થતી હતી. ધારાસભ્યો પોતાની સાથેના માણસોને પરાણે લોંજમાં લઈ જતા હતા એટલા માટે એ નિર્ણય કરવો પડયો છે. એ નિર્ણયનો ભંગ થશે તો તેના માટેની ઘણી મોટી જવાબદારી રહેશે. એ માનનીય સભ્યશ્રીએ બહુ સ્પષ્ટ રીતે સમજી લેવાની જરૂર છે. કોઈપણ સભ્યોને એમાં છૂટછાટ નહીં મળે. કોઈપણ સંજોગોમાં સભાગૃહના નિર્ણયને ઉલેખવાનો પ્રયત્ન ચલાવી લેવાય નહીં. આજથી જ આનો કડક અમલ થશે.

**(ગુ. વિ. સ. ચર્ચા, શ્રેણી–૨, પુસ્તક–૨૯, કોલમ–૫૧૩/૫૧૬)**

***(ઉક્ત નિર્ણયની સાથે સાથે અધ્યક્ષના અગત્યના નિર્ણયોની ૧૯૬૦–૮૪ની પુસ્તિકાનાં પાના નં. ૪૧૬ ઉપરનો નિર્ણય ક્રમાંક ૫૬૯ પણ ધ્યાને લેવામાં આવે.)**

**સભાગૃહ–**

**સભાગૃહની બેઠક–**

**સભાગૃહની બેઠક ક્યારે યોગ્ય રીતે મળેલી ગણાય–**

**૯૪. "ગૃહની બેઠક મુલતવી રાખવામાં આવે છે." તેવી જાહેરાત અધયક્ષસ્થાનેથી કરવામાં ન આવે ત્યાં સુધી ગૃહની બેઠક મુલતવી રાખવાનો સમય વીતી જવા છતાં બેઠક યોગ્ય રીતે મળેલી છે તેમ ગણાય.**

તા. ૨૧–૩–૨૦૦૧ના રોજ "રાજયમાં થયેલા ધરતીકંપની હોનારત અને રાજયમાં પ્રવર્તમાન દુષ્કાળની પરિસ્થિતિ" અંગે રજૂ કરેલા પ્રસ્તાવ પરની ચર્ચા દરમિયાન માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અમરસિંહ ચૌધરીએ ધરતીકંપના અસરગ્રસ્તો માટે વિદેશથી આવેલા કિંમતી ચીજ–વસ્તુઓ ગેરવલ્લે થવા સંબંધે મંત્રીશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓ સામે આક્ષેપ કરતાં માન. વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી સુરેશચંદ્ર મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માન. વિરોધપક્ષના નેતાશ્રીએ ઉચ્ચારેલા શબ્દો પાછા ખેંચવા અધ્યક્ષસ્થાને બીરાજેલ માનનીય ઉપાધયક્ષશ્રી ઉપેન્દ્રભાઈ ત્રિવેદી સમક્ષ રજઆત કરી હતી. આ તબકકે સભાગૃહમાં ધાંધલ–ધમાલ શરૂ થતાં ૪–૩૫ વાગે ૧૦ મિનિટ માટે સભાગૃહ મુલતવી રાખવામાં આવ્યું હતું. સભાગૃહ ફરી ૪–૪૫ વાગે મળ્યું તે સમયે ઉકત આક્ષેપો સંબંધના વાદ–વિવાદના અંતે માન. ઉપાધ્યક્ષશ્રીએ રેકર્ડ તપાસીને નિર્ણય કરવાનું જણાવી સંસદીય બાબતોના મંત્રીશ્રી સુરેશચંદ્ર  મહેતા અને વિરોધપક્ષના નેતાશ્રી અમરસિંહ ચૌધરીને અધ્યક્ષશ્રીની ચેમ્બરમાં રેકર્ડ તપાસવા આમંત્રણ આપી આ રેકર્ડ ચેક કરવા સભાગૃહની બેઠક ૧૦ મિનિટ માટે મુલતવી રાખી તેઓશ્રી માનનીય અધ્યક્ષશ્રીની ચેમ્બરમાં ગયા હતા. સભાગૃહની બેઠક ફરી ૫–૦૪ વાગે મળી ત્યારે પેનલ પરના સભ્ય માન. સભાપતિ શ્રી દોલતરાય દેસાઈએ અધ્યક્ષસ્થાન લીધું હતું તે વખતે સતત અંતરાયો ઉભા થતાં માન. સભાપતિશ્રીએ સભાગૃહની બેઠક ૧૫ મિનિટ માટે મુલતવી રાખી હતી. સભાગૃહ ફરીથી સાંજે ૫–૧૯ વાગે મળ્યું ત્યારે માનનીય ઉપાધ્યક્ષશ્રીએ અધ્યક્ષસ્થાન સંભાળ્યું હતું. આ વખતે પણ સતત અંતરાયો ઉભા થતાં સભાગૃહ ૧૦ મિનિટ માટે મુલતવી રાખવામાં આવ્યું હતું. સભાગૃહની બેઠક ફરી સાંજે ૫–૩૭ વાગ્યે મળી ત્યારે અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીએ તેમણે તપાસેલના રેકર્ડના આધારે ધારાસભ્યોના અવમાન બદલ વિરોધપક્ષના નેતાશ્રીને દિલગીરી વ્યકત કરવા જણાવ્યું. આ તબકકે સભાગૃહનું તે દિવસનું કામકાજ પુરૂં થતાં ૫–૪૦ વાગે સભાગૃહ મુલતવી રહયું હતું.

વિરોધપક્ષના નેતાશ્રી અમરસિંહ ચૌધરીએ દિલગીરી વ્યકત કરી ન હતી તેથી બીજા દિવસે એટલે કે તારીખ ૨૨–૩–૨૦૦૧ના રોજ સંસદીય બાબતોના મંત્રીશ્રી સુરેશચંદ્ર મહેતાએ માનનીય અધ્યક્ષશ્રીના આદેશનો અનાદર કરવા બદલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું હતું. આ બાબતે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અમરસિંહ ચૌધરીએ પોતાનું મંતવ્ય વ્યકત કરી જણાવેલ કે તારીખ ૨૧–૩–૨૦૦૧ના રોજ સભાગૃહની બેઠકનો સમય ૫–૧૫ વાગે પૂરો થઈ ગયો હોઈ અને સમય વધારવા માટેની કોઈ દરખાસ્ત સત્તાધારી પક્ષ તરફથી થઈ ન હોઈ ગૃહના સમય પછી આપેલો આદેશ "નલ એન્ડ વોઈડ" છે તેમ જણાવ્યું. પ્રસ્તુત બાબતે વાદ–વિવાદ ચાલુ રહયો હતો. તારીખ ૨૧–૩–૨૦૦૧ના રોજ ૫–૧૫ વાગ્યા પછી થયેલ કાર્યવાહીની કાયદેસરતા સંબંધના વાદ–વિવાદના અવલોકનોના આધારે માનનીય અધ્યક્ષ (શ્રી ધીરૂભાઈ શાહ)એ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કર્યા.

"(૧) ગઈકાલ તારીખ ૨૧–૩–૨૦૦૧ના રોજ ઉપાધ્યક્ષ જયારે અધ્યક્ષસ્થાન ઉપર હતા ત્યારે તેમજ માનનીય દોલતભાઈ પેનલ પરના સભ્ય અધ્યક્ષસ્થાન ઉપર હતા ત્યારે ગૃહનો લંબાવાયેલ સમય નિયમ અનુસારનો ગણાય કે કેમ ?

(૨) માનનીય અધ્યક્ષશ્રીએ ગઈકાલે આપેલ રૂલીંગ નિયમ મુજબનું ગણાય કે કેમ ?

(૩) તે બાબતનો પોઈન્ટ ઓફ ઓર્ડર આજરોજ ઉપસ્થિત કરી શકાય કે કેમ ?

(૪) તે મુદ્દો આજરોજ ઉપસ્થિત કરવાની પરવાનગી આપવામાં આવે તો તેનો અંતિમ હુકમ શું?"

ઉકત મુદ્દાઓ પર માનનીય અધ્યક્ષ (શ્રી ધીરુભાઈ શાહ)એ નીચે મુજબનો નિર્ણય આપ્યો. "ઉપરોકત મુદ્દાઓ પ્રત્યે હું મુદ્દા નંબર (૧)(૨) અને (૩)નો ઉત્તર "હા"માં આપું છું. અને મુદ્દા નંબર (૪) નો નિર્ણય નીચે મુજબ આપું છું.

મુદ્દા નંબર (૧) બાબતે ગઈકાલના સાંજના ૫–૦૫ મિનિટે જયારે ગૃહ મળ્યું ત્યારે ગૃહના અધ્યક્ષસ્થાને વિધાનસભાના નિયમોના નિયમ–૫ અન્વયે ગૃહની પેનલ પરના સદસ્ય માનનીય શ્રી દોલતભાઈ દેસાઈ હતા. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–પની જોગવાઈ અનુસાર અધ્યક્ષસ્થાને પેનલ પરના સદસ્ય હોવાથી તે સમયે ગૃહની બેઠક યોગ્ય રીતે ભરાયેલી ગણું છું. આ તબકકે કાર્યવાહીનું સંચાલન કરવાનું તેમના માટે અશકય બનતાં તેઓએ ગૃહની બેઠક ૧૫ મિનિટ માટે મુલતવી રાખવા જણાવેલ હતું. તેવો તેમણે નિર્ણય આપેલો.

ગૃહનું કામકાજ તે દિવસ પૂરતું પૂરું થયેલ છે અને સભાગૃહ આવતીકાલે કેટલા વાગે કયાં મળશે તેવી કોઈપણ જાતની જાહેરાત કરેલ નહોતી. તેથી તેમણે ૧૫ મિનિટ માટે ગૃહ લંબાવેલ હતું તે હું નિયમોનુસારનું ગણું છું અને અધ્યક્ષશ્રીની સત્તાની અંદર આવેલ ગણું છું જેથી ગૃહ ફરી ૫–૨૦ વાગે મળેલ ત્યારે ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને હતા. આ તબકકે પણ ગૃહનું સંચાલન અશકય બનતાં તેઓએ ફરી ૧૦ મિનિટ માટે ગૃહ મુલતવી રાખ્યું અને ૫–૩૦ વાગે ગૃહ ફરીથી મળ્યું ત્યારે વિરોધપક્ષના નેતાશ્રીને સભાગૃહની આજની કાર્યવાહી પૂરી થાય તે પહેલાં દિલગીરી વ્યકત કરવા જણાવતો નિર્ણય આપ્યો હતો પરંતુ સભાગૃહની કાર્યવાહી પૂરી થાય ત્યાં સુધી વિરોધપક્ષના નેતાએ કોઈ દિલગીરી વ્યકત ન કરતાં તે બાબતે પોઈન્ટ ઓફ ઓર્ડરનો આજરોજ ઉભો કરેલ છે. ગઈકાલે ગૃહ મળેલ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૪ અનુસાર અને સંસદીય કાર્યરીતિ અને પ્રણાલીઓના પુસ્તકના પાના ૨૪૦ ઉપર જણાવ્યા મુજબ માનનીય અધ્યક્ષશ્રીનો અધિકાર રહે છે કે તેઓ ગૃહ લંબાવી શકે એટલું જ નહીં પરંતુ જયાં સુધી ગૃહ મુલતવી રહેવા અંગે અને કયા દિવસે ફરી મળશે તે જાહેરાત ન કરે ત્યાં સુધી તે દિવસ પૂરતું લંબાયેલું ગણાય છે. આ ઉપરાંત પ્રેકટીસ એન્ડ પ્રોસીજર ઓફ પાર્લામેન્ટ પુસ્તક કૌલ અને શકધરની પાંચમી આવૃત્તિના પાના નંબર ૩૯૯ ઉપર નીચે મુજબનું ઓબ્ઝર્વેશન કરવામાં આવ્યું છે.

"Unless the Speaker otherwise directs, sitting of the House on any day ordinarily concludes at 18 Hours. the sitting does not, however, conclude automatically nor is any motion adopted for its conclusion. The House stands adjourned and the sitting on a day is terminated only when the Presiding Officer makes the announcement in the House to that effect".

આથી ગઈકાલે માનનીય અધ્યક્ષશ્રીએ આપેલ નિર્ણય ગૃહના સમય દરમિયાન આપેલ નિર્ણય ઠરાવું છું. જેનો અમલ કરવાનો રહેતો હતો તે નિર્ણયનો અમલ ન થતાં આજરોજ જે મુદ્દો ઉપસ્થિત થયેલ છે તે અધ્યક્ષના આદેશનો અનાદર સમા છે. તેનાથી ગૃહનું અવમાન થાય છે. તેથી આ મુદ્દો આજરોજ ઉપસ્થિત કરી શકાય તેમ પણ ઠરાવું છું કારણ કે આ બાબત ગૃહની કાર્યવાહી સાથે સીધી રીતે સંકળાયેલી છે. આ રીતે સંસદીય બાબતોના મંત્રીશ્રી સુરેશચંદ્ર મહેતાએ ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો હું સ્વીકાર કરું છું અને તેમને દરખાસ્ત રજૂ કરવા જણાવું છું."

ઉકત નિર્ણયને અનુસરીને સંસદીય બાબતોના મંત્રીશ્રીએ, અધ્યક્ષશ્રીના આદેશના અનાદર બદલ વિરોધપક્ષના નેતાશ્રી અમરસિંહ ચૌધરીને સત્રના બાકીના સમય માટે સસ્પેન્ડ કરવાની દરખાસ્ત રજૂ કરી, જેને નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ ટેકો આપ્યો. આ દરખાસ્તને સભાગૃહની મંજૂરી મળતાં વિરોધપક્ષના નેતાશ્રી અમરસિંહ ચૌધરી અધ્યક્ષશ્રીના નિર્ણયને માન આપી સભાગૃહ છોડી ગયા હતા.

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, પુસ્તક ૭૧, પાના નંબર ૧૧૮ થી ૧૭૯)**

**સભ્યશ્રી–**

**સભ્યશ્રીની જાતમાહિતી–**

## ૯૫. સભ્યશ્રી દ્વારા આપવામાં આવેલી જાતમાહિતી અંગે સંબંધકર્તા મંત્રીશ્રીએ જરૂરી તપાસ કરાવવી જોઈએ.

તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૨ના રોજ માનનીય સભ્યશ્રી જયનારાયણ વ્યાસે સભ્યશ્રીઓ જાતે માહિતી મેળવીને પ્રશ્નનો જવાબ મેળવવા પ્રયત્ન કરે છતાં મંત્રીશ્રીઓ દ્વારા તેની ગંભીરતાથી નોંધ ન લેવાતી હોવા બાબતે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો અને માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું હતું. ઉકત બાબતે માનનીય અધ્યક્ષશ્રીએ નીચે મુજબનો નિર્ણય આપ્યો :–

"માનનીય શ્રી જયનારાયણભાઈની વાત સાચી છે. કોઈપણ સભ્યશ્રી કોઈપણ માહિતી આ ગૃહમાં માનનીય મંત્રીશ્રીને કે સરકારને અને ગૃહને આપે ત્યારે આ માહિતીની ચકાસણી સરકાર તરફથી, સંબંધકર્તા મંત્રીશ્રી તરફથી થાય એ જરૂરી છે. આની ગંભીરતાથી મંત્રીશ્રીઓએ નોંધ લેવી જોઈએ, એ મુદ્દો હું સ્વીકરુ છું."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, પુસ્તક ૭૮, કોલમ ૧૩૫–૧૩૬)**

### સભ્યશ્રી–

### સભ્યશ્રીઓનું વર્તન–

## ૯૬. સભ્યશ્રીઓએ પોતાના સ્થાન પર બેઠાં બેઠાં અનુચિત ભાષા પ્રયોગ કરવામાં સંયમ રાખવો જોઈએ.

તારીખ ૧૩મી માર્ચ, ૧૯૯૨ના રોજ પ્રશ્નોત્તરી સમય દરમિયાન સભ્યશ્રી કાંતિભાઈ કચોરીયા અને સભ્યશ્રી હરજીવનભાઈ પટેલે કરેલા સભાત્યાગ તથા સભ્યશ્રી ફકીરભાઈ વાઘેલા અને શ્રમ મંત્રીશ્રી રામસિંહ પરમાર વચ્ચે થયેલી ઉગ્ર બોલાચાલીની ઘટનાઓના સંબંધમાં માનનીય સભ્યશ્રી મનુભાઈ પરમારે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો.

ઉકત મુદ્દા અંગે સભ્યશ્રી મનુભાઈ પરમાર તથા બીજા કેટલાક સભ્યોએ પોતાનાં મંતવ્યો વ્યકત કર્યાં હતા. તેના અનુસંધાને ઉપરોકત મુદ્દાઓ પૈકી સભ્યશ્રી ફકીરભાઈ વાઘેલા અને શ્રમ મંત્રીશ્રી રામસિંહ પરમાર વચ્ચે થયેલી બોલાચાલીના મુદ્દા સંબંધમાં તારીખ ૨૪મી માર્ચ, ૧૯૯૨ના રોજ માનનીય અધ્યક્ષશ્રીએ નીચે મુજબનો નિર્ણય આપ્યો :–

"ગૃહના ઘણાખરા સભ્યો જાણતા હશે કે તે દિવસની પ્રશ્નોત્તરી દરમિયાન માનનીય સભ્યશ્રી ફકીરભાઈ વાઘેલા તરફથી ગૃહમાં ગેરહાજર રહેલા એક સભ્યના પ્રશ્નનો જવાબ આપવા માગણી કરવામાં આવેલી અને તે સંબંધમાં તેમણે પોતાના સ્થાને બેઠાં બેઠાં માનનીય મંત્રીશ્રીને ઉદ્દેશીને કેટલાક શબ્દો કહેલા અને તે સંદર્ભમાં માનનીય મંત્રીશ્રીએ પણ ધમકીભરી ભાષામાં પોતાના સ્થાને બેઠાં બેઠાં જે વાતચીત કે ઉચ્ચારણો કરેલ છે તેની કોઈ નોંધ કાર્યવાહીમાં લેવામાં આવતી નથી. આથી સભ્યશ્રી કે મંત્રીશ્રી ચોકકસ શું બોલેલા, કેવો ભાષા પ્રયોગ કરેલો તેની અધિકૃત નોંધના અભાવે તે સંબંધમાં કોઈ નિણય થઈ શકે નહીં.

ગૃહનું કામકાજ સરળતાથી ચલાવવા માટે અને ગૃહનું ગૌરવ અને મોભો જળવાય તે માટે સહિયારા પ્રયત્નની જરૂર રહે છે. ગૃહના તમામ સભ્યો નિયમો અને પ્રણાલિકાઓનો આદર કરે, તે મુજબ વર્તણૂક કરવા આગ્રહી બને અને જરૂરી સંયમ દાખવે તો જ આ ગૃહનું સંચાલન કરવાનું મારા માટે સરળ બને અને તેનો મોભો, ગૌરવ જાળવી શકાય. આથી ઉશ્કેરાટના પ્રસંગોએ પણ માનનીય સભ્યશ્રીઓ અને માનનીય મંત્રીશ્રીઓ પણ સંયમ જાળવી એકબીજાના વિચારો પ્રત્યે સહિષ્ણુતા દાખવે તેમ હું ઈચ્છું છું. ખાસ કરીને સભ્યશ્રીઓ પોતાના સ્થાન ઉપર બેઠાં બેઠાં અનુચિત ભાષા પ્રયોગ કરવામાં સંયમ દાખવે તેવી ગૃહના તમામ સભ્યોને મારી વિનંતી છે."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, પુસ્તક ૭૬, કોલમ ૬૭૩–૬૭૪)**

### સમિતિ–

### અન્ય સમિતિને તપાસ સોંપવાની બાબત –

## ૯૭. એક સમિતિને તપાસ માટે સોંપવામાં આવેલ બાબત બીજી સમિતિને ન સોંપી શકાય.

તા. ૩૧મી માર્ચ, ૧૯૯૨ના રોજ ગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૫૯૩૨ની ચર્ચા દરમિયાન માનનીય નર્મદા વિકાસ મંત્રીશ્રી બાબુભાઈ જ. પટેલે, પ્રશ્ન પૂછતા સભ્યશ્રીની સામે હાથ ઉંચા કરી બેસાડી દેવાની ચેષ્ટા કરી હતી તે બાબતે સભ્યશ્રી અશોક ભટ્ટે પ્રશ્નોત્તરી બાદ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો. પોઈન્ટ ઓફ ઓર્ડર પરની ચર્ચા દરમિયાન સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજાએ સૂચન કર્યું કે નર્મદા યોજના માટે વિદેશી આયાત કરેલી યંત્ર સામગ્રીના વેચાણ અંગે ઉપસ્થિત થયેલ મુદ્દાની તપાસ જાહેર સાહસો માટેની સમિતિને સોંપીને તેનો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવે.'

ઉકત બાબત સંબંધમાં સભ્યશ્રી મનોહરસિંહજી જાડેજા અને સભ્યશ્રી અશોક ભટ્ટ તથા નર્મદા વિકાસ મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીના મંતવ્યો સાંભળ્યા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ તા. ૨જી એપ્રિલ, ૧૯૯૨ના રોજ નીચે મુજબનો નિર્ણય આપ્યો :–

"ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના સન ૧૯૭૪–૭૫ના ઓડિટ અહેવાલમાં ઉકાઈ બંધના બાંધકામમાં મશીનરીની ખરીદી અને ઉપયોગને લગતો એક ફકરો હતો જેની જાહેર હિસાબ સમિતિએ વિસ્તૃત તપાસ કરી હતી. તપાસ બાદ સમિતિએ તેના ૬ઠ્ઠી વિધાનસભાના ત્રીજા અહેવાલમાં ભલામણો કરી હતી કે ઉકાઈ યોજના કરતા પણ મોટી એવી નર્મદા યોજનાનું કામ હવે સરકારે હાથ ઉપર લેવાનું થાય છે. તેથી તેની યંત્ર સામગ્રી અને છૂટા ભાગોની ખરીદી અને તેને સ્ટોર કરવાની પ્રથામાં જે ક્ષતિઓ ઉકાઈ યોજનામાં ધ્યાન ઉપર આવી છે તેવું નર્મદા યોજનામાં પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવાની રહેશે. સમિતિની આ ભલામણો ઉપર સરકારે શું કાર્યવાહી કરી છે તેની ચકાસણી દરમિયાન આ યોજનાની યંત્ર સામગ્રી તેમજ છૂટક ભાગોની ખરીદી તેમજ સંગ્રહ, ઉપયોગ, કિંમત, વસૂલ કરેલ ભાડુ, વેચાણ, નિકાલ વગેરે સંબંધમાં ખૂબજ વિસ્તૃત માહિતી માગી હતી અને માહિતી માગ્યા બાદ પણ બીજા પસંદ થયેલા વિસ્તૃત મુદ્દાઓ સંબંધમાં પણ માહિતી માગવામાં આવી હતી. આ ઉપરાંત પડી રહેલ મશીનરીનો સ્થળ ઉપર નિરીક્ષણ કરવા માટે સમિતિએ પ્રવાસ પણ યોજયો હતો અને સઘળી માહિતી, વધારાની માહિતી તેમજ પ્રવાસ બાદ સમિતિએ આ અંગે સઘળી છટકબારીઓ બંધ કરીને યંત્ર સામગ્રી અને છૂટક ભાગો ખરીદવાની પધ્ધતિની ક્ષતિઓ નિવારવા માટે સત્વરે પગલાં લેવા તેના ૧૪માં અહેવાલમાં ભલામણ કરી છે. આ સમગ્ર બાબતે સભાગૃહની જાહેર હિસાબ સમિતિએ વિસ્તૃત તપાસ કરી છે. સભાગૃહની એક સમિતિએ એ જ વિષયને લગતી તપાસ હાથ ધરી હોય તો તે જ વિશે વિષયને લગતી તપાસ સભાગૃહની બીજી સમિતિ હાથ ધરે તો તેનાથી કામ બેવડાવવાની સાથે સાથે આ સમિતિઓના નિર્ણયમાં એકવાકયતા રહે નહિ અને પરિણામે કદાચ બંને સમિતિઓની અલગ અલગ ભલામણોના આધારે નિર્ણય લેવામાં દ્વિધા થાય એવી પરિસ્થિતિ ઈચ્છનીય નથી એમ માનું છું અને આ સંજોગોમાં નર્મદા યોજનાની મશીનરી અંગેની બાબત જાહેર સાહસો માટેની સમિતિને સોંપવાનું માનનીય મનોહરસિંહજીનું સૂચન હું સ્વીકારતો નથી."

**(ગુ. વિ. સ. ચર્ચાઓ, પુસ્તક–૭૮, કોલમ–૬૬૧–૬૬૨)**

**સેલ્યુલર ફોન–**

**પોઈન્ટ ઓફ ઓર્ડર–**

**૯૮. સભાગૃહમાં સેલ્યુલર ફોન લાવવો નહીં.**

તા. ૨૦મી માર્ચ ૧૯૯૮ના રોજ નિયમ–૧૧૬ અન્વયેની ધ્યાન દોરતી સૂચના દરમિયાન સભાગૃહમાં સેલ્યુલર ફોનની ઘંટડી વાગતાં સભ્યશ્રી જશુભાઈ બારડે આ સંબંધમાં પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી માન. અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું. માનનીય અધ્યક્ષશ્રી (શ્રી ધીરૂભાઈ શાહ)એ વિધાનસભાગૃહમાં પેઈજર અને મોબાઈલ ફોન ન રાખવા બાબતે વિધાનસભા સચિવાલયે સર્વે સભ્યશ્રીઓને તા. ૨૦–૩–૯૮ના રોજ પત્રક ભાગ–૨ બહાર પાડી સૂચના આપેલ છે તેના તરફ ધ્યાન દોરી નીચે મુજબ નિર્ણય આપ્યો :–

"માનનીય સભ્યશ્રી સેલ્યુલર ફોન માટે પત્રક ભાગ–ર બહાર પાડી દીધું છે, ગઈકાલે મને એમ થયું, સેલ્યુલર ફોનની એકાદ ઘંટડી આ સ્થાનેથી મેં પણ સાંભળી હતી, એટલે પત્રક ભાગ–ર બહાર પડી ગયું છે, આ તબકકે હું માનનીય સભ્યશ્રીઓને અને માન્ય મંત્રીશ્રીઓને વિનંતી કરીશ કે આ હાઉસમાં તેઓએ સેલ્યુલર ફોન લાવવો નહિ."

**(ગુ. વિ. સ. ચર્ચા, ત્રીજી શ્રેણી, પુસ્તક નં. ૩૧ પાના નં. ૭૬ અને ૬૮)**

## સૂચિપત્ર


**વિષય** — **નિર્ણય ક્રમાંક**

**અધિકારી દીર્ઘાના પાસ–**

**પોઈન્ટ ઓફ ઓર્ડર–**

(૧) બોર્ડના ચેરમેન સભાગૃહમાં આવેલી અધિકારી દીર્ઘાના પાસની માગણી કરે તે બરાબર નથી.
(૨) બોર્ડના ચેરમેન મંત્રીશ્રીને સલાહ, સૂચન, માર્ગદર્શન કે માહિતી પૂરી પાડવામાં ઉપયોગી થતા હોય તો તેમને અધિકારી દીર્ઘાના પાસ આપવામાં હરકત નથી ૧

**અધિસૂચના–**

અધિસૂચના મેજ ઉપર મૂકવામાં વિલંબ થયો હોય તેથી તેને મેજ ઉપર મૂકવાની ના ન પાડી શકાય. ૨

**અધ્યક્ષશ્રી :–**

**અધ્યક્ષશ્રીની ચૂંટણી**

અધ્યક્ષશ્રીની ચૂંટણી થયા પછી જ બીજું કામ હાથ ધરવું જોઈએ. ૩

**અધ્યક્ષ દીર્ઘા**

**અધ્યક્ષ દીર્ઘાના પાસ–**

(૧) અધ્યક્ષ દીર્ઘાના પાસની ભલામણ કરતી વખતે સભ્યશ્રીઓએ વધુ સંયમ અને તકેદારી રાખવી જોઈએ.
(૨) કોઈ વ્યકિતને પાસ આપવાની ભલામણ કરતી વખતે તે વ્યકિતની ગૃહની કાર્યવાહી નિહાળવા માટેની શુધ્ધબુધ્ધિની ચકાસણી થવી જોઈએ. ૪

**અંદાજપત્ર**

**અગાઉની સરકારના અંદાજપત્ર પરની કાર્યવાહી**

અંદાજપત્ર રજૂ થયા પછી મંત્રીમંડળમાં ફેરફાર થાય તો નવું મંત્રીમંડળ જૂનું અંદાજપત્ર સ્વીકારી તે અંગે ગૃહમાં આગળની કાર્યવાહી હાથ ધરી શકે છે. ૫

**અંદાજપત્રના સાહિત્ય અંગે**

(૧) અંદાજપત્ર અંગેનું સાહિત્ય સચિવને આપે એટલે તે ગૃહના મેજ ઉપર મૂકયું કહેવાય.
(૨) અંદાજપત્ર અંગેના કાગળો ઉપર વિભાગના સચિવની સહી છાપેલી હોય તો અંદાજપત્ર અંગેનો તે દસ્તાવેજ ગૃહના ટેબલ ઉપર મૂકી શકાય છે. ૬

**કાપ દરખાસ્ત**

**બોલવાનો અધિકાર–**

સભ્યશ્રી કાપદરખાસ્ત મૂકે એટલે તેને બોલવાનો અધિકાર મળતો નથી. એ અધિકાર પક્ષના

દંડક નક્કી કરી શકે. ૭

**કામગીરી અંદાજપત્ર**

(૧) માગણી ગૃહમાં રજૂ થાય તે અગાઉ સભ્યોને કામગીરી અંદાજપત્રની નકલો આપવી જોઈએ.

(૨) કામગીરી અંદાજપત્રમાં સરકારના કાર્યક્રમોનો તેમજ સરકારની કામગીરીની સંપૂર્ણ વિગતો આપવી જોઈએ. ૮

**શુધ્ધિપત્રક–**

અંદાજપત્ર પ્રકાશનનું શુધ્ધિપત્રક જે તે વિભાગની માગણીઓ પર ચર્ચા હાથ ધરવાના ત્રણ દિવસ અગાઉ વિધાનસભા સચિવાલયને મોકલી આપવું જોઈએ. ૯

**સરકારનો અધિકાર–**

અંદાજપત્ર ક્યારે રજૂ કરવું તે સરકારની ઈચ્છાની વાત છે. ૧૦

**ઔચિત્યભંગ–**

**અખબારોમાં પ્રસિધ્ધિ–**

કોઈપણ અહેવાલ સભાગૃહમાં રજૂ થયાં પહેલાં તેની વિગતોની અખબારોમાં થયેલી પ્રસિધ્ધિનો મુદ્દો ઉઠાવી શકાય નહીં. ૧૧

**અગત્યની જાહેરાત–**

સભાગૃહની બેઠક ચાલુ હોય ત્યારે સરકારે અગત્યની જાહેરાત પહેલાં પ્રેસને આપવાને બદલે સભાગૃહમાં કરવી જોઈએ. ૧૨

**અગાઉથી નોટિસ–**

ઔચિત્યભંગ કે વિશેષાધિકાર અંગે પહેલેથી નોટિસ આપવી જોઈએ. ૧૩

**નીતિ વિષયક જાહેરાત–**

વર્તમાન નીતિમાં ફેરફાર કરવાની બાબત પણ નીતિ વિષયક ગણાય અને તે અંગેની જાહેરાત સૌ પ્રથમ સભાગૃહમાં કરવી જોઈએ. ૧૪

વિધાનસભાની બેઠક ચાલતી હોય ત્યારે ચાલુ નીતિમાં ફેરફાર કરવાની કે નવી નીતિ ઘડવાનો પ્રશ્ન હોય ત્યારે તેની જાહેરાત પહેલાં સભાગૃહ સમક્ષ થવી જોઈએ. જો તેમ ન થાય તો ઔચિત્યભંગ થયો ગણાય. ૧૫

**પરવાનગી–**

ઔચિત્યભંગ અંગેનો મુદ્દો ઉઠાવતાં પહેલાં અધ્યક્ષશ્રીને તેની જાણ કરવી જોઈએ. ૧૬

**પંચના અહેવાલની પ્રસિધ્ધિ–**

રાણે પંચનો અહેવાલ ગૃહમાં રજૂ થાય તે પહેલાં અહેવાલમાં છપાયેલ પંચના અધ્યક્ષનો પત્ર અખબારમાં પ્રસિધ્ધિ થવાથી સભાગૃહનું અવમાન થાય છે. ૧૭

**મુખ્યમંત્રીશ્રીની જાહેરાત–**

સત્તાધારી પક્ષની બેઠકમાં મંત્રીશ્રીએ કરેલી જાહેરાતને ઔચિત્યભંગનો મુદ્દો ગણી શકાય નહીં. ૧૮

**વિધાનસભાનું મકાન–**

**પ્રદર્શન–**

વિધાનસભાના મકાન કે તેના કોઈપણ ભાગનો પ્રદર્શનના સાધન તરીકે ઉપયોગ કરવામાં આવે

તે વાજબી નથી. ૧૯

**ચર્ચા–**

**અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરી–**

સભાગૃહમાં પ્રશ્નોત્તરી બાદ કોઈપણ મુદ્દો ઉભો કરતાં પહેલાં તે અંગે અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરી મેળવેલી હોવી જોઈએ. ૨૦

**અસંસદીય શબ્દો અને શબ્દ પ્રયોગો–**

કોઈપણ ધારાસભ્ય માટે 'હીરો' શબ્દ અજુગતો છે. "ચૂંટાયેલા સભ્યના ઓઠા નીચે લોકો આતંક કરે છે." એવા શબ્દો વાપરી શકાય નહીં. ૨૧

"દાદાઓ"એ શબ્દ અસંસદીય નથી. ૨૨

"નાદાન અને નાપાક પ્રયત્ન"એ શબ્દ પ્રયોગ ઉચિત નથી. ૨૪

"પત્તર ફાડી નાખી છે."એ શબ્દ પ્રયોગ ઉચિત નથી. ૨૫

"પ્યાદુ" શબ્દ પ્રયોગ અસંસદીય છે. ૨૬

પ્રવચનમાં સૂરૂચિને અનુકૂળ ન હોય તેવા શબ્દો વાપરી શકાય નહીં. ૨૭

બીજા સભ્યોની લાગણી દુભાય તેવા ઉદ્દેશવાળી કહેવતનો ઉપયોગ સભાગૃહમાં થઈ શકે નહીં. ૨૮

"ભૂવો ધૂણે છે."એ શબ્દ પ્રયોગ અસંસદીય છે. ૨૯

**કેન્દ્ર સરકારની બાબત–**

કેન્દ્ર સરકારને લગતી બાબતની ચર્ચા સભાગૃહમાં થઈ શકે નહીં. ૩૦

**ગેરહાજર વ્યકિત–**

સભ્ય ગેરહાજર હોય તો પણ તેમણે કરેલા પ્રવચનનો જવાબ આપી શકાય. ૩૧

સભ્યશ્રીની ગેરહાજરીમાં તેમની વ્યકિતગત ટીકા થઈ શકે નહીં. ૩૨

**પત્રકારોને આપવાનું સાહિત્ય–**

ખાનગી કામ માટે સભ્યોની સહી લેવા અંગે ૩૩

**પ્રવચન–**

કોઈપણ રીતે સભાગૃહનું અવમાન થાય તેવા શબ્દો અનુમાનના આધારે વાપરવા શોભાસ્પદ નથી. ૩૪

**મંત્રીશ્રીનો અધિકાર–**

મંત્રીશ્રીને સભાગૃહમાં નિવેદન વાંચવાનો અધિકાર છે. ૩૫

**મંત્રીશ્રીની ગેરહાજરી–**

માગણીઓ ઉપરની ચર્ચા દરમિયાન સંબંધિત મંત્રીશ્રીએ સભાગૃહમાં હાજર રહેવું જોઈએ. ૩૬

**વર્તમાનપત્રો–**

કોઈપણ સભ્ય પોલિટિકલ મૂડી ઉભી કરવા માટે અથવા વર્તમાનપત્રોને ખ્યાલમાં રાખીને બોલે છે એમ કહેવું વાજબી નથી. ૩૭

**શાંતિ અને સહકારની અપીલ–**

શાંતિ અને સહકારની અપીલ અંગેના પ્રસ્તાવને અંતે મૌન પાળી શકાય નહીં. ૩૮

**સામાન્ય ચર્ચામાં દરમિયાનગીરી–**

અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના પ્રથમ દિવસે મંત્રીશ્રીએ ચર્ચામાં દરમિયાનગીરી કરવી જોઈએ નહીં. ૩૯

**ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવો–**

**સૂચનાની સમયમર્યાદા–**

પ્રસ્તાવની સૂચનાની સમયમર્યાદામાં છૂટછાટ મૂકવાની અધ્યક્ષને સત્તા છે. ૪૦

**ઝીરો અવર–**

**અધ્યક્ષશ્રીનો નિર્ણય–**

લાંબા સમયની માગણી હોય એવો મુદ્દો ઉપસ્થિત કરવા માટે સંબંધિત મંત્રીશ્રીએ સંમતિ આપી હોય તો પણ શૂન્યકાળમાં તે ઉપસ્થિત થઈ શકે નહીં. ૪૧

**પરવાનગી અને સંમતિ–**

ઝીરો અવરમાં મુદ્દો ઉપસ્થિત કરવા માટે માન. અધ્યક્ષશ્રીની પરવાનગી અને મંત્રીશ્રીની સંમતિ જરૂરી છે. ૪૨

**પોઈન્ટ ઓફ ઓર્ડર–**

ઝીરો અવરમાં અગત્યના પ્રશ્નો ઉપસ્થિત કરવા અંગે ૪૩

**દિવસના કામકાજની યાદી–**

**યાદીમાં ન બતાવેલી બાબત–**

સભાગૃહમાં કરવાના કામની યાદીમાં જે બાબત ન હોય તે બાબતની ચર્ચા અધ્યક્ષશ્રીની સંમતિ વિના થઈ શકે નહીં. ૪૪

**પહેરવેશ–**

(૧) પ્રણાલિકાગત હોય તે સિવાયના હેતુસર પહેરવામાં આવતા પહેરવેશને પ્રદર્શન ગણી શકાય.

(૨) કાયમી ધોરણે પહેરાતા પહેરવેશને પ્રદર્શનની વ્યાખ્યામાં ગણી શકાય નહીં. ૪૫

**ધ્યાન દોરતી સૂચના–**

**ગંભીર બાબત–**

પોલીસ લૂંટમાં સંડોવાયેલી હોય ત્યારે જાહેર હિતની બાબત તાકીદની અને વધુ ગંભીર બને છે. ૪૬

**જાહેર હિત**

**સરકારનો અધિકાર**

જાહેર હિતમાં કોઈપણ બાબતની માહિતી આપવી કે ન આપવી એ નકકી કરવાનો મંત્રીશ્રીને અધિકાર છે. ૪૭

**દાખલપાત્રતા–**

સૂચનાની બાબત જયારે સભાગૃહમાં હાથ ધરવાના તબકકે હોય ત્યારે તેની દાખલપાત્રતા સંબંધમાં સભાગૃહમાં કોઈ મુદ્દો ઉપસ્થિત કરી શકાય નહીં. ૪૮

**પોઈન્ટ ઓફ ઓર્ડર**

**મુખ્યમંત્રીશ્રીનો હોદ્દો–**

ગૃહના સભ્ય ન હોય તો પણ, બંધારણની કલમ ૧૭૭ અન્વયે ગૃહમાં મુખ્યમંત્રી તરીકે વર્તી શકે. ૪૯

**પ્રશ્નો**

**અધિકૃત ન હોય તેવી માહિતી બાબત–**

ગૃહને શકય તેટલી વધુ માહિતી આપી શકાય તેવા આશયથી અધિકૃત ન હોય તેવી માહિતી મંત્રીશ્રી ગૃહને આપે તેમાં કશું અનુચિત નથી. ૫૦

**ધંધા સંબંધિત પ્રશ્નો–**

કોઈપણ ધંધા વ્યવસાય સાથે જોડાયેલા સભ્ય તે ધંધામાંના પોતાના અંગત હિત માટેના પ્રશ્નો પૂછી શકે નહીં. ૫૧

**પત્ર પર મંત્રીશ્રીની નોંધ–**

મંત્રીશ્રીએ પત્ર પર કરેલ નોંધ જાહેર કરી શકાય નહીં. ૫૨

**પૂરક પ્રશ્નો–**

પૂરક પ્રશ્ન દાખલો આપ્યા વગર સીધો પૂછવો જોઈએ. ૫૩

**પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરવા બાબત–**

નિયમો અને પ્રણાલીઓ સાથે સુસંગત ન હોય તેવો પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી શકાય નહીં. ૫૪

**મંત્રીશ્રીએ રાખવાની કાળજી–**

(૧) પ્રશ્નોત્તરીકાળ દરમિયાન મંત્રીશ્રીએ જવાબો આપવામાં કાળજી રાખવી જોઈએ.

(૨) પ્રશ્નોત્તરી વખતે સભ્યશ્રીઓ / મંત્રીશ્રીઓએ કોમેન્ટ કરવી જોઈએ નહીં. ૫૫

**શિષ્ટાચાર–**

વિરોધપક્ષના નેતાશ્રી પ્રશ્ન પૂછતા હોય ત્યારે વિરોધપક્ષના બીજા સભ્યોએ ઉભા ન થવું જોઈએ. ૫૬

**સભ્યની ગેરહાજરી–**

**જાહેર હિત–**

(૧) કોઈ સભ્યની ગેરહાજરી હોય છતાં એ સભ્યના પ્રશ્નની માહિતી જાહેર હિતમાં સભાગૃહને આપવી મંત્રીશ્રીને જરૂરી જણાય તો મંત્રીશ્રી જવાબ આપી શકે છે.

(૨) કોઈ સભ્ય પોતાનો પ્રશ્ન પૂછવાનો અધિકાર અન્ય સભ્યને તબદીલ કરી શકે નહિ. ૫૭

**સભ્યનું મંત્રીશ્રી તરીકે નામ સૂચવવું–**

ગૃહમાં કોઈ સભ્યનું નામ લઈને તેમને મંત્રીમંડળમાં લેવા સૂચવવું બરાબર ન ગણાય ૫૮

**સભ્યોએ પાળવાનાં ધોરણો–**

સભ્ય પાસે કોઈ એક વ્યકિત આવીને કહે (રજૂઆત કરે) એટલે તરત જ પ્રશ્ન પૂછવો એ પધ્ધતિ બરાબર નથી. તેની પૂરી તપાસ કરવી જોઈએ. ૫૯

**સ્પષ્ટતાનો મુદ્દો–**

**માહિતી એકઠી કરવાની જવાબદારી**

જવાબ આપતી વખતે "સરકાર પાસે બીજાં ઘણાં કામો છે." તેવો જવાબ મંત્રીશ્રીથી આપી શકાય નહીં. ૬૦

**પ્રસ્તાવ :–**

**વૈધાનિક પ્રસ્તાવ–**

**નોટિસ આપ્યા સિવાય લાવવામાં આવેલ પ્રસ્તાવ :–**

નોટિસ પિરિયડમાં ઘટાડો કરવાનું કે નોટિસ વગર ચલાવી લેવાની અધ્યક્ષશ્રીને સત્તા છે. ૬૧

**સરકારી સંકલ્પો–**

**મતદાને**

સભ્ય બીજી જગ્યાએ બેસીને મત આપે તો તે મત અધિકૃત ગણાય નહીં. ૬૨

**મંત્રીશ્રી**

**મંત્રીશ્રીનું નિવેદન**

જાહેર અગત્યની બાબતમાં નિયમ–૪૪ અન્વયે મંત્રીશ્રીએ કરવાનું નિવેદન સામાન્યતઃ નીતિ વિષયક બાબત પૂરતું હોવું જોઈએ. વર્તમાન પત્રોમાં અગાઉ પ્રસિધ્ધ થયેલી વિગતોના પુનરાવર્તન રૂપે હોવું ન જોઈએ. ૬૩

**મંત્રીશ્રીનું રાજીનામું (નિ–૧૦૭)**

(૧) રાજીનામું આપનાર મંત્રીશ્રી પોતાના રાજીનામા અંગે ખુલાસો કરતા નિવેદનમાં તેમણે બજાવેલી કામગીરીનો ઉલ્લેખ કરી શકે.

(૨) નિયમ–૧૦૭ અન્વયેના નિવેદનમાં કેબિનેટ સિક્રેટ કે રાષ્ટ્રહિતની કોઈ બાબત આવી ન શકે.

૬૪

**રાજયપાલશ્રી–**

**વર્તણૂંક અંગે–**

રાજયપાલશ્રીની વર્તણૂક અંગે કોઈપણ પ્રકારની ગૌરવશીલ ન હોય તેવી ચર્ચા ગૃહમાં કરી શકાય નહીં. ૬૫

**રાજયપાલશ્રીનું સંબોધન–**

**આભાર પ્રસ્તાવ–**

**પ્રવચનની નકલોની વહેંચણી–**

રાજયપાલશ્રીનું પ્રવચન પૂરૂં થાય અને સહી કરી ટેબલ ઉપર મૂકાય ત્યારબાદ જ નકલોની વહેંચણી થઈ શકે. ૬૬

**પ્રસ્તાવનું સ્વરૂપ–**

(૧) રાજયપાલશ્રીના સંબોધનમાં સત્ર આહવાન માટેના કારણો હોવાં જોઈએ પણ તેમ ન થયું હોય તો તે સંબોધન ગેરબંધારણીય છે કે તે આભાર પ્રસ્તાવને પાત્ર નથી તેમ ઠરાવી ન શકાય. વળી સંબોધનમાં અંદાજપત્ર અંગે ઉલ્લેખ ન હોય તો પણ તેની વિચારણા કરવા અને પસાર કરવામાં હરકત નથી.

(૨) રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવનું સ્વરૂપ નિયમોની જોગવાઈથી અલગ ન હોઈ શકે. ૬૭

**મંત્રીશ્રીઓની ગેરહાજરી–**

(૧) એકવાર ટકોર કર્યા છતાં મંત્રીશ્રીઓ સભાગૃહમાં હાજર ન રહે અને બોલાવવા પડે તે બિલકુલ વાજબી નથી. ગૃહ બધા કરતાં અગત્યની સંસ્થા છે. નમ્ર બનીને દિલગીરી વ્યકત કરવી જોઈએ.

(૨) અધ્યક્ષશ્રી બોલતા હોય ત્યારે કોઈપણ મંત્રીશ્રી કે સભ્યે સભાગૃહમાં પ્રવેશ કરીને પોતાની બેઠક લેવી ન જોઈએ. ૬૮

**મંત્રીશ્રીની વર્તણૂક–**

કોઈપણ સભ્ય પ્રવચન કરતા હોય ત્યારે મંત્રીમંડળમાંથી ટીકા થાય તે ઈચ્છનીય નથી. ૬૯

**સભાગૃહની પ્રણાલિકા–**

દરેક સભાગૃહને પોતાની આગવી પ્રણાલિકાઓ હોય છે અને દરેક સભાગૃહ તે બાબતમાં સ્વતંત્રતા ધરાવે છે. ૭૦

**સામાન્ય ચર્ચા–**

રાજયપાલશ્રીના સંબોધન પરની ચર્ચા સામાન્ય પ્રકારની હોવાથી સભ્યે સુધારા રજૂ કર્યા ન હોય તો પણ ચર્ચામાં ભાગ લઈ શકે છે. ૭૧

**વટહુકમ–**

**વટહુકમ પરના સુધારા–**

વટહુકમ ઉપરનું શુધ્ધિપત્રક સભાગૃહના મેજ ઉપર મૂકતાં પહેલાં સરકારે કાળજી રાખવી જોઈએ. ૭૨

**વિધાનસભા સચિવાલય–**

**પિજિયન હોલ–**

પિજિયન હોલમાં ધારાસભ્યોની જે ટપાલ મૂકાય છે તે વિધાનસભાની ઓફિસ વાંચતી નથી. ૭૩

**વિધેયકો–**

**આક્ષેપ–**

સભ્ય પ્રસિધ્ધિના હેતુથી વિધેયક લાવ્યા છે તેમ કહેવું બરાબર નથી. ૭૪

**ઈનેકટીંગ ફોર્મ્યુલા**

**દાખલ કરવા અંગે–**

(૧) સુધારા વિધેયકમાં ઈનેકટીંગ ફોર્મ્યુલા દાખલ કરતો સુધારો દેખીતી ભૂલ સુધારવા માટેનો હોવાથી તેવો સુધારો રજૂ થઈ શકે.

(૨) સરકારી વિધેયક દાખલ થયા પહેલાં ગેઝેટમાં પ્રસિદ્ધ કરવાની પરવાનગી અપવાદરૂપ કિસ્સામાં જ માગવી જોઈએ. ૭૫

**ઉદ્દેશો અને કારણો દર્શાવતું નિવેદન–**

વિધેયક લાવવાના ઉદ્દ્શો અને કારણો નિવેદનમાં પૂરતાં અને સ્પષ્ટપણે દર્શાવવાં જોઈએ. ૭૬

**ચર્ચાની મર્યાદા–**

અમુક ચોકકસ હેતુઓ માટેનું વિધેયક સભાગૃહ સમક્ષ લાવવામાં આવ્યું હોય ત્યારે એ હેતુઓ પૂરતી જ વિધેયક પરની ચર્ચા મર્યાદિત રાખવી જોઈએ. ૭૭

**ત્રીજું વાંચન–**

વિધેયકના ત્રીજા વાંચનનો પ્રસ્તાવ રજૂ થયા પછી કોઈ પ્રશ્ન પૂછી શકાય નહીં. ૭૮

**દાખલપાત્રતા–**

રાજયપાલશ્રીના પ્રવચનમાં ઉલ્લેખ ન હોય તેવું સરકારી વિધેયક સભાગૃહમાં દાખલ કરતાં અટકાવી ન શકાય. ૭૯

**પાગે સમિતિએ કરેલી ભલામણો–**

રાજયપાલશ્રીના પ્રવચનમાં કોઈ વિધેયકનો ઉલ્લેખ ન હોય અને તે ગૃહમાં રજૂ કરવું હોય તો

સરકારે હવે પછી પાગે સમિતિએ કરેલી ભલામણો લક્ષમાં લેવી. ૮૦

**પ્રથમ વાંચનનો પ્રસ્તાવ–**

એક મંત્રીશ્રીએ જે વિધેયક ગૃહમાં દાખલ કર્યું હોય તે વિધેયકના પ્રથમ વાંચનનો પ્રસ્તાવ અન્ય મંત્રીશ્રી રજૂ કરી શકે. ૮૧

**પ્રથમ વાંચનની સમયમર્યાદા–**

વિધેયક પરની ચર્ચામાં ભાગ લેતી વખતે સભ્યોએ સમયની બાબતમાં પોતાના સાથીદારોનો વિચાર કરવો જોઈએ. ૮૨

**મંત્રીમંડળના સભ્યોની ગેરહાજરી–**

મંત્રીમંડળના એકાદ મંત્રીશ્રી ચર્ચા દરમિયાન સભાગૃહમાં હાજર રહે એવું સંકલન ગોઠવવું જોઈએ. ૮૩

**મંત્રીશ્રીનો અધિકાર–**

વિધેયકના પ્રથમ વાંચન પરના પ્રવચનમાં કઈ કઈ બાબતોની માહિતી સભાગૃહને આપવી તે નક્કી કરવાનો મંત્રીશ્રીનો અધિકાર છે. ૮૪

**વિધાનસભાની સક્ષમતા–**

પ્રણાલિકા મુજબ વિધેયક પસાર કરવા વિધાનસભા સક્ષમ છે કે કેમ તેવા મુદ્દા અંગે અધ્યક્ષ નિર્ણય કરતા નથી. ૮૫

**વિશેષાધિકાર ભંગના પ્રશ્નો**

**ખોટી માહિતી**

(૧) જો મંત્રી કે સભ્ય જાણી જોઈને ઈરાદાપૂર્વક ખોટી માહિતી આપે તો જ સભાગૃહમાં વિશેષાધિકારનો ભંગ થાય.

(૨) વિશેષાધિકારના મુદ્દા અંગે અધ્યક્ષશ્રી તરફથી સ્પષ્ટતા માગવામાં આવે ત્યારે તેવી સ્પષ્ટતા મુખ્યમંત્રીશ્રી કે અન્ય સંબંધિત વ્યકિતએ વિના વિલંબે કરવી જોઈએ. ૮૬

**શિષ્ટાચાર–**

**નવા મંત્રીમંડળની જાહેરાત–**

નવા મંત્રીમંડળની જાહેરાતના સમયે મંત્રીશ્રીઓએ સભાગૃહમાં હાજર રહેવું જોઈએ. ૮૭

**શોકદર્શક ઉલ્લેખ–**

**શિષ્ટાચાર–**

ગૃહમાં શોકદર્શક ઉલ્લેખ વખતે સભ્ય કે સરકારના અધિકારીઓએ પોતાની જગ્યા છોડવી ન જોઈએ. ૮૮

શોકદર્શક ઉલ્લેખ ઉપરની ચર્ચા દરમિયાન સભ્યોએ સભાગૃહની બહાર જવું જોઈએ નહીં. ૮૯

**સત્ર–**

**સત્ર બોલાવવું–**

સભ્યશ્રીઓના સત્તાવાર સરનામે જાણ કરીને ટૂંકી મુદતે સત્ર બોલાવી શકાય છે. ૯૦

**સભાગૃહ–**

**ડેમોન્સ્ટ્રેશન–**

સભાગૃહમાં કોઈપણ જાતનું ડેમોન્સ્ટ્રેશન કરી શકાય નહીં. ૯૧

**બેઠકનો સમય નક્કી કરવાનો અધિકાર–**

સભાગૃહની બેઠકનો સમય નક્કી કરવાનો અધિકાર અધ્યક્ષશ્રીનો છે. ૯૨

**લોબી અને લોંજમાં પ્રવેશ–**

સભાગૃહની લોબી અને પ્રતિબંધિત વિસ્તારમાં પરવાનગી વગર કોઈને પણ આવવાનો અધિકાર નથી. ૯૩

**સભાગૃહની બેઠક–**

**સભાગૃહની બેઠક ક્યારે યોગ્ય રીતે મળેલી ગણાય–**

"ગૃહની બેઠક મુલતવી રાખવામાં આવે છે." તેવી જાહેરાત અધ્યક્ષસ્થાનેથી કરવામાં ન આવે ત્યાં સુધી ગૃહની બેઠક મુલતવી રાખવાનો સમય વીતી જવા છતાં બેઠક યોગ્ય રીતે મળેલી છે તેમ ગણાય. ૯૪

**સભ્યશ્રી–**

**સભ્યશ્રીની જાતમાહિતી–**

સભ્યશ્રી દ્વારા આપવામાં આવેલી જાતમાહિતી અંગે સંબંધકર્તા મંત્રીશ્રીએ જરૂરી તપાસ કરાવવી જોઈએ. ૯૫

**સભ્યશ્રીઓનું વર્તન–**

સભ્યશ્રીઓએ પોતાના સ્થાન પર બેઠાં બેઠાં અનુચિત ભાષા પ્રયોગ કરવામાં સંયમ રાખવો જોઈએ. ૯૬

**સમિતિ–**

**અન્ય સમિતિને તપાસ સોંપવાની બાબત–**

એક સમિતિને તપાસ માટે સોંપવામાં આવેલ બાબત બીજી સમિતિને ન સોંપી શકાય ૯૭

**સેલ્યુલર ફોન–**

**પોઈન્ટ ઓફ ઓર્ડર–**

સભાગૃહમાં સેલ્યુલર ફોન લાવવો નહીં. ૯૮